ૐ

શ્રી ગણેશાય નમઃ

તદન નવીન અને હાસ્ય પ્રકાશક પુસ્તક નામે.

ખુબીનો ખજાનો

ઊર્ફે

ચાલુ જમાનાનો ચિતાર

ભાગ ૧-૨ ભેગા.

કર્તા-બ્રહ્મભટ્ટ રાવ કવી. અંબાલાલ પ્રહ્લાદજી.
નીવાસી નડીઆદ.

છાપી પ્રસિદ્ધ કરનાર.

COMIC POET—Rao Kavi NadiadWala

દોહા.

પુસ્તક પ્રાઇસ અમુલ્ય છે, કદરદાનની પાસ;
ઉલ્લુના કરમાં જતાં પેના ફરશે પચાસ.
ઓન્લી રૂપીઆ ત્રણ જ, પ્રાઇસ ઓફ ધીસ પ્રત;
વાંચીને વિસ્મય થશો, આ રાવ-કવીનું કૃત

સંવત ૧૯૮૦ સને ૧૯૨૪ સેકંડ આવૃત્તિ. પ્રત ૨૫૦૦

કીંમત રૂપીઆ ૩-૦-૦

દોહરો

સર્વે હક્ક સ્વાધિન પણ પરઆધિન છે પ્રાણ;
એ પરઆધિન સ્વાધિન કરે તો જીવ્યું પરમાણ

ધી આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં, પટેલ અંબાલાલ જીવરામે
છાપ્યા. ઠે. નવીપોળ ગોમતીપુર—અમદાવાદ

COMIC, POET, રાવ: કવી.



Certificate

Mr. AMBALAL P. Rav Kavi competed for prize Drama on recruting and the select committee found him as one of the best competitors. His taste for literature is excellent.

Godhra.	*Sd. W. W. Smart.*
	C/o Panchmahal Collector and
27th November.	Rewakantha Political Agent.

અર્પણ પત્રિકા.

સર્વ ગુણ સંપન્ન ત્રિગુણાતિત ચિર—વિર—ધિર શ્રીયુત
શ્રી..૧૦૮ શ્રી શ્રી શ્રી
શુદ્ધ સનાતન અચ્યુતાત્મન બ્રહ્મ સ્વરૂપ.

ગેબી ગઝલ.

હતો ભુત કાળમાં હું ને, ભવિષ્યે છું સદા કાયમ,
સનાતન શુદ્ધ અવનિમાં, પ્રકાશું સુર્યસમ હરદમ;
તપુછું અગ્નિમાં હું ને, વિહરતો વ્યોમ પાતાળે,
ઝમકતો વીજળી પેરે, અનંત શકિતને આધારે.
બધે છું હું બધામાં હું, વહુછું વાયુના જોરે,
ધરીને જન્મ બાળકનો, રમુછું માતને ખોળે;
ધરીને સ્વાગ રૂપાળા, નિરાળા ખેલ હું ખેલું,
તરૂવર ઝાડમાં હું ને, નદીમાં નીર થઇ રેલું.
અમર હું એકલો વેદાન્તના, સીદ્ધાન્ત આધારે;
સમર્પું મારી પોથી હું, પડીને ચર્ણમાં મારે.

લી. I: M: પોતે.

કારણ કે:-

હરીગીત.

શોધી વળ્યો મઠ મંદીરો, ગીરીવરોમાં જ્ઞાનથી,
ત્રૈલોકમાં હું એક છું, મારા વીના કોઇએ નથી;
આ સ્વપ્ન સમ મીથ્યા જગતની, બાજી પણ સાચી નથી,
તું તે તમે તેઓ બધા નિશ્ચય ખરે એક દીન નથી.
નથી ચીર રાજા રંક કે, નમ સુર્ય રહેવાના નથી,
કોને હું અર્પું ગ્રંથ જે, નીત્યે રહે આનંદથી;
હું નિત્ય એ વેદાન્તના મહા વાકયને અંતર ધરી,
મારી લખેલી બુક મેં તેથી મને અર્પણ કરી.

અસ્તુ.

કર્તા—COMIC POET—શાસ્ત્ર કવી

પ્રસ્તાવના.

ગુર્જર વાંચક વર્ગની શેવામાં આ પુસ્તક રજુ કરીને હું કોઇ ગ્રંથકારમા ખપવાની ઇચ્છા કરતો નથી, કારણકે પુસ્તકો લખવા માટેનાં યેગ્ય સાહીત્યો; તેમજ પિંગળનો અભ્યાસ પણ મેં કર્યો નથી, પરંતુ મેં મારી અનુભવ શક્તિ તથા અવલોકન શક્તિને મારાથી બની શકે તેટલા હરજાનો ખરે ખરો ચીતાર આપવા પ્રયત્ન કીધેલો છે.

વળી ચાલુ જમાનાને આ પુસ્તકની જરૂર છે કે કેમ તે વિષે મારું માનવું એવું છે કે આપણા દેશમાં ઓછા કેળવાયેલા એટલે અર્ધદગ્ધ જનોની અનેક રીતે અવદશા થતી જોવમાં ને સાંભળવામાં આવી અને એના કારણોનું બારીક અવલોકન કરતા જે જે વીચારો આત્મા વિષે ઉદભવ્યા, તેજ અત્રે પ્રગટ કર્યા છે હેતુ એટલોજકે માર્ગે જતાં લુંટાયેલાની હકીકત સાંભળી, જેમ બીજો તે માર્ગે જતો અટકે છે. એ પ્રમાણે બીજાઓને ખોટે રસ્તે જતાં અટકાવવાનો આ પુસ્તક કર્તાનો મુખ્ય પ્રયત્ન છે.

વળી આ પુસ્તકની કવાલીઓ ગઝલો, તથા બીજા કાવ્યોમાં એક વિચિત્ર યોજના જોવામાં આવશે તે એ કે ગુજરાતી કવિતામાં, ઇંગ્રીશ ભાષાના શબ્દોના અર્થ સાથે ઘટના કરવામાં આવેલી છે.

ઘણા જુના વખતમાં પણ મોટા રાજા મહારાજાઓ; તથા બાદશાહોના પાસે રહી ગમ્મત સાથે જ્ઞાન બતાવા અજ્ઞાનને દૂર કરાવનારા બુદ્ધીમાન માણસો હતા, તેવીજરાતે મે, પણ આ પુસ્તક રચી મારા ગુણગ્રાહી આર્યબંધુઓની શેવા બજાવી છે. પણ તેની સફળતા વાંચક મંડળના હાથમાં છે, તો કહેવાની મતલબ એટલીજ કે લોકો દરેક બાબતમાં પોતાની સ્થીતીનો વિચાર કરીને વર્તન કરતા થશે તો ગ્રંથ કર્તા પોતાનો પ્રયત્ન સફળ થયો એમ માની લેશે.

વળી આ પુસ્તકમાં મેં કોઇપણ લેખ ઇર્ષાથી લખ્યો નથી પરંતુ સનાતન રીવાજોનું અને સ્વધર્મનું છેદન થતાં જોઇ, તેથી નીસપક્ષપાતપણે સાચુંજ લખાયું છે. ભૂલ ચૂક માફ

પોયટ્રી ઓફ પ્રસ્તાવના.

(ધીસ. ઈઝ. એ. હરિગીત છંદ.)

હર ગ્રંથમાં એ બોલ, દીઠાયો અગર પ્રસ્તાવના,
ના હોયતો વાંચક બધા વાંધા ઉઠાવે અવનવા;
બીકોઝ કે ખાલી નથી સ્થળ એક પણ ઈશ્વર વિના;
ત્યેમ ગ્રથંકો જોયો નથી, જેમાં ન હોય પ્રસ્તાવના.

પા ફોર્મનું પુસ્તક છતા, એ બોલ નવ વીસરાય છે;
તાણી તુણાં કવી લેખકો, લખવા અધીરા થાય છે,
દ્રષ્ટી તણો કદી દોષ, પણ ભુલ પ્રેસનીજ છપાય છે.
અક્કલતણી ઉણપ છતે, બાનાં બીજાં બોલાય છે,

બીજી કૃતિ આ મારી છે, લખતી વખત માંદો હતો;
ઉતાવળે પુસ્તક લખ્યું, બહુ ટાઈમ નહિ મળતો હતો,
એવાં અસંખ્ય ઉદાહરણ દઈ, દોષ મુક્ત ગણાય છે.
ઉઠા ભણી ઉઠી ગયા પછી, જ્ઞાનીનું પદ ચ્હાય છે.

કરવા બચાવો એ રીતે, નથી ન્યાય એ લેખક તણો,
નજરે પડે ભુલ ચુકતે, લેખકતણી ચોખ્ખી ગણો,

હું રંક સેવક આપનો; લેખક–કવી–પંડીત નથી.
શોખીન છું સાહિત્યનો, તેથી રચી મેં આકૃતિ,

શીખ્યો નથી સંસ્કૃત ગિરા, વ્યાકરણ તણો નવ પાસ છે,
નથી વ્યુત્પત્તિ સ્વપ્ને જાણ્યો પણ વાણીનોજ વિલાસ છે.

બહુ રંગી દુનીયાંદારીના, નવ રંગથી રંગાઈને,
સંસારને વ્હેવારની, વતો મળી આવી મને.

કંઈ વાંચી કાને સાંભળી કંઈ દ્રષ્ટીએ પડી જે પળે,
કરી યાદ અંતર નોંધથી, ઉતારી મેં પુસ્તકપરે;

કો વ્યક્તિની અંગત ટીકા, કે જ્ઞાતિ ધર્મ વિરૂદ્ધની,
ઈર્ષાથકી કે હારથી, નથી વાત મેં આમાં લખી.
નિસ્પક્ષ વાતો ન્યાયની છે, સત્યની વૃદ્ધિ થવા,
કડુ બોલ છાપ્યા તે ગણો દુખ ટાળનારી છે દવા,

દેશી વીદેશી બંધુઓ, રંક રાયને અધિકારિઓ,
મમતાધરી મારી પરે, અગ્રય તો ફુડો આપીઓ,
મમ શબ્દથી રાજી થઈ, કંઈ લેખ લખવા પ્રેરતા.
જેથા લખ્યો છે ગ્રંન્થ આ, લાયક નથી હું તે છતાં,

ભૂલ ચુક આ ગ્રંથે ઘણી, નજરે તમારી આવશે;
ગુણગ્રાહી બંધુ દ્વેષ ત્યાગી, ગુણના ગ્રાહક થશે,
એવા ધરી આશા વાવેકી વાંચકો માફી ચહું
આગળ વધો હજી વાંચવાનું છે ઘણું બાકી રહ્યું.

દોહરો.

પ્રસ્તાવના પુરી થઈ, હવે વાંચો બીજુ પાન;
આંધા થાયે દેખતા, ખુલે બહેરાના કાન,

COMIC POET રાવ કવી.

અનુક્રમણિકા.

૨૨૯૬૨

એક અજબ જાહેરાત

પાંચ વરસ કામરૂ દેશમાં રહી મંત્ર જત્રની પુર્ણ માહીતી મેળવીને આવેલા બં: બં: બ્રહ્મચારી દુધાધારી આણંદ સ્વરૂપજી મહારાજ તરફથી પરોપકાર અર્થે નીકળેલુ પ્રસાદી રૂપ તાવીજ આ દેવતાઈ તાવીજ રાત દીવસ પાસે રાખવાથી તન બળ અને મનોબળ દીન પ્રતીદીન વધતાં જાય છે કોઈ પણ જાતનું વળગણુ તથા ગમે તેની લાગેલી કરડી નજર તથા હૃદયમાં કોઈ પણ જાતના ઉત્પન્ન થતા ભયનો નાશ કરેછે વળી રોજગારમાં બરકત આપે છે, વળી આ તાવીજ હાથે બાંધવાથી સભામાં માંન મળે છે અને કદી નહી ચહાનાર તે પણ ચાહના કરે છે, આ તાવીજ કામરૂદેશનો જંત્રછે વળી મન ધાર્યું કાર્ય બને છે એકવાર મંગાવીને ખાત્રી કરો. કીંમત રૂં ૩ા ૯ઈ તાવીજ કરી આપવામાં આવશે.

લખો.–રાવ કવીની કંપની

મુ. કાલોલ જીલ્લે પંચમહાલ

(લોળીઆંના વેપારી)

અમારી દુકાને લોળીઆં, કાંટા, રોડી, મણુકા, કંદોરા, સાંકળાં, માદળીઆં, વીગેરે અત્રારે ત્યાંથો ચાંદો સોનાના જથાબંધ તૈયાર મળશે અથવા અગાઉ ઓર્ડર આપેથી, માલ મુદતસર બનાવી આપીશું વળી સોનાના બનતા તમામ દાગીના જેવાકે હાથની બંગડી કોટના છેડા નીકલેથ, બ્રેસલેટ, રીંગ વીગેરે તમામ અવાનદાર કામ તથા મશીન પોલીશ, વીગેરે બનાવી આપીશું.

અમારૂં સીરનામું.

સોની ફુલાભાઇ ઇશ્વરભાઇ.

ઠેકાણું. ખોડી આમલી, ગુંદા ફળીઆ રાજમહેલરોડ-વડોદરા

સારાંશ.

આ સ્તોત્ર જ્યાંથીઃ પ્રારંભ થાય છે તે પુર્વે પાંચ વર્ષ ઉપરઃ મહારાણા વિજય સિંહજીએ. પોતાની હયાતીમાંઃ પોતાના પાટવી પુત્રઃ ભેરવસિંહને ગાદીનસીન થવાનું મહુરત મુકરર્ કર્યું; પરંતુ પાટવી ચંપા ખવાસણના પ્યારમાંઃ પડી જવાથી તે તેનેઃ અણુઘટતુ વચન આપી ચુકયો હતો કેઃ જ્યારે હું ગાદીએ બેસીસઃ ત્યારે તનેઃ પટરાણી તરીખેઃ મારી સાથે જ બેસાડીશ. જ્યારેઃ ગાદી નસીન થવાનો સમય આવ્યોઃ ત્યારે દરબાર ભરાયોઃ તે વખતેઃ ભેરવસિંહ ચંપાને સાથે લઇનેઃ તખ્ત ઉપર બીરાજ્યો અનેઃ ચંપાને વામ ભાગે પધરાવીઃ આ બનાવ જોઈ દરબારીઓને ઘણું જ માઠું લાગ્યું. તેથી પ્રવીણસિંહ નામના વડા પ્રધાનેઃ સમય સુચક શબ્દોમાં પાટવીનું અપમાન કર્યુંઃ તેથી પાટવીએઃ ક્રોધે ભરાઈ પ્રધાનનું ખુન કર્યુંઃ અને મહારાજાને પણ મારવા તૈયાર થયોઃ તેથી દરબારીઓએ તેને મુશ્કેટાટ બાંધી છાવણીમાં કેદ કર્યો. ત્યાં તે સુબેદારને મળી ગયોઃ અનેઃ જેલ તોડી બહાર નીકળીને કેટલાક રક્ષકો સાથેઃ લઇનેઃ એકદમ કચેરીને ઘેરો ઘાલ્યો ત્યાંથી આ સ્તોત્ર શરૂ થાય છે

श्री

तद्दन नवीन खेल नामे

प्रारब्ध साथे पुरूषार्थ

उर्फे

पापी पाटवी

अंक पहेलो. प्रवेश पहेलो.

स्थळ—रंगभुमी, पात्रो सुत्रधार तथा नटी वीगेरे.

सुत्रधार तथा बाळाओ—प्रभुस्तुति साथे स्टेजनुं पुजन.

गायन १.

छे तारी गती न्यारी न्यारी,
मोरारी मोरारी मोरारी मोरलीधारी—छे.
जळ स्थळ वनमां, भुतळ गगनमां,
व्यापक छो प्रभु विश्व सकळमां.
पार न पामे कोई तुज कळमां, अकळकळा तारी भारी—छे.
पळमां रंकने राय बनावे, वळी पळमां वन वन भटकावे;
तुज गुण गणतां पार न आवे, एेउ सकळ धारी धारी—छे
हरनीश गुण हुं तारा गावुं, चरण शरणमां रहेवा चहावुं;
बलीहारी बहुनामी जावुं, वदन कमळ वारी वारी—छे.

ગાયન થઇ રહ્યા બાદ સ્ટેજને બાળાઓ પુષ્પથી વધાવી લે છે. તેવામાં એકદમ આકાશવાણી થાય છે તે સાંભળવાને સઘળાં સ્તબ્ધ બની જાય છે.

આકાશવાણી.

સાખી.

કર ભકિત કીરતારની કર પરમારથ કામ;
કર સુકિત જગમાં સદા રહે અવિચળ નાંમ.

આ સાખી પુરી થતાં અંત્રીક્ષથી એક પુષ્પની માળા પડે છે. તે લઇ બાળાઓ સુત્રધારને પહેરાવી આશીર્વાદ આપી ચાલી જાય છે. બાદ નટીનો પ્રવેશ.

નટી—પ્રાણેશ અભિવંદન કરૂં છું આપને.

સુત્રધાર—ધન્ય છે, રાણી તારા શીયળ પ્રતાપને.

નટી—સતીના સીરછત્ર પ્રાણના પરમેશ્વર સર્વે સુખદાયક ફરમાવો કામ આ દાસી લાયક.

સુત્રધાર—પ્રીય સતી તમે જાણો છો કે, આ આર્ય ભુમીમાં અવતરીને જેઓ આર્ય પદનું અભિમાન રાખે છે તેમણે પોતાના આ બંધુઓનું કલ્યાણ થાય એવોજ માર્ગ ગોતવો જોઇએ.

નટી—હા નાથ, શાસ્ત્રમાં પણ કહ્યુ છે કેઃ—

परोपकाराय सतां विभूतय અર્થાત્ સત્ પુરૂષોની સર્વ વિભૂતિ કેવળ પરોપકારને માટેજ હોય છે. એ હમે આપને મુખેથી સાંભળવાને ભાગ્યશાળી થયાં છીએ.

સુત્રધાર—વાહ ધન્ય છે. પ્રીય તમારી યાદ દાસ્તીને અને બુદ્ધી ચાતુર્યને તમારા સરખી સુશીલ મૃદુ ભાષિણી સુંદરીને પામીને હું મારો જન્મ સફળ થયો એમ માનું છું.

નટી—પ્રાણનાથ એમ કહો છો એતો આપની સુજ્ઞતાજ

છે. હું તો માત્ર આપની અનુગામીની દાસી છું. પરંતુ વહાલા પેલું કાર્ય તો જણાવ્યુંજ નાહિને.

સુત્રધાર—હૃદય રમણી સાંભળો.

ભેરવ ઘઢ ભુપાળનો કસાઇ રૂપ કુમાર
સ્વ ઇચ્છાએ વર્તવા, પાકયો કુળ અંગાર
પાકયો કુળ અંગાર, દગાથી ગાદી લીધી
માર્યો વૃદ્ધ પ્રધાન, પિતાને બેડી દીધી
બેડી દીધી બાજીગર, રાજી રહયો કુસંગથી
એ ખુની જનુનીની સ્થીતી, આખર ડુબી સોરંગથી

નટી—ત્યારે તો તેણે પ્રજાને પણ પાયમાલ કરી હશે

સુત્રધાર—હા.

નટી—ધીક્કાર છે એવા કુલાંગાર કુંવરને શું તેને પરમ કૃપાળુ પ્રભુએ શીક્ષા નહિ આપી હોય.

સુત્રધાર—પ્રીયા, પાપીને પાપનું ફળ, કુસંગીને કાળીટીલી, કામીને કાળાગ્રહ, અને સત્યવકતાઓને સુખ સમય મળી રહે છે, અને મળી રહેશે. માટે પ્રભુ સ્તુતિ કરો પછી નાટય શરૂ થાય.

નટી—જેવી આજ્ઞા.

ગાયન. ૨

જય વિઘ્ન વિદારણ વિભુવરજી મમદીન અરજી ઉરમાં ધરજો,
જય અધમ ઓધારણ, હે જગતારણ; સંકટહર પ્રભુ સહાય થજો;
દીન દાસ તણાં દુખડાં હરજો. ભંડાર સદા ધનના ભરજો.
સદા આર્ય ભુમી પર શાંતિ થજો. લવલેશ કલેશ કદી ન હજો.
જય.

કમળ કચેરી.

પાત્રો—મહારાજા પ્રધાન ભાયાતો છડીદાર વારંગનાઓ વીગેરે.

ગાયન. ૩ ગઝલ.

નાચ.

સાલ સંવત્સર સહીત, હો મુબારક આપને (૨)
દીમ દીરા રત્ન પ્રાસી, ... સ્નેહી સુખમા (૨)

બરકતો બહુ લાભ લક્ષ્મી, હો મુબારક આપને (૨)
જીહ્વા જીતેન્દ્રી તણી પર, શ્રી સતી સુરેશ્વરી [૨]
અમૃત ઉચ્ચારે અભીતા, હો મુબારક આપને (૨)
મહદધામાં માન કીર્તિ, કાર્ય કલ્યાણી કરો (૨)
રમ્ય સંસારે સુભોગો, હો મુબારક આપને (૨)

(નાચ થઇ રહ્યા બાદ વારંગનાઓનું જવું)

વિજયસીંહ—મારા શાણા પ્રધાન મારી રૈયત અત્યંત પ્રેમાળ છે ને ભાયાતો સંપીલા છે સલાહકારો વીદ્વાન છે. પણ એક અફસોસી સદાએ મને સાલ્યા કરે છે. તે માત્ર એટલીજ કે પુત્રનાં લક્ષણ દીન પ્રતીદીન અપવીત્ર થતાં જાય છે, કુળકીર્તિને કલંકિત કરતો જાય છે વળી કુસંગથી આ ગાદી પણ લેવા ધારે છે.

પ્રધાનજી—મહારાજા ફીકર ન કરો ! કારણ કે બાળપણામાં લડાવેલા લાડથી બાળકની બુદ્ધી બહુ ભ્રસ્ટ થાય છે અને તેજ બાળક યુવા વયે પહોંચતાં અતીશય મુન્મદ બને છે.

બાળપણે એવી સદા, કરતા વીધ વીધ ફંદ,
જુવાનીના મદમાં છકી, ભુલે ભલો સતસંગ;
જરા દેખી કંપી જશે, સમજી યુવાનનો સાર,
જ્યારે સીર પર આવશે, સર્વ રાજ્ય અધીકાર;

વીજયસીંહ—સાબાશ મારા શાણા પ્રધાનજી આ સર્વે ભાયાતોને લઇ મારી સાથે ચેમ્બરમાં ચાલો મારે કાંઇ ખાંનગી વાત કરવાની છે.

(રાજા તથા પ્રધાન ભાયાતો વીગેરેનું ચેમ્બરમાં જવું)

પાટવી ભેરવસીંહને રક્ષકો સાથે એકદમ કચેરીમા પ્રવેશ કરતાં ઠોકર વાગી કમરમાંથી તલવારનું નીકળી પડવું.

નીકળી પડેલી તલવારને એકદમ ઉચકી લઇને.

ભેરવસીંહ—

સુરી સમસેર સુચવે છે, પ્રયત્નો પુર્ણું કર ભેરવ,
પ્રથમ કબજે કરી ગાદી, અરી પર આ અસી ફેરવ;
બળે બહાદુર ભુવાની, અમલ વીણુ ચાલે ના અધીકાર.
ન પરવા તાતને તેની, ન સાંપી કહે રાજ્ય સ્વીકાર;
નહી કહે મુખથી કદીએ, નહી દે ભુપ પદવીને;
તને આશાશ છે તલવાર, તત્‌ક્ષણુ બુદ્ધી વધવીલે.
બસ—બસ—વારસને સું સીપારસ.
સુરા સેનાપતી સાથે, કરી કબજે પ્રજા પલટણુ;
કચેરી ઘેરી લીધી છે, રહયું છે લેવું રાજ્યાસન.
(ચેમ્બરમાંથી આવતો અવાજ)
પાટવી જરૂર પ્રજાને પાયમાલ કરશે

ભેરવસીંહ—ઓફ મેમ્બર ચેમ્બરમાં છે.
કરે છે ખાનગી વાતો, ઘડે છે ઘાટ અંદર જઇ;
છુપાઇ સાંભળું સર્વે, સલાહ સું વાતની સર થઇ.
(છુપાઇને સાંભળે છે) (તેવામાં રાજ્ય ગોરનો પ્રવેશ)

રાજ્યગોર—

હાય ગજબ આ ગામમાં, ગોળીબહાર કરે ઘાણુ
પાટવીના પક્ષકારો, હરે પ્રજાના પ્રાણુ
અરે પણુ અન્નદાતા કયાં, યાં પણુ અકસ્માત;
નક્કી બાજી બગડી ને ભેરવ ફાવ્યો અરે એજ ઉભો આ આ ઉભો અભીમાની છુપી વાતો સાંભળે
ગુપ્ત ઘાટ ઘડાય તે આ પાપીને પુરી મળે.

અફસોસ ! રાજ્યમંડળ અત્યારે અગત્યનું કામ આરંભતા હશે, પરંતુ પાટવી છુપાઇને સાંભળે છે. એવું કોણુ જાણુતા હશે. શીવ–શીવ સમય પલટાવાનો સંભવ છે કચેરી ઘેરાઇ છે. ભેરવ વેર લેવા ક્રોધે ભરાયો છે તેથી મારૂં કહ્યું અત્યારે ધ્યાનમાં નહી લે માટે ચાલ પુષ્પાવતીને બોલાવી લાવું.

(કહી પુશ્પાવતીને તેડવા જાય છે)

ભેરવસીંહ—સલાહકાર સુવરો વફાદારી બતાવવાને હામાં હા ભરે છે. પણ માલુમ નથી કે માથા પર આ ભેરવ કાળ ફરે છે. ડાસો કબુલ કરે છે પ્રધાન પુરાવો ધરે છે પરંતુ એ તમો મને હવે યમ ધામ પોચાડી દઉં છું. સીપાઇઓ શું જુવો છો તોપ ચલાવો.

(પુસ્પાવતીનું એકદમ ત્યાં આવી ચઢવું)

પુસ્પાવતી—સ્વામીનાથ આ સત્યાનાશ વાળનાર સંદેશાને રોકો પોતાની પાળી પોતાના પેમાં ન લેકો રાજ્ય તમારૂંજ છે. ને તખ્ત તાજ પણ મળનારૂં છે નાહક કુળ નીકંદન કરો છો પણ કર્મ વાંકુ હશે તો શું વળનારૂં છે.

ભેરવસીંહ—કર્મની પરવા નથી બસ કૃત્યથીજ સમર્થ થઇશ.

બોલ નહી વચમાં આવીને નહીતો વ્યર્થ મારી જઇશ ચલ હઠ જા, જો તારે પણ જીવવું હોય તો ચંપાના પગની પગચંપી કરી આવ. તું તુચ્છ સ્ત્રી આ શુરવીરને શું શીખામણ આપી જાણે.

પુસ્પાવતી—સુરવીર છો તો ચઢો સંગ્રામે.

ભેરવસીંહ—તેજ થશે.

પુસ્પાવતી—આતો દગો ગણાંશે.

ભેરવસીંહ—દગાથીજ દાઝ બોલાશે રાજ્ય લેવાશે અને સ્વતંત્ર રહેવાશે.

પુસ્પાવતી—

પ્રજા પોકાર પાડે છે બન્યા છે દુસ્મનો ઝાઝા;
હજી હદપાર જાશો તો જતી રહેશે બધી માઝા.
પીતાજી ધર્મ મુર્તિ છે પીતા પરમેશની તુલ્યે;
પીતા નહી હોય ત્યારે તો ખપી જાશો વીના મુલ્યે.
સુરા છો તો ચઢોં યુધ્ધે વિજય માળે કરો મંગળ;
સગાં પર આ દગો દેખી પ્રજા કહેશે પુરા ભ્યંદળ.

રાજ્યગોર—ધન્ય છે ક્ષત્રી પુત્રી.

ભેરવસીંહ—ચાલ હઠ જા, કુલટા-કુતરી, શુકનમાં તુજ
શત્રુવટમાં ઉતરી.
ચબાવલી બકકાર કરે બુદ્ધી વીણુ બકવા
ટક ટક કરતી તુચ્છ ઉભી રહે ના હઉ ટકવા
(કહી તમંચો ધરવો)

છડીદાર—હાં હાં હજુર તખ્ત તૈયારીમેં ખુદ પટરાણીકી ખ્વારી આગે કેસી બઢેગી સ્વારી. (કહી અટકાવે છે)

ભેરવસીંહ—ઓ શું મારો મદદગાર ! તેનો તરફદાર.

છડીદાર—હા સરકાર !

ભેરવસીંહ—ત્યારે લેજે ગમાર ! (તમંચો મારે છે)

(છડીદાર યાકુબખાંનનું ખુન)

પુસ્પાવતી—હાય ! મારા માટે. નિર્દોષ સીપાઇનો નાશ, ઓ કસાઇ નાથ, હાથ જોડું છું; જાવો હજી વખત છે રક્ત નીક ના વહેવડાવો.
કંથ હું કરગરી કહું છું, જુલમ જબરો ગુજારોના
વીણુ અપરાધે વડીલોને, રીબાવીનાથ મારો ના
કરીને કર્મ આ કાળું, જીતેલી બાજી હારોના
હાથે કરી નર્કને દ્વારે, સ્વામી તમે સીધારોના
(નાથ જવાદો, જવાદો, નિર્દોષને ન મારો)

ભેરવસીંહ—ઓહ મને તે દીવસે ગાદીએ બેસાડીને પાછો પદભ્રષ્ટ કરી; ભરી સભામાં મારૂ અપમાન કર્યું, વળી છવાણીમાં કેદ કર્યો તેનોજ બદલો આજે લેવાય છે.
જમીનમાં જીવતા દાટી તોડાવીશ ખાલ તેઓની
લુંટી ઘરબાર જીન્દગાની કરીશ પાયમાલ તેઓની
આ કેશરીને કર ચડેલાં એ રોઝડાં રોળાઇ જશે
જમડાઓ. કેરાં વેર કો કાળે નહી જુનાં થશે

પુસ્પાવતી—ઓ કુળ નીકંદન કરનાર સ્વામી-જા-જા દુર થા પાપથીજ પ્રખ્યાત થા. હું નહીં તારી પત્ની તું નહીં મારો પતી એકવાર તારી ચંપાને મળી આવ; પછી

ચઢ મેદાન; હું ક્ષત્રાણી છું, આ તખ્તની પટરાણી છું; સગાંને ન સતાવીશ; નહી તો સીંહણી સુર બતાવીશ અને તારા પુરૂશાર્થને પતાવીશ. ઓ ભ્રમીત ભેરવ નાંમ પર પાંણી ના ફેર ! સુરવીર હોય તો સન્મુખ લઢી દુન્દુભી કર નહી તો દરીએ પડીને ડૂબી મર.

ભેરવસીંહ—

(સીપાઇઓ ? આને મુસ્કે ટાટ બાંધી કેસરીસીંહોના વનમાં રઝળતી મુકીઆવો.)

(પુસ્પાવતીને હદબહાર લઇ જાય છે)

રાજ્યગોર—ચાલ પ્રાણુ પવીત્રન્યાયાલયમાં ખુન હવે ફરી નહી આવવું પુન્હ.

(કહીને જાય છે)

ભેરવસીંહ—ગોર ઊભા રહો મહુરત જુવો હું તખ્તનસીન થાઉછું આપ તીલક કરો ?

રાજ્યગોર—પીતા આજ્ઞા પછી !

ભેરવસીંહ—પીતા આજ્ઞાને માર જુતી એપણ આ સમસેરની છે આહુતી.

રાજ્યગોર—ભેરવસીંહ ભવિષ્યમાં ભય થશે.

ભેરવસીંહ—સીંહનો સદા જય થશે

રાજ્યગોર—સમયપર સીંહ પકડાય છે. જકડાય છે અને માર્યો પણ જાય છે.

ભેરવસીંહ—ગોર જવા દો જ્ઞાન ભાન ઠેકાણે લાવો લઇલ્યો પ્રસંગનો લાવ સુભ મહુરત બતલાવો

રાજ્યગોર—પ્રસંગ વંસપરમપરા મંગળ ટાણે ઉમંગ, આતો આશા ભંગનો રાજા જામ્યો રંગ

ભેરવસીંહ—ગોર ગણીને પુછીશું ટકટક છોડો દેવ, જોઇ લીઓ સમસેર આ કહો નહી તો હઉ મેવ

રાજ્યગોર—કહેવું પડશે હાથ કહી સાચુ કરી આપે, ગાડીના ગોટાળે ગેમ ક્યાં રસ્તો માપે.

શેરવસીંહ—બોલ બોલ વીપ્ર સું વિચારે છે હવે આ ભવાની તારો ભોગ લેવા ધારે છે.

રાજ્યગોર—હાં હાં બેસો મહારાજ યોગ અત્યારે જ છે. હું કંકુ લાવી તીલક કરૂં.

(રાજ્ય તીલક થાય છે)

શેરવસીંહ—આ તખ્ત હું નૃપતી રૂડો ગ્રહું હાથ હથીયાર.

દરબારીઓ—શેરવસીંહ મહારાજ તણો સૌ બોલો જય જયકાર

(અંદરથી—સરદારો સું જુવો છો બારીઓ તોડી બહાર પડો)

—ચેમ્બર ચુર્ણ—

શેરવસીંહ—ઓહ તોપ ચલાવત તો આ વખત નહી આવત સુબેદાર સાવધ.

પ્રધાન—કુમારશ્રી સું રાજ્યકાયદાનો ભંગ ?

શેરવસીંહ—હા ? આજથી પાટવી અમલ આરંભ.

પ્રધાન—ભલે ભાગ્ય શાળી પરંતુ પ્રજામાંને રાજ્યમાં પાસ થવું પડશે અને સખ્ત પહેરામાંથી જેલ તોડી નાસી છુટયા છો તેની મહારાજા પાસે માફી માગવી પડશે.

શેરવસીંહ—ઓહ માલીકને કોની માફી વળી સીંહને કોની સાક્ષી રાજાનો હીસાબ નહિં તો પછી પ્રજા તે સું પાસ કરવાની હતી.

વીજયસીંહ—અરે કોઇ હાજર ?

શેરવસીંહ—હા તારો કાળ સીપાઇઓ આ બુઢાને મુસ્કેટાટ બાંધો ભાયાતો—

(સમશેર ખેંચીને) અમારી હયાતીમાં શ્રીમંત મહારાજા વીજયસીંહજીને કોણ હાથ લગાવનાર છે. તેમના દેહ રક્ષક આ ગાદીના ગુલામ પ્રાણ અર્પી મહારાજાની સંભાળ રાખનાર તૈયાર છે.

(કમરમાંથી સટોસટ તરવારો ખેંચવી)

ટેબ્લો.

(રાજા તથા ભાયાતોનું કેદ થવું પ્રધાન પસાર)

અંક પહેલો પ્રવેશ બીજો.

(સ્થળ ચંદની ચોક.)

પ્રધાન—શીવ-શીવ-શીવ શીવ

પાકે પાપી પુત્ર, પીતા માતાને પીડે.
પાકે પાપી પુત્ર, ચિતામાં સઉને ભીડે.
પાકે પાપી પુત્ર, કુળ કીર્તિને છોડે.
પાકે પાપી પુત્ર, પ્રીત પાપીથી જોડે.
પાકે પાપી પુત્ર તે સગાંસ્નેહી સંતાપવા.
પાકે પાપી પુત્ર, પીતાનું કીર્તિ નાક કપાવવા.

(એકાંન્તમાં ઉભા રહી અફસોસી કરવી.)

ભેરવસીંહ—બસ સર્વે કાર્ય સુભ થયું, પણ પ્રધાન વિના તો પાયમાલી આવશે. માટે લાવ પ્રધાનને મારા પંજામાં સપડાવું અને રૈયતને રાજી રાખું બસ એજ. ભેરવ તને ભવિષ્યનું ભાસ્યું છે.

પ્રધાન—(એકાંન્તમાં) પ્રભુ આ રાજ્યની હવે શું સ્થીતી થશે. મહારાજ તથા ભાયાતોને પાટવીએ કેદ કર્યા !

ભેરવસીંહ—વાહવાહ મારા બહાદુર દીવાનજી આપ તો મારા મુરબ્બી તુલ્ય છો વળી મેં જે કૃત કર્યું છે. તે આપ જેવાની મદદથીજ ફકત પ્રજા પીતિ સંપાદન કરવાનેજ માટે,

પ્રધાન—ભલે પધારો હું આપનું મુખ જોવા નથી માગતો.

ભેરવસીંહ— મારો નીયમ એવો છે કે હું દુશમનને જીવતો નથી રાખતો (ગોળીબહાર)

(પ્રધાનનું ખુન)

પ્રધાન--ઓ અહંકારી આત્મા તારાં પાપ કેમ સાંખી રહેશે પર-

માત્મા તું તેજોમય તખ્તનો અધીકારી નથી. તેમજ તારા પીતાની પ્રીતી, હજી પ્રજાએ વીસારી નથી. હાય કોઇ મારા કાંધથી પાટવી દુસ્મનને પકડી લાવો. ત્યારે-જ મારો આત્મા શાન્ત થાય, અને રાજ્યનો માલીક નાનો કુંવર દસરથ થાય પ્રજામાં શાંન્તી ફેલાય. અને મહારાજા તથા ભાયાતો કેદમાંથી છુટા થાય.

રાજ્યગોર—સાબાશ સત્યવાદી ન્યાઇ દીવાનજી આપની રાજ્ય ભક્તિ સત્યરાતી અને પ્રજાપ્રીતીથી આખા નગ્રની પ્રજા નો પ્રેમ આપે મેળવી લીધો છે. અને તેજ રાજાના પાટવી કુવરના હાથથી આપે સત્યને માટે પ્રાણ સમર્પ્યો છે, પણ ફીકર નકરો.

દીવાન—ગોરમહારાજ હું મારા મરણથી દીલગીર નથી, પણ મારૂ વચન પાળનાર કોઇ સુરવીર નથી.

રાજ્યગોર—હું મારી ધર્મ પ્રતીજ્ઞાથી કહું છું કે પ્રાણ જતાં સુધી આપનું વચન પાળીશ. બોલો શું વચન છે.

દીવાન—વચન એજ કે પાટવીને મારવો ને નાના કુંવર દસરથ ને ગાદીએ બેસાડવો

ગોર—ફીકર ન કરો હું પાટવીને મારીસ અને નાના કુંવર દસ સ્થને ગાદીએ બેસાડીશ.

દીવાન—હું જાઉં છું તજી જગ્તને આ વચન નવ વસારશો વળી વીનંતી માહરી મમપુત્ર પત્નિ પાળજો.

રાજ્યગોર—પશ્ચીમ ઉગે સુર્ય. કેતકીપર ફળ ઝુલે, કાસ્ટ ડુબે જળમાંય પ્રતિજ્ઞા પ્રાણ ન ભુલે.

દીવાન—પંથી પડે રસ્તે સગાં સ્નેહી લીધો છેલ્લા પ્રણામ ભગ વત પુરો મન કામના છે અંત સમયે રાંમ રાંમ

(દીવાનનો આત્મા સ્વધામ)

રાજ્યગોર—ક્રોધથી—ઓ જાલીમ જીવ સું જોઇ રહ્યો છે. ઉઠ આંખો બોલ વચન પાળ, તું બ્રામણ છે પણ કીર્તિના કામ માટે કસાંઇ બન, સત્ય સાચવવાને સુરવીર બન ઓ મારા રદયમાં રહેલી દયા તારા પર દાગ લાગો ઓ

અંતરમાં રહેલી આળસાઇ તુજ પર આગ લાગો આ મર્ણને શર્ણ થયેલ સુરવીરની સમસેર લઇ ઓ પ્રાણ પાટવીને મારવા તૈયાર થા ?

(હઠીસીંહનું આવવું)

હઠીસીંહ—અરે ભુદેવ આસું ? હર–હર–હર–હર બ્રામણના હાથમાં તરવાર એવો કયા શસ્ત્રે આપ્યો અધીકાર.

રાજ્યગોર—સત્યાર્થ સાસ્ત્રે સત્ય સાચવવાને સત્ય પુરૂષને સત્ય સમસેર બક્ષીસ દીધેલી છે.

હઠીસીંગ—ત્યારે આ શાણા પ્રધાનને આપેજ માર્યા કે ?

રાજ્યગોર—મેં નહી પણ પાટવી ભેરવસીંહે,

હઠીસીંહે—શાને માટે ?

રાજ્યગોર—સ્વતંત્રતાથી ગાદી ભોગવવાને માટે.

હઠીસીંગ—મહારાજ મારે કહેવાનું એજ કે આ પ્રધાન તો વગર મોતે મુવા પરંતુ આપ એ બળીઆ સાથે સામાટે બાથ ભીડો છો ?

રાજ્યગોર—મારૂ વચન પાળવા

હઠીસીંહ—કયું વચન !

રાજ્યગોર—પાટવીને મારવો અને નાના કુંવર દસરથને ગાદીએ બેસાડવો.

હઠીસીંગ—મહારાજા આ કામ કાંઈ લાડુ ખાવાનું નથી. અને પરીણામ જોશો તો એક પંચીયું પહેરવાનું પણ પાસે રહેશે નહી.

રાજ્યગોર—ભલે ન્હાય તેમ થાય પણ આ લીધેલી પ્રતીજ્ઞા પાળીશ અને વેર વાળીશ.

કુછંદી નાગ એ કાળો રહ્યા તું થા અહીં અજગર ?
અને એ સીંહનો બાળો, મગજ તું થા ખુની ખંજર.

ભેરવસુર વીર ક્ષત્રીતો કળા દેનાર હું સાક્ષી,
હજારોને હણું હાથે હવેથી એ પુંજા પાત્રીઃ
નહી તલવારથી મારૂં ન રાખું લશ્કરો જંગી,
છતાં ના મારૂં એને તો બનું બ્રાહ્મણુ તણો ભંગી.
(કહીને તરવારનું ફેંકી દેવું)

પ્રવેશ ત્રીજો અંક પહેલો.

સ્થળ. ચંપાનો મહેલ.

ચંપા—છબીલો આજ છુટયો છે, રદય ભેટી રહુંરાજી.
મદન આગે મરેલી હું, તેને દેખી બનું તાજી.
પરણનારો પુરો પાગલ, મુવો મુજને નથી ગમતો.
ગુલાબી લાલ ભેરવસીંહ, આ ચંપાના ચીતે રમતો.
રંગ છે રસીલા આપને કે ! છાવણીમાંથી પણ છટકયા.
હાશ વેર વળ્યું અને દરબારી લટકયા હવે તો પુરે પુરી જોડી મળી—

ગાયન ૪.

જોડ વિનાની જુવતીને જોબન બાળે જોબન બાળે
સોળ કળા સજનારીને કંજુસ પાળે, કંજુસ પાળે
પરણ્યો પીટયો નવ રહે પાસે,
નખરાથી નવ નવ ગજ નાસે,
ઘરના અવગુણ ઘર ઘર ગાસે,
એની સાથે દીન કેમ જાશે.
જાશાં બદલી ઉંચે બેઠી આનંદ ટાળે, આનંદ ટાળે, સો
કું પોજીશન ફેશન પ્યાસી,
કંજુસીઆ મન ઘરની દાસી.
ત્યાં પ્રેમ રંગની રાત્યો રહી;
વળી વસ નંગની વાતો શી—હવે તો.

ચીત ચાહે કોઇ આહકને ચંચળ ચાળે, ચંચળ ચાળે, સો૦
જે આજ સુધી ચંપા હતી ત હવે થઇ ચંપાવતી.
પટરાણી પદ ધારણ થયું, ભેરવ થયા ગાદી પતી,
હવે તો મનની ઉમેદ પાર પડશે અરે પણ જુવો આ સામેથી મારો ધણી મોતીઓ આવતો જણાય છે, લાવ અહીં થી હમણાં પસાર થઇ જાઉં.

(પસાર)

મોતીઓ—(ઘર આગળ આવી નીસાસો નાંખી)
શીવ–શીવ–શીવ–શો જુલમ આતે કેવો વખત આવ્યોઃ છે કળી કાળે હવે પોતાની કળા દીન પ્રતિદીન ખીલવવાજ માંડી છે, સમય પણ કેટલો સખત આવી ગયો છે, જ્યા જુવો ત્યાં હડહડતું ત્રીઆરાજ બાઈ ભુલાં પડયાં હોય તો સાંજે પેંડા ખાઇને ઘેર આવે અને જો ભાઇ ભુલા પડયા હોય તો સાંજે ટીચાતા ધક્કા ખાઇને ઘેર આવે, ભાઈ મારી પણ તેજ દશા છે. વાહરે કલીયુગ વાહ

ગાયન.

કલીયુગમાં ચડતી રહે, ચંડાળની ચારે દીશા. કલી૦
ન્યાય નેકનો નાશ થયો છે, સત્ય ધર્મ ધરતીથી ગયોછે
લોભ મોહનો રંગ રહ્યા છે, ભારે મોક્ષ આને નીશા કલી૦
ક્રોધ દેશમાં કીર્તિ આમી, જ્યાં જુવો ત્યાં બટકે કામી
પ્રપંચ ટોળી પૈસા પામી, નીચ બન્યા તોતા મીસા કલી૦
લાંચ લઇ લક્ષાધી બનતા આશાથી ઈર્ષામાં ફરતા.
સંત સ્યામને કદી ન નમતા, બડબડના બોલે બીચા કલી૦

મોતીઓ—ચંપા ચંપા હું તને ચેતવણી આપું છું કે તું પ્રપંચી પાટવીનો પક્ષ છોડ ચંડાળણી નરીજ ચલાવવામાં તું તારો પ્રાણ ખોઈશ અરેરે પાટવી તારૂં પ્રારબ્ધ પણ હવે પડતીનેજ સહાય છે, બસ જીવ હવે ચાલ અહીં વધુ ટકવામાં માલ નથી–

(તેવામાં છુપાઇ રહેલી છાટકી શેઠ ભીખો પ્રવેશ)

છાટકી શેઠાણી—કેમ મોતીભાઈ ચંપાને શાની ચેતવણી આપો છો તે તો કહો ?

મોતીઓ—અરે તમે કોણ છો ?

શેઠાણી—હું આ શહેરની શેઠાણી ને ચંપાબાઇની બહેન પણી છું. અને ખાસ તેમને મળવાને જ આવી છું.

મોતીઓ-બાઇ તમોને નવગજના નમસ્કાર છે કારણકે ચંપા બાઇનાં બહેનપણી પછી તેમાં ખામીજ શી હોય ધન્ય છે બાઇ તમારા સ્ત્રી ચરીત્રને)

શેઠાણી—(મોતીભાઇ હમારી સ્ત્રીઓની સાયબી જો કેવી છે.)

ગાયન.

સ્ત્રીઓની સાયબી [૨]

મરદ કરે મજુરી રહે હજુરી હમારે લાય નહી. સ્ત્રી
હુકમ ઉઠાવે યાર, હમે સુખે સુનાર.
ફાવે ત્યાં ફરનાર, ભાવે તે ભરથાર.
સુધારે સોખીન સહાયની સ્ત્રી
પંદર સલામો પુરૂષો ભરે;
ત્યારે લલના લગાર લટક લોચન કરે,
એક ટળે આઠ મળે, સાઠ અને સોયે ભળે,
ઘરવાળા ગણુતી ગણાય નહી. સ્ત્રી

(મોતીઓ ગાયન થઇ રહ્યાબાદ નમસ્કાર કરી ચંપાને તેડી લાવવાનું કહીને પસાર થાય છે.)

શેઠાણી—જ્યારે ચંપાબાઇએ ભવિષ્યમાં ભેગવસીંહને ભરથાર સ્થાપ્યા છે. ત્યારે આ માણેકકુંવર પણ હવે મનગમતા મોહનની શોધમાં જ રહે છે.

ગાયન

હું છું જોબન મદમાતી બધા જગમાં પંકાતી.
સુરતની છું શેઠાણી,
વળી શુક્કડ શોખીનોને ફંદે ફસાવી.
કરતી પૈસાનું પાણી

મળે અલબેલો યાર, કઇ તેનાથી પ્યાર.
મારી નયનાં કટાર, કરી લઉં તાબેદાર.
બસ અક્કડ થઇ ચાલતી, ફક્કડને ભાલતી,
બોલીને મીઠી વાણી, ખુબ થઇ શાણી. હું છુ.

શેઠાણી—અરેરે ભગવાન, મેં એવી શી કરી હશે કરણી કે મુવા કંજુસ ધણીને પરણી,
કહ્યું છે કે કંજુસ કેરી કમાણી તે આખર ધુળધાણી; અરેરે જ્યારથી એ ઉલ્લુ ભાયડો મળ્યો છે ત્યારથીજ આ માણેક કુંવર બાઇનો ભવ બળ્યો છે, અરે આજે તો જરા દેવ દરશન કરવા નીકળી છું. તો જરા બની ઠનીને જાઉં તો દેવ પરસન થાય. અને કાર્ય સધાય.

[એકદમ શેઠનો પ્રવેશ]

શેઠ—કેમ અત્યારે આમ બની ઠનીને કાં ચાઇલાં જરા કેવટો ખરાં એ સીનેમેટોગ્રાફની પુટલી ફીલમ એ જાપાનના જુના જેપલીન. એ મુંબઇની તુટેલી ટમટમ આજે અપટુડેટ બનીને કઇ દીસામાં ઉડી નીકલ્યાં છો. ક્યાં જાવ છો.

શેઠાણી—ક્યાં તે દેવનાં દરસન કરવા.

શેઠ—ભાતે દેવનાં દરસન કરવા કે મોટા દેવને પરસન કરવા દેવ કાંઈ દાગીનાથી પ્રસન્ન થતા નથી સમજ્યાં, માટે દાગીના ઉતારો અને પછીથી પધારે.

શેઠાણી—શું દાગીના ઘસાઇ ગયા અને તેમ હોય તો લે આ તારા દાગીના.

શેઠાણી દાગીનાનું પોટલું બાંધી કોધથી
શેઠની છાતીમાં મારે છે.

ગાયન.

શેઠાણી—લે પેટે બાંધી પુજી, મર મુજી મુવા ભાયડા;
શેઠ—હાયડે હડકાઇ હમ, હરાઇ ખાવો વાસણ;
શેઠાણી—કંઈ મોઝ મઝા ના સમજ્યો;!

શેઠ—સમજે તેને જઇ ગમજો.
શેઠાણી—આ ખુબસુરતને ખોટ નથી;
શેઠ—વેષ્યાને વરનો ટોટ નથી;
શેઠાણી—ભોટ ભુંડા લુડા, લે ચુડા ફોડું આયલા—લે પેટે.
શેઠાણી—આ જુવાન લ્હેરી લલન નું, લોભીથી લાલન થાય નહિં;
શેઠ—દમબાજ કે દારૂડીઆ વીણ, આ છીનાળ રાંડો
ધરાય નહી—લે પેટે.

અંક બીજો.

પ્રવેશ પહેલો.

પાત્રો—[illegible] હાંની તથા સાહેલીઓ.

(સ્થળ—[illegible] રમ્ય મેદાન

—ગરબો—

આવો આનંદે સઉ આંય; હરિગુણ ગાવાને ;
પ્રીતે લ્યોને પ્રભુજીનું નામ સુખીયાં થાવાને
છે ભીડભંજન દીન દયાળુ સુંદર વરધન શ્યાંમરે
આ ભવ તરવાની છે નૌકા એ નટવરનું નામ-સુખી

સાખી.

સુખી થશો સો હેંસથી દુખ થશે સઉ દુર
સંપતિ સન્મતિ શ્રીહરિ જાણો દેજ જરૂર
સુવા અખંડીત શીયળ તમારૂં સાચવશે જગરાયરે
પાપપુરને પંથ તણાતાં પકડે આવી બાંહ્ય-સુખી

સાખી.

ઉત્તમ સુખ સંસારમાં પતી તણો છે પ્રેમ
એ સુખ કર પીયુની સેવના કહો સખી વીસરે કેમ
શુદ્ધ ચીતેથી પુર્ણ પ્રીતેથી ભજવા શ્રી ભગવાંનરે
પાપથી મુકત થવાને બેની ધ્યો પરમારથ દાન સુખી

સાખી

સ્વદેશ વ્રત ધારણ કરો વીર આર્યની બાળ
ભારતી અર્પે હર્ષથી તમકંઠે યશમાળ
ઉત્તમ ખાદી અંગે પહેરી પુજન પતીનું કરજોરે
રાવ–કવી કહે પ્રભુ રીઝાવી ભાવે ભજવળ તરજો–સુખી
(ગરબો થઈ રહ્યા બાદ)

વીશ્વમોહીની–બહેનો ચાલો આજે આ નજીકમાં આવેલા ઉપવનમાં મદમંદ સુગંધ લઈ વિરહથી તપેલા હ્રદયને શાંન્ત કરીએ.

વાડીમાંથી ચાલતાં રસ્તાની એક બાજુએ એક ભમરાને રખીયાના ઢગલામાં આળોટતો જોઇ વિશ્વમોહીની એ વીચાર્યું કે આ પુષ્પના રહેનાર ઉત્તમ ખુશબોનો ભોગી ભ્રમર અત્યારે આ રખીયાના ઢગલામાં કેમ આ-ળોટી રહ્યા હશે. એમ ધારી પોતાની સાહેલીઓને પૂછયુ કે અહી બેન આ એક કેવો વિચીત્ર દેખાવ જોતો ખરી.

વીસ્વમોહીની—

વૃક્ષ તજી. વેલી તજી, તજી ફૂલનનો સંગ;
આ ભમરો ભોગી પુષ્પનો, કેમ ભષ્મ લગાવે અંગ;
ચંદ્રીકા— પહેલાં હતી અહીં કેતકી, રહેતો તેની સંગ;
પણ દવ લાગ્યો તે દહન થઇ તેથી ભસ્મ લગાવે અંગ;
કાન્તા– પ્રીત હતી તો કેમ રહ્યા, કેમ બળ્યો ન તેની સંગ;
હવે પ્રીત લજાવા કારણે, હવે ભસ્મ લગાવે અંગ;
કુમુદા—તે દીન ભમરો ત્યાં ન હતો, નહીતર બળતો સંગ;
હવે પ્રીત સુધારવા કારણે તે ભસ્મ પોચાડેત ગંગ;
વીસ્વમોહીની ધન્ય છે બહેનો તમારી વાકય ચાતુરીને બેન આ ભ્રમરને ભાળીને સ્વપ્નમાં જોયેલા રાજકુમારની મનહર મૂર્તી મને યાદ આવવાથી મારૂ મન વીરહથી વ્યાકુળ બનેલું હતું. પરંતુ તમારા ન્યાઇ સવાલો અને

જવાબો સાંભળીને તે હવે જરા શાંન્તી પામ્યું છે પણ બેન શું કહું.

એની આંખની લાલી; મુખની મીઠાશ; અને શરીરની કોમળતા મનને હરાવે છે. લોભાવે છે.

ચંદ્રીકા—વહાલીબા તમે જાણો છો કે કેટલીક અજ્ઞાન બાળાઓ કામાવેશમાં સંજોગને તાબે થઈ આશકની ઇચ્છા તૃપ્ત કરે છે. અને તે ઉતાવળમાં પોતાના ભવીષ્યના બંધનને તોડી નાંખે છે.

કાન્તા—બેન જુવાનીનો ધુમાડો હૃદયને મુઝાવે ત્યારે એ જ્ઞાન શા કામનું.

વિશ્વમોહીની—સખી શું કહું જુવાનીની જીન્દગી આંખને આડે લાવી દે છે શરમને છોડાવી દે છે ભલે અભણ હોય; અજ્ઞાન હોય; અબીજ્ઞ હોય; અબળા જાતી [illegible]ાય; અવિકારી કે અવિચારી હો ; અનિન્ચકારી [illegible] ; સાધુ [illegible] કે સંત હો; લાકીક હો, અલોકીક હો; પશુ હો કે પ્રાણી [illegible]; કે માનવજાતી જ્ઞાની હો કે અજ્ઞાની હો; પ[illegible] એ સઘળાં કામદેવ જાદુગરને વશ થઇ રહેલી [illegible] સ્તીઓ છે. રાજાની અવનીમાં ધનવંતની સાયબીમાં, યોદ્ધાની તરવારમાં, ખુનીના નેત્રમાં પાષા[illegible]મ[illegible] ખી-ણોમાં, જળમાં કે સ્થળમાં, જડમાં કે ચૈતન્માં. બસ કામદેવનોજ ડંકો વાગતો દેખાય છે ધ્વની થયે કે નિ[illegible]ંવ પદાર્થ જાગ્રત થાય છે, સ્પર્શ થયો કે રણયુદ્ધમાં તત્પર થઈ જાય છે. યોગી હો કે ભોગી હો, રોગી હો, [illegible] રોગી હો, પણ તમામ તાબેદાર લાચાર થઇ જાય છે. બેન

કુમુદા—વાહરે કાંમને વાહરે કાંમની તારી કળા તો કેઇ શીખ્યું જ નથી ખ[illegible] વાત છે, કે જો શંકર શીખવા ગયા તો બીચડીનાજ ભુલા પડયા બાળકને ધાવતાં કોણે શીખવ્યું, યુવાન[illegible]તાં પ્રીયાનું નાંમ કોણે બતાવ્યું.

વરજીનાં વલોણાં અને વહુજીનાં વગોણાં તો કુદરતની શાળામાંજ શીખાય છે જ્ઞાની ગોથાં ખાય છે અને ગમાર તરી જાય છે. કહે હવે સમજી.

વિશ્વમોહીની---બેન ખરી વાત છે કે વિરહાગ્નીની આગને લીધે પૃથ્વી અને આકાશ તપી ઉઠે છે ત્યારે શરીર સળગી રોમે રોમને બાળી નાંખે છે તે સત્ય છે. એને ચકોરની આંખ્યો ને તો ચંદ્રમા ગયો એટલે થઇજ રહ્યું.

વાત ચીત થાય છે. તેવામાં એકદમ ભારે ગાજવાજ થાય છે. વરસાદની ગર્જના થાય છે, વીજળીના ઝબકારમાં વન ઝબકી રહ્યું છે વૃક્ષની લતાઓમાં મોર, બપૈઆ; કોયલ, ભમરા, વીગેરે બોલી ગુંજાર કરી રહ્યાં છે. તે જોઇને વિશ્વમોહીનીને પોતે સ્વપ્નામાં નીરખેલો રાજકુમાર યાદ આવતાં.

ગાયન.

વિશ્વમોહીની—

કરી ટહુકાર કોકીલા મધુરસ્વનને ગજાવે છે;
પપૈયા પીયુ પીયુ બોલે શોર મધુકર મચાવે છે,
અહી ઘનરાજની સ્વારી ચમકતી વીજ પણ ભારી.
વર્ષાવી વિરહનાંવારી વસુધાને ભીજવે છે. કરી.
છુપાયો ચંદ્ર વાદળમાં કમળ કરમાઈ ગયાં જળમાં,
રસીલા રમ્ય આં સ્થળમાં વિરહ મુજને રેલાવે છે કરી.
સખી જે સ્વપ્નમાં નીરખી મનોહારી અજબ મૂર્તિ,
પ્રતીમા એજ પ્રિયતમની અત્યારે યાદ આવે છે. કરી.

[તેવામાં એકદમ ભારે અવાજ થતાં આકાશ વાણી થાય છે.]

સાખી.

વનદેવી—

કાર્ય સફળ તારૂં થશે વીર આર્યની બાળ
હું અર્પું છું હર્ષથી તુજ કંઠે વરમાળ.

[અદ્ધરથી પુષ્પની માળા પડે છે તે લઇને.]

વીશ્વમોહીની –

આવે અંતરમાં ઉછાળા અર્પવાને આ વરમાળા
રસીલા રાજ રઢીઆળા એ મુજ મનને મનાવે છે કરી

[ગાયન પુરૂ થતામાં ઉપવનમાંથી મળી આવેલી એક પત્રીકા લઇને દાસી દોડતી આવી વીશ્વમોહીનીને આપેછે.

દાસી—(બાઇ સાહેબ આ પત્રીકા મને આ ઉપવનમાંથી મળી આવી છે કહી આપે છે.)

વીસ્વમોહીની—પત્રીકાને ખોલીને વાંચે છે.

પ્રેમી પત્રીકા.

વિશ્વને વિસ્મય બનાવનારી વહાલી વિલાસી જ્યારથી સ્વપ્નામાં તારૂં સુધાકર ચંદ્ર સરીખું મનહર મુખડું મારી દ્રષ્ટિએ પડયું છે ત્યારથી અન્ય વસ્તુ તરફ જતી મારી સઘળી ચિત્તવૃત્તિ શાન્ત પડી છે. ઓ પ્રેમાળ બાળા તરાં ધનુષ્યની આકૃતિવાળાં નયનકટાક્ષોએ મારા કોમળ હૃદયમાં પ્રવેશ કરી મને પરવશ બનાવી દીધો છે. જેમ જામનીને દેદીપ્યમાન કરનાર વિદ્યુતના ઝબકારા સમાન તારા ચળકતા ચમકતાં ચક્ષુઓએ કટાક્ષ ખંજર ફેંકી કરેલા કારી ઘાથી પીડા પામતો મદનરાજ મરણને શરણ પડયો છે. ઓ રહ્દય રમણી તારા સુંદર વીણા સમાન સ્વર સાંભળીને વૃક્ષની લતાઓમાં ટહુકાર કરી વનને ગજાવી મૂકનારી કોકીલા ફીક્કરમંદ થઈ દીનપ્રતિદીન કાળી પડતી હોય તેમ જો ધારૂં તો તે પણ સત્યજ હશે. ઓ મનહરણી તારા ગુલાબના પુષ્પ સમાન સુંદર ગાલોને જોઇ બગીચામાં ખીલી રહેલાં પુષ્પો શરમાઇને કરમાઈ ગયાં છે. ઓાં ચંદ્રવદની? તારાં અમ્રતથી પણ અધીક મીઠાશવાળાં વચનો મને વારેવારે યાદ આવે છે. વહાલી? તેં આજદીન સુધી મારી સાથે અન્યતા દર્શાવી હશે; પરંતુ હવે તારૂં દયાળુ દીલ મારા તરફ દોરાયું છે. સુંદરી! જો તું મનમાં પતી માની સ્વપ્ન સમાન સુખનો ભોગ કરી મનને શાન્ત કરતી હોય તો તે તારી મોટી ભુલ છે; કારણકે તેં જ્યાંસુધી એકાન્ત અવાસમાં મારી પ્રેમ

પરીક્ષા લીધી નથી ત્યાંસુધી તારો ને મારો સ્વપ્નવત સ્નેહ એક ઝાંજવાના જળ સમાન છે. સલુણી ! જ્યારે હું નીદ્રાવશ થાઉં છું ત્યારે તું સ્વપ્નામાં આવી મને સતાવે છે. તેથી હું એકદમ ઝબકીને જાગ્રત થાઉં છું અને મારૂં ચિત્ત તને ભેટવાને ચહાય છે. ત્યારે તું એકદમ અદ્રષ્ય થાય છે. ઓ પ્રાણથી પ્યારી ! ઓ કંચન કુમારી મારૂં સઘળું લક્ષ હવે તારા તરફ દોરાયું છે. જેમ મોરનું ધ્યાન વરસાદની ગટામાં છે, નટનું દોરીમાં છે, પતંગીઆનું દીપકમાં, પનીહારીનું ઘડામાં, ચકોરનું ચંદ્રમાં, માછલીનું પાણીમાં, અને મધુકરનું કમળમાં જેવું ધ્યાન લાગી રહ્યું છે. તેવુંજ મારૂં વીરહથી વ્યાકુલ થતું મુઝાતું આકર્ષાતું મન તારી પ્રેમાળ પ્રતિમા તરફ લાગી રહ્યું છે. ઓ લલિત લક્ષણી લલના? તસ્માત વીધિએ લલાટમાં નીર્માણ કરેલા લેખને તારો સજગ સ્નેહ મેખ રૂપ થઇ પડયો છે. ઓ ચતુર ચપળા ! તારાં લોહચુંબક રૂપી પ્યારનાં ચિન્હો મારા લોહ રૂપી અંતઃકરણને ખેંચી રહ્યાં છે. ઓ નાજુક વદની ! જ્યાંસુધી મેં તારા જેવી કોમળાંગી સ્ત્રીનો સ્પર્શ કર્યો નથી ત્યાંસુધી આ મનુષ્ય જાતીમાં અવતાર લીધેલો હું વૃથા માનું છું. ઓ સલુણી શ્યામા ! આ જુઠી માયાવી દુનીયાની દરકાર ન કરતાં કીરતારની સહાયતા મેળવી આ અલ્પ સંસારમાં આ ક્ષણભંગુર દેહ વડે જે અયેશ ઉડાવી લીધો એજ પોતાનું સાર્થક છે. એમ સમજી તારા સ્નેહને ન છુપાવતાં હવે પરિપૂર્ણ રીતે પ્રદીપ્ત કર. મારી વિશ્વાસુ ! વધુ લખી તારા નાજુક નેત્રોને તસ્દી આપવી તે ગ્યોગ્ય નહી તેમ ધારી મારી આગળ વધતી કલમને અટકાવું છું; થોભાવું છું.

સેર.

મારૂં ગુલાબી ગાત્ર તારૂં, પાત્ર છે શુદ્ધ પ્રેમનું;
ઓ હૃદય રમણી જોઇ તુજને, હર્ષઘેલો હું બનું;
આ મન અધીરૂં માહરૂં, આતુર છે મળવા અતિ;
શ્યાણી કહું સમ ખાઇને, જુદાઇ નહી રાખુ રતી.

બસ તુજ સમ સંસારમાં, વહાલું મુને કશુંએ નથી,
દીલદાર હૈયાહાર હું, પરવશ થયો તુજ પ્યારથી.
આ પત્ર વાંચીને પછી, શુદ્ધ સ્નેહ તું દર્શાવજે;
કરવા પરિક્ષા પ્રેમની, એકાંન્તમાં તું આવજે.
દુનીયાં તણું દરકાર નહી, તુજ પ્યારને દીલમાં ધરૂં;
જીવજાન તું મારી હવે, પળ એક ના અળગી કરૂં.
જાહેર કહેવત જગતમાં, કોણુ હશે અણુજાણુ.
ચહાતાને ચાહો ખરે, મળતાને મળ પ્રાણુ.
લીખીતંગ-ભવિષ્યમાં તારા ખીલેલા યોવનનો અધિપતિ થવાની
ઈચ્છા ધરાવનાર સાચો પ્રેમી.

(વીસ્વ મોહિની પત્રીકા વાંચીને વિરહઘેલી બની જાય છે.)

ચંદ્રીકા—અલી બનીશું આમ બાવરી છેક સખી શું ઘેલી થઈ
પરણ્યા વીણુ થઈ પતી વિયોગી શુદ્ધ બુદ્ધ સો વિસરાઇ ગઈ

કાન્તા—સ્વપ્ન વિષે સ્વામીને નીરખી ભોળી બહુ ભરમાઇ ગઈ
કાંમદેવના કટાક્ષ બાણે વરઘેલી વીંધાઇ ગઇ.

કુમુદા—અલી બા એમાં બીચારીનો એનો શો વાંક,
કદમ વૃક્ષ પર કોયલ બોલી, શબ્દ સાંભળી સખી છળી.
ભમર રાખમાં ભમતો ભાળી, કામદેવને પંથ પળી,

વિશ્વમોહીની—ગમે તેમ કરો પરંતુ આ પત્રીકા લખનારનો પત્તો મેળવો તોજ મને આરામ થાય, તેવામાં પોતાની ખોવાયેલી પત્રીકાની સોધમાં નીકળેલા રાજ કુમાર દશરથસીંહને જોઈ !

કુમુદા—બેન જુવો તો ખરાં । આ સામેથી કોઇ રાજકુમાર જેવો આપણા તરફ આવતો દેખાય છે, ચાલોં છુપાઇને તપાસ કરીએ કહી છુપાઇ જાયછે.

દશરથસીંહ—પત્રીકાંની શોધમાં બાવરો બનેલો]
રસ છલકતું રસમય જીવન, રસભર રસીલીમાં હતું:

નયને નીહાળી એહને આ રદય શાંન્તી પામતું,
સૌ ચીત્ર એ ચતુરા તણું કર કોમળે ચીતર્યું હતુ.
રસના એ રસ વેલી તણું વર્ણન તમામ કર્યું હતું;
વહેતું હતું જ્યાં ઝરણુ મીઠું બીન્દુ હવે નહીં સાંપડે,
રગે રગે ભરપુર હતું શોષ્યું હવે તે નહી જડે.
હવે બરાડા પાડીને હું બહું બહુ શબ્દો કદી;
કે કોઈ ગજાવું આ જગતને તોય તેમાં શું વળ્યું,
સરકી ગઇ છુટી થઇ થયો હું વીખુટો એ થકી;
જીગર જખમ મારે કે એને એ હવે સહેવું રહ્યું,
જે પ્રાણથી પ્યારી અધીક મુજ હૃદયને સંતોષતી;
તે આજ તરછોડી મને, હા ક્યાં ગઈ પ્રીય ક્યાં ગઇ.

કુમુદા—પંથી શું એ તમ પ્રીયતમા?

દશરથસીંહ—ના ના રસીલી પત્રીકા.

વિશ્વમોહીની—ઓહો આવી નજીવી પત્રીકા માટે બન્યા શું બાવરા કે પ્રત્યક્ષની કોઈ પત્રીકાની આપને લાગી હવાં અને તેમ હોય તો બીજી લખો ?

દસથસીંહ—બીજી શું લખું ? તેવી તો નહીંજ લખાય, પરસ્નેહ કરતવ્ય ધર્મની પળ વહી ગઇ તે વહી ગઇ, પ્રતીમા રસીલીની રદયમાં રહી ગઇ તે રહી ગઇ, ફરી લખુ પણ ફાવે નહીં, હાવે લખી શા કામની, એ સ્વપ્નની બીના સઉ તે સ્વપ્નમાંજ સમાઇ ગઇ.

વિશ્વમોહીની—શું એ પત્રીકા આપનીજ લખેલી છે ?

દશરથસીંહ—હા મારી લખેલી છે. લાવો તે ક્યાં છે !

વિશ્વમોહીની—એવી નનામી પત્રીકા લખીને તમો મારા ગુન્હેગાર થયા છો, તેની સજા તમારે સહેવી પડશે !

દસરથસીંહ—તેથી અધીક પત્રીકા છુપાવનારને સહેવી પડશે !

વિશ્વમોહિની—સાબીત કરી આપો કે તે કોણે છુપાવી છે ?

દશરથસીંહ—

તુજ વીણુ ભામા અન્ય કરનારી એ ચઢે માનું નહી;
મુજ પત્રીકાની સૌ ક્રિયા ઓ સુંદરી તું છે સહી,
નારી નવોઢા તુજ સમી જે સ્વપ્નમાં નીરખી હતી.
મનહર એ મુગ્ધાની છબી સમ છે બધી તુજ આકૃતિ;
કાન્તી સુકોમળ એહની રંભા કહું કે ઉર્વસી,
તેવીજ પ્રતીમા તાહરી મુજ હૃદયમાં ગઇ છે વસી.
જે કોકીલા સમ સ્વર મધુ‍ર સ્વપ્નમાય સુણ્યો હતો.
તેવોજ સ્વર તારો સુણીને ભાન સૌ ભુલી જતો;
એનાં ચમકતાં ચક્ષુઓ ભરપુર ભાવ ભર્યાં હતાં,
તેવાં કટાક્ષો તાહરાં મુજ હૃદયમાં કારી થતાં.
ઉપકાર નહી વીસરૂ કદી એ પત્રીકા આપો મને;

વિશ્વમોહીની—મીથ્યા ફીકર કરશો નહી મળશે નહી તે આપને.
(ભલે ન આપશો કહી દશરથસીંહનું રીસાઇને ત્યાંથી પસાર થઇ જવું.)

વિશ્વમોહીની—ઓહો રમત કરતામાં તેઃ રીસાઇ ગયા ! ક્યાં ગયા.

ગાયન.

રસીઆ ક્યાં ખસીઆ મન વસીઆ પ્રીતમ મને બાંધી
સજળ પ્રેમબંધ [૨
પહેલાં સલુણા જો આવું હું જાણતી,
તો પડવા તાર મોહ ફંદ કદી નહી આણુત પ્રસંગ.
શું હસાવી ફસાવી ચાલ્યા રીસલાવી મારો હરણ કરી
સઘળો આનંદ—[રસીઆ]
મારૂ નહી માનો તો આખર મુઝાઇને.
આ—અલબેલી રસવેલી મદઘેલી કાયાનો ત્વરાએ આણીશ
અંત. રસીઆ

ગાયન ગાતી વિશ્વમોહીની રાજકુમારની શોધમાં નીકળે છે. તે કદમના વૃક્ષ નીચે છુપાઇને ઉભેલો રાજકુમાર તેની નજરે પડે છે. ત્યાં આવીને

વીસ્વમોહીની—સ્વપ્નમાં સ્નેહ ગાંઠ બાંધી–અર્ધાંગના તરીકે સ્વીકાર કરી હવે છટકી જવું તે શું આપને ચોગ્ય છે. બોલો–બોલો આ વિરહથી વ્યાકુળ થતી ગુર્જરાતી–ના મનને શાંન્તી આપો.

દશરથસીંહ—

ગાયન.

ચંદ્રમુખી ચીત ચોરી, કાળજુ લીધુ તેં કોરી;
અંધ તો બનાવી દીધો એક પળમાં;
બિશ્વ૦—મોહ તણું બાણુ મારી પરવશ કરી પ્યારી;
સલુણા સમજી નહી તુજ છળમાં;
નેહથી નયન ભરી માનુનીનું મન હરી;
વાલમ વસ્યા છો તમે મુજ મનમાં;
દશરથ૦—મનને લોભાવી શાણી ચીતને ઠગાવી;
વીરહલાહ્ય સળગાવી વહાલી મુજ તનમાં;
વીશ્વ૦—(સળગી હશે તો શાંન્તિ થશે ગભરાશો ના)
દશરથ૦—ગોરી ગભરાવે તું ઉર અકળાવે શું;
નાહક સતાવે જોબન બળમાં;
વીશ્વ૦—પ્રીતમ પટાવી પ્રેમ ફાંસીમાં ફસાવી;
મને બાવરી બનાવી સપડાવી કળમાં.
દશદય—(પ્રેમ ફાંસીના બંધનથી મુક્ત થવું તે ઘણું મુશ્કેલ છે)
કોડીલી કમળા કસી ઉર વસી ભેટો ધસી;
હવે અલબેલી અળગાં રહો ના.
વિશ્વ૦—રંગીલા રૂપાળા દીસો લાલા લટકાળા;
જાણ્યા આજ જાદુવાળા હે ઠગારા ઠગો ના;
દશરથ—પ્રીતી રસ પાવો હવે ખાલી ના સતાવો;
સાચો સ્નેહ તો બતાવો પ્યારી જાન.
વિશ્વ૦—ભલે પીવો રસ પ્યારા હવે મુકો નહી ન્યારા;
કરૂં જાન હું તમોપે કુરબાન.

બન્નેનો મેળાપ થયા બાદ લગ્નનો દિવસ મુકરર કરવાને વિશ્વમોહીની સીવરાત્રીના મહોત્સવ ઓચ્છવને દીવસે શૈલેશ્વર મહાદેવના મંદીરે ફરીથી મળવાનો વદાડ કરે છે. તેવામાં એકદમ સખીઓનું [ઓચીન્તું આવવું થાય છે. તેથી તે શરમાય છે]

ગાયન

સખીઓ—

વાહ વાહરે વાહ વરઘેલી, યૌવન મદમસ્ત બનેલી;
રસવેલી, રસિલીરે:
લાવી મોહનને ક્યાંથી તું મનાવી;

વિશ્વમો—આળ ખોટી ચડાવો શાને આવા;

સખીઓ—દીસે તું ભોળી બાળી, વળી નાજુકને નખરાળી;
લટકાળી; મરમાળી; શરમાળી તેં હદ વાળી. વારેવા.

(પડદો પડે છે)

(શૈલેશ્વર મહાદેવનો પુજારી.)

નિર્જરાંમ—આહાહાહાહા, બસ, બસ (હસ્તમાં સીસો લઈને) દારૂ પુરાણના દ્વાદસમા અધ્યાયમાં ફરશાવ્યું છે કે:—

જપ તપ વૃત તીરથ કરો, કરો પુન્ય કે દાન;
પણ અધિક ફળ એથી મળે, જો કરે મદીરા પાન;

યારો મદીરા પાન દેવતાઓને પ્યારૂં છે, તો મનુષ્યોને તો જરૂર મોહનું બારૂં છે. મનરંજન કરનારૂં છે. આનંદનું સ્થાન બસ એક આ દારૂ છે. બ્રાંન્ડીનો શો સ્વાદ અંતરને આપે આહલાદ ન પીએ તેની જીન્દગી બરબાદ. ગમાર શું સમજે દારૂનો સ્વાદ. લોકો કહે છે કે દારૂ પીનારો ગમાર છે. પરંતુ હું કહું છું કે તેનો તિરસ્કાર કરનાર મૂખનો સરદાર છે સંસારનો સાર નારીનો પ્યાર દીલનો કરાર; અને અંતે સ્વર્ગનું દ્વાર; બસ એક આ દારૂજ છે. દારૂ, દારૂ, તારી ખુબી ન્યારી છે, સર્વેના ઉપર તારી સરદારી છે. ખીસ્સામાં હોય દાંમ તો સોબત કરજો

દારૂની જો કરવું હોય અમર નાંમ તો સોબત કરજો દારૂની દારૂડીઆને માટે દેવતાઓએ સ્વર્ગનાં દ્વાર પણ ખુલ્લાંજ મુક્યાં છે. વળી પર્વને દિવસે પૈસા ન હેય તો ભીખ માગીને પીવો તે આજકાલના સુધરેલા બન્ધુઓની ફરજ છે.

શેર.

જગતમાં જન્મી આ પીવા, ફરી પીવાને જન્મીશું;
મરીને માગીશું પીવા, અમે જન્મો જન્મ પીશું;
ભરાવી પીપ દારૂનાં, મરીશું ત્યાં મુકાવીશું;
બનીને ભુત બાબરીઆ, મસાણોમાં મગાવીશું;

અમે દીલદાર દારૂના, અમારો દેવ દારૂ છે;
દિવાના કહે ભલે દુનીયાં, હમારૂ શું જનારૂં છે;

અમે પણ પ્રેમથી પીશું, બીજાને બોધ આપીશું;
લાધો છે જન્મ પીવાને, જીવી શું ત્યાં સુધી પીશું;

કહે છે લોકો દુનીયાના, કે દારૂ નષ્ટ નીસો છે;
પરંતુ સ્વર્ગનો સાથી, હમારો એક સીસો છે;

ઓહો પણ આજે શીવરાત્રિના મહોત્સવ ઓછવમાં શિવજીનુ પૂજન કરવા આવનાર છે રાજકુમારી તેને માટેજ આબંદાની સઘળી થઈ રહી છે તૈયારી કુમારીને મનાવી તેનો દીલદાર બનું. ચિતનો ચોર બનું. મનની ઉમેદ પાર કરૂં. (કહીને જાય છે.)

સ્થળ: (શેલેશ્વર મહાદેવનું મંદિર)

ત્રિપુન્ડ ખેંચી, પીતાંમ્બર પહેરી, ચાખડીએ ચડીને, બગલમાં દારૂની બોટલ અને એક હાથમાં આરતી લઇ મહાદેવના દેવળમાં નિર્લજરામનું આવવું.

આરતી. નમો: શીવાયમ: વિસ્કીપીવાયમ:
તેથી જીવાયમ: નમો: શીવાયમ:
પુષ્કળ પીવાયમ: સદાએ કાયમ:
તે સૌ જરી જાયમ: નમો શિવાયમ:

હોટલની માંહ્યમઃ બીસ્કીટને ચાયમઃ
ખવાયમ પીવાયમઃ નમોઃ શિવાયમઃ

એતો એજ, ભોળાનાથ ભંગમાં મસ્ત રહે છે તો આ આ પુજારી બંદા આ રંગમાં મસ્ત રહે છે. વળી અધુરામાં પુરા રાજગોર છીએ એટલે કોણ કશું કહી શકે તેમ છે. ભાઇઓ લોકો કહે છે કે જે દારૂ પીએ તે ગધેડો કહેવાય પરંતુ જો ગધેડાજ દારૂ પીએ તો તેને શાની ઉપમા આપવી આહા આ સામેથી કુંવરીનાંજ સ્વારી આવતી જણાય છે. છુપાઇને જોઉં કે શું થાય છે.

(કહીને દેરામાં છુપાઇ જાય છે.)

(રાજ્ય કુંવરી ઇસ્વરવાહીનીના બદલે માળીની છોડી આવે છે. અને મહાદેવની સ્તુતિ કરે છે.)

માળીની પુત્રી મંછલી હે ભોળાનાથ, ભકત વત્સલ ભગવાન,
મારી મન કામના પુર્ણ કરજો મહારાજ.

નીર્લજરામ--વરમરોહી—વરમરોહી-વરમરોહી--માગ્ય—માગ્ય પ્રસન્ન છું ?

મંછલી—મહારાજ જો આપ પ્રસન્ન થયા હો તો પરતક્ષમાં પધારીને દરશન આપો ?

નીર્લજરામ—બહાર નીકળે છે ને કહે છે કે લે કર દરસન અને થા પરસન ? (કહીને ડેરાની બહાર આવે છે.)

મંછલી—હાય હાય આતો મુવો નીરલજરામ,
નીર્લજરામ—હા ! હા ! તારા દીલનો આરામ;
મંછલી--ચુપ મુવા દારૂડીઆ દુર જા તારૂ મોં ગધાય છે.
નીર્લજરામ—તું બોલે છે ને મને કંઈ કંઈ થાય !

(કહીને તેને પકડવાને જાય છે,)

ગાયન.

મંછલી—છટ નફ્ટ હરાંમી કરે નકામી જકશીદ કામી.
કહે સલામ. (૨)

નાલંજ—આજ તુ પામી આવો સ્વામી છે ખામી. (૨)
ચુપ રહે ગુલામ.

નીલંજ-- બેલી શું મને ગુલામ કહે છે ?

મંછલી—જોને હજી મુવો ચુપ રહેછે—(કહીને ધોલમારે છે]

નીલંજ– ઓ નવલ નવેલી રદય વસેલી અજબ બનેલી
આવતું આમ ?

મંછલી—રોજ રખડતો નજરે ચઢતો;
મસ્ત બની ચાલે બડબડતો,
ભાનવીના શું ભસ ભસ કરતો.
સ્વાન સરીખો બની બે ફાંમ.

(કહીને ધકો મારી પસાર થાય છે,)

તેવામાં ત્યાં નીરલજ રામનો પીતા આવી ચઢે છે તે આને બે ભાન પડેલો જોઇ અફસોસ કરે છે કે ઓ કુળમાં ઉત્પન્ન થયેલા કાગડા તું નર્ક કેમ ચુંથે છે કહી તેને ઠો કરે છે તે વખતે નીરલજરાંમ ડોસાને માળીની પુત્રી જાણી કોટે બાઝી પડેછે,

[બાદ પડદો પડે છે]

પાપો પાટવીનું ત્રીઅંકી પુરૂ નાટક
ખજાનાના ત્રિજા ભાગમાં છપાશે.

કુદરતી નાટક.

આ રંગ ભૂમિપર રામ સ્મરણ કરી આરંભુ રસમય નાટક;
હાસ્ય ભક્ત શૃંગાર બતાવી કીર્તીવંત કરૂં નાટક,
આ નાટકમાં નીચ કર્મ નહી વળી નહી નાસ્તીક પણું.
જે નાટકથી દર્શન થાયે સત્ય તત્વના તાત તણું;

(હૃદય—થીએટર.)

સ્થિર હૃદયરૂપી થીએટરે, તત્વ તણું કર્યું તેજ,
પડદા બાંધ્યા પ્રેમના, વીંગો ગણી વિવેક,
પાત્રો પુરૂષાર્થ તણાં, ડ્રેસ દયા ઉદ્યોગ;
અંક ભુત વર્તમાનને, ભવિષ્યની સંજોગ.
પ્રવેશ પગમાં જે બને, સાજ શત્રુને મીત્ર;
માલીક માનો મુકતિને, ઉપજ ચિત્ત પવીત્ર,

(જગતરૂપી—થીએટર.)

જો શ્રીપતી મેનેજરે, જગતરૂપી થીએટર કર્યું;
સીનો કર્યા કુદરત તણાં, રૂતુઓ તણા પડદે ભર્યું,
જાજમ બીછાવી અવનિની, શશી સુર્યના દીપક કર્યાં.
છત બાંધી લીધી નભતણી. તારાતણાં ઝુમખાં ધર્યાં.
વાજું બનાવ્યું વખતનું, ને નસીબનાં નરઘાં કર્યાં;
ચીફ એકટરો રૂપે પ્રભુ સ્ત્રી પુરૂષ તે મધ્યે ધર્યાં,
અંકો કર્યાં છે ત્રણ મહી, બાલ્યા તરૂણ જરાતણા.
પ્રવેશ કીધા છે વળી જો લક્ષ ચોરાશી જન્મના;
વળી શાસ્ત્ર રૈસલ સીખવે તાલિમ તો પુરાણો તણી
મનુસ્મૃતિ સમ ઉસ્તાદી શીક્ષણ ભાવીકો લેતા ભણી,
કરવા સહેદો સત્યનો જે નીતિનું દર્પણ ધર્યું,

વન્સમોરના વીચારનું ઈશ અજબ તેં નાટક કર્યું.
(તો બંધુઓ આપણે શું કરવું જોઇએ)
રંજન કરી પ્રેક્ષક પ્રભુ, કરી હાવ ભાવજ ભક્તિના,
માલીકનું મનડું હરી, ઇનાંમ લેજો મુકતીનાં.

(હાલનું નાટક.)

ખાવા ગાવાને ન્હાવાનો નિયમ નાટકમાં હોયે;
કેફ ક્રોધને કપટી વીદ્યા એકટરોનું ભણતર સોહે,
મોઝ શોખને લોગવિલાસે કુટુંમ્બને ભુલે ભુંડા;
ભારમારને ગાળો ખાવા શેઠ તણા બનતા લુંડા,
માસ છ માસ કે વરસ દીવસની ગેરંટીમાં ગોથાં ખાય,
તે કરતાં તડ્ફડ ચાલેતો છાના માના છટકી જાય.
અભણ અને આપ સુધરેલા નાચી કુદીને પેટ ભરે,
પુરુષે વેશ પ્રમદાનો ધારી ના કરવાનાં કાંમકરે;
રાવ કવીએ ખાસ રચ્યું છે પ્રારબ્ધનું પુરૂ નાટક,
વાંચી જોતાં વીરા ટળશે જન્મ મરણ તણી ખટપટ.
અન્ય બુકના ઓપેરામાં પૂર્ણ આવશે એ સૌ જ્ઞાન;
તમામ મનનો સંશય ટળશે અને વાધશે અદકુ જ્ઞાન

છપ્પો.

નાના પ્રકારનાં હવે નાટકો તો થાય નીત્ય;
સીનને સીનેરી જુઠી શોભા આપનારી છે.
ભક્ત કે ભગવાંન કેરો પાઠ ભજવે છે પણ;
ને પથ્યમાં નીચતાની જુગતી ઓજારી છે,
વન્સમોર આપવાને પાડા જેવા પ્રેક્ષકોએ.
થીએટરમાં થડોથડ તાળીઓ ઠોકારી છે;
પડી ભાગી છે ભવાઇ નાટકોની તો નવાઈ,
સીનેમેટોગ્રાફ અને સરકસો તો ભારી છે.
શ્રવણ કરો શ્રોતાઓ સઘળા નવો દાખલો આ દુનીયાનો,
જરૂર પલટયો હવે જમાનો જુવો સપાટો જુવાનીઆનો

(એક કોમન કવાલી.)

(રાગ તમોને આવડે તેવો)

અધુરું જ્ઞાન ઘરડાનું અમુક હદ આવતાં અટકે,
વિદેશી વૈભવો ચક્ષુ વિષે જોતાં ખરે ખટકે;
અમે જુવાનીઆ ડાહ્યા ગ્રહણ કરતા ન દુષણએ,
જુના સાટે નવું કરવું અમારૂં એજ ભુષણ છે;
અનાદિ જીર્ણ વસ્તુઓ વખત જાતાં વધુ બગડે,
જુના ન્યારા વિચારો શું સમય વિત્યેથી સારા રહે;
મરામત જો કરાં મતથી કરે ચિરકાળ કાયમ રે.
સુધારો સામટો કરવો અમારૂં એજ ભુષણ છે,
ગુલાબી નીન્દ ત્યાગીના થવું જાગ્રત પથારાથી;
નગારાં કે તતુડીના થતા જો નાદ ચોગમથી;
સનાતન શાસ્ત્ર વૈદકના નિયમ શોધી સુધારાને,
પ્રભાતે ઉઠવું આઠે અમારૂ એજ ભુષણ છે.
ઉઠી પલંગના પથારામાં પડી રહી સ્વચ્છ ધ્યનેથી,
થયેલી ટાળવી મુખની અસુદ્ધી ધુમ્રપાનેથી;
પખાળી દંત પાણીથી લુછી ટુવાલથી મુખને;
પછીથી જોવું દર્પણમાં અમારૂ એજ ભુષણ છે.
પછી હોટલ હવાડાની પીવી ચ્હા કાઢવા સુસ્તી;
ન ગણવો બાધ પ્યાલાનો પીવે છો તુર્ક કે ખ્રીસ્તી.
મુખે અડક્યું બધું પાવન ઉંચા નીચા કલ્પનજન્ય છે,
સમજવા સૌ જનો સરખા અમારૂ એજ ભુષણ છે.
જમાવી પાનની પટ્ટી ફુંકી ખુબ ગાંજન ગાંજો,
સુરાપાને થવુ શૂરા વ્યસન વ્યવહાર ના તજવો;
મળી સહૃમિત્ર સૌ ભેળા જુગારૂ ખેલવું ખાંતે,
રીઝવવી રામ જણીઓને અમારૂં એજ ભુષણ છે.

ભીજાવી તેલ અત્તરથી રસીલા બાલના ગુચ્છા,
કડક વસ્રો ધરી અંગે ચઢાવી ચશ્મ પેબલનાં;
મુછોનાં આંકડા વાળી સુસોભિત સ્ટીક ઝાલીને,
છટાથી ચાલવુ રસ્તે અમારૂ એજ ભુષણ છે.
જતી રહે સર્વ બે ચેની રહેના બીક વ્યાધિની,
બગીચા કે ચોપાટીની મજે તાજી હવા તેથી,
શરીર આરોગ્યતા અર્થે: વિરલ વિશ્રાન્તિ લેવાને
વીચરવું નીત્ય વા બાવા: હમારૂ એજ ભુષણ છે
બીજાના સુખથી બળવુ: પ્રશંસા ના સહન કરવી:
છલાછલ જ્ઞાન ભેજામાં: ખૂમારીની ધુણી ભરવી:
બનીને ઇશ્ક દીવાના; ગણી ગાંડીઆ આલમને:
કહે જે વહાલી તે કરવુ: હમારૂ એજ ભુષણ છે:
ભજન પર ભાવના નાહી: રૂચી સંગીત નાટકમાં
અમોલી જીન્દગી દેવી: રસિલી પ્રેમ લેજ્જતમાં
સુધારા આ અને એવા: દુષણ રૂપ હોય દુનીયાંને
ભલે સજ્જન કહો: દુર્જન: હમારૂ એ જ ભુષણ છે

જોયો મારા મહેરબાન: આજકાલના
જુવાનીઆઓનો ઝપાટો.

(મોહમયી મુંબઇની મઝા)

દોહરો

આજે બહુ રળીઆમણું સુંદર મોટું શહેર
આનંદ અપરમપાર જ્યાં: લોકો કરતા લહેર:
કંઇ ઘોડા કંઇ ગાડીઓ: કઇ તો મોટરકાર
બગ્ગી ફેરે વિક્ટોરીઆ: ફામતણો નહી પાર:

કવાલી

રાગ=સ્વદેશી

જતો હતો યાર એકદીન હું: સડક પર સહેલ કરવાને
બપોરના એક બે વાગે: નીકળીઓ સહેજ ફરવાને
ચોપાટીથી ચાલતા આવ્યો: જવું હતું કયાં ગયો હું કયાં:
ભૂલેશ્વરથી પડયો ભુલો: ગયો ગુલાલ વાડીમાં
દીઠું તેવામાં કૌતક ત્યાં: સુખે: મુજથી ન કહેવાયે
શ્યામા એક શ્યામળી જોઈ: ઝુકી રહીતી જરૂખાએ
શરીર સંકોચતી ક્ષણમાં: દુવાલે મુખ લોતીતી
છુપેલા છેલની પાસે જવાનો લાગ જોતીતી
ઘણી થઈ ઇશ્કમા ઘેલી: નજર કરતી એ ચોપાસે
સલુણી સુંદરી સ્યાણી: ઉભી હતી યારની આશે
દુરથી દોસ્તને દેખી: કરી તરકીબ તો કળથી
ઇશારો હાથનો આપી: વગાડી: સીત પાછળથી
હતો બાજુની બારીમાં: ઉભેલો યાર જે એનો
ઓચીન્તો આવીયો તે ત્યાં: બન્યો મેળાપ ત્યાં બેનો
કરી ચુંબન ચતુરાને: દબાવી બાથમાં લીધી
જુવાને કાંડુ ઝાલીને; નીચે ઉતારી ઝટ દીધી;
કરી વિકટોરીઆ ભાડે; ગયાં તે હીન્દુ હોટલમાં;
ઉડાવી પ્લેટ ટેબલ પર, બન્યાં ચકચુર બોટલમાં.
રહ્યું નહી ભાન દુનીયાનું; બની ગયાં બેઉ બે હાલે,
પછીથી શું બની બીના; કહીશું આવતી કાલે.

COMIC POET—રાવ કવી

દોઢ લાખનું દેવાળું.

(રાગ—રાગોટેજ જાવ)

હોટલનું ટોટલ ખેંચાતા બેટલમાંજ બાવીશ હજાર
ચાહ કોફીના થયા ચારસો બીડી પાનના સો કલદાર
ગાંજો ભાંગ નવ ગણ્યો ગણ્યાં ઊપલક ટાંકયા સત્તરસેં
ત્રણસેંનો સુકો તંબાકુ અઢીસો આપ્યા અત્તરમેં
નવી દુકાને નવા ડ્રેસના નવસેં નગદી ઝુલે છે
મોદીની યાદી ભુલ્યો પણ છસો ચોપડે ખુલ્લે છે
નાચ તાયફામાં નવસો થયા ઉસ્તાદોના ઈઠયાશી
રંડીને રાજી રાખ્યામાં ખરચ થયા બસો બ્યાશી
મેજીસ્ટ્રેટે મહેર કરી મોં માગ્યા લીધા બાવીસેં
સટ્ટામાં થપ્પડ વાગી નવસેં ભરવા પળ આવી છે
ભાણીનું શ્રીમંત સવાસો સાજાપુર મોકલવા છે
વેઇટીંગ રૂમની લાઇટ ડીપાઝીટ પંદરસે પોકવવા છે
પનીઆરી પાલીના ચાલીસ ભંડારીના પોણોસો
બ્યાશીનું બળતણ પેશી ગયું ગ્યાસલેટના પુરા સો
પુલો મીસ્રી ફરનીચરના ચોરાશી ચોકખા માગે
બારબરના બાવીસ ચડયા તે મોડા દેતાં માઠુ લાગે
નાટકના નાયક નરભાનો નાચ ઘણો વહાલો લાગે
બચ્ચીના બાવીસ દીધા પણ તોય પાછો ચાલીસ માગે
ઉત્તેજનમાં એક કોથળી ટોળીમાં ત્રણસેં વ ચ્યા
સ્ટેજ વચે સન્માન મળ્યું તે વખતે સવાસો ફેકયા
વફાદાર વેલી માલણુતો નેવુની નાગણુ ઇચ્છે છે
તંબોલણુ તારાને ત્રેવીસ તોય હુજી મેણાં દે છે
નવ લેખે નોકર નવ મહીના બસો બાર બદરૂદીનના
તેલી ટંટાથી ટીચ્યો પંચાણું પેઠા જામીનમાં
દુધ વાળીઓ દશ માગે છે શાક પાંનના સાઠાબાર

મેવામાં એકાશી દેવા ચલાવયો ચોકખો વહેવાર.
ફેટીનનો ટટ્ટુ ચમકયાથી કોચમીનના કર ભાગ્યા,
છસોનો ઘોડો ગુમાવ્યો બસો કોચમીને માગ્યા.
રાવ કવીની રંગત જોતાં સોનો સાફો મેલ્યો છે,
પાછા રોકડા પચાસ લીધા કવી બડો પહોંચેલો છે.
સોળ શોમલો ગોલો માગે ચાલીસ ચુનીઆ ઓઝાના,
સોનીનાં સાડીસીત્યાશી સાઇઠ ટાઇપીન મોજાંના.
પુર્નલગ્નમાં થયા પંદરસેં વરઘોડામાં નવસો વીસ,
પાડોશણમાં છસોનું પાણી તોય ન કરવા દેતી રીસ.
સાયકલમાંજ સવાસો પેઠા મોટરમાં અઠ્ઠાવીસેં,
પેઇન્ટર એકસો પચાસ માગે બજારમાં પણ બાવીસેં.
કોકીનમાં એકાશી ગીન્નીપાનપટીમાં પોણી સાઠ,
સાડાસાતસેં સર્જન ખાતે તોય બંદા રહ્યા પોણા આઠ
ઘાટ ઘડી ગઇ ઘાંચણ ગુલબી આડાં ખાઇ ખોયા અડસઠ,
ન્યાતે જાણી વાત લીધા સો હજી બસો લેવા ખટપટ
નાગર માળીના નેઉ બાકી ધોબણ માગે એકાણું;
છસો સાઠ દઈ સગા છ જણને આજ કરાવ્યું વહુઆણું.
ત્રણ સપ્તક પેટીના ત્રણસેં તેર રૂપીઆ તબલાના,
સુધરાઇના સત્તર છ આના બે ઝાડુકાઢ ગબલાના.
એંશીનાં પુસ્તક માસિકો ધર્મ સમાજે છસો ધમ્યા,
ચોરાશીમાં થયા ચઉદસો તોય વીપ્રતો નાજ જમ્યા.
સાતસેં ગયા સાધુના મઠમાં લોકલફંડે સો લીધા,
રોશન રંડીના જલસામાં પ્રમુખ થઇ પાંચસો દીધા.
હજામડી ઉથલી ઓટલેથી ચોટલો ઝાલીને ઉભી કરી,
ત્યારે તેણે બુમ લગાવી બારસો દીધા તોય અરજી બાકી
ભાભીને ભુતાં વળગ્યાંતાં તે માટેજ ભુવો લાવ્યા.
નવ્વાણું નૈવેદ્ય ધરાવ્યાં પાંચ ભુવાને પરખાવ્યા.

ત્યાશીનાં ટીપુને ચંપી પોપટના પોણા પંદર,
ટ્રેઇન ટીકીટો સાડી ચારસો મુસાફરી છસો અંદર.

શડસટ સરકસ મેનેજરને સોનાં સીનોમેટોગ્રાફ.
જમપુરી જોવામાં ચાળીસ છસો ચારનું ફોનોગ્રાફ.

બાર હજારે બન્યો બંગલો સવા સાતસેંના કડીઆ,
બસો બાર કારીગર ખાતે તોય ઠાર તો બહુ લઢીઆ.

છુટક મજુર તણા છે છપ્પન ચુના ચક્કીના પચીસ,
પચાસનો પાડો પેટલાદી દલવાડીના દેવા વીશ.

ફ્લોર મીલ બીડીઓથી બાળી નઉ હજાર નીપજ્યું નુકશાન,
હજી યાર તે ઉતરે આડો ચાર હજાર ચહે લુકમાન.
ગાર્ડનમાં ગાયો પેશી ગઈ નવસેં નેઉ તણું પાણી;
કુંડાં કેળો ને સઉ ક્યારા ગુલાબ ચંપો ધુળધાણી.

સર્વે સગાંનું શ્રાધ્ધ સરાવ્યું એક સામટું સાતમનું,
સવા સાતસેં થયા સીધામાં કહો હવે કરવું કયમનું

દારૂખાનામાં દીધા દોઢસો ફટાકડે તો કર્યો ફજેત,
દિવાળીના દિવસે મેં બાળ્યું સળગી દાઢી મુછ સમેત
જમાંલ ઝાંપે પડયા નાગડા જબ્બર જોગી તણી જમાત
લઠું લગાવી લીધા સાતસો તોય ઉપરથી મારી લાત,

દશ હજાર ગયા દાગીનામાં નથનીમાં નવસો દીધા.
એરીંગમાં એકસો ઇઠયાસી પાંચ પાલીસ વાળે લીધા.

મોચીના પચીસ બે આના માવા માછીના છાસટ,
પટેલ પરાગો પર લોક જાતાં ડુબી ગયા બારસો બાસટ.

મલ કુસ્તીની મઝા લુટતાં પ્રમુખ થતાં પંદર પટક્યા,
ત્યાં દશેક ગીનીઓ ગજવામાંથી ખીસ્સાફાડ લઈને સટક્યા.

ચંડુ લાવ્યો ચલમ ચડસની પીધો ચડયોને ગટર પડયો,
સવા બસોની સાયકલ ભાગી કપાળ વચ્ચે કાચ નડયો.

પચો પાણીઓ પાણી ભરતાં પલંગ પર આવી બેઠો
અઢાર રૂપીઆ ઈનામ દેતાં જોઈ ગયો ગોલો જેઠો.

હરાણીઆ હરીઆના સત્તર લવાર લાલાના ચાળીસ.
દયાળ ડોશી દીકરી બ્હાને તાળી દઇને લઈ ગઈ ત્રીસ.
તરઆળા ટોળાને ત્રેવીસ વણકર વાલાને પંદર,
રંગરેજના પાંચ પાવલું ઇંગ્લીશ ફી છસો અંદર,
બીલ્લી બેઠી હતી બારીએ બૈરીએ દેખીને પાડી બૂમ.
વાઘ માર વસ્તી થઇ ભેગી ત્રીસ હજારની ત્રીજોરી ગુમ,
ચીરંનજીવી ઘેર ચઉદશે જન્મ્યા વધામણીમાં આપ્યા વીસ
બેન આવી બબલાને જોવા તેને રોકડા દીધા ત્રીસ.

લગ્ન કર્યું લાડકવાયાનું પંચાવનસેં પરખાવી,
પંદરસેં નગદી પલ્લામાં તોય કન્યા કાંણી આવી.
છસો વીસ થયા વરઘોડામાં ન્યાત જમાડયામાં નવસો,
મરહુમ દાદાના દેવામાં ભરવા પડયા અઠ્ઠાવીસો.
ફોટોગ્રાફર ના ઇકોતેર પંદરનો લીધો પાવડર;
અગ્ગરના ઈજારામાં અઠ્ઠાવીસેં આપ્યો ઓર્ડર.
પાંજરા પોળનો મોટો પાડો એક દિન રીસાઇ ગયો,
મુખી ગયા મનાવા તેમાં એકસપેન્સ રૂપીઆ આઠ થયો.
રીંગણીઓમાં રહયા ઓગણી કંટ્રાટે કાઢયું કાસળ.
હાથ મારીને લીધા આઠસો તેથી વારંટ થયું પાછળ;
દાદીમાનો દાંત પડી ગયો દટાવતાં રૂપીઆ થયા દસ.
દોઢસો નગદી લીધા ડાકટરે મટાડતાં ખુજલી ને ખસ;
ગયાજી જાતાં ગયા બારસો પ્રયાગમાં થયા પંદરસો.
.થુરાંમાં મહારાજ જમાડયા બાર વીપ્રમાં થયા બસો,
ગાર્ડ માસ્તરોની ગમ્મતમાં વાઈન રૂપીસ વીસના પીધા.
તોય ટીકીટ કલેકટરે પાંચ પડાવી ઝાપેથી જવા દીધા.
હવા આવાનોઃઉનાળામાં મીસ્ટર માથેરાન ગયા.
પાંચ હજાર નું પાણી થાતાં પંડે ત્યાં દીન પાંચ રહ્યા,
અફીણુ ખાતે ગયા આઠસો ચહામાં ગયા છસો ચાળીસ.

ઊકૂડો ચાંદી તણો કરાવ્યો તેમાં દીધા પીસ્તાળીશ,
અંબરી ને ઓંગ્યે દેખાડતાં બત્રીસે ખરચાઇ ગયા,

તોય ગ્રાન્ટરોડની સફેદ ગલીના બે લત્તા તો બાકી રહ્યા,
સોનું કર્યાનો કીમીયો શીખતાં પચ્ચીસે ગયા પાણીમાં.

વશીકરણની વીધ્યા શીખતાં સાઇઠ ગયા ધુળધાણીમાં,
બાબલાની બાધા ઉતરાવી વાળ દે તો લીધા વીસ.

ભેટ પુંજાને બ્રહ્મ ભોજનમાં આપ્યા એકસો પીસ્તાળીસ,
બારસેં નાં બબલીના માટે રમકડાં રંગીન લાવ્યા.

ઝભલું ટોપી અને જંગીઓ લઇ પન્ચાવન પરખાવ્યા.
સવાલાખ ધરનાજ ઉડાવ્યા પત્નીના પચીસ હજાર,
દોઢ લાખ તોયે દેવાળું ફટફટ બોલે બધું બજાર.

રીસ ચડી ને લીધી રીવોલવર છાતીમાં ચાંપી દીધી,
લાસ જોવા લોકો થયા ભેગા બેરીને કેદી કીધી.

કચેરીમાં જઈ કહે કામની નૃપતી મારો કાંઇ ન વાંક,
દોઢ લાખની પુંજી તોયે ઘરમાં અન્ન નથી નવટાંક.

બાળક બેસાડયો નિશાળે આજે એક થયો છે માસ.
વાશ પાસે નથી દોઢીયુ અન્ન વીણુ ત્રણ થયા અપવાસ

રાજાએ રામાને છોડી કર્મ કંથનુ જોઈ કાળુ,
જો જો મારો જોવા જેવું દોઢ લાખનું દેવાળું.

વાંચીને વીર વિચાર કરજો ઉડાઉ આવા નૃત્ર થાશો.
અંતે સંકટ આવી પડતાં પેટ બાળીને પસ્તાશો.

કાને સાંભળી નજરે ભાળી અને કોઇએ તો અનુભવી
ઉડાઉના આખ્યાન તણી આ રંગત કર્તા સવ--કવી

COMIC POET

(એક ખુબી ભરેલો ખ્યાલ)

ગુણવંતી માતાએ ગર્ભમાં રાખી ઉઠાવ્યું કષ્ટ અપાર
જીને સ્વાધીન થઇને જુવો ભાઇ પુત્રે કર્યો માતાનો કાળ
પૂર્વ દેશમાં શહેર અનુપમ વીલાસપુર એક બહુ સુંદર
શી કહું શોભા એ નગ્ર કેરી કહી નથી શકતો દીલભર. શી.
લોક સૌ જરદારને કોઇ લાચાર પ્યાર ભકિત ઉપરઃ
હરી ભજનમાં રહેતાં સદા ભરપુર એહ નારીને નર. હરી.

શેર

બ્રાહ્મણ અને એક બ્રાહ્મણી તે નગ્રમાં કંગાલજી
લાચાર હતાં નીર્ધન બીચારાં તેનો કહું હેવાલજી.
તે બ્રાહ્મણીને પ્રસવ્યો એક પુત્ર નાનો બાળજી
એ પુત્રના જન્મ્યા પછી પીતા તણો થયો કાળજી

ચાલ

પડે દુઃખ ઘણું પણ નાર ધીરજ ખાયે છે
પોતાના પુત્રને માતા ઘણી ચાહે છે
રોજ યજમાનને ઘેર ભીક્ષા લેવા જાયે છે
ખવરાવી પુત્રને પછી પોતે ખાયે છે.

એવો પોતાના પુત્રની ઉપર સાચો હતો માતાનો પ્યાર જીને
નીત્ય માતા ભીક્ષા લાવીને કરતી એમ પુત્રનું પોષણ
પળ પણ નહી એ ન્યારો કરતી ચક્ષુ થકી પોતાનો તન. પળ.
ઉમ્મર લાયક થયો પુત્ર માતાએ એહનાં લીધાં લગન
મણી નગરમાં એક વિપ્ર તણી પુત્રી નામે તારામદન. મણી.

શેર.

તારા મદન મન મોહની, રૂપ ણી હતી સુજાણજી
રૂપમાં હતી રંભા સરીખી; જાણે બીજો ભાણજી
જોઇ રૂપએ રામા તણું; સ્વામિ થયો ગુલતાનજી
આધીન થઇ રહેતો, હતો પોતાના ઘર દરમ્યાનજી

ચાલ.

કરે મોઝ મઝા દીન રાત એ નરને નારી
અત્યંત પ્યાર માતાનો; પુત્ર પર ભારી
સ્રી કહે લડે છે રોજ આ માતા તમારી
નારીના કહ્યાથી પુત્રે માને ધુતકારી

એમ પુત્ર અવગુણ કરે ઘણા પણ રાખે જનેતા તે પર પ્યાર. આમે
એક દીવસને સમે થઇ ગઇ, સાસુ વહુને ગાળાગાળ
સાસુને મારી રિસાઇને; નારી તો ગઇ પીયર તતકાળ સાસુ.
લાચાર થઇને બેઠી જનેતા; એટલે આવ્યો ત્યાં તેનો બાળ
કહી હકીકત માતાએ ત્યાં સંભળાવ્યો સઘળો હેવાલ કહી.

શેર.

રજા લઇ માતા તણી આવ્યો સ્રી કેરે ઠામજી
સ્રી કહે નહિં આવું સાથે; સાચુ માનો શ્યામજી
બહુ જુલમ તમારી જનેતાનો; માટે કરો એક કામજી
માનું કલેજુ લાવો તો થાયે મને આરામજી

ચાલ.

મારીને કલેજુ લાવો તો સાથે આવું
નહી માને નાર ત્યારે પતી કહે હું જાવું
એક પલમાં મારી માતાનું કલેજુ લાવું
કહે પ્યારી પતીને શીશ હું તમને નમાવું

ઘેર આવી પુત્ર માતાની છાતીપર ચઢયો છે કરમાં લઇને કટાર. સ્રીને.
લાચાર થઇને કહે જનેતા, પુત્ર થયો તું કયમ અવજ્ઞાન
તારે વાસ્તે પ્યારા પુત્રજી નીત્ય તલસે છે મારો જાન
મુજને મારી નહી થાય સુખી તું; સમજ સમજ બાળક નાદાન
દુખીઆરી આ વૃદ્ધ માતાને નાહક શીદ કરે હેરાન; દુઃખી.

શેર.

તારે લીધે અપવાસ ત્રણ થયા પુત્ર મુને મારનું
હું જનમની દુખીયારી; મારા ચક્ષુ ના દેનારનું.
એકવાર છેલી જમું; તારે હાથે મને જમાડતું,
તારે દુખે દાઝુ ઘણી, મુજ પ્રાણના આધારનું

ચાલ.

બીન ગુન્હે પુત્ર શુ કરવા મને મારે છે
જોડી હાથ જનેતા પુત્રને બહુ વારે છે
તું મને મારીને અર્થ કયો સારે છે.
થાકી જનેતા હરીને સંભારે છે

સુણ ભુલી જીવ લીધો ગમારે માના ગળામાં મારી કટાર આણી
મારી નાંખી માતાને કલેજુ કાઢી લઇ ચાલ્યો તતકાળ,
થાળમાં મુકી લઇને આવ્યો હતી જહાં પોતાની નાર થાળ.
લાવી મુકયું ત્યાં સ્રીના આગળ હાથ જોડીને ઉભો ગમાર;
તારે વાસ્તે ઓ પ્યારી મેં માતને જો કીધી ઠાર તારે.

શેર.

જોઇને કલેજુ સ્રી કહે સ્વામી ન માનું વાતજી;
આ કલેજુ બકરા તણુ કુશળ તમારી માતજી,
ખુની કહેતુ માન્ય મારો લીધી મેં મધરાતજી.
સ્રી તો ન માને રહે માથે દઇને હાથજી;

ચાલ.

તું માન્ય મેં મારે હાથે માતને મારી;
જો જુઠું બોલુંતો થાવું નરક અધિકારી,
આવ્યો પ્યાર પુત્રનું દર્દ જોઇને ભારી;
પુત્રની છાતીએ વળગ્યું કલેજુ વીચારી,
મારે પુત્ર તું રહે છાનો હું વારા દર્શની ઇન્તેજાર સ્રી.

આવો પ્યાર માતાનો જોઇને નારી મનમાં કરે વિચાર,
અરે ઓ મુરખ મલી હીણુ તું માવાનો ભુલ્યો ઉપકાર અરે
જાન લઈ બેજાન કરી પણ તો મન ભુલી માતા પ્યાર;
સેવાથી સ્વર્ગે જાતાં તેં હાથે ઉઘાડયું નર્કનું દ્વાર. સેવા.

શેર.

સ્ત્રી કહે માનુ સગપણુ સાચુ સમજ તુ નાહાનજી
સેવા તેની કરે સદા; જો પુત્ર હોય ગુણવાનજી
જેમ મારી માને દુષ્ટ તેં તેમ લે તુમારા પ્રાણજી
માટે તુ છે મારે ન કામો; તું છે બે ઇમાનજી

ચાલ.

પછી પતીની સાથે, નાર પીયરથી આવી.
પકડાવ્યો સ્વામિ; સરકારમાં સૌ સંભળાવી.
કર્યો હુકમ ફાંસીનો ખુની એનેજ કરાવી;
પેલું થાળ કલેજું મુકયુ છે ત્યાં મંગાવી;
એ લોકોને કહે છે હુંતો; સ્ત્રીને ભરોંસે થઉં છું ઠાર. સ્ત્રી.
ઓ મારી ગુણવંતી મા મેં નાહક લીધો તારો જાન;
મારે વાસ્તે માતા તુંતો નવ મહીના થઇતી હેરાન. મારે.
ગુણ ભૂલ્યો ગુણવંતી તારો; અપરાધી હું તો અવજ્ઞાન.
તુને માર્યાથી માત હવે મને; નર્કનકી મળશે રહેઠાણ. તુને.

શેર.

તારે પેટે અવતર્યો હું થઇને તારો કાળજી
મેં દુષ્ટે પ્રાણ તારો હર્યો; જો થઇને તારો બાળજી.
ઓ માત તુજ વીણુ જગતમાં; લે મારી કોણુ સંભાળજી.
એટલે કલેજું બોલીયું; ત્યાં લાવી પુત્ર પર પ્યારજી,

ચાલ

ત્યાં કેહે કલેજું સાંભળો રાજા વાત,
મારા પ્યારા પુત્રની હવે ન કરશો ઘાત.

છે નોધારો એ બાળ એકલો જાતે,
જોઇ નગ્ર લોક સઉ કરે છે અશ્રુપાતે

છોડી દીધો સરકારે ખુનીને; માતાનો બહુ જાણી પ્યાર શ્રી
ક્રિયા કરી માતા તણી; પછી બેઠો કરમાં લઇ માળા.

સ્રીને ત્યાગી કહે હત્યાથી; હવે બાચાવો નંદલાલા
હર હમેશ આખ્યાલ ગાઈ; મનમાંય સમજો સજ્જન શ્યાણા.
માતાની સેવા કરનારે સ્વર્ગ તણાં સુખ જઇ માણ્યાં; મા.

ચાલ

સ્ત્રીને તો પોતાનું કદી દીલ નાદેશો;
એને ઝેરી સાપ સમજીને સજ્જન દુર રહેશો.
માબાપની શેવા; પ્રેમથી માગી લેજો
ભાઇ તેમાં તમોને દુખ પડે તો સહેજો,
સેવા કરો માબાપની યારો; પલમાં ઉતરી જાશો પાર. શ્રી.

છપ્પો

સાચવો સ્વધર્મ સર્વ; ગર્વ તજો જ્ઞાની થઇને
જાળવો જુવાની જોર; તાર તજો ત્રુસી લઇને.
લાયક લક્ષણ ધરો; સાચને શ્રેષ્ઠ ગણીને.
વદો વીવેકી વાણ; શાણપણ સ્તોત્ર ભણીને.
માત પીતાનો પ્રેમ; મીત્રની સત્ય સલાહો.
સુવચાર વીવેક; તથા ભક્ત રસ ચાહો.
ચેતન રાખો ચીત્ત; વીશને ચાર કલાકો,
કહે કવી અંબાલાલ; હરી રસ હરદમ ચાખો,

COMIC POET—રાવ—કવી.

(શોર્ટ એન્ડ સુંદર કવાલી)

રાગ—ચાલુજ જમાનો

સમય પલટાય છે ત્યારે; સર્વ પલટાઇ જાયે છે.
બની ધર્મિંજ ધુતારા; જગતને ધુતી ખાયે છે.
ધર્મ સંતાયુ ધરણીમાં; પરવર્યું પુન્ય પાતાળે
જમાનો દીધો પલટાવી; કરી ખુબી કળીકાળે,
રહી નહી રહેમ ચક્ષુમાં ઉડી ગયો પ્રેમ આકાશે.
ડુબી મરજાદા દરીઆમાં પ્રગટીઓ દ્વેશ ચોપાસે,
શરમનો નવ રહ્યો છાંટો જગત જાંખુ થયું જ્વાળે
જમાનો દીધો પલટાવી કરી ખુબી કળીકાળે
વળી નીતિ ગઇ ન્હાસી સંચર્યું સત્ય તો સ્વર્ગે,
અનીતિ ઉચ્ચમાં પેઠી ચઠી કેળવણી કુવર્ગે.
અસલને મુકીને અળગુ નકલને ખુબ નીહાળે,
જમાનો દીધો પલટાવી કરી ખુબી કળીકાળે,
તડાકા ટોપીઓ કરતી અત્યારે તુચ્છ થઇ ટરબન.
વધી ફેશનની ફીશીયારી બધે પથરાયુ પોઝીશન,
ચઢાવે શુટ બુટ શટ સાથે લગાવે તેલ બહુ બાલે.
જમાનો દીધો પલટાવી કરી ખુબી કળીકાળે,
જેને ત્યાં મોટરો ફરતી હતી સુખ સાહ્યબી સાચી.
મન ઇચ્છિત ભોગ ભોગવતા રહેતા રંગમાં રાચી,
તનુ એ તેના અત્યારે અન્યનાં ઠામ અજ વાળે.
જમાનો દીધો પલટાવી; કરી ખુબી કળીકાળે,
ભજનમાં મુકીને ભડકો ગજલને કવાલીઓ ગાતા.
મુકી દઇ મંદિરો પડતાં હવે તો હોટલે જાતાં
પોતે વટલાય કે કાંતો પછી બીજાને વટાલે,

જમાનો દીધો પલટાવી કરી ખુબી કળીકાળે.
ચઢાવી ચશ્મા પેબલનાં ગળામાં કોલરો ઘાલે,

બની બહુ ઇશ્કમાં અંધા દિવાનાં ડોલતા ચાલે.
ફરે બહુ ફાંફડા થઇને*મુછોના આંકડા વાળે,
જમાનો દીધો પલટાવી કરી ખુબી કળીકાળે.

હવે તો વિશ્વમાં સઘળે વધ્યુ બહુ જોર વ્હીસ્કીનું,
પ્રતિદીન જાય છે વધતું અતિશય માન ઇશ્કીનું.

રહી દીન રાત નીશામાં જુવાનો જીંન્દગી ગાળે;
જમાનો દીધો પલટાવી કરી ખુબી કળી કાળે,

કથાને નવ ધરે કાંને રીઝે અતિ રંડીના રાગે.
બને ગુલતાન ગાયનમાં ભલેને ઘરનાં ભીખ માગે;

ઉડાવે ઍશ બહુ પોતે બજાવે શંખ સરવાળે,
જમાનો દીધો પલટાવી કરી ખુબી કળી કાળે.

ફુંકે ખુબ ભાંગને ગાંજો મુકી દઇ વિશ્વની માઝા;
પીએ કે આવે પાવરમાં બને પછી રાતના રાજા,

ધુબી ખુબ ધુમપાન મને સુકોમળ કાળજાં બાળે.
જમાનો દીધો પલટાવી કરી ખુબી કળી કાળે;
પદમણી જે પતીવૃતા પીયુને પ્રાણ દેનારી,
પુંઠે તેની ઘણા ફરતા સમયની છેજ બલિહારી,

વિષયનું જોર બહુ ઝાંમ્યુ ચઢયું જગ ઇશ્કને ચાળે;
જમાનો દીધો પલટાવી કરી ખુબી કળી કાળે,

ઘસાણી લેખિની લખતાં સુકાંણી શાહી ખડીઆમાં.
લખાણું પ્રેમી પુસ્તક આ જરૂર કોઇ પળ ચોઘડીઆમાં।
ભમી ગયું માઇન્ડ તો માફ કલમ હાવે નહી ચાલે,
અધુરી જે રહી બીના કહીશું આવતી કાલે.

કોમન કવાલી.

(રાગ. ઉપરનો ને ગાયન નીચેનું.)

કળી કાળે ગજબ કીધો વધ્યા વિશ્વે વ્યભિચારી
નીશાબાજો અતિ દીસે ઉપરથી ચોર જુગારી,
પડયો છે ચાહનો ચસ્કો બીડીવીના અને બાહુક.
ચલમ ચાલે ચડસ ગાંજો અધોળે દેખતા લુપ;
હુક્કા ઉંચે ચઢી બેઠા બધે બીડી પલોટાઇ,
ભટાણી સોંચર નાંખી સીઝર સીગાર પરખાઇ.
ઉભાયા ચોપડા ચોટે દશેદિશ ડાયરી દોડી;
ગયુ નખ્ખોદ નાણાનું રહી ના હાથમાં કોડી,
ઉડી ગઈ આબરૂ દેવી ફરી ચો તરફ ચાલાકી;
સુધારો સાંમટો પેઠો કશુંએ રહ્યું નહી બાકી,
સુતી સંધ્યા ઉઠયું સંગીત કટ઼ ઇ કથા નશ્યુ નાટક.
પડયું પુરાંણ પાણીમાં ગજલ ગાનાર થઇ બેઠક;
જતી રહી રાજ્યની રહેણી મટી ગઇ ધર્મની ધકો,
હવે હોટલ ઉઘાડી છે લો મમરા ચણા ફાકો.

રાગ રજીસ્ટર કવાલીનો.

(અંતરના ઉદ્ગાર.)

ઉઠયા ઉરમાંય ઉદ્ગારો કહું આ વાત જઇ કોને;
ભવિષ્યનું ભાન થાવાથી કહી દશોલ દુનીઆને.
કદરદાનો કદર કરશે કથી વાણ્યા જે વિદ્વાને,
સમજશે સજ્જનો સાદર કહ્યું કાયર નહી માને.

એક દીન આવશે એવો યાદ બહુ આવે અંતરમાં;
ઉજ્જડ થાશે અરે આલમ ખપી જાશેજ ખપરમાં,
મરી જાશેજ મરનારાં રહેશે નહી કોઇ રોવાને;
સમજશે સજ્જનો સાહર કહ્યું કાયર નહી માને,

મહા પ્રલય થશે પુરો મહેરામણ મુકશે માઝા
મોતની માગણી થાશે વખતનાં વાગશે વાજાં;
દયા દીનતા ઉઠી જાશે થશે સહુ અંધ અભિમાને,
સમજશે સજ્જનો સાહર કહ્યું કાયર નહી માને.

પ્રથમ તો કાળ મહા પડશે પૃથ્વી ચુસી જશે પાણી,
જુલમ જબરોજ વર્તાશે અસલની એજ છે વાણી.
અનીતિ પણ અતી થાશે પુત્રી વરસેજ પીતાને;
સમજશે સજ્જનો સાહર કહ્યું કાયર નહીમાને,

કઠણ કલીયુગના અંતે ગજબ એવો થશે જાડો.
કલંકીતો કલી થઇને આક વરતાવશે આડં;
બાળકો ગર્ભમાં બોલી જાણ કરશે જનેતાને,
સમજશે સજ્જનો સાહર કહ્યું કાયર નહી માને.

વર્ણ સૌ એક વર્તાશે ધર્મ સંતાશે ધરણીમાં;
શરમનો નહી રહે છાંટો થશે ફેરફાર કરણીમાં.
મરણ પણ થઇ જશે મોઘું જરૂર જાણો રીબાને,
સમજશે સંત કો પુરા અધુરાતો નહી માને;

ઉતરશે સૂર્ય અવનિમાં જળ પ્રગટ થશે જવાળા,
ઝપટમાં આવશે જનતે હશે જે કર્મના કાળા.
તારા થઇ જાશે અંગારા શશીત જશે શિતળતાને,
સમજશે સંતજન સુણ અધુરા તો નહી માને,

સૂર્યને ચંદ્ર બે સાથે બરાબર સાતદીન રહેશે
પુત્રને પરણશે માતા બેનને ભાઇ ભોગવશે,
આહાર સૌ માંસનો કરશે મસ્ત રહેશે મધુપાને;
સમજશે સંતજન સાચા અજાણ્યા તો નહી માને,

પહાડો પૃથ્વીમાં જાશે ભયાનક તો થશે ભારે.
પીગળાઈ જાશે બધી ધરતી મેઘ થાશે મુશળ ધારે,
પ્રભુ પ્રત્યક્ષ દેખાશે નહી ઓળખાય અજ્ઞાને.
સમજશે સંતજન સાહર કહ્યું કાયર નહી માને,
પ્રથમ જડ જાશે જળચરની પછી વનચર તણો વારો;
બાદ અનચર ઉઠી જાશે પવન ચરનો પછી આરો,
તબકએ થઈ જશે ટોળે નાંમનો નાશ થાવાને.
સમજશે સજ્જનો સાહર કહ્યું કાયર નહી માને.
અંતકાળે થશે એવું સનાતન શાસ્ત્ર પણ કહે છે,
બાદ થાશે નવી આલમ સમજવું માફ એવું છે;
લાખો વર્ષો વિત્યા વાંસે આવશે અંત કલીયુગનો.
લખી ગયા લેખ લખનારા સમજનારા હશે સજ્જનો,

કવાલી. ભજન.

રાગ. (તંબુરાના તારનો)

અહો કીરતાર સરજનહાર મને આધાર તારો છે;
પ્રાણી નાદાન ન પામે પાર સકળ સંસાર ખારો છે. અહો૦
જગત જંજાળને જોઈ પડચો મન મુરખા મોહી;
સગું તનનું નથી કોઈ સર્વને સ્વાર્થ પ્યારો છે. અહો૦
જન્મીઆ જગતની માંહી વૃથા આયુષ્ય ગુમાઈ;
ભજન વીના જાણજે ભાઈ જન્મ એળે જનારો છે. અહો૦
જેને ત્યાં ઝુલતો હાથી હજારો લોકના સાથી
ગયા ઉઠી તે દુનીયાંથી જરૂર તું પણ જનારો છે. અહો૦
દેવેના મારથી ડર તું ભલો થઈને ભલું કરતું;
ખરેખર માનજે ખર તું નાશ પલમાં થનારો છે. અહો૦

કહે કવી રાવ કરજોડી મુદત માથે રહી થોડી;
હરી રૂપી લઇ હોડી ત્રાગો તમારો છે. અહે૦

(જીવને ચેતવણી વિષે ભજન.)

રાગ. કવાલીનોજ.

મુરખ જીવ જાણજે તારે, જરૂર એક દીન જાવું છે.
ક્ષણું પરપોટ સમ પ્રગટી, જરીકમાં જંપલાવું છે. મુ૦
મુકી સુંદર હવેલીને, તજી નારી નવેલીને;
ધરા ધન ધામ મેલીને, સ્મશાને જઇ સમાવું છે. મુ૦
હજારો હાજરી ભરતા, દેવ દાનવને માનવ જ્યાં;
ઉઠી તે તો ગયા પળમાં, તારે પણ તેમ થાવું છે. મુ૦
પડયાં થઇ જે તને પ્યારાં, અંત વખતે થશે ન્યારાં;
કનડશે કર્મ ગોઝારાં, અતિ દુખમાં દબાવું છે. મુ૦
કહે કવી રાવ જે કરણી, હશે તે પાર ઉતરણી;
વીતેલી વાત આ વરણી, નીહાળો ચીન્હ ન્હાવું છે. મુ૦

પ્રભુ સ્તુતિ.

પ્રભુજી પાલવે તો પાળ, નથી મારે કશી જંજાળ;
અમર પદ દે અગર કર કાળ, નથી મારે કશી જંજાળ.
નથી હું લુબ્ધ લલનામાં, વિષય વહેવાર આ દીલમાં;
વળી કાંઈ હોય તો તું ટાળ; નથી.
પીતા માતા તને સોંપ્યાં, જે મારા જન્મતા પહેલાં;
રહી કાયમ કરો સંભાળ. નથી.
પુરી સુનઠાર આ સંસારની થાળે મને તું ઠાર;
ભલે ભૂખે ભીજુ મહી માળ. નથી.

કહે કવી રાવ હે કીરતાર, જલે જીવાડકે કર કાળ;
અગર રંજાડ કે રખવાળ. નથી.

હું જન્મ્યો છું તે શું કરવા, નથી તેની મને પરવા;
ભયો માનું સદા ભંકાર. નથી.

ગાયન કવાલી (આત્માની ઓળખ)

નિરંજન ઓમ આત્મપતી, અહંમ બ્રહ્માસ્મિત તત્વમસિ;
સમય સુધી કર્યો સંસાર, ગ્રહો ઉદ્યમ ઉઠાવ્યો ભાર;
થતાં તૃપ્તી વજી વસ્તી. અહંમ.

ઉઠાવ્યા વિશ્વ વિભોગો, પુર્યા પુર્ષાર્થના યોગો;
સમી તે સર્વની મસ્તા. અહંમ.

મઝા માણી રહ્યો મધ્યમ, કર્યાં બહુ કાર્ય પણ ઉત્તમ;
તે તજી સૌ સ્વાર્થ અર્થ વૃત્તિ. અહંમ.

નથી પરનો બની પરણ્યો, છતાં જંજાળમાં ભમણ્યો;
છુપ્યાં તે છિ નહી વરતી. અહંમ.

ગયું આવ્યું થયું થાશે, હિસાબે આત્મા છુટાશે,
કરો સંધ્યા વણુ કીસ્તા. અહંમ.

અમર વૃક્ષો સુગીપત્તા, ભૂમિના મસ્તોનાં ભથ્થાં
નથી કવિ રાવને તરફી. અહંમ

(શું કરવાનો કાળ. એ વીષે ભજન)

તોડી જેણે જન્મ મરણ જંજાળ;
પછી તેને શું કરવાનો કાળ. તોડી.

જીવન બિંદુ નાભિ માંગળીનું [illegible] હાસ્મિનું ભાનજ ટળીયું;
અજરામર પદ મળીયું તેને શું કરવાનો કાળ. તોડી

બ્રહ્માગ્નિ ભડભડ સળગાવી પાપ પુન્ય દીધાં પ્રજળાવી;
અનુભવ ભસ્મ લગાવી તેને શું કરવાનો કાળ. તો૦

કાળ કોપશે તો શું કરશે પંચતત્વનું તન આ હરશે;
પણ મરજીવા થઇ ફરશે તેને શું કરવાનો કાળ. તો૦

પ્રભુ ભજીને જે પ્રભુતા પામ્યા તાપ ત્રિવિધના તેના વામ્યા;
સ્વરૂપે સહજ વિરામ્યા તેને શું કરવાનો કાળ, તો૦

નિર્ભય રહે કવા રાવ તું આજે નાથ ન રાયણ શીરપર ગાજે
ગુણ પ્રભુના ગાજે તુજને શું કરવાનો કાળ તો૦

(મન કેવું છે તે વિષે ભજન)

(રાગ—કાંઈ સ્વાર્થ સુધી પ્રીતી લાગે મીઠી આ જગમાં)

જગ બાજીગીરી જોઇ રાજી થતું આ મનડું

ધુતારૂ મનડું ઠગારૂ મનડું.

ચીટ્યા માયાના પાસમાં પાજી થતું આ મનડું;

ધુતારૂ મનડું ઠગારૂં મનડું.

નિત્ય અનિત્યએ જોતુ ન કાંઇ;
માયા પ્રવાહમાં જાતુ તણાઇ. આ બાજી.

સાખી

કદી રૂપે આમોદતું, કદી લોભ લલચાય;
કદી ક્રોધી થઇ ઘુરકતું કદી શોકે શેકાય.

એકે પ્રકારે એ શાન્ત ન થાતું;
નાક હું ત્યાં તે પહેલું દોડી જાતું. આ બાજી

સાખી

સદ્ગુરૂ કહે સહ શાસ્ત્ર કહે તોય ન માને બોધ.
બ્રહ્મા પણ હારી ગયા, કરી શક્યા ન નિરોધ,

નિધ ઠગે વાંચી પોતાને પોથી, પણ ઠગાર ઠગાતુ ન કોથી. આ૦

સાખી.

મોહ અને બંધનતણું, કારણ એક જ મન,
એ મન જીતાતાં માનજો, જીત્યાં ચૌદ ભુવન.

મન જીતવા મથજો બંધુ મારા;
પ્રગટ થશે પ્રભુ હૃદયે તમારા. આ બાજી.

(મનને શિખામણનું ભજન)

મુરખ મરવાનું ધારી; બચાવાની શોધ ખારી,
અભાગીઆ અંતે તારી; શી ગતી થાશે ?
જીવડા તું એ વિચારી કાયા માયા નાશ થનારી;
માનીશ નહી લેશ તારી શી ગતી થાશે ?
ડાહ્યો થઈને પ્રાણી દુનીયાંમાં ફરતોરે,
કીરતારનું નામ કોઈ મુખે ના ધરતોરે;
અધર્મનાં કર્મો કરતો પાપે પેટ ભરતો પ્રાણી.
જો તું વીચારી તારી શી ગતી થાશે;

સાખી.

સગું સર્વ છે સ્વાર્થનું તનનું સગું ન કોઇ,
અંત વખત તુજ આવશે રહેશે અળગાં રોઇ.

સાચાં સગાં થાશે વન તણાં લાકડાંરે,
વહાલાં જે વળાવા આવ્યાં બની જશે રાંકડાંરે.
સાથે કોઇ આવશે નહી જોશે દુર ઉભા રહી,
હરીને ગમી તે થઇ કંહી ચાલ્યાં જશો. મુરખ.

સાખી

કાયામાં માયા રહી માયામાં રહી કાય,
લેશ વિખુટી નવ રહે અંતે અળગી થાય.

કાષ્ટના ઘોડાની કિંમત કમાયો આ જગમાં આવી
જેના વડે પ્રાણી તારી દેવાશે કાયા પ્રજળાવા.
કાયાની કમાણી બીજી નહી આવે કામતારે;
હાથે એજ સાથે બીજી લોકો લુંટી ખાશે. મુરખ.

સાખી

જમ દુત ઝાલી લઇ જશે તે વેઠાશે નહી તાપ,
પળપળનાં લેખાં પુછશે શો ઉત્તર દેશો આપ ?

કીધા કરો જેવાં કર્મો તેવી સજા આલશેરે;
નગદ વસીલો ત્યાં તો કોઇનો ન ચાલશેરે.
કહે કવા રાવ મારી શિખામણ અંતરમાં ધારી;
ભજી લેને શ્રી મોરારી અંતે સ્હાય થાશે. મુરખ.

(હું કેવા પુરૂષનો ચેલો)

ભજન.

(રાગ કામ છે દુષ્ટ વીકારી આહા પ્રભુ કામ છે દુષ્ટ વીકારી)
એવા પુરૂષનો હું ચેલો સર્વમાંજે ખેલે છે ખેલ અકેલો,
એક અખંડીત અમર અચ્યુત અકલ અલખ અલબેલો. સર્વ.
સગુણ નિર્ગુણની જ્યાં દ્રષ્ટી ન પહોચે;
એવી અધર ધરામાં ઉભેલો. સર્વ.
વિના પગે જેણે વાળી પલાંઠી વિણ આસને બેઠેલો. સર્વ.
નીર વિનાની ઉલટી નદીમાં પથ્થરના નાવે તરેલો. સર્વ.
જન્મ મરણની મધ્યમાં રહેતાં જીવતાં જીવીત મરેલો. સર્વ.
જ્યારે ત્યારે પોતે રહેશે એકલો;
પહેલો મધ્યે ને વળી છેલ્લો. સર્વ.
શીષ્યને સમજી જવાની આ વિદ્યા;
કવીવર સહેજે શીખેલો. સર્વ.

હિંદની પડતીનો પાયો.

(ત્રોટક છંદ.)

વેદનો પાઠ તો વિપ્ર ભરયો નહી;
શ્રુતિ સ્મૃતિ તણો અર્થ જણાયો.
શાસ્ત્ર સિદ્ધાંત ન સ્વરૂપ શીખ્યો,
વળી ડાક ડમાળથી જાય તણાયો;
ટેક તજી શુભ ધર્મ તણી,
છેક ભીરૂ બન્યો ભલો રાંણીનો જાયો.
કારણ એજ રસાળ આ હિંદની;
વાડીની પડતીનો પાયો ચણાયો.
વૈશ્નવ વૈશ્ય વિવેક તજી,
વીત હારક બેંચાનો ઢોંગ ધરાયો.
દાન દયા દીનતા ગુણ છેદતાં,
દ્રવ્યના લોભનો થોભ ન આવ્યો;
કામની કંથથી નિત્ય લડે,
નવ પુત્ર પીતાતણો લે પડછાયો;
કારણ એજ રસાળ આ હિંદની,
વાડીની પડતીનો પાયો ચણાયો.
સાધુ ગુરૂ અતિ ધર્મ ધુરીનંધર,
કામીની કંચનથી લલચાયો;
અંતર ખુન રહ્યું વરસી;
પણ વાણીથી સાકર શરબત પાયો;
નાટકી રાસ લીલા કરી પ્રેમથી,
ઈશ્વરી ઢોંગ અજોગ્ય મચાયો;
કારણ એજ આ ઉજ્જત હિંદની,
વાડીની પડતીનો પાયો ચણાયો.

સહસ્ત્ર રવી સંપૂર્ણ પ્રકાશીત હતું અરે આ હિંદુસ્તાન,
પણુ પોલીશન પથરાઇ વળેથી થયું ઇન્ડીઆ અંધરથાન;
વીષવીષના વ્યસનોને વળગ્યાં વિદ્યા હીણુ રહ્યા વિશેષ,
ચાહ વીસકીને ચીરૂટમાં હવે ડુબી ગયો છે આખો દેશ;
વર્ણ અઢારે ચઢી વ્યસનમાં રાત દીવસ રહેછે મશગુલ,
ધર્મ કર્મને રહેણી કેણી નીતિ રીતીને મુકી દુર.
દેશ કલેશને દગો કુ દ્રષ્ટી અને અતીશય રહ્યું અવજ્ઞાન;
નિર ઉદ્યમ નિર્માલ્ય પણાથી થયું ઇન્ડીઆ અંધસ્થાન,

ભારતીની ભવ્યતાનું ભજન

(રાગ હાંડીઆના તાલનો.)

અવની ઉછંગમાંહી ઓપતી ને કાંઇ સંત સુભટ તણી;
માતરે ધન્ય મારી ભારત ભૂમિ.
વિદ્યા કળાને રૂડી વાટિકાને તારાં ગર્ભ રતનમણી જાતરે,
ધન્ય મારી ભારત ભૂમિ;
ચંર્ણે મહાનીર ધુધવે શિરછત્ર હિમાલય પહાડરે, ધન્ય.
માથે મુગટ ધર્યો માવડીરે શૂરોપુરો સત્યવાદી મેવાડરે, ધન્ય.
હૈયે હીરાના હારલાને વહે સીંન્ધુ ગંગાનાં નીરરે. ધન્ય.
ઉરે ભર્યાં સુર દુધડાં તે ધાવે શીખ રજપુત રણધીરરે; ધન્ય.
કેડે કટીબંધ મેખલોરે વિન્ધ્ય આબુસમ ગીરીવરો સાતરે ધન્ય.
જમણે કરકે મારી માવડીરે તારો પાલવડો કચ્છ
ગુજરાતરે ધન્ય,
ડાબી ભુજાએ શેરી ભુંગળોને ડંકે વાગે સુદેશ
બંગાળરે ધન્ય.
ભારત ભૂમિરે મારી [illegible] ભૂમિ [illegible] પુરી [illegible] ભાગ,
તણી [illegible]રે ધન્ય.

વસે વરસ તારે આંગણેરે શાય જગતણા ભંડારરે ધન્ય.
જુવાર ઘઉં અને બાજરીને વળી ચોખા કઠોળ નહીં
પારરે ધન્ય.
લાખો ખેતરોમાં નીપજેરે તારા મોંઘેરા સુલના કપાસરે ધન્ય.
આંબા ગુલાબની વાડીઓને ઝુકી અમુલખ ઝાડીઓ
પાસરે ધન્ય.
રીદ્ધીને સીદ્ધી તારીએવી ઘણીરે જેના ગણતાં ન આવે
પારરે ધન્ય.
સારા જગતની સંપત્તિરે થતી એકઠી તુજ દરબારરે ધન્ય.
ભારત ભૂમિરે મારી તિર્થ ભૂમિ તું છે વિશ્વતણી
પ્રતિપાળરે ધન્ય.
તે તેત્રીસ કોટી તારા અતી બલીરે તાળા ખોળામાં
ખેલતાં બાળરે ધન્ય.
હીન્દુ મુસલમાન પારસીને મારી માવડીના જાયા વીરરે ધન્ય.
સંપે મળીને એક સાથે અહો તારી સેવા કરે તે મતી
ધીરરે ધન્ય.
સ્વામી દયાનંદ ગુરૂ ગોવિન્દરાંમ મોહન વિવાકાનંદરે ધન્ય.
ધર્મના સુધારામાં આવી ગયારે જેની કાયા તે આનંદ
કંદરે ધન્ય.
દેશ સખા દીકરા દાદા થયાને વળી દેશભક્ત ગોખલે
મહાનરે ધન્ય.
વીધવીધ વીદ્યાના કાળ ગયાંને તારાં વિશ્વે વધાર્યાં
માનરે ધન્યરે.
આજે એ દેશભક્ત એવા અનેક તારે શરણે ખડાં
મારી માયરે ધન્ય.
ભુમિ સંભાળમાં રાખી [illegible] લજપતરાયરે ધન્ય.

દક્ષિણમાં લોક માન્ય તિલક થયાને વીરગાંધીજી કાઠી-
આવાડરે ધન્ય.
સુરેન્દ્ર કેશરી ગાજી રહ્યોછે અંગદેશ મહામતી ધાડરે ધન્ય.
લાખો કરોડો એવા સાધુ સપુત તારી રક્ષા કરે રહી
સાથરે ધન્ય.
સુખદુઃખ ઉર કાંઇ લેખે નહીને તારી ભક્તિમા રહે
દીન રાતરે ધન્ય.
અમર તપોરે માતા અમર તપો તારા બેટાનો અલી
મહી માયરે ધન્ય.
આનંદ વિજય હરિશંકર સદાય શુભ સ્વરાજ વાયુ
આજ વાયરે ધન્ય.

હિંદની ચઢતીનો ચિતાર.

(રાગ કવિતાનો.)

બહુ જ્ઞાન ગમ્મત આપશે અવજ્ઞાન સઘળાં કાપશે;
બુદ્ધિ તણી શુદ્ધિ કરી દુર્બુદ્ધીને ઉથાપશે.
સૃષ્ટી તણાં સૌંદર્યને શુભ લેખથી સમજાવશે,
એક દીન હિંદુસ્તાનનો દીનમાન એવો આવશે;
ઇતિહાસ અર્વાચીનને પ્રાચીન તો શોધાવશે;
ભારત તણી પ્રાચીન કળા જ્યોતિ પુનઃ પ્રગટાવશે.
વળી ન્યાય અને અન્યાય કૃતિ નીડર થઈ દર્શાવશે;
એકદીન હિંદુસ્તાનનો દીનમાન એવો આવશે.
સમયાનુસારે વર્તવા રૂઢી હૃદય ઉતરાવશે,
સંગીન સુધારા શીખવી ચંચળ સુધારા ટાળશે;

સાહ્યાંનાં સ્વાદીષ્ટ ફળના સ્વાદ પૂર્ણ ચખાડશે,
એકદીન હિંદુસ્તાનનો દીનમાન એવો આવશે.
કલીયુગ ભીમ સમ રાંમમુર્તિની હવે મૂર્તિ થશે;
બાહુબળી તારાબાઈ સમી રમણીઓ પેદા થશે.
સુરદાસ તુલસીદાસ નરસિંહ ને મીરાં ઉપજાવશે,
એક દીન હિંદુસ્તાનનો દીનમાન એવો આવશે;
વળી દેશ શેવામાં ખરે વીર પુત્રવત ઝંપલાવશે,
દુર્બુદ્ધિ દુરાચારીનાં કાળજ કડીયું કંપાવશે.
મહામંત્ર જે યાહોમનો તે શત્રુને હંફાવશે;
એકદીન હિંદુસ્તાનનો દીનમાન એવો આવશે.
ગાંધી તિલક મહેતાસમા કંઈ અન્ય નર ઉપજાવશે,
દાદાસમા દાનેશ્વરી તે દેશ એશ દીપાવશે;
શૌકત અને મહમંદ સમા કંઈ વીરનરો પેદા થશે,
એકદીન હિંદુસ્તાનનો દીનમાન એવો આવશે.

સીતા અહલ્યા દ્રૌપદી સાવિત્રિ સમ સતીયો થશે;
કસ્તુર અનસુયા સમી પુત્રી પુનિત પ્રગટાવશે.
સરલા સરોજની સરસ્વતી વીરબાળાઓ વિશ્વે થશે,
એકદીન હિંદુસ્તાનનો દીનમાન એવો આવશે;
વાલ્મિકચંદને બાણકાળી માઘ ઘર ઘર પાકશે,
પ્રેમાળ પ્રેમાનંદ ગુર્જર વાણીના વલ્લભ થશે.
શામળ દયા દલપતને નર્મદ સમ નરો પેદા થશે;
એકદીન હિંદુસ્તાનનો દીનમાન એવો આવશે.
શૃંગાર વીર કરૂણાદી રસની રેલતો રેલાવશે,
સદ્ભાવમય કવિતા લતા લહેરાવશે ફેલાવશે;
સાહિત્ય ઉદ્યોગોને શીશુ ભારત તણા ખેલાવશે,
એકદીન હિંદુસ્તાનનો દીનમાન એવો આવશે.
સાહિત્ય ગુર્જર વાણીનું ઉદ્ધારશે અજવાળશે;

સાહિત્ય પ્રેમી પુત્રને આશ્રય દઇ ઉત્સાહથી,
સખી અન્યથી ઉત્તમ પદે ગુર્જર ગીરા પધરાવશે.
એકદીન હિંદુસ્તાનનો દીનમાન એવો આવશે;
COMIC POET—રાવ કવી

(પ્રભુ સ્તુતિનું ભજન.)

રાગ રાષ્ટ્રીય કવાલીનો.

પ્રભુ પાયે પડી પ્રણમું સ્વયંભુ શર્ણું આપોને;
જપું જાપે જીવન મુર્ત જન્મને મર્ણું કાપોને.
નશીએ નાંગળ્યો નર્કે જુમો પાડી બચ્યો શર્તે;
જુડ્યો કે છળ શાખ્યો તર્ત કૃતઘ્ની કર્ણું પાપોએ. પ્રભુ.
વિભળ વૃતી વધી વહેલી અવીદ્યા ઓળખી પહેલી;
પરીક્ષા ના થઈ છેલી વૃથા આ ર્ણું થાપેને,
જુવાની જાળમાં જુકયા લીધાં ખાધાં પીધાં ફુકયાં;
ચરિત્રો એકના ચુકયા વીશ્વ વશીકર્ણું વાતોએ.
મલ્યાં માતા પીતા પત્ની રજ્યા લાખો વસા લક્ષ્મી;
વહોરી ચીજ થઈ વસ્મી ધુતારી ધણું ધાકો દે. પ્રભુ.
અરે ના થઇ પુરી શ્રદ્ધા વીરા ત્યાં તો થયા વૃદ્ધા;
ગણે ઘરબારમાં ગદ્ધા ગતી, વીણુ ચર્ણું કાંપોદે. પ્રભુ.

(અર્ધ દગ્ધોની દશા વિષે)

રાગ—સહર,

જુવો જન અર્ધ દગ્ધોની, દશાશી થાય દુનીયામાં;
પ્રથમ ફુલાય ફુગડડા, પછી પસ્તાય દુનીયામાં.

સ્વજનની શીખ નામાને, કુછંદી કામના થ્યાને;
સ્વછંદી થાય વીણ સાને, હસી મલકાય દુનીયામાં. જુવો.
તજે તત્વાર્થને શાળા, શીખે કુમાર્ગ નાચાળા;
ભજે મોહાન્ધની માળા, ધસી છલકાય દુનીયામાં. જુવો.
શીખામણ દે સ્વહેતુઓ, સુણે નાશબ્દ કીંન્તુઓ;
ભલા માને કુભેદુઓ, ભસી ઝટ જાય દુનીયામાં. જુવો.
છેઠે એ કુળ અંગારો, મુકી દે માલ ભંડારો;
સજી લો શોખ સંગારો, ફુંકી સઉ ખાય દુનીયામાં. જુવો.
વડીલ વારસ કરે કબજે, લહેરી લાલ ત્યાં લબજે;
ચઢે ચોરી તણી ચસકે, વળી વકરાય દુનીયામાં. જુવો.
કદી પકડાય પાપીએ, સજા સરકાર આપી દે;
તથા વિછુટે છાકીને, ભમી વટલાય દુનીયામાં. જુવો.
અભેના ઠામ ઠેકાણું, નહી રહેઠાણુ રહેવાનું;
કહો શું થાય ? એવાનું કદી કલ્યાણ દુનીયામાં. જુવો.
થઇ જ્યાં મર્ણ તૈયારી; ભુંડાની કોને ભેઇઆરી;
ધસે પગ કર્મ સંભાળી, કાયા ચુંથાય દુનીયામાં. જુવો.

(ભગવાંનની ભૂલો)

રાગ—જુની કવાલીનો.

પ્રભુના પ્રૌઢ કાર્યોમાં, ભૂલો ભરચક ભરેલી છે;
સજ્યાના સૌ જીવો સરખા, પ્રગટ કરતાં આ પૃથ્વીને.
તફાવત ઉંચ નીચાનો, પ્રથમ કીધો વગર વાંકે;
હશે કારણ જુદા તોયે, કરી છે ભૂલ ભગવાંને.
ગુરોત્તર સર્વ પ્રાણીમાં, ભલા સમજીને બ્રાહ્મણને,
ગુલેચ્છાથી વહન માટે, કર્યો ઉત્પન્ન કૃપાળુએ.

તેઓ બ્રાહ્મણપણુ ભૂલી બને ભઠીયારૂ કરવાને,
દીધુ પદ ઊંચ એવાને, ફરીએ ભૂલ ભગવાંને.

ઊગરવાને ઉપાધિથી, સુરક્ષિત રહેવા સહીને,
ચીરી બાહુ કર્યા ઉત્પન્ન, ખરાવીર ધારી ક્ષત્રિને.

ખરા તે ખર ખુંખારેથી, ફરે ડગ પાછુ ભરવાને,
ગણ્યા મરદોએ મરદાને, ફરીએ ભૂલ ભગવાંને.

વફાદારી વિષે વળગી, કરે વૈશ્યો વડો વેપાર,
પ્રજા પોષે અને પીડે, ચલાવે ચારૂ કારોબાર.

પ્રથમ ખોટુ પ્રમાણેલું, ફરીએ ભૂલ ભગવાંને,
ચરણ ચીરી સર્જ્યાં, શ્રમથી પ્રજા પુંજન હિતે શુદ્રો,

અધુના વણ અધિકાર, ઉઠાવે અવનવાં રુદ્રો.
ગણેના રાવ રાજાને, તજે મહાજન મલાજાને;

પડ્યા કેમ આર્યને પાને, ફરીએ ભૂલ ભગવાંને.
અધર્મિં અત્યાચારેથી, ગુજારે જીન્દગી સારી;

ફુટાયે ન્યાય અંધારે, દુરાત્મા દ્વારે દિવાળી.
જીતે ઝઘડામાં જુઠાઓ, મળે બે ભાગ બળીઆને;

નથી શીંગ પુંછ એવાને, ફરીએ ભૂલ ભગવાંને.

દોહરો

રંકોથી રૂઠયો ફરે ધીંગાને દે ધાન.
તુને કોણુ સમજાવે શામળા તુજ પાસ નથીજ પ્રધાન.

કવાલી સહકારની.

રાગ અસહકારનો.

પ્રવાસી ગામડા ગામે, બધીએ ડોશીઓ દેખી;
પુછેલા તેમને અમો પુરૂષ સંખ્યા કમી પેખી.

પ્રવાસીને મળ્યા ક્લિયર ગયા છે શેઠ મુંબઈમાં;
હમાલો જેઠ પણ જઈને કરે છે વેઠ મુંબઈમાં.
ડીયરજી દોઢીઆ માટે ફીએ છે કોટ મુંબઈમાં;
કુવા ફેરી તણો ધંધો કરે છે ફોટ મુંબઈમાં.
ચચાને આહની હોટલ પીતાજી પાન લેવે છે;
બપાવા વેચતા હોટલ જમાઈ જોશ જોવે છે.
ભલાભાઈતો ભૂલેશ્વરમાં જઈ ઉપદેશ આપે છે;
મળે જે દાન એનાથી ક્ષુધાનું દુખ કાપે છે.
બનેવી માટલાં માંડી પરબનું પાય છે પાણી;
લખે નણદોઈ નામુંને ધણીજી ભુંજતા ધાણી.
ગલીમાં ગાંઠીઆ વેચે કુશળ કંદોઈ છે કાકા;
અને માર્કીટમાં મામા ગણે કાપડ તણા તાકા.
કરે છે શેરનો સટ્ટો ભણ્યો ભાણેજ મુંબઈમાં;
નથી પુત્ર તણો પત્તો હશે મવાલી મુંબઈમાં.
નથી ત્યાં સાથરો સુવા નથી ઘર બારનો પત્તો;
ઘણા તો ઓટલે સુતા ગીરદીય ગંધાય જ્યાં લત્તો.
મરે મંદ વાડ વેઠે છે છતાં જોતા નથી જાગી;
બીજા ધંધા પડયા [illegible] છતાં મુંબઈની લેહ લાગી.
જરૂર વિદ્વાન કે ધનવાન માટે સ્થાન સારૂ છે;
પરંતુ દુબળા માટે નર્કથી એ નઠારૂં છે.
ગયા છે ગ્રામ્ય ઉદ્યોગો પડ્યાં છે ખેતરો ખાલી;
પરંતુ શો પવન વાયો ? દિશા દક્ષિણની ઝાલી.

(વર્તમાનકાળનો આલુ જમાનો)

હાલમાં શું શું વધ્યું.

ફર્સ્ટ વધ્યા બહુ ફેંટોગ્રાફર, બીજા બીડી સેલર બહુ;
ત્રીજે નંબર ટી મરચંન્ટો, ચોથા તણી હકીકત કહું.

હેરકટીંગ સલુન હાલમાં, વોશીંગ કંપની થઈ વિશેષ;
પાન તણી પુષ્કળ શોપોને, બીડીનો જનરલ બીઝનેસ.
કોટાનધીસ થઇ ગઇ કંપનીઓ, પેઢીઓનો પણ ક્યાં છે પાર;
શોપો બહુ સોડા લેમનની, ને હોટલ થઇ હારોહાર.
ઓનસેટર પણ થયા બેવડા, દાંત બાઈન્ડરો દીસે બહુ;
અગણિત થઈગયા આઇઝ ફીઝીશીયન, હકીમ પણ હદ પાર કહું.
થયો વધારો વૈદ્ય રાજનો, તેથી ડબલ વધ્યા ડાકટર;
સર્વ જને સર્વિસ સ્વીકારી, કમી થયા કલટીવેટર.
ટેલીફોન તણો નહી ટોટો, થયાં અતિશય ઇસ્ટેશન;
વધ્યા માસ્તરો ટીકીટચેકરો, અતિ થયાં આયરીશ મિશન.
વધ્યા અતિશય ઇજારદારો, પીકાં તણો રહ્યો નહિ પાર;
અસંખ્ય જોડ આશક માશુકની, વધી પડયા વીસ્કી પીનાર.
વધ્યા જુગારી ચોર છાકટા, દારૂડીઆ અને દમબાજ;
વધી ગઈ વેશ્યા કુલટાઓ, શંખણીયોનો મલ્યો સમાજ.
વધ્યાં વેર ને ઝેર વિશ્વમાં, વધ્યા અનિતિ અનાચાર;
વધ્યા મુરખ વ્યસનીને વહેમી, વળી વધ્યા ચીનના શાહુકાર.
રેલ્વેનો પણ રેટ વધ્યોને ડાકખાનામાં ડબલ ભાવ;
બેન્કોમાં પણ થયા બેવડા, ચેક હુંડીઓનાજ વટાવ.
ફોનોગ્રાફ તણો ફડ ફાટયો, આરમોનીયમ પણ થયા અથાગ:
અગણિત થયા સંગીત ઉસ્તાદો, વીધ વીધ જાતના વધીઆ રાગ.
નાટક પણ થયાં ન્યુ ફેશનના, ઠામ ઠામ થયાં થીએટર;
હશે હાલમાં અગણિત એકટર મન માન્યા મહીં મેનેજર.
કામ અને કારીગર વધીંઆ, કંઈક વધી ગયા કંટ્રાકટર;
નથી કમી ના રહી નેટીવમાં, મન માન્યા થઇ ગયા મીસ્ટર
કોઇ ઈન્સપેકટર, કોઇ ઓડીટર. કોઇ બન્યા વેકસીનેટર;
કોઇ બેરીસ્ટર કોઇ કલેકટર, કોઈ થયા સોલીસીટર.
કોઇ બની ગયા પ્રોસીકયુટર, કોઇ મીનીસ્ટર, કોઈ નોટર;
કોઈ ડાયરેકટર, ને કોઈ શો.ર, કોઇ થયા કંપોઝીટર.

કોઇ વીઝીટર, લીકવીડેટર, પેઇન્ટર, ફીટર ને પોર્ટર;
બાકી રહ્યા તે સટર પટર, અને તેથી રહ્યા તે ટરરેટરર.

COMIC POET (રાવ કવિ)

(ચાલુ જમાનાની બ્યાજખી વાર્તા.)

સુર્યપુર નામના શહેરની એક શેરીમાં ભડાક, બોલા નામનો એક ટેલીઓ બ્રાહ્મણ, ટેલ નાંખી ભીક્ષાનો લોટ ઉઘરાવતો હતો. તેવામાં ત્યાં થઇને એક અધિકારી પોતાના પટાવાળાને આગળ કરીને, પુરા પોઝીશનથી એકદમ ઝડપથી તે રસ્તે થઇને જતા હતા. પટાવાળો આગળ ચાલતો હતો, તે રસ્તામાં જતા આવતા. લોકોને બાજુ હઠો, બાજુ હઠો એમ બોલી; સામે આવતાં માણસોને હઠાવીને રસ્તો મોકળો કરી આપતો હતો. એજ રસ્તાની એક બાજુએ ઉભા રહેલા આ ટેલીઆ બ્રાહ્મણને, અધિકારીની હડફેટ વાગી તેથી. તેના હાથમાંથી થાળી નીચે પડી ગઇ, અને લોટ વેરાઇ ગયો; પરંતુ આમ થવાથી અધિકારી તો એકદમ લીલા પીળા થઇ ગયા અને પેલા ટેલીઆ બ્રાહ્મણને; ચાર પાંચ ગાળો ચોપડાવી દીધી; ચુ. ડેમ, ફુલ. રોગ. રાસ્કલ, આંધળો મુવો છે કે શું? ટેલીઆ બ્રાહ્મણે કહ્યું સાહેબ હું આંધળો નથી. મને તો સાફ સુજે છે. કે આપ કોઈ મોટા અધિકારી છો. માટે મહારાજ. તમારે હમારા જેવા ગરીબો ઉપર તો દયા રાખવી જોઇએ જુવો એક કવિતામાં લખેલું છે કેઃ—

> નીજ રાંકડી રૈયત પરે, જેનો જરાએ ન પ્યાર છે.
> એવા અધમ અધિકારીના, અધિકારને ધીક્કાર છે.

બ્રાહ્મણનો આવો દોહરો સાંભળીને ટુંક બુદ્ધીના અધિકારી તુર્ત બોલી ઉઠયા કે ગમાર, મુર્ખ, બેવકુફ, ગદ્ધા, તું આવા તુચ્છ શબ્દોમાં મને ધીકકાર આપી. મારૂં અપમાન કરે છે. ઠીક શીપાઇ આ રખડતા ટેલીઆનું નાંમ ઠાંમ લખી લો. અને બેગ

રહોની રૂએ કાલે દસ વાગે એને કોરટમાં હાજર કરો સીપાઇએ તેનું નામ ઠામ ઉતારો વીગેરે લખી લીધાં અને તેને બીજે દીવસે ખુલતી કચેરીએ હાજર રહેવાની. તાકીદ આપી, અને સર એન્ડ સીપાઇ પસાર થઈ ગયા.

બ્રાહ્મણ અફસોસ કરી, નીસાસો નાંખી ત્યાંથી પોતાના મુકામપર ગયો. બીજે દીવસે કચેરીને ટાઇમે સીપાઈ આવી. બ્રાહ્મણને પકડીને કચેરીમાં લઇ ગયો અને અધીકારીના સનમુખ ઉભો કર્યો.

(ભડાક બોલા બ્રાહ્મણની જુબાની.)

સીરસ્તેદાર—બોલ પરમેશ્વર માથે રાખીને સાચુ બોલીશ.

ટેલીઓઃ—પરમેશ્વરને માથે રાખીને સાચુ બોલીશ.

સીરસ્તેદાર—બોલ તારૂં નામ શું છે ?

ટેલીઓ—ભટ્ટ ભડાક બોલા ભવિષ્ય વેત્તા.

ઉમ્મર —આશરે અડસટ વરસની.

ધ ધો—ભીખ માગવાના.

રહેવાશી- મસાણપુરની મધ્ય ભુમીનો.

સવાલ—અધીકારી—ગઇ કાલે તું મને કયાં મળ્યો હતા.

જબાબ—સાહેબ સુર્યપુર શહેરની સાંકડી શેરીમાં.

સ—તું મને એકદમ કેવી રીતે અથડાયો.

જ—સાહેબ હું એક બાજુએ ઉભો રહેલો તેવામાં એકદમ આપની હડફેટે ચઢયો કારણ કે જ્યાં હાથી જતા હોય ત્યાં સસલાંનું શું ગજુ આપે કાંઈ મને ઇરાદા પુર્વક હડફેટ મારી નથી.

સ—મહારાજ પુછું તેનો જવાબ આપ. વધુ લપછપ કરીશ તો જેલમાં મોકલી આપીશ. સમજ્યો.

જ—કૃપાળુ આપ અધીકારી છો ન્યાયનું પલ્લુ પ્રભુએ આપના

હસ્તમાં આપેલું છે, તો હવે યોગ્ય લાગે તે સજા કરો.
કારણ કે સત્તા કને શાણુ પદ શા કામનું હતું.

સ—બોલ બ્રાહ્મણ તારા હવે કોઇ બચાવના પુરાવા છે ?

જ—સાહેબ આપ શિવાય બીજુ કોઇ નથી.

જજ મેન્ટ—બેગરલોની રૂએ, આ બ્રાહ્મણ રસ્તા વચ્ચે વગર પરવાનગીએ ભીખ માગતો હોવાથી તેને દીન ૧૫ ની સખત કેદની સજા કરવામાં આવી છે.

આ જજમેન્ટ લખ્યું તે ટાઇમે લખાઇ રહ્યા બાદ હસ્તમાં પકડેલી કલમ અધીકારીને કહેવા લાગી ?

કલમ—કરમાં ગ્રહેલા કલમતો લખનારને લલકારતી;
શીટેલ હું સો રાઇટરોને આપવીતી જે હતી,

માય ડીઅર યુ મે લુકમી જસ્ટનાઉ ઇન યોર હેન્ડમાં
પરવશ છતાં પોકારી કહું છુ પ્લીઝ અંડર સ્ટેન્ડઆ;

જો—કુસંગના દોષે કરી મુખ બ્લેક જેમ મારૂં દીસે,
વિચારીને વાપર નહીતો. તારૂં પણ તેવું થશે.

આ કલમનું કહેણુ પુરૂ થતાંજ તુરત ટેબલ પર પડેલો શાહીનો ખડીઆ તુરતજ બોલી ઉઠયો. [પુરાવો નં. ૨ જો]

ખડીઆ—ખડીઆ કહે કે છે ખરૂં, કલમે તને જે જે કહ્યું.
કુસંગના દોશે કરી, મુજ અંગ સૌ કાળુ થયું,

ચાંચો લગાવી ચુસતી જો કલમ મુજકાળાશને.
લઇ રેડતી તુજ હૃદયમાં તેની અસર થાશે તને,

જો—અધિકારના અભિમાનમાં લખતાં ન જો વીચારશે.
તો ધોળા ઉપર કાળુ થશે ને જગ્ત જુતાં મારશે,

આ શબ્દો સાંભળીને અધીકારીતો સ્તબ્ધ બની ગયા અને વીચાર્યું કે આ બન્નેનું કહેવું તો સત્યજ છે એમ ધારી મહાંરાજનું લખેલું જજમેન્ટ ફાડી નાંખી મહારાજને નિર્દોષ કરીને છોડી દેવાનો નિશ્ચય કર્યો પરંતુ તે પહેલાં તેને પુછયું કે

મહારાજ તું બુઠ્ઠો છે. તને આંખે પણ બરાબર સુજતું નથી, તો તેં મને શીરીતે ઓળખ્યો કે હું અધાકારી છું.

બ્રાહ્મણે કહ્યું સાહેબ ? અધીકારીને દસ મેખો વાગેલી હોય છે. એટલે તેના અંધાપામાં કશુંએ દેખી શકાતું નથી સાંભળો ?

અધીકારીને અભીમાંનની દસ મેખ અંગે વાગતી;
પણ અગીઆરમા એક મેખડાના ઘાવથી નીકળીજતી,

સાહેબ જ્યારે હલકટને અધીકાર મળે છે, ત્યારે તેના અભીમાનની શીમાજ રહેતા નથી. દાખલા તરીકે જુવોને હિંવેટો કરતાં આવડતું ન હોય. અને તેમને મોટા મસાલચી બનાવ્યા. પાદવાના હોંશ ન હોય, તેમને તોપચીની જગ્યા મળી, મુળ ઉંટને વળી ઉકરડે ચઢયું, ગળીનું આધણ અને હબસી હલાવનાર, મુળ મીયાં ગાંડાને વળી ભાંગ્ય પીધી, અને વળી ધારોજ છે કે નવો ઢેડ મુસલમાન થાય ત્યારે અલ્લાહ કહેતાં શ્વાસ ન ખાય, તેમ સાહેબ જ્યારે એવા ઉલ્લુને પુર્વે કાળની પુન્નઇને લીધે અધીકાર કદી પ્રાપ્ત થાય છે, ત્યારે તેઓ મદમાં મદાંન્ધ બની જાય, કે કારણ કે ના દીઠાનું દીઠું એટલે માર અવડાંને મીઠું, આમ બોલી બ્રાહ્મણ ચુપ થઈ ઉભો રહ્યો.

અધીકારીએ વીચાર્યું કે: આ બ્રાહ્મણનું કહેવું: અક્ષરે અક્ષર સાચું છે, એમ સમજી: મહારાજને કહ્યું કેઃ તારૂં કહેવું સત્ય છે મહારાજ, પરંતુ તું બતાવ કે, અધીકારીને કઈ દસમેખો વાગેલી છે, મહારાજે કહ્યું સાહેબ, આપ સાંભળીને પાછા ગુસ્સે થશો, અધીકારીએ કહ્યું કે, મહારાજ, તારો તમામ ગુન્હો માફ છે, પરંતુ તુ મને સમજાવ, કે દસમેખો તે કઇને અગીઆરમો મેખડો તે કયો; ત્યારે મહારાજે કહ્યું કે, સાંભળો સાહેબ, દસમાંથી, પ્રથમ, બે મેખો, તો તમારી બે આંખ્યોમાંજ વાગેલી છે, કારણ કે, એક તો તમને રસ્તો બતાવનાર માણુસ હતો, છતાં પણ, આપે મને હડફેટમાં ચઢાવ્યો, તેમાં કોની આંખ્યોની ખામી તે આપ જાણુતા હશો ? એટલે આપની આંખ્યો તો દીવા જેવી છે, પરંતુ બે મેખોને લીધે, કશું દેખાતું નથી

અધીકારી કહે વારૂ, હવે બીજી કહો, મહારાજ કહે કે સાહેબ, બીજી એ, કાંનમાં વાગેલી છે. કારણ કે એક તો મેખોના મારથી, આપના કાંન, કાચાજ થઇ ગયા. એટલે એ કાંનેથી સ્વારથ શીવાય, કશુ બીજુ સંભળાયજ નહી, અધીકારી કહે, વારૂ, પછી ? મહારાજ કહે, પછી, એક મેખ વાગી, જીભમા; તે શાથી સમજાયું કે તમે મોટા માણુસગ પરંતુ, તમારા મુખમાંથી, કેટલી ગાળો મારે ખમવી પડી વળી એ જીભ્યાએ કોઇ દીવસ રામનું નામ લેવાયજ નહી, સવારમાં પથારીમાંથી ઉઠયા કે તુરતજ કયાં ગયો, રાસ્કલ ચાકર એટલે, એક મેખ એ જીભમા વાગેલી છે, વારૂ પછી, સાહેબ, બે વાગી છે બે હાથમાં, કારણકે, એ હાથોએ, ભુરૂ કરવામાં બાકીજ રાખી નથી, કાંઇ પુન્યનું કાર્ય કે પરમાર્થ તો થાયજ નહી, કારણકે, મેખો વાગેલી છે. વારૂ પછી, એક વાગી કમરમાં, કે, તમારાથી, તકીયા વગર તો બેસી શકાયજ નહી પછી, બે વાગી બે પગોમાં કે, સહેજ કોઇ જગ્યાએ જવું હોય તો તુરત, વાહન જોઇએ; ઘોડા ગાડી શીવાય તો તમારાથી એક ડગલુ પણ ચલાવાય નહી; આવા પ્રકારની દસ મેખો અધીકારીને વાગેલી હોય છે એ મેખોને કાઢી નાંખવાને કોઇ પણ; ડાકટર કે; વેદ શક્તિમાં-ન નથી. પરંતું એની માત્ર અગીઆરમો મેખડો એટલેજ અતીશય લાંચો ખાવાથી પાપનો ઘડો ભરાઇ ગયો હોય તે ફુટે ત્યારે અથવા ચાલતા રીડકશની રંગભૂમિ ઉપર ઉતારી મેલવામાં આવે તેજ એ અગીઆરમા મેખડાનો ઘાવ કે તમોને ડીશમીશ કરવામાં આવે છે. એવો અંગીઆરમો મેખડો પડે છે. ત્યારે અંગમાં વાગેલી દસે મેખો નીકળી જાય છે. પછીતો રસ્તો સુઝે છે, કાને સાંભળે છે. જીભમાં પણ અમી આવે છે; હાથ પણ સારે કામે વળગી જાય છે. વગર તકીયે બેસાય છે, પગે ચાલી-ને ઘરની વેઠ કરવી પડે છે. અને ગરીબ ગાય જેવા બની જવાય છે, પરંતુ ક્યારે કે અગીઆરમો મેખડો પડે ત્યારે સાંભળ્યુ સાહેબ. મારૂ નામ ભડાક બોલો તે પ્રમાણે આપને સંભળાવી દીધું. હવે જે હુકમ હોય તે ફરમાવો અધીકારીએ

બ્રાહ્મણને આઠ આના દક્ષિણા આપી જવાની રજા આપી મહારાજ આશીર્વાદ દઈ ત્યાંથી અગીઆરા ગણી ગયો. પરંતુ જતાં જતાં નીચેની કવીતા અધિકારીને સંભાળાવતો ગયો.

હરિગીત.

મોટાઇની વાતો કરી, મોટા બન્યા આ વિશ્વમાં.
મોટુ ન રાખ્યું મન તો, મોટા થયાથી શું વળ્યું ?
આચારકે આનંદ નહિ, દેખાવ દે શ્રીમંતનો.
ભપકા વિષે ઠબકા ભર્યા, એ રોફથી કહો શું વળ્યું ?
લાડી લઇ ગાડી વિષે, ફક્કડ ફર્યા બહુ ઠાઠથી.
માડી બિચારી ટળવળે, એ ઠાઠથી કહો શું વળ્યું ?
ભોળા ફસાવવા કંઇકને, વાણી વધ્યા સાકર સમી.
અંદર ભરાયુ કપટતો, એ વાણીથી કહો શું વળ્યું ?
પૈસા કમાયા છળ કરી, બીજુ ઘણુંએ મેળવ્યું.
દમડી ન દીધી દીનને, પેદા કરીને શું કર્યું ?
ભટકયા બહુ તિર્થો કર્યા. નહાયા ઘણું ગંગા વિષે.
મન મેલને ધોયો નહિ, તો સ્નાન કીધે શું વળ્યું ?
જીવતે પિતાની નવ કરી કીન્ચીત કદીએ ચાકરી,
મુવા પછીથી શ્રાધકે, તરપણ કર્યાથી શું વળ્યું ?
સ્વારથ લગી સાથે ફર્યા. સરતાં અલગ જો થઇ ગયા.
નિમકહરામી મનુષ્યએ, જગમાં જીવ્યાથી શું વળ્યું ?

(આતે માણસ કે ઢોર.)

ખાતર ખણીને લઇ ગયા, પાછા આવ્યા ચોર;
તોય ધણી જાગ્યો નહિ, એ માણસ કે ઢોર.

તનમાં તાવ રહે સદા, તોય ખાય ખાંડકે બોર,
વૈ. કહે તે નવ કરે, એ માણુસ કે ઢોર.
આવ નહિ આદર નહિ,તોય જાય તે ઠોર,
વણુ પુછે વાતો કરે, એ માણુસ કે ઢોર.
પાશેર દુધ પીએ નહિ, અફીણુ ખાય અધોળ.
મોસાળ વળાવે છોકરાં, એ માણુસ કે ઢોર.
બુઢ્ઢાને દઇ બાળકી, રાંડે માંડ્યા મોર;
પછી કપાળ કુટે કર થકી એ માણુસ કે ઢોર.
અક્ષર એક ન આવડે, તોય કહે હું તારો ગોર.
તેને પુજે બેસાડી પાટલે, એ માણુસ કે ઢોર.
ખડખડ પાંચમ છે છતાં, હઠ લઇ બાંધે હોડ.
બળીઆ શું બાથે પડે, એ માણુસ કે ઢોર.
ઘરની સ્ત્રી છે સાધવી, તોય ચઢાવી તોર.
મારે લઇને લાકડી, એ માણુસ કે ઢોર.
પરદેશે નાણું ભરે, કરે છે પરની ભોર.
દેશ દાઝ નહિ દીલ વિષે, એ માણુસ કે ઢોર.
સ્ત્રીને જુનો સાડલો, મળે ન ખોટી મહોર.
તોય નાટક જોવા નીકળે, એ માણુસ કે ઢોર.
પરદેશીનાં પેપરો, વાંચે ઝાકમ ઝોળ.
ગણુના નહિ ગુજરાતની, એ માણુસ કે ઢોર.
મદીરા પીનાં ધન ઘટયું, હઠયું શરીરનું જોર.
તોયે સંગ છોડયો નહિ, એ માણુસ કે ઢોર.
અવસરને નવ ઓળખે. કરે ઓણુનું પોર.
પેટ ભરી પસ્તાય છે એ માણુસ કે ઢોર.
ઉલ્લુ અધિકારી બને, જણુવે જુલમી જોર.
દીન દાદ નવ દીલધરે, એ માણુસ કે ઢોર.

(જાતી સ્વભાવ વિષે)

(કરો કરોડો ઉપાય, પરંતુ જાતી સ્વભાવ ન જાય.)
રાંણી પાણી પાંદડાં, ત્રણનો એક સ્વભાવ.
ઊંચા કુલે અવતરે, નીચા ઉપર ભાવ.

બંધાણીને બાયડી, બેનો એક સ્વભાવ;
મુખેથી નાના કહે, પણ લીધા ઊપર ભાવ.

પટેલ પાડાને પારધી. ત્રણેનો એક સ્વભાવ;
કંઇ માર્યા કંઇ મારશે, માર્યા ઉપર ભાવ.
વેશ્યા વૈદ વકીલએ, ત્રણનો એક સ્વભાવ;
રોકડથી રાજી રહે; ઉધારેજ અભાવ.

રાજા વાજાને વાંદરાં, ત્રણનો એક સ્વભાવ;
રીઝે તો રાજી કરે, ખીજે કરતા ઘાવ.
પડી ટેવ તે નવ ટળે, સ્વભાવ નહી બદલાય;
વળી વિષેશે, વહેમ એ ત્રણનો નહી ઉપાય.

(આટલા પ્રકારના ડાહ્યા કહેવાય.)

શદગુરૂને શરણે જે ધાયો, એનું નામ તે પહેલો ડાહયો;
કરે વાત પણ ન જાય વાહયો, એનું નામ તે બીજો ડાહયો.
ધન મલ્યું ને તીરથ ધાયો, એનું નામ તે ત્રીજો ડાહયો;
પરમારથમાં પહેલો આવ્યો, એનું નામ તે ચોથો ડાહયો.
પંચ વચ્ચે જઇને પરખાયો, એનું નામ તે પાંચમો ડાહયો.
દુશ્મનના દાવે નવ આવ્યો, એનું નામ તે છઠ્ઠો ડાહયો;
રણમાં પાછો ધારે ન પાચો, એનું નામ તે સાતમો ડાહયો.
સર્વ કાર્યમાં રહે સવાયો. એનું નામ તે આઠમો ડાહયો;

કુડ કપટથી રહે પરાયો, એનું નામ તે નવમો ડાહયો.
બીન અપરાધી બંધ છોડાયો, એનું નામ તે દસમો ડાહયો;
કરે ઘરને નાંખે ઉંડા પાયો, એનું નામ અગીઆરમો ડાહયો.
ન્યાત હોય ત્યાં પહેલો નાહયો, એનું નામ તે બારમો ડાહયો
વઢવાડ હોય ત્યાં પુઠે ધાયો, એનું નામ તે તેરમો ડાહયો;
નીતીથી નીજ નાવ ચલાયો, એનું નામ તે ચઉદમો ડાહયો.
કડવો બોલ મુખે ન કહાયો, એનું નામ તે પંદરમો ડાહયો;
સાખ પુરીને સત્ય ચલાયો, એનું નામ તે સોળમો ડાહયો.

અપૂર્ણ

(આટલા પ્રકારના ખર કહેવાય.)

દીકરી દઈને વગોવે વર, તેનું નામ તે પહેલો ખર.
આંગળી ઘાલીને પુછે દર, તેનું નામ તે બીજો ખર.
પાણી પીને પુછે ઘર, એનું નામ તે ત્રીજો ખર.
પર પુંજી પર રહે જે તર, એનું નામ તે ચોથો ખર.
ડાળે બેસીને વાઢે થડ, એનું નામ તે પાંચમો ખર.
કામ છતાં પણ કરે ફૂર ફૂર, એનું નામ તે છઠ્ઠો ખર.
કરજ પુછયા વીણ કરે ભરભર, એનું નામ તે સાતમો ખર.
દૈવ તણો નવ રાખે ડર, એનું નામ તે આઠમો ખર.
સુમ બનીને સંચે જર, એનું નામ તે નવમો ખર.
વ્યસન શોખમાં વેચે ઘર; એનું નામ તે દસમો ખર.
ઘરની ત્રીયાથી જે રહે પર, એનું નામ અગીઆરમો ખર.
વાટે જાતાં પકડે કર, એનું નામ તે બારમો ખર.
જેની હોય હરામ નજર, એનું નામ તે તેરમો ખર.
કામ તણી નવ જાણે કદર, એનું નામ તે ચઉદમો ખર.
છત પામીને બતાવે છર, એનું નામ પંદરમો ખર.
જાણે નહી ને કરે ગાતર, એનું નામ તે સોળમો ખર.

આવા મુરખ માનવી, તેને મુખે ન જાણવી મુછ.
વ્યંઢળ વેશ્યા ઘરતણા, તેને મુછ નહી પણ પુછ.
અપૂર્ણ

(ચાર પ્રકારના કાલા)

અસુરા આવ્યાને કહે વહેલા ચાલો, એનું નામ તે પહેલો કાલો.
આંખે અંધ ને પકડે ભાલો, એનું નામ તે બીજો કાલો.
બસોનું દેવું ને કહે બીજા સો આલો, એનું નામ તે ત્રીજો કાલો.
વાત કરેને બોલે ઠાલો, એનું નામ તે ચોથો કાલો. કાલો.

(ચાર પ્રકારના ગાંડુ.)

ધોળે દહાડે કહે બારણું માંડું, એનું નામ તે પહેલો ગાંડુ.
વાતે વાતે પાડે ફાંડુ, એનું નામ તે બીજો ગાંડુ.
મુખથી ભાષણ બોલે બાંડુ, એનુ નામ તે ત્રીજો ગાંડુ.
રાણીઆ કુટીને રીઝાવે રાંડુ, એનું નાંમ તે ચોથો ગાંડુ.

(ચાર પ્રકારના ડાંડ)

ભાષણ વદતાં બોલે ભાંડ, એનું નામ તે પહેલાં ડાંડ.
તાકતો ફરે પરાઇ રાંડ, એનું નામ તે બીજો ડાંડ.
પર ઘેર વિવાહને પહેરે માંડ, એનું નામ તે ત્રીજો ડાંડ.
અભણ એદી બુદ્ધીનો બાંડ, એનુ નામ તે ચોથો ડાંડ.

COMIC POET—રાર--કવી.

(આટલી વસ્તુઓ ખુશ ગણાય છે.)

ખુમશીનું ખેતર ખુશ,
મરઘડીનું વેતર ખુશ.

ડાંડીયાની ગાળો ફુશ,
શાંડવાનો ચાળો ફુશ.
આંધળાંની જારી ફુશ,
ઢંગ વિનાણી નારી ફુશ.
બેરાના તો કાંન ફુશ,
અહાતાનું દાંન ફુશ.
ઢોંગીનું તો ધ્યાનફુશ,
ઘર જમાઇનું માંન ફુશ.
અંધાણીનું ઝોકું ફુશ,
કાચંડાનું ડોકું ફુશ.
ભુંડણનું તો છાણ ફુશ,
ભીંડીનું તો વાણ ફુશ.
તાડની તો છાયા ફુશ,
મૂર્ખની તો માયા ફુશ.
શીમળાનું તો ફૂલ ફુશ,
દીવેલાનું મળ ફુશ.
ગપાટીનું વેણ ફુશ,
આંધળાનું નેણ ફુશ.
રાંડીરાંડનું ઘર ફુશ,
ઉંદરડાનું દર ફુશ.
ભિખારીનું ટાણું ફુશ.
જુગારીનું નાણું ફુશ;
વાંજણીનું વહાણું ફુશ.
બકરીઓનું ખાણું ફુશ,
બુડથલનું તો બોલ્યું ફુશ.
ઉંદરડાનું ફોલ્યું ફુશ,
ઝાડમાં તો કેળ ફુશ;
કુતરાનો મેળ ફુશ.

(અપૂર્ણ)

શેઠ અને મીયાંનો સંવાદ.

(રાગ—છે તેનો તેજ ચાલુ.)

સુણો બીરાદર બ્યાન હમોને નુકતા એક અજબ પાયા;
દોસ્તદારોને બાત સુણી જબ દીલમે બહોત હંસા આયાં.
એક સિપાઇ ભાઇ ગયે બણીએકે ઘર સોદા ઉધાર લેનેકો;
સલામ કરકે શેઠ સાહેબકો, લગે મીયાં ફીર કહેનેકો.
સેઠજી સુણલો બાત જરાસી એક સુકન મેરા સુણલો;
યાર બીરાદર આયે આંગણે ઉધાર સીધા આજે દો.
સેઠ સાહેબ કહે સુણો મીયાં ભઇ ઉધાર આપે પૈસા જાય;
આખર ઉઘરાણી કરીએ તો ઘરાક મટીને દુશ્મન થાય.
વળી ઉધાર આપી આપ કનેથી વસુલ શી રીતે કરવું;
વેપાર એવો કરી વાયડો નથી અમારે ઉઠી જવું.
પૈસે ખાતીર શીરકા પટકા મીયાં ભાઈને ગીરો ધરા,
પૈસે ભરકે લે જાણેકા બણીઆ ભાઇસે કરાર કરા.
ચારશેર ચાવલ તુલવાયા આટા સેર અઢાઇ લીયા;
તેલ નીમક મીરચી સબ મીલકે બાર આનેકા બીલ કીયા.
એ સબ પૈસે બડી ફજરમેં સેઠકે ઘર જા દે આયે,
બાર આનેકા બીલ ચુકાકે પટકેકુ પીછા લાયે.
મીયાં કે દીલમેં ગુસ્સા આયા પટકેકા કબ વાલુ વેર,
આટે દાળમેં લીઇ આબરૂ કીયાહે ઉસને કાલા કેર.
વેર વાળવા વણીક સાથે મીયાં ભાઇને મેળ કીયા,
આલ મેલ ઉધારે ચલવી બનીએ કા મન મીલા લીયા.
બણીઆ બીચારા દીલકા ભોળા ચલા મીયાં કેકહેને પે,
નામા કરકે નીખોદ વાળા પૈસે ટકે ઉછીકે લે.
એવામાં દિવાળી આવી શેઠે સઉના હિસાબ કર્યા;
મીયાં ભાઇનું ખાતું જોતાં રૂપિઆ એકસો આઠ તર્યાં.

શેઠ કહે ખાંસાબ હવે તો નાણું બધું ચુકાવી ડો.
આજથી હવે ઇસ્ટોપ આલવું રૂપિઆ જલદી લાવી દો.

મીયાં ભાઇને બીચાર કીયા કે અબ અચ્છા આયા હે દાવ,
આજ વેર વાળું પટકેકા જબ દીલમેંસી રૂઝે ઘાવ.

એસા ધારકે મીયાં ભાઇ ફીર લગે સેઠકુ કહેનેકુ;
દો માસ પીછે દાણે પકેકે પૈસે તુમારે સબ ભરદુ.

બે માસનો કરી વાયદો મીયાં ભાઈ તો ઘેર ગયા;
શેઠ સાહેબને ખાનસાહેબ તો ફરીથી ભેગા નાજ થયા.

વદાડ પુરો થતાં શેઠ તો ઉઘરાણી આવી લાગ્યા,
સલામ આલે ગાંમ સાબ કહી મીયાં કને રૂપિઆ માગ્યા.

ખુદાવંત ખાંસાબ આપનો વદાડ આજે પુરો થયો.
સબ દીનકા સરવૈયાં દેખી હમકા હિસાબ ચુકાવી દો.

મીયાં કહે મહેરબાન સેઠ તુમ ખાલી ધકકે ખાતે હો.
હરઘડીએ ઉઘરાંણી કરકે જી મેરા ગભરાતે હો.

હાલ હમારા હાથ તંગહે એક પાઇભી હે નહી પાસ;
દાણે બેચકે પૈસે દેઇગેં સેઠ જરા રખ્ખો વિશ્વાસ.

દસ કલશી તો ડાંગર હોગી કલસી દો કાંનમી જુવાર;
બારે મણ બજરીભી હોગી ગાડે દો હોઈગેજ ગુવાર.

શેઠ કહે કે મીયાં તમે શા માટે આડુ બોલો છો?
પૈસા દેવા પોંચ નથી તો ઝખ મારવા માટે લ્યો છો ?

નથી દુકાને ડાકીયું કરતા ખોટી દાનત રાખો છો,
આખર દાવો કરવો પડશે હા કહો છો કે ના કહો છો?

તમકુ પૈસા આપવા પડશે વળી ઉપરથી થાશે વેર;
મહેરબાની કરી મીયાં સાબ તમે પૈસાની ઝટ કરજો પેર.

મીયાં કહે મહેરબાની કરકે શેઠજી દસ દીન કરો સબર;
ડાંગર બાજરી જુવાર બેચકે સબ પૈસે મેં દુંગા ભર.

વખત આવ્યા કે વાણીઆભાઇ તો ઉઘરાણી આવી પહોંચ્યા;
કહે મીયાંને હાણુા લાવો કોઠાર તમે ભર્યાં છે કયાં ?
ડાંગર બાજરી જે કંઇ હોય તે સબ્બી હમકુ આપી દો,
જુનુ ખાતુ જમે કરાવી પછી વળી જોઇએ તે લ્યો.
મીયાં કહે કે સેઠ સાબ તુમ સુણલો મેરે દીલકી દાદ;
ડાંગર માંગર સબ કોવા ગઇ બહોતેરા બરસા બરસાદ.
બજરી બી સબ બટા ગઈ ઓર જીવડે સબ ખા ગયે જુવાર;
ખાલી હમ તો ખરાબ હુવે ઓર હો બેઠે ઉલટે લાચાર.
અબ તીલ ચોલે ઓર મુગ માઠોલે ઉસકા સવડ ઉતારેંગે
અબી શેઠ તુમ જાવો ઘરકુ કઠોલ હમ સબ ભરદેંગે,
કઠોળ તમારે ભર્યું હોય તો આ ઘડીએ આપો અમને.
મનમાં સારા માણસ સમજી જાઝુ સુ કહીએ ટમને;
કઠોલકી કયા બાત કહું મેં સીંગ પપડીયાં સબ સડ ગઈ,
સબડ હુઆ ના સેઠ હાલમેં દમડી ભી દેણેકા નહિ.
પુખ પપડીયાં સીંગ લકડીયાં સબકા હો ગયા સત્યાનાશ;
હાલ સેઠજી પીછે જાવો મોસમમાં દેઇગેજ કપાસ,
મોસમ કે દીન વીતી ગઇ જબ બાણીઆ ઉઘરાણી આયા.
દુરસેં સેઠકુ દેખે આવતે મીયાંભાઇ તો ગભારાયા.
શેઠે આવીને કર્યો સપાટો કહો મીયાંજી કયાં છે કપાસ ?
હોય તેટલો આપી અમને મટાડી દ્યો વચમાંથી કાશ.
કપાસમે તો પડે કાતરે ખોતર ખાયા સારા ખેત;
અબ કેરીયાં મકડે બેચકે તુમકુ પેસેકા કર દેઇંગે વેંત,
શેઠ કહે કે મીયાં તમે શીદ જુઠાં બાનાં બતલાવો.
કોરટમાં જઇ કરવો પડશે દેખીતો તમ પર દાવો,
દાવે મત્ત ચેઢી બાત છોડ કે સેઠ અબી તુમ જાવો ઘર;
મકડે કેરીયુંકી મોસમમેં સબ પેસે હમ દેઇંગે ભર.
વહાડ પુરો થયો એટલે શેઠ ગયા ખાંસાબ કને;
અને કહ્યું કે મીયાં સાબ હવે મકડાં કેરીઓ આપો મને,

ખીનીયાં મકુડ સબ્બી ખીર ગયે આંબેકુ ના આયા મોર.
અબતો શેઠજી પીછે જાવો પેસે તુમકુ દેઇંગે પોર;
એ પોર ફેર સબ્બી જાણુંદો સીદ્ધી રીતે બોલો આપ,
આ વખતે પૈસા પટાવી ડો નટો કમાવા આવ્યો બાપ.
ગમે તેમ વાળી ગોટાળો ગમે ત્યાં જઇને લાવી દ્યો,
કાંઇ ઘર ખેતરને ઘરાણે મુકી દેવું આજ પટાવી ડો;
સેઠ લવારા કયા કરતે હો મેરા જી તો કંઇકા કંઇ.
જાવો તુમારા ચક્ષેતે કરીઓ અબતો પઇ દેણાકા નઇ;
સેઠ બખત સબકા આતાહે યાદ કરો પટકેકી બાત,
લાખ રૂપેકી લઇ આબરૂ બહોત બુરી બણીયેકી જાત.
શેઠ કહે ખાંસાબ તમારૂં જરાએ ડાપણુ નહિં ચાલે.
વાંકા ચુંકા થાવ ભલે પણ છુટકો થશે રૂપિઆ આલે;
ખરી બાત કેહેણી ઉસમે કહો કાયકા ડાપણુ હે,
મરતે બાવાને કહા થા યું કે બણીયે કે ઘર થાપણુ હે;
ચઉધે ભાર ચાંદીકી ચુડીયાં સો ભારકે સકલે કલ્લે,
બીસ ભાર કાનુંકી બાલીયાં છે છે ભારકે દો છલ્લે.
એક ગલેકા ગુલબંધ ઓર કમ્મરમેં રખનેકી કટાર,
સુન્નેકા એક પગકા તોડા રોકડ રૂપીએ દેઢ હજાર;
પાઇ ધરાધર ગીણકે લેલો પેસેકા ઢીંગલા વાલા,
તમારી માફક હમારે તો નહિ નીકાલના હે દેવાલા,
વીલુ મોં લઇને વાણીઆ ભઇ રીસભર્યા ઘેરે આવ્યા.
પછીથી મનમાં વિચાર્યું કે મીયાં કને તો ના ફાવ્યા;
કચેરીમાં જઇ દાવો કીધો જુના દાખલા દેખાડયા,
જમે ઉધારે જોઇ જોઈને બાવીસો બાકી કાડયા.
ખાંસાબને ખંખેરી નાંખી રૂપીઆ સઉ લીધા પતવી;
ખોટી ખરી તો ખુદાજ જાણે રંગત કરતા. શાવ—કવી

એક અજબ આખ્યાન.

રાગ-જાડા પાતળી (અજાની ધાર જેવો)

વડા નગર વિશાળ પરગણે, ગોકળ પુર નામે એક ગામ,
વાસ વસે ત્યાં વર્ણ અઢારે, તેમાં રહેતો એક હજામ;
નામ તેહનું હતું નરસીઓ, તાત તેહના ત્રીકમરાત,
વર પરણાવી વરો કર્યો ને, ઘેર નોતરી મોટી ન્યાત,
જમણવાર વળી જબરો કીધો, લેવા માટે રૂડો લાવ,
આખી ન્યાત ને એકઠી કરવા, નરસઇ રાતનો આવ્યો દાવ;
પરદેશોમાં પત્ર લખાવ્યા, કેટલાકને કીધા તાર,
નજીકનાંને દેવા નોતરાં. ન્યાત ગોર મોકલીઆ બાર.

(હજામ બોલતી વખતે ભાઈને વ.ત કહું એ શબ્દ)
બહુ વાપરે છે.)

ન્યાત મેળાવો કર્યો નરસીએ, દેશોદેશથી આવ્યા રાત,
વિદેશથી વાળંદો આવ્યા, ભઇને તેની શી કહું વાત;
વડોદરેથી વીસ આવીઆ, સોજીત્રાના સાત હતા,
બોરીઆવીના હતા એક બે, નડીઆદી મહી કોઇ નતા.
ખેડેથી તો ખુબ આવીઆ, વાસદના પણ હતા વધુ,
એકસંપ કરીને આવ્યું હતું, પેટલાદથી પંચ બધું.

(છુટક કોણ કોણ આવ્યા)

ધનારાત ધરમજથી આવ્યા, કપડવંજથી કાળારાત;
ગબારાતનું ગામ પુછોતો, ભઇને વાત કહું છે ખંભાત,
આશારાત આવ્યા અણુદેથી, વજારાતનું ગામ વસો,
ચંપારાત ચાંગેથી આવ્યા, બધા મળીને થયા બસો,

વલવ રાત વર્વડેથી આવ્યા, બીલોદરેથી રાત બનો;
ગોપાળીઓ ગોધરેથી આવ્યો, સુરતથી તો અવ્યો સનો,
ધંધુકેથી ધનીઓ આવ્યો, વનીઆનું વાડાશીનોર.
દયારાતનું ગામ પુછોતો, ભઈને વાત કહુ છે ડાકોર,
ભકોરીઓ બોરુએથી આવ્યો, વાલો રાત વીજાપુરથી;
અમદાવાદથી હરીઓ આવ્યો, જગલો આવ્યો જેપુરથી;
પીલોલથી તો પંચ આવીયું, સમલાચેથી આવ્યા સાત.
કાલોલના મહી હશે કેટલા ભઈને તેની શી કહુ વાત,
પુનેથીતો આવ્યો પીતલો, આફ્રિકેથી અમથારાત;
નરોતીઓ નાશકથી આવ્યો, ભઈને તેની શી કહુ વાત,
ભરૂચથી ભીખલો આવ્યો તે' નરસીરાતનો હતો સગો
કાળા રાત કાસીથી આવ્યા, મથુરાથી પણ આવ્યો મગો,
છગનરાત છાણીથી આવ્યા, ખંભોળજથી ખોડા રાત,

જમપુરીથી ઝવરો આવ્યો, ભઈને તેની શી કહું વાત,
ડાહ્યારાત આવ્યા ડપકેથી, દમલો દમણનો રહેનાર.
પેથાપુરથી આવ્યો પુંજીઓ, બાપતણો કરવા બુધવાર,
જંગબારથી જીવલો આવ્યો, રંગુનથી તો રાંમારાત,
સીકાપુરથી સકરો આવ્યો. ગભરાવી મુકી ગુજરાત,
કુબેરો રહેતો હતો કરાંચી, તુરત તેહને કીધો તાર.
સહકુટુમ્બ સાથે તે આવ્યો, હજામ લાવ્યો એક હજાર,
અસનાપુરથી એક આવીઓ, ઈન્દ્રપ્રસ્તથી આવ્યા આઠ;
વીસ પચીસ વૈરાટ નગરથી, સોલાપુરથી આવ્યા સાઠ,
જુજ હતા મહી જંગબારના, ઈરાનના વળી આઠ હતા.
કાબુલના મહીં હશે કેટલાક, મુલતાની તો કોઈ નતા,
ઈટાલીમાંથી આવ્યા આઠસો, ફ્રાંન્સથી આવ્યા ફોર હજાર,
જર્મનીના મહીં હશે અવતે હુન્ડરેડ સેવન્ટી બાર,

ચોરેક આવ્યા ચીન દેશથી ઘડલંકાથી લલ્લુરાત.
બોલ સ્થળેથી હજામબંધુ ટુગેધર થયા તેડાસાથ,
ટુ બારબર્સ મઇ ટ્રાંસવાલના, ફાઈવ કેઇમ ફ્રોમ અરબસ્તાન
ટુવેન્ટી ટુ કેઇમ તીબેટમાંથી, એન્ડ ઇલેવન ઓફ ઇસ પહાન
પુરવદેસ સેં પેસઠ આએ લેઆએ સબ સાથ લુગાઇ.
હાઉમેની મઈ હશે દક્ષણીઃ ત્યાંથી માલા ઠાઉકનાઈ,
ધર્મપુરીથી ધનીઓ આવ્યો, ઇન્દ્રપુરીથી અમથારાતઃ
વૈકુઠમાંથી વજલો આવ્યો, ભઇને તેની શી કહુવાત
ગીરધરને ગરબડ પણ આવ્યા, નાનું મોટુ સહુ સંગાથ.
બનો રઘો નાથોને આસો, ટોળે થયા ત્યાં રાતારાત,
અગણિત થયા હજામ એકઠા, ગણુતા તો નહી આવે પાર;
કુલ સંખ્યા હું કહું આશરે સુણુ લાખને સાત હજાર.

[પછી શું બન્યું)

સગાં આવીયાં સર્વ ગામથી, મળી ત્યાં જ્યારે મોટી ન્યાત;
તેમાં કઠણુ હૈયુ રાખીને કરતા, કારભારૂ મહી કાનારાત,
આ ભોંજવા કુવાનો નથી ભરોસો દગો જરૂર અંતે દેશે.
ગોવિંદીઓ ધુરકીને બોલ્યો સગાં સર્વ તરસ્યાં રહેશે;
વાળંદો સહુ કરે વીમાસણુ હવે કરીસું સો ઉપાય,
તલાવમાંથી ટોટો પડસે પાણી પણ પુરૂ નહી થાય.
ન્યાત પટલ એક નાપીકનો કહે ગભરાવો છો કેમ ગમાર;
આ જુની વાવપર કરો ઝપાટો તાણી લઈ જવા થાવ તૈયાર.
પાંચ પચીસ પાઘડીઓ કેરા બંધ કસીને બાંધી વાવઃ
ખીચો જોરથી જુવો આ ચસકી હવે ન હીમ્મત હારીજાવ,
કર્યું જોર કીકીઆરી પાડી સાલી વાવડીના સૌ ભાર,
તડા તડ તુટી પાઘડીઓ પહોળે મોઢે પડ્યા ગમાર.
આસારાતે ઉઠાડ્યા સઉને વળી વીફલતો વઢવા લાગ્યા;
આહક પાસળીઆ હરામખોરો વણુ અંપના વાંસા ભાગ્યા,

હબકે હઇને ઠઠા પડીઆ પછી જમણુનો કર્યો વિચાર
ભઇને વાત કહુ ભોજન કરવા હજામ પડીઆ હારોહાર;
અમથારાત હુકા ભરી આપે વજો રાત વાતો કરતા
એક વેઢ આંગળીએ પેરી ફુકકડ થઇ નરસઈ ફરતા.
અહીં બેસો અહીં બેસો કહીને જગા બતાવે સઉજનને,
વળી ઘરેણું ખુબ ઘાલીને સાથે સણુગાર્યો તનને.

વારૂ પછી ?

જમણુવારમાં કરી જલેબી વળી પડાવ્યાતાં પકવાન;
દાળ ભાત કીધાં દુખવેઠી સુખે જમે જેથી મેમાન;
ભાત ભાતનાં ભજીઆં તળીઆં સાથે સકરીઆનું સાક.
કર્યો ચટાકો ચટણી કેરો વળી અડધાં મહી આદાપાક,
લકડશી લાડુ પણ કરીઆ કમોદનો વળી કીધો ભાત.
પડી પંગતો પારેખોની ભઈને તેની શી કહું વાત;

હજામ પીરસણીઆ થયા.

પાંચ પચીસ મહી પીરસણીઆ થયા, જમવા બેઠી ઝનરલ ન્યાત
પસારાત પકવાન પીરસે ભાત પીરસે ભુલારાત.

(એવા અક્કલવાળા કે પકવાનમાં પણ ખાંડ પીરસી.)

દાળ લઇને દામારાત તોં કરે ન્યાતમાં દોડાદોડ;
પડે કહિ પકવાન મોળુતો ભઇને વાત કહુ લેજો ખાંડ,

(વારૂ પછી ?)

પહોંચી વળ્યું પંગતમાં ત્યારે સહુકો જમવા લાગ્યા જ્યાંય;
લોગ જોગે ચીચુડો આવ્યો ભગારાતના ભાણુમાંય,
બૂમ પાડી તે બોલી ઉઠયો સાંભળજો જન સરવ ભયો;
બંધ કરો જન સરવે જમવું દગો દાળનીમાંય થયો,
ચતુર હતો તેથી ચેત્યો હું ભુલથી જો ખાધો હોત ભાત;
ટો જરૂર પેટમાં ભાત ચીચુડો અંદર મોટો આંબલો થાત.

(આ સાંભળતાંજ પીતરાઈ બોલી ઉઠયો.)

દગો દાળમાં થયો જાણીને હૈયામાં સળગી હોળી;
ન્યાતબાર નરસઇને મુકો બોઘો રાત ઊઠયા બોલી,

ખરાબ કરવા બેઠા ખઇને આવડીતે ભાઈસુ આદરી.
ધુળારાત કહે ખીખાર તમને ઘોએલીમાં ધૂળભરી;
ગગારાત સહુથી ઘરડા તે કર જોડી કહેવા લાગ્યા,
ભાઈ દગો હોયતો દંડ કરોને લ્યો રૂપૈઆ મોં માગ્યા.

લલ્લુરાત કહે દંડ ન લેવો જો લોટાનું લાણું થાય;
સવાલ કીધો સંકરરાતે આતે સાલુ સુ કહેવાય,
કર્યા ઠીસરો કીસોર બોલ્યા કરો એક એકડો એવો;
ભલે કહી જો કરેએ લાણું તોય ન્યાતમાં ના લેવો,

નરસીરાતને રીસ ચડીને લોટા ન્યાતમાંના આલ્યા
તેથી માંહોમાંહે વઢીપડયાને રાતબધા રીસઈ ચાલ્યા,

આ રેગ્યુલેટર રાત ન્યાતની સ્ટોપ કરૂં હું હવે કથાયા.
લખું હીસ્ટરી હજામની તો પુસ્તક આ પુરૂ થઇ જાય;
વીલકમ બીજુ વિશેષ મેટર ઇનધી અનધર પુસ્તક માંય,
આ વાત રાતની રીડીંગ કરતાં ઉરમાં ટુમચ આનંદ થાય,

વાલંદ વીલબી વેરી એન્ગ્રી વેનધે વીલ હિયર ધીસબ્યાન,
એટવન્સતો આપી ન્યાતનું ટુવર્ડઝમી બેંચારો ધ્યાન.

નવલ કથા આ રાત ન્યાતની જેજન ભાવ ધરીને ગાય;
શીખે સાંભળે શાન્ત થઇ તો જરૂર જીવતાં સ્વર્ગે જાય,

(ભગા રાતના અંતરના ઉદગાર.)

અરેરે હું સો સગાનો સગો ને આખરે મારીજ હાલમાં હગો ? પણ ફીકર નહિ દાવ પડતી હુંબી સોગટી મારીસ, મેરબાન અમારી ન્યાતમાં હવડાં જો કોઇ વીરલો પુરૂષ પાકે અને હજામતનો આગવો ઇજારો રાખીને હેરકટીંગ શલુનની શોપો ખોલે ને મહી આધેડ ઉમ્મરના અને અનુભવી કારીગરો બેસાડીને, ધમધોકાર ધંધો ચલાવે તો પછી. ઘરાકો ખોળા પાથડીઓ કરેને હજામતનો રેટ વધે, અને મુંડામણ મોંઘુ થાય; વળી અમેબી એવા છીએ કે, જો કોઇ અમારા બીઝનેસને ઉત્તેજ ન આપનાર હોય તો અમો ગ્રાહકોને છાતી ઉપર બેસીને હજામત કરીએ વળી મહેરબાન અમારૂં કામ પણ સફાઇ બંધ એવું છે કે ?

હસીને હીહોરાં કરતાં આવી બેસે ઓરાં;
પણ પલાળીને મુડીએ એટલે, થઇ જાય કોરે કોરાં.
સમજ્યા મહેરબાન ?

(જો કદિ મને રાજ્ય મળે તો !)

છપ્પો.

છત્ર સોનાનો સજાવું સોનાની સલાકી કરૂં;
ચાંદી તણો ચીપીઓ કરાવીને વતાં કરૂં,
નરેણીએ લટકાવું લુમખાં હીરા મોતીનાં.
ખોટુ નહી વચન આ કહું છું ખરેખરૂં;
કાતરને કાંશકો કરાવું ઊંચા કુંદનનાં,
કોથળી તો કીનખાબની વિશેષ વાપરૂ.
મળે મને ગાદી તો આ ખાદીનો રૂમાલ ખોઇ;
ઉમદી એવડ [illegible] પાથરૂં,

છપ્પો.

પારેખ ધરેલ નામ વાળની પરખ નાહિ.
હજામત રીત જરા હજામ ન જાણતો;
બહુ બળે બારબર બરોબર ખીલે ત્યારે,
રાત નામ ધારી રાતે રાત જેવું માણતો.

નાવી નામે ગુણભલો બોલાવ્યો તો આવે નહિ;
વાળ તાણે વાળંદતે, વાવ જાણે તાણતો,

સચાચસ ફટાફટ ચટાચટ કરે બહુ
માથે છર મેલે જાણે કરવતને તાણતો;

સ્વપ્નાનું સ્પસ્ટી કરણ અને હાસ્ય પ્રકાશક હીસ્ટરી.

(ફન પુન પોયટ્રી.) (રાગ પેટંટ પહાડી)

બોરસદ તાલુકામાંનો એક બારબર૧ બોમ્બે જઈ આવ્યો;
ત્યાં હાફકાર્ટોની હજુરમાં રહી યસ ને નો શીખી લાવ્યો,
ગાંમડાનો રહેનારો ગાંયજો ફેશનમાં ત્યાં ફસી ગયો.
મેનર ૨ જોઇ ઇંગ્લીશ મેનોની હજામ અપટુડેટ ૩ થયો;
કોથળી બદલે બેગ કરાવી ને કીનખાબનું કર્યું કવર, ૪

મહી સીઝર ૫ ટપલો એન્ડ શલાડી નરેણીને બે નાજુક છર.
ટુવાલ સાબુ અને કાંસકો વન વોઝ હેરકટર ૬ હથીઆર;
સેન્ટ લવંડરની એક શીશી ખરે ખરી જે ખુશબોદાર,
વાડકી વન વોટર લેવાની એન્ડ હતી સુંદર આરસી.

---

૧ હજામ ૨ રીતભાત ૩ આજકાલની ફેશન ૪ ઢાંકણુ ૫ કાતર
૬ વાળ કાપવાનું

ઓલ ઇન્સ્ટ્રુમેન્ટ ૭ અંદર ભરીને, બંધ બેગને બાંધ્યો કસી;
બંગાળી ફેશનના રાતે માથે ઓળી ઢીલા વાળ.
બુટ શુટ નેકટાઇ લગાવી ખીસ્સામાં ઘાલ્યું ઘડીઆળ;
ઠાઠ માઠથી કરી ઢીસરો ઓલરાઇટ બનીઓ આ રાત,
હેન્ડકરચીફ ૮ એન્ડ કેઈન ૯ હાથમાં, ભાઇને તેની શીકહુ વાત,
પૂર્ણ રીતે થયો પોઝીશનમાં કહેતાં તો નહિ આવેપાર.
પારેખની પદવી લઇ બેઠો વતાં તણો ચલવ્યો વેપાર;

શેર.

જઇ શહેરને મધ્ય સ્થળે એક શોપ ખોલી આગવી;
મેં મારી જાતે જોઇ છે એમ કહે છે લખનારો કવી.
પસવો રેવો ને પીતલો એ ત્રણ કારીગર હતા;
ગ્રાહકો તણા ધમશાણમાં વનબાંયવન ૧૦ કરતા વતાં,
તે શોપ ૧૧ આગળ હું ગ.યોને સહેજ ત્યાં ઉભો રહ્યો
ઝટ આ.ખ મુજ ખુલીગઇ હેવાલ સ્વપનાનો કહ્યો;

વરદાયિ વીર નાપિકોનું વચનામૃત.

કવાલી મુડેવાળ બ્રાહ્મણોની.

(રાગ—ટપલાના ટચાકા જેવો)

હમે નાયિક બ્રાહ્મણો—હવે વાળંદ કેમ કહો છો ?
ગણીને ગાંયજા હમને—અરે અપવાદ શું દયો છો ?
હમે તો બાળ બ્રહ્માના થયા ઉત્પન્ન નાભિથી,
હજામત વિષ્ણુની કીધી વડી પદવી મળી ત્યાંથી.

---

૭ હથીઆર. ૮ રૂમાલ ૯ સોટી ૧૦ એક પછી એક ૧૧ નદુકા

વતુ કરતાં રીઝ્યા વિશ્નુ કહે જે માગે તે આપું,
માગ્યું કે એક શસ્ત્રોથી કરોડોના ગળાં કાપું.
બનાવો હસ્ત બે મ્હારા પ્રતાપી મહાન બળવાળા,
તથાસ્તુ વિશ્નુ કહી બોલ્યા સુખેથી છેદ સુવાળા.
હતા પાસે ચતુર્થ વેદો ચીરી હથિઆર ઝટ કીધાં,
સરાણુ ઉપર સજાવીને શસ્ત્રો સઘળાં કર્યાં સીધા
યજુર્વેદનો અસ્ત્રો કીધો અથર્વની તો કરી કાતર,
રૂડો ઋગવેદનો ટપલો શામના પથરીને પાથર.
ભરી હથિઆર થેલીમાં ગયા શંકરને કૈલાસે,
ઠર્યાં વિષ્ણુ જઇને દહેરામાં બેઠા ઝટ પોઠીઆ પાસે.
પંપાળી ખુબ પોઠીને પ્રકમા દઈ પગે લાગ્યા,
બરાડયો નંદિ ત્યાં બળથી સમાધિમાંથી શિવ જાગ્યા.

(ત્યાં નાપિક બ્રાહ્મણે શું કર્યું)

કરી ચંપી રીઝયા શંકર કહ્યું કે માગ્ય મુજ પાસે,
તેજસ્વી સૂર્યસમ સ્થાપો અંધારૂં મારાથી ન્હાસે.

(ત્યારે શંકરે રીઝીને શું આપ્યું.)

દીધો ઘોડો અને કુલ્લી કહ્યું કે લ્યો આ સળગાવો,
અંધારે અજવાળાં કરવા હવે અવનિ વિષે જાઓ.
પામી વરદાન ને વળતાં ગયા પછી પોઠીઆ પાસે,
લીધા નખ ને રીઝયો નંદિ આપ્યું ઉપવિત ઉલ્લાસે.

(આ વાતની સ્વર્ગમાં દેવતાઓને ખબર પડતાં)

સભા ભરી સૂરોની સ્વર્ગે તેડયાં ત્યાં ઇંદ્રે આદરથી,
દેવોના દીલ ડોલાવીને રીઝ્યા ચા લાકી સૌ ત્યાંથી;

(વાળંદો ઉવાચ.)

નાચ દેવાંગનાઓના દેખાડી રીઝવ્યા હમને;

હવે ઝટ વિશ્વમાં જાઓ કહી સોંગી દીધા જમને,
કર્યું ત્યાં જોર જમદ્રાએ ઝપાટો પગ કર્યો જબર.

ઉછાળી એકદમ ફેંક્યા હમોને તો આ અવનિપર;
પ્રગટયા સેનો ભગત પૂરા પ્રભુપદને ગયાં પહોંચી,

હમારા હાથમાં રહી છે હવે આ ઝટ અને માંચી.
(વિશ્નુ ભગવાને હજામતથી રીઝીને આપેલા,

બળનો શો ઉપયોગ કર્યો ?)

વઢયા જઈ વાવડી સાથે પાઘડીઓ તાણતાં ફસ્કી,
ગયું બળ એ ભુજાઓનું છતાં ના વાવડી ચસ્કી.

જગતના લોકો તો લક્ષણ કહેશે વાટેને ઘાટે,
ભલે દુનીઆ છો ચીડવતી તમો ચીડવાવ શા માટે.

અનાદિ કાળની કહાણી કહે છે લોક દુનીઆના,
તમો ના લક્ષમાં લેશો થાકી તે રહી જશે છાના.

નમામિ નાવિ બ્રાહ્મણો કવિપર ક્રોધ નાકરશો,
ક્ષમા ભૂલચુકની આપી હૃદયમાં રોષ ના ધરશો.

કક્ષમ દઈને કવિરાવે કહ્યું છે કે બીજા શો ના ?
વહાલા વીરા વારેઘડીએ હવે રિસાઈ જાશોના ?

છપ્પો.

સોમવારે સહવારમાં શેરીમાંજ સામા મળ્યા,
ઈસારો કીધો કે ઝટ આંપતો ઉભા રહ્યા;

હજામત માટે ઘણી આજીજી મેં કીધી ત્યારે,
ગુરૂનો વાર બતલાવી ચાલતા થયા;

એ બુધ ગયો ગુરૂ થયો શુક્રની પડી સાંજ,
શનિ વીત્યો છેક તોયે નાવી તો ન આવીઆ;

આતવારે આશા છોડી અદિ હું ઉદાસ થયો,
મેં જાણ્યું કે ધુળો રાત ધુળમાં મળી ગયા;

૨

એમ રોજ રાહ જોતાં વતુ તો વધ્યુ અપાર,
માથા તણા વાળ વધી મોટી વડવાઈ થઇ

મુખતણી મુછો ફાલી પગને અંગુઠે પહોંચી;
દાઢી તો ડબલ ઠેઠ અડી આંગણે જઈ,

આંખો તણી પાપણો તે પેટ સુધી આવી પડી.
નાકના મુવાળાની લંબાઇનું લેખું નહિ;

હાથ પગ તણા નખો પાવડા સમાન થયા;
આવું છું કહીને ઓધરી ગયા ધુળો ભઈ.

૩

વાળ તણો કાળ હવે રાત વિના કોણ કરે.
બારબરોએ બંદોબસ્ત કીધો બધી ન્યાતમાં,

ખુબીનો ખજાનો વાંચી ખીજવાઇ ગયા ખુબ;
હજામતો બંધ કરી સંપીઆ સુજાતમાં,

માથાં ના મુડવાં એવો મનાઈ હુકમ કહાડી.
સગાંને સમજાવી ઓર્ડર આણ્યો પ્રખ્યાતમાં;

પારેખોના પંચે મળી પેટંન્ટ પ્રોગ્રામ રચી,
ઠરાવને પાડ્યો બહાર ઠીસરાની સાથમાં,

૪

તમાંમ સીકલો તણા તમે છો ઇજાર દાર.
મનુષ્યને પ્રાણીઓને પોલીશ બનાવતા;

કાઢ હહાડા આપ કહી હમોથી ઉલટી જાવ,
નવમે દહાડે હમે આપ ઘરે આવતા

વિનયને વિવેકથી કાલાવાલા કરી વળી;
ઓ આપુતું ચાલ એમ કહીને બોલાવતા,
પણ હેરકટીંગ સલુને વાળ્યું સત્યાનાશ.
એક ચાહું અત્યારે તો આઠ દોડયા આવતા;

૫

વીરનર વાળંદોનો વિશેશ માનુ આભાર,
ખુબીનો ખજાનો જેણે પ્રસીધ્ધિમાં આણીઓ.
હજામતો બંધ કરી હાકોટો ઉડાડયો તેથી;
દેશને વિદેશ તણા જનોએ તો જાણીઓ,
ધન્ય છે એ વીરનરો ઓળખાયા હાથે કરી.
જાહેરાત થાતે બુકો વધુકી વેચાણીઓ;
જ્ઞાનીઓ ખરીદી ગયા વાંચી ખુબ ખુશી થયા,
વળી વહાલા વાંચકોએ વિશેશ વખાણીઓ.

(કવીના આશિંવાદ)

૬

ઘણું જીવો સુખી રહો ગ્રાહકોમાં વધો માન;
પ્રજા પ્રીતી કારીગરી પુરેપુરી પામજો
પ્રમાણિક બની પુર્ણ પંચમાં પુછાજો.
વળી દુઃખ ને દારિદ્ર પણું દુર દેહથી હજો;
વડા હોંશીયાર બની વિદેશમાં કહાંડી નાંમ,
હુનર વધારી ગુજરાતને ગજાવજો.
કહે કવીશાવ કર જોડી પ્રભુ પાસે આશ;
ઇન્ડીઆમાં વાળંદોના વંશની વૃદ્ધિ થજો.

૭

અસ્તરો ફરે કે ઝટ બંધ આવી જાય એવી.
અજબ તરેહની તો હજામતો આવડો;

વળી તમો વકં જોઇ ગ્રાહકો સા ગકં બનો,
કોમિક એ કારીગરી તમારે કરે ચઢો.
હાથ તો તમારો એક ફુલની સમાંન ફરો;
પ્રતિદીન ગ્રાહકોનો પ્રેમ તમોપે બઢો,
કહે કવી રાવ ખુબ ખુશીથી કમાઇ ખાવ.
એકના અનેક થઇ ઇન્ડીઆમાં આથડો;

(ખુબીનો ખજાનો વાંચીને ગીનઈ ગયેલા ગીરધરરાત ગુસ્સાના માર્યાં ઓચિંતા આવીને હજામત કરવા બેઠા)

છપ્પો.

હાથવાળુ હોંપે કરી કોથળી મહીંથી કાઢી;
પાણી પથરીએ પાઇ ચામડું ચટાડીયું,
ચોટલી ઝાલીને મને ચસકવા દીધો નહિ.
નીચું મુંડું મરડીને પગ ઉપર પાડીયું;
દુશ્મન નથી પણુ દગે મસળે છે મને,
ધીખી ઉઠયું તન જાણે ભાખરાનું ભાડીયું.
રટે કવીરાજ આતો વૈરી સમ વેઠાતું નથી:
મારે માથે મૂકયું અતે અસ્ત્રો કે આર્ડ ચુ,

(નાપીક સ્તોત્ર ઉર્ફે વાળદોનું વચનામૃત.)

(બારબરોની-બહાદુરી.)

૧ હે હમારા શીરનો બોજો ઉતારનાર અને હમારા ચહેરાને પોલીસ કરનાર આદી અનાદીના પેઢી ઉતાર સાચા સંબંધી વા-

બંદ વીરાઓ તમોને હમારા તરફના દેશ હજારવાર પ્રણામ કારણ કે જો કદી તમે ના હોત તો હમારી મહા બુરી દશા થાત એક તો દાઢી વધીને અમોને બકરા જેવા બનાવી દેત વળી માથાના વાળ વધીને વડની વડવૈઓ જેવી લાંબી જટા બની જાત એટલે પછી ભુતમાં ને હમારામાં તો બીલકુલ તફાવત રહેતજ નહી. માટે હે બ્રહ્માજીના રચેલા બાગ બગીચાના હે માળી વાળંદો તમોને વારંવાર ધન્ય છે.

૨ હે મહાશય બારબર બંધુઓ જુવો કે સરકારી નોકરો રવીવારને દીવસે અને બીજા ગ્રહસ્થો બુધવારને દીવસે ખાસ તમારી મુલાકાત લે છે. માટે હે ઝનરલ જાહેરાત ભરેલાં બુધવારીયાં અને ચાલુ જમાનાના સાંજ સવારના સમાચાર પત્ર તમોને થાઉઝન વાર થેન્કસ છે.

૩ વળી હે નસીબદાર નાપીક બંધુઓ તમારે ગ્રાહકોની તો ખોટજ નથી. કારણકે તમારી દુકાન પણ બગલમાંજ રહે છે. વળી કરમ સંજોગે જો કદી સેગા થઇ જાવ છો ત્યારે હવડાં આવું છું કહીને સટકી જવાનું કારણ બતાવનાર મહાન ગંભીર સ્વભાવવાળા શસ્ત્ર ધારીઓ તમોને સાહેબ શ છે.

૪ આહા પાળીને દીવસે તો પ્રાતઃસકાળમાંજ તમારી યાદી થાય છે વળી જુવો કે રાજાને બધું ગામ માથું નમાવે ! અને તેજ રાજા તમને માથું નમાવે ! શું એતે કાંઇ થોડું છે ? માટે હે રાત્રીના રાજાના રાજા તમારો તો અગેઇન એન્ડ અગેઇન આભાર માનવો જોઇએ

આહા ! વહાલા નાવી ભૂદેવો ! તમારા શીવાય તો આ ભારત ભૂમિમાં બધુ રદ છે. જુવો એકતો ઉપવીત વખતે પ્રથમ તમારીજ જરૂર વળી છોકરાની બાબા ઉતારતી વખતે પણ તમેજ તે શીવાય જંણમાં–મૈંમાં–પૈણમાં ને છેવટ અણઇણીમાં પણ ખાસ હાઝરના હાઝરજ દેખાવ છો વળી છેવટ આહકનું શ્રાધ

થઇ જાય છે ત્યાં સુધી ગણુ તમારો લાગો તો લાગ્યો ને લાગ્યોજ રહે છે તોહે સાંસારીક વ્યવહારીક સર્વે કાર્યોના અધિસ્ટાતા હે ગણુપતીના વાહનના શત્રુના સગા ભાઇઓ તમારાથી તો નવ ગજના નમસ્કાર છે. કારણુ કે બિલાડીના પેટમાં ખીર ટકે તો તમારા પેટમાં વાત ટકે.

જુવો જ્યારે કોઇને પુત્ર જનમે તેના વધાઇ સમાચાર લઇ જનારા પેટંટ ટેલીફોન પણુ તમેજ છો. વળી એક બીજાને સગાઈ સંબંધ જોડાવવામાં તમે એક રૂપુ ઝળવાના રેણુ જેવા છો માટે હે મશાલ્ચીના માનીતા મંકેરઆનો તમારી અકળકળાને એકસોને સાઇઠવાર ધન્ય છે !

હે કળિયુગના ભૂદેવો ! તમારો કાયદોજ ન્યારો છે. કેમકે રેલ્વેની ટીકીટવાળા ઉધારો રાખે તો તમે રાખો ! દરેક કાર્યમાં તમારૂં દાપુ તો રોકડુજ હોય છે, વળી તમને આપ્યા સિવાય પણુ છુટકો નથી. માટે હે ટેકસના ત્રીજાભાઇઓ તમને વારંવાર નમસ્કાર છે

વળી કઇકનાં ભંગાવનાર કંઇકનાં નખોદવાળનાર અને કંઇકને ગરદન મરાવનાર લગનમાં આંટાં કુંટાં કરીને જુવાન કન્યાઓને ઘરડાની ચીતાનાં લાકડાં બનાવનાર; સગાંઓમાં ભાંજગડો ચુકવનાર ! હે અદાલતની અરજીઓના માતા પીતા ! હે મહમદ ગીઝનવી ઓરંગઝેબ નાદીરશાહ વીગેરે ભારતવર્ષનો નાશ કરનારના મોટાભાઇઓ તમોને પળે પળેને મીનીટે મીનીટે ધન્ય છે.

વળી હાલમાં ભારથ વર્ષમાં કેટલીક બાળરંડાઓ તથા દુઃખ પામતી સ્રીઓ નીત્ય સહવારમાં ઉઠીને તમારા નાંમના છેડા વાળે છે.

અને ભગતાણીઓ તો તમારા નાંમના નરદમ ગાળોનાજ પરભાતીઆં ગાય છે અને પોતાનાં ઘી રૂપી દુઃખનાં આંસુઓને

વિરહાગ્નિથી સળગતા હૃદય કુંન્ડમાં હોમીને આશાનું બળીદાન આપી તમારા મોતની માંગણી કરે છે. છતાં પણ તમારો તો વેલો અમરવેલની માફક વધ્યાજ કરે છે ! માટે હે રક્તબીજના સંતાનો અને સબ દેવન કે દેવ હે કાગ રૂશીયો તમોને ધન્ય છે !

જુવો કે હાલમાં દરેક વસ્તુઓના ભાવ વધ્યા ત્યારે તમે પણ હજામત વેરો વધાર્યો છે. તેથી તે બીચારાં ગરીબોને ઘણોય આકરો પડે છે, પણ શું કરે ! કોને કહે કારણ કે હા તોય તમે ને ના તોય તમે ! માટે હે નર હે મુળ નક્ષત્રમાં પાકેલી કીમતી વસ્તુ. હે ! રત્ન ! તમને ઘણોજ ધન્યવાદ છે !

જુવો કે દરેક તિર્થનો રાજા જે પ્રાગરાજ છે ત્યાં પણ તમારો આશ્રય લીધા વગર છુટકો થતો નથી અને દેહ શુદ્ધ [illegible]ત વીગેરે દરેક પાપનું મથક જે વાળ છે. તેનું તમે છેદન [illegible]વાળા છો, તેથી હે પતીતપાવન અધમ ઓધારણ તિર્થનું સંપુર્ણ ફળ આપનારા હે ! વેણી માધવ ! અને પ્રાગરાજના પંડ્યાના શુકલો તમોને એક લાખને એંશી હજારવાર ધન્ય છે !

ગયાજી, કાશી, બદ્રીનાથ, દ્વારકાં મથુરાં, હરદ્વાર વીગેરે જ્યાં કંઈ તિર્થમાં જઈએ પણ પહેલી તમોને ભેટ મેલ્યા શિવાય કંઇ ફળ થતું નથી જ્યારે તમે રીઝીને આશિર્વાદ આપો છો, ત્યારેજ આગળ ડગલુ દેવાય છે, માટે હે જુનામાં જુના અને બાપીડ ઉમરના રૂષિ મુનીઓથી વધુ જાણવા વાળા હે ! સબભરખી અને આચાર વીચારના અગ્રેસર તમોને હજારો ગાડા ધન્યવાદ છે.

વળી તમે મોટા લોકોની બેઠકમાં પંખો ચલાવીને વાયરો જમાડો છો, વળી પગ દાબતે થોડી ઘણી ટીહરીઓ પણ કરો છો. માટે હે મોટા લોકોનાં મન રીઝાવનાર રમકડાં ! તમને ને તમારી દાઢી મુછને ધન્ય છે ! વળી મોટી મોટી મેહફીલોમાં અને મોટા મંડપોમાં પણ મસાલ સળગાવીને અજવાળું કર-

નાર આપજ છો ! કારણ કે કહેવતમાં કહ્યું છે. કે માલીકનું તેલ બળે, ને જોડે મશાલચીની આંખ બળે. એ ઉદાહરણ રૂપી પણ આપજ છો. વળી હાથમાં મસાલ છતાં તમારે તો અંધારૂજ ! તો હે હૈયાના આંધળા ! ને નામનાજ પારેખો ! તમોને ધન્ય છે !

વળી નૃત્યની સભામાં પણ નાચનારી વેશ્યાની સાથે તબલચી અને સારંગી વાળાની માફક રંડીની પછવાડે આસ્તે કદમ ઉઠાવતા તમેજ ફરો છો, અને રંડીના ગાયનની ખરી લેજત પણ તમેજ લુંટો છો ? વળી રંડીને જે કાંઇ મેફીલમાંથી મળે છે; તેમાંથી એક રૂપીએ એક ટકો દસ્તુરી પણ તમેજ લ્યોછો, અને ભાંડ મશ્કરાની ટોળીમાં લોકોની ટીહરીઓ કરવામાં મુખ્ય પાત્રો અથવા ચીફ એકટરો તમેજ છો; માટે હે નકલ બાજોના અને ભાંડ ભવૈયાના પીતરાઈ ભાઈઓ તમોને ધન્ય છે

વળી જ્યારે કોઇ સંન્યાસી વૈરાગી કે જોગી થાય છે, ત્યારે પ્રથમ તમારી પાસે માથે હાથ ફેરવાવે છે.

વળી મોટા મોટાં જનાન ખાનામાં જઇને સ્ત્રીઓના નખ પણ તમેજ લ્યો છો. વળી માંહેમાંહે હોળી સળગાવો છો ! અને સગાં સંબંધીઓમાં પણ સાચાં જુઠાં કરીને એક બીજાને ખટપટ કરાવો છો ! વળી જો તમારી તબીયત બરોબર ના સચવાય તો તમે તેનું ભુંડાઈનું ગ્રામોફોન બની જાવ છો, અને ઠેર ઠેર વગર રેકર્ડે વાગ્ય કરો છો, માટે હે ! દીલના ડાયા મેટર અને સીનેમેટો ગ્રાફની પુટલી ફીલમ અને નારદજી જેવા નટખટીઆ ! અને દુરવાશા જેવા ક્રોધી ! તમોને ઢગલે ઢગલા ધન્ય છે !

વળી એક બખત તમે પુનામાં પંચ ભરીને ઠરાવ કર્યો હતો કે જે કોઈ હજામતના બે આનાથી કમતી દામ લે તેને ન્યાતબાર મુકવો તે વખતે ગરીબ લોકો તો માંહોમાંહે અસ્તરા

ચલાવવાનો વિચાર કર્યો છતાં પણ તમને દયા ન આવી માટે, હે ભવિષ્યના ભૂદેવો અને આ હળહળતા કળીયુગના ધગધગતા દીવાન અને આયરલેન્ડના લેન્ડલીગો તમોને ધન્ય છે !

વળી રાત્રે અમલદારના પગ દાબતે લોકોની ચુગલીઓ કરવી, અને આડું અવળુ ગપ્પુ ચલાવી મનને મનવવું એ ખાસ આપનુંજ કામ છે, માટે હે ચુગલ ખે.રના બડા ચચ્ચા અને શીયાળના જેવા સદગુણવાળા વીર વાળંદો તમોને ધન્ય છે !

વળી રાત્રે ચંપી કરતી વખતે ગમે તેવો મોટો અધિકારી હોય કે ન્હાયતો રાજા હોય, પરંતુ તેની સામા જઇને તમે બેધડક બેસી શકો છો તો હે મોટી છોટી બેઠકોના બેસવાવાળા ! લી મ્બચી માતાના તનુજો, હે ! લક્ષણના લાંબા ચડા અને પાઘડીઓ બાંધીને વાવડીને ખેંચનાર અકકલ બાજો તમોને મેની મેની થેન્કસ છે.

વળી અમારૂ રૂપ તે તમારીજ વડે છે, તમો શસ્ત્ર ધારી છો ? છતાં પણ તમે હથીઆર એકટથી બાતલ છો, માટે હે રાજ્યમાંન રાજેશ્વરી સેતાનોના સરદાર જળમાં મઘર પંખીમાં કાગડો, પશુમાં શીઆળ, અને મનુષ્યોમાં કાંણો, એ સર્વેના અધિસ્ટાતા હે ગુરૂના ગુરૂ, તમોને ધન્ય છે. અક્કલના અધુરા ને પંચાતોમાં પુરા, જુકતી મુક્તીના જાણવાવાળા સુજાત બંધુઓ ધન્ય છે તમને અને તમારી જનેતાને કારણકે કહ્યું છે કે.

જનની જણજે ભક્તજન, કાં દાતા કાં સુર;
નહિતર રહેજે વાંઝણી, મત ગુમાવીશ નુર,

વળી જુવોકે જેવી રીતે વાદળમાં સૂર્ય, અને ચંદ્ર છે, તેમાં ખાસ ચંદ્રરૂપી આપ છો ! અને સૂર્ય રૂપી ધોબીછે, વળી સુધાકર ચંદ્રને ખીલવનાર જેમ રાત્રી છે, તેમ મનુષ્યોના રૂપને ખીલવનાર બસ રાત નામથી આપજ પંકાવ છો ! તેથી કરીને

કેટલાક માણુસો તમને રાત કહીને બોલાવે છે એ બધું ખરૂં પરંતુ ધોબી વીનાતો બધુ ધુળજ છે, વળી જુઓ કે ?

ધોબીને અસ્તરીની કમાઇ ખાવાની અને હે વાળંદો તમારે અસ્તરાની કમાઇ ખવાની, તો હે છરધર નરરત્નો અને સ્વાદ ત્રીસમી કળીના શૂરવીરં શસ્ત્ર ધારીઓ ? તમારે આ દુનીયાંના તમામ વૈભવોમાં કોઇ પણ જાતની ખામી નથી ખામી માત્ર આટલીજ છે કે—

છપ્પો.

છર સોનાના સજાવો સોનાની છલુડી કરો;
ચાંદી તણો ચીપીયો કરાવીને વતાં કરો,
નરેણીએ લટકાવો લુમખાં હીરા મોતીનાં
ટપલાને ચારે બાજુથી વળી ઝીકે ભરો;

કુંદનનાં કાતરને કાંશકો કરાવો,
વળી કોથળીમાં કીનખાપ કીમતીજ વાપરો.

કહે કવી રાવ ખુબ દોઢીયા કમાવ;
પછી શાલ એક લાવી અને પાથરણે પાથરો,

વળી જે જે પશુઓના ચાંમડાના ટપલા બન્યા તે પશુઓનો તો પરમાત્માને ત્યાં ઓદ્ધારજ થઇ ગયો છે ! વળી એ ટપલા ઉપર જયારે લટપટીનો તાલ વાગે છે. તે વખતે ઉસ્તાદ તબલચીનું મગજ પણ ગભરાઇ ઉઠે છે, તો હે તાલંબાજ ઉસ્તાદોના ઉસ્તાદ અને સંગીતના શીરછત્ર તમોને સાહબાશ છે.

વળી આ દુનીયામાં તમારૂં તો ડગલેને પગલે કાંમ પડે અને બ્રાહ્મણ ક્ષત્રી અને વૈશ્ય એ ત્રણેયનું તમે નાક છો ! માટે હે અનુપમ હે ! સર્વોત્તમ હે. સર્વ ગુણ સંપન્ન હે ! રોમ શત્રુઓ ! તમોને કોટાન કોટીવાર ધન્ય છે. ધન્ય છે.

વળી જ્યાં પંચ કે રાવણું ભરાયાં હોય ત્યાં હુક્કાના હવાલ દારતો તમેજ છો. વળી કહેવત છે કે જહાં તીરથ તહાં બાહ્મ અને જહાં બમ્મન તહી નાઉ એટલે જ્યાં તીરથ છે, ત્યાં બ્રાહ્મણ છે. અને જ્યાં બ્રાહ્મણ છે, ત્યાં વાળંદ છે. માટે હે વાળંદવીરો તમારા શિવાય, તો બધુ ચાળેલી ધુળ જેવું છે.

કહ્યું છે કે:—

દોહરો.

વહુવૈયામાં વાળંદ વહાલો સૌકોને મન ભાવે,
પણ એક અવગુણ એમાં મોટો કે બોલાવ્યો ના આવે,

તો હે પંચમાં પંચાતીઆ, ડહાપણના દરીઆ દીલના દીલાવર, મનના ભોળા, જરના લોભી, અક્કલના ડુંગર, અને દુનીયાંની ગરબડની ચાદી, હે ! વીષયના વિશેષ, હવે દયા કરીને દર રવીવારે મુલાકાત લેતા રહેજો. મ હું લાગેતો સવિનય માફ કરજો.

તાજા કલમઃ—મશાલોએ અને કુણીઓએ ફેશનએબલ રાગોમાં કુટેલા રાજીઆ, તથા વાળંદ ઉત્પત્તીનું આખુ આખ્યાન તથા વાવડીએ ચમકતી વખતે કરેલો વિલાપ (વિગેરે ખુબીના ખજાનાના ભાગ ત્રીજામાં લખાશે.

સ્વમાનો સંદેશો.

(આમ્ય અને ગુંગણી મેરઇની ભાષામાં)

ગુણવંતી ગુજરાત મધ્યમાં, ગુણીઅલપુર નામે એક ગામ,
વચું અરાડે વાસ વસે, તે મધ્યે મેરઇનો મુકામ

નામ તેહનું હતું નમાલો, તાત નામ ટીકલો મેરઈ,
એ બાપ દીકરા બન્ને જણુની, એક દિવસ અક્કલ વેરઈ;

સપ્ટેમ્બર શુદિ ચઉદસને, તારીખ સાતમી શુક્રવાર,
ચણા ચાવતાં, બાપ દીકરે, અરસપરસમાં કર્યો વિચાર;

કહે નમાલો, હાંભળો કાકા, હાચે હાચી કહું છું વાત,
આ લખમણીઆનાં લગન કરીને, તેડો આંગણે આખી ન્યાત;

આવુ- સાંભળી ટીકલો મેરઈ, ટપાક દઈને હશી પડયા,
અને કહ્યું કે ધન્ય તુજ બુદ્ધિ, બાપને માથે બેટા ચડયા;

ટીકમ કહે હોય મરજી તમારી તો,લખમણીઆનું લીઓ લગન,
કંકોતરીઓ લખીએ કાકા, બાજુએથી બોલ્યો મગન;

ટીકમ મેરઈ કહે તેડાવો, પ્રથમ તો પંડયાજીને,
શુભ મહુરત જોવરાવી સારૂં; વળતી પુછો દયાજીને;

એવું સાંભળી, દયાજી ડોસો, ઓચીન્તા બોલી ઉઠયા,
કશા માલ છે નહિ કન્યામાં, ને વેવેઈ માગે મુઠા;

ટીકમ કહે એમાં તમે શું જાણો, ઘરડા થયા કે અક્કલ ગઈ,
વેવેઈ ન્યાતનો વડો પટલીઓ, કોઈ કાળે નવ માગે પઈ;

કહે ટીકમ મેં મારી જાતે, કન્યા જોઈને વિવા કર્યો,
એટલામાં વહુ બોલ્યા કે, એ ડોસાનો દનમાંન ફર્યો;

લગનનીમાંહી વઘન પાડવા, અમથા શીદ પુછો એને,
દાદીમા પણ દુશમન ઘરમાં, બાદ કરી દયો એ બેને;

આવું સાંભળી ટીકમ મેરઈ, દયાજીને ડરકાવે બહુ,
અગ્રે વેર શરૂ થઈ ઘરમાં, હવે હકીકત બીજી કહું;

ન્યાત ગોર એવામાં આવ્યા, નામ જેહનું નરભેરાંમ,
કરે આચરણ કાઈટીઆના, તેથી પીછાણે જતમાંમ;

કાઢી ટીપણું કરી કુંડાળી, મુરતીઆની રાશી મેષ,
કન્યા તો કુળવંતી મળશે, ભોગવવો પડશે પરદેશ;

જપાટાબંધી જોશ જોઇને, લખમણીઆનું લખ્યું લગન
અકટોમ્બર વદી આઠમને, શુભ લખ્યો સોમવારનો દન;
ટીકમ મેરઇએ વિચાર્યું કે, હવે પત્ર લખે નહી આવે પાર,
માટે નજીકનાંને દીઓ નોતરા, ને પરદેશે પોચાડો તાર;
લગન પડ્યા હવે લખી મોકલો, વેગાશર વેવેને ઘેર,
વર વાઘાને વાજાં લાવો, પછી જાંનની કરીએ પેર;

એવામાં એમના પાડોશી, બોધો હઇ ઉઠ્યા બોલી,
વાજાં ફાજાં શું કરવાં છે, બોલાવી લાવો ઢોલી;
તે ઢાંન ગોપીનો વેહ કાઢશે, લોક જોઇ રાજી થાશે,
ઢોલ શીણુાઇના ઘેંગાણુાંમાં, વાજાં તો વાયરો ખાશે;
પોશ ભરીને દેવા પડશે થોડે નહી વળશે દહાડો,
જગલા ઝટ તું બોલાવા, પેલો રહ્યા ઢોલીવાળો;

ઝડપ દેઇને જગલો ઉઠયો, આળસ ખઇ એતો ચાલ્યો,
ર[illegible]ળવાટે જઇ ઢોલીને, બાહનામાં રૂપીઓ આલ્યો;
હવે અહી બેરાંએ અડદ દળીને, વડી પાપડ તૈયાર કર્યો,
કે ગરબડીયા ગોરે આવીને; ગણેશ ઝટ ભીંતે ચીતર્યો;

ટેલીફોન કરી તેડાવી લીધા, વરના મામાને;
કુટુમ્બમાં કહેવરાવી દીધું, સૌને જાને જાવાને,
ફુલેકુ વરનું ફેરવીયું, જાન ભાગોળે જઇ પહોંચી;
બનો રાત પણ આવી પંહાચ્યા, લઇને બાજઠને મોચી;

મશાલને મુકી માફામાં કુલીને કાંધે ભરવી,
વાળંદભાઇ વ્હેલે ચઢી બેઠા, કરી અનુભવ કહે કવી;
નથુ મેરઈ કહે નવશાને, પાલખીમાં પધરાવી દયો,
આપણુ સર્વે આગળ ચાલો, ઉચકનારા અહીઆં રહો;
એવામાં નવશાની માની ઓચીન્તી આંખ્યો આવી;
ટીકમ કહે આ ત્રીજુ ટેખળ, રાંડ કયાંથી વચમાં લાવી,

માથે મોડ ને આંખે પાટા, રામણુ દીવો કરમાં લઇ,
નવશાની માડી કંકુડી, જાન વળાવા જોડે ગઇ;
ઢોલ ભુંગોળોના ધમકારે, જુસ્સા બંધી ચાલી જાન,
રસ્તે જાતાં રાત પડી ગઇ, વાટે થયું વડું તોફાન
પડયાં ઝંખ વાણા જાનૈઆ આતો વાત ગજબની થઇ.
ચોરોને દેખી મેરઇની, ચોગર દમથી વેરઇ ગઇ
ચોર હતા ચોવીસ આંશરે, દરજી જોઇ ડર પામ્યા બહુ
સાંભળજો શ્રોતાજન સજ્જન, પછી બન્યું શું તે પણ કહું

(પાર્ટ. ૨. જો અંક અજબ.)

દોહરો,

ગાંના નામેં ગામડી ત્યાં વેંદનો વાસ;
નાત પટલીઓ નાથીઓ ઉમર વરસ પચાસ,
વહુ તો નામે વીજળી દીકરી નામે ડઇ.
લખમણીઆ વેરે વરી તેની શી ગત થઇ.

નાથો મેરઈ નાત પટલીઓ એણે ઉંડો કર્યો વિચાર,
કે લગન કરૂં લખપતીના જેવાં એમાં તો શક નહી તલ
તાર કરી તેડાવી લીધું સુરતથી એક સુંદર બેન્ડ;
અરજણ તાર કરી એકવડો નાથે તેડાવ્યો નીજ ફ્રેન્ડ
ફ્રેન્ડ હતો ફાવે તે ગાંમનો નામ ઠામ હું જાણું નહી,
એણે પણ આવી ઠબકારી કંકોતરીઓ કઇની કંઇ;
પુર્વ દિશામાં લખી પાંચસો ને ઉત્તરમાં આઠ હજાર,
દક્ષિણમાં દસ સહસ્ત્ર મોકલી પશ્ચીમમાં પણ અપરંમપ

નાથે દીલમાં નિશ્ચય કીધો ન્યાત બધી તેડાવું ઘેર,
સામૈયું કરવાના વખતે મુંહાડી શું ગાંના શહેર;
નાથા હઇએ એમ વિચારી બજેટ ઘડીને પાડયું બહાર.
આંગણે નવતમ નાત ભરાશે લોમી પણ નહી ઝીલે ભાર.
ફ્રેન્ડ મેરઇ નો હતો ફાંકડો બોલી ઉઠયો પાડી બુમ;
દીકરી ડઈલીના વીવામાં કરવી છે અચ્છી ધામ ધુંમ,

હવે—સનો મેરઇ સાયકલ પરબેશી ગયા ગોરને બોલાવા.
પાપડ વણતાં બૈરાંઓ પણ ગીત રૂડાં લાગ્યાં ગાવા;
ગોર આવીઆ તોર ભર્યા ત્યાં નામ જેહનું નિર્લજરામ,
બાપ મુઆ પછી ચડયા બાટલે ફ્રના ફાતીઆ કર્યું તમામ.
જન્મ અક્ષરો જોઈ કન્યાના કરી ગણતરી બોલ્યા ગોર;
હેવાતણ તો અમર રહેશે સંતતી પણ થાશે એક સોર,

દક્ષણા લઇને ડાંડે પડીઆ ગોર ગયા પોતાને ઘેર.
ગાંના સહેરની ગીચ વસ્તીમાં વાતો પણ ચાલી ચોમેર;
બેન્ડ બારણે શરૂ કરાવ્યું ઢમઢમાવરાવ્યાં બહુ ઢોલ,
નાસાં ભુંગળ ટકોર ખાંનાં ઉડાડી અચ્છી ધમરોળ.

બહાર કરાવ્યા બંધુકોના ગાંના શહેર ગયું ગભરાઇ;
આતે તુટયું આભામંડળ કાંતો ધરતી અવળી થઇ,
સૌ લોકોમાં જાણ થયું કે, મેરઇએ માંડયો વ્હીવાય.
ડઈ દીધી લખમણીઆ વેરે ધામધુમ આ તેની થાય,

વળી મેરઇએ વિચાર્યું કે, મશાલ્લોમાં નહી પડે મનાય.
મન માન્યા હમડા દઇએ તોય; વાળંદ સોંઘા મોંઘા થાય,
તેમ ધારીને તાર મુકાવી, તેડયા લાઇટોવાળા સેઠ.
વસે હાલ તે બીજા નગરમાં, અસલ વતન જેનું ઉમરેઠ;
ટાર વાંચીને બેઠા ગારીએ; સેઠ ગામગાને આવ્યા.
વળી સાથમાં છોકરીકના ડસ બંડલ કીધા લાવ્યા;

એક લાઇટ મઇ એવી કે સઉ અજવાળું આકાશે જાય,
જોવા લાયક બીજી લાઇટો જે અડતા પહેલાં ઝટ ઓલાય;
હવે ગાના શહેરની સુણો હીસ્ટરી. ગીચ વસ્તીને જબરૂ ગામ.
ઘણા ગાઉ લંબાઇ પોળાઇમાં માટે પાડયું ગાના નામ.
ગામ વસ્તીની કહું ગણુતરી અન્યથી તો નવ ગણી શકાય.
ઘર નંબરની ગણુતરી કરતાં, છાપરાં એકસો છપ્પન થાય,
જાન ઉતરવા જુનું ડહેલું, સમશેવીને સાફ કર્યું.
જાનૈયાને નાવા ધોવા, ટાઢુ ઊનું નીર ભર્યું,
તૈયારી કરી તમામ વાતે, સજી સર્વ બેઠા મેરઇ,
હવે જાન ઝુલે રસ્તામાં સાંભળો તેની શી ગત થઇ.
ચોરો ચોમેર ફરી વળ્યાને, ઘેરી લીધી આખી જાન,
મારા મારી થઈ મન માંની, ચાલ્યું બહુ જુલમી તોફાન.
જોવા લાયક લઢાઇ જામી; રાત હતી અંધારી ઘોર.
માંહેમાહે માર મારતા, એક બીજાને કહેતા ચોર.
વીસ પચીસ મઇ વાળંદો તો, મશાલોથી મારે બહુ માર,
ગજ કાતર સોચોના ગોદા, દઇ વરતાવ્યો હાહાકાર.
મેરઇને વાળંદો વચ્ચે, જોવા લાયક ઝામ્યો તાલ,
જોત જોતામાં જાન લુટાણી, હવે કથા તે કહીશું કાલ.

(અપૂર્ણ)

(મેરઇની મઝા)

એક નવતમ નગરીમાં એક મફતો મેરાઇ રહેતો હતો તેને એક લખી નામની પાકદામન એટલે પતીવૃતા સ્રી હતી, તે ઘણી ડાહીને પાંચ માણસોમાં પંકાય તેવી હતી તે જોગજોગે તેતરીહાના ખબડીઆમાં ટુંટીઆનો રોગ થવાથી ગુજરી ગઈ તેથી

મેરાઈ મહા પંચાતમાં આવી પડયા, અને દુઃખી થવા લાગ્યા તેથી પોતે વીચાર કર્યો કે અમારી મેરઈની ન્યાતમાં કન્યાઓનો કયાં તોટો છે; એક ગઇ તો બીજી આમ વીચાર કરીને રાજ્ય માન રાજેસરી રાંડેલા મીસ્ટર મફતા મેરાઇએ બીજીવાર મેરેજ કર્યું આ કન્યાનુ નામ કંકુડી હતું વળી નામના પ્રમાણમાં રૂપાળી પણ હતી, પરંતું ખોટ ફક્ત એટલીજ હતી કે ચોથો પાયો નહોતો લગન કર્યાંને બે ચાર મહિના વીત્યાબાદ મેરાઇએ આણું મોકલીને નવીને પોતાને ઘેર તેડાવી લીધી નવી જરા રૂપાળી હતી તેથી દરજીને જરા ડર રહેતો કારણ કે ગામમાં લોફરોનું જોર વધારે હતું વળી કેટલાક લહેરી લાલા તો નવીને દીઠી ત્યારથી ત્યાં આગળ સાંજ સવાર ફેરાપર ફેરા મારી રહ્યા હતા તેથી મેરાઈ નવીને નજીક બોલાવીને કહેવા લાગ્યો કે જો આ ગામમાં બધી લાલટોળી છે, માટે તું બીલકુલ બહાર નીકળીશ નહી નવીએ પુછયું કે લાલટોળી એટલે શું મેરઇએ કહ્યું કે જાણતી નથી જો લાલે લાલ બજાવે તાલ, મા ભઠીઆરી બાપ કલાલ તેના છોકરા લાલે લાલ માટે માંબાપ જો તું મારૂં ગરીબનું માને તો કદી અહુર હવાર બહાર નીકળીશ નહી અને જો ના કહેવા ઉપર ગયતો ફરી તું મારી નથી, આ પ્રમાણે મેરાઈ નવીને શીખામણ દઇને પોતે સ્વામિનારાયણના મંદીર તરફ ગયો, નવીએ વીચાર્યું કે, હું પરણીને આવી તે ગામના લોકો કયારે જાણસે, માટે આજે કોઇ ઓર ઠાઠ કરીને પાણી ભરવાને બાને જરા નીકળી પડું તો ઠીક આમ ધારીને નવીએ તુરત ચાલુ જમાનામાં વપરાતો તદન નવો ડ્રેસ પહેર્યો અને આંધળાની આંખયો ઉઘડી જાય. એવી બની ભાઈ મેંતો નજરે જોએલી શું એનો ઠાઠ જાણે શામ રંગનની સ્વદેશી મડમ માથે ફેશન એબલ છટાદાર વાળનો ગુચ્છો વળી કાનમાં જુઠા હીરાનાં એરીન્ગ કોટમાં મીણીઆં મોતીની માળા ડેઠ સુધી જુઠી ઝીક ભરેલી લાંબી બાંયોનું પેટન્ટ પોલકું, ઘાઘરાને ફરતી ઝુલ અને તેની ઉપર, હાલમાં વપરાતી સાદી પટીની ગરભ સુતરાઉ સાડી તથા પગમાં ગુજરાત લેધરની લેડી ફેશનની સ્વદેસી ખાસડીઓ વીગેરે પહેરીને બગ-

લમાં બેડું લઈને મીસીસ કંકુડી વોટર ભરવા કુવા તરફ પલા-
યન થઇ અને ચાલી ચાલી કુવા પાસે આવી તેવામાં અેાગજોગે
તેને સેજ વાછુટ થઈ તેથી તે એકદમ શરમાઈ જઇને બેડુ
નીચે મુકી આમતેમ જોવા લાગી તો કુવાની નજીક ખાડામાં
બેસી રહેલો એક આખલો તેની નજરે પડયો તેથી તે ઘણી
લજવાઇ ગઇને વીચાર કરવા લાગી કે જો આ વાછુટ થયાની
વાત આ રડયો આખલો જો કદી કોઈને કહી દેશે તો નક્કી હું
ફજેત થઈશ એમ ધારીને નવી આખલાની પાસે આવીને, ખો-
ળો પાથરી હાથ જોડીન કરગરીને કહેવા લાગી કે આખલાવીરા
આ વાત તું કોઇને કહીશ નહી, પરંતુ મચ્છર કરડવાથી આખલો
વારે વારે માથું હલાવે તેથી નવીએ જાણ્યું કે આ રોયો મા-
નશે નહી ને મને ફજેત કરશે। તેને ઘણા કાલાવાલા કર્યા પરંતું
હઠીલે આખલે બીલકુલ માન્યું નહી તેવામાં મફતો મેરાઈ મં-
દીરથી ઘેર આવ્યા, અને ઘરમાં જોયું તો નવીને દીઠી નહી,
તેથી મેરાઇ બરબડવા લાગ્યા કે આ ખરા બપોરે મારી બેટી
કંકુડી કયા ગઇ હશે ! લાવ તપાસ કરૂં એમ કહીને પાડોશમાં
પાનકોર રહેતી હતી તેને પુછયુ ત્યારે તેણે કહ્યું કે નવી તો
મીઠે કુવે પાણી ભરવા ગઇ છે. એવું સાંભળતાંજ મફતો મેરા-
ઇતો હાથમાં ગજ લઇને નવીને પગલે ચઢયા ને કુવા આગળ
આવીને જુવે છે તો કુવાના ખાડામાં નવી હાથ જોડીને આ-
ખલાને કરગરતી હતી, તે જોઇ મેરાઇએ પુછયું કે રાંડ આ
સું કરે છે. નવીએ જુવાબ આપ્યો કે કરમ સંજોગે આ કુવા
ઉપર ચડતાં મને સેજ વાછુટ થઇ તે આ આખલો સાંભળી
ગયો છે. હવે કદાચ તે ગામમાં જઇને આ વાત કોઇને કરશે
તો નક્કી મારી ઇજત જશે એટલા માટે હું એને ખોળા પાથ-
રીને ક્યારની કરગરૂં છું પણ અન્યાડી આખલો બીલકુલ માંનતો
નથી, હવે શું કરવું ? આખલો ગામના પોલીસ પટેલનો હતો
તેથી મેરાઇએ નવીને કહ્યું કે ગભરાઇસ નહી આખલો પટેલનો
છે માટે ચાલો આપડે પટેલને ત્યાં જઇએ અને આ વાત

પટેલને ખાંનગીમાં બોલાવીને કહીએ એટલે પટેલ રાવણીઓ મોકલીને આખલાને ચોરામાં બોલાવશે અને ઠબકો દેશે એમ ધારીને મફ્તો ને કંકુડી બન્ને જણાં તાબડતોબ પટેલને ત્યાં ગયાં અને એકદમ પટેલની આગળ નજરાણા દાખલ રૂપીઆ પચીસ મુકીને પાઘડી ઉતારીને મેરાઇ તો કહેવા લાગ્યો કે મા-બાપ મારી જતી આબરૂ ને અટકાવો. કહીને રડી પડયો અને બધી હકીકત જાહેર કરી, તેથી પટેલે એકદમ ભંગીઆને બોલાવીને ગામમાં ઢંઢેરો પીટાવીને સાદ પડાવ્યો કે મફ્તા મેરાઇની નવી તારીખ ત્રીજી માહે માર્ચ સને ૧૯૧૪ ના રોજ બપોર ના બાર વાગે મીઠા કુવા ઉપર ચઢતી વખતે સહેજ વાછુટ થઇ છે એવી વાત આખલો જો કોઇને કહે તો કોઇએ સાચી માનવી નહી આ પ્રમાણે ગામમાં ઢંઢેરો પીટાવીને સાદ પડાવી દીધો, તેથી મફ્તો મેરાઇ ઘણા ખુશ થયા અને ઉભી આબરૂએ હરખાતા હરખાતા નવીને તેડીને ઘેર ગયા.

જોયો આ અકલનો ઉપયોગ વાહરે મારા મેરાઇ.

(માઠું લાગે તો માફ કરજો આતો ખુબીનો ખજાનો છે.)

ચડોતરની જાડી ભાષાનું ગાંમડીયું ભજન.

(રાગ. ભોજા ભગતના ગુંથેલા ચાબખાનો)

એ ત્રણનો શંગ ના કરો મારાભઈ, વાણીઆ સોનીને ત્રીજો દઇ
એ સાંભળો આ વાત કહું સાચી એ ત્રણેથી દુનીયાં બધી થાચી,
દરજી કહે હમે કાપલાજ ચોરીએ ને કોઇને છોડીએ નહી,
મુવા પછી જ્યારે મીલકત ગણી તેમાં ગજસે કાતર રઈ; એ ત્રણ.
કકકા ચોખાને વળી કાપલારે ચોર્યાં અને નેફામાં નજર ગઇ,
ધરેણાં ગાંઠા વેચી ખાધાં હતાં છજનીઆ કાળની મહી; એ ત્રણ.

દરજી પહેલાં સાથી હતાજ દુબળા તે સાંભળો સરવે ભાઇ,
લોકોની પહેલાં ઘરાગી બાંધતા મણ દાંણાની મહી; એ ત્રણ.
ગજીઆનાં કેડીયાં હાથેજ શીવતા ચાર પાંચ પૈસા લઇ;
અડધુ તેમાં વળી ઉધારે શીવતા અડધા તો આલેજ નહી એ ત્રણ.
કોટ પાટલુન અને ખમીસને જાકીટ પહેલાં એવું કશુ નહી;
પણ અંગ્રેજ સરકારે જ્યારે સંચા આપ્યા ત્યારે મેરઇને
ચરબી થઈ; એ ત્રણ.

ભજન ૨ જું.

હે સાંભળો વાણીઆની વાતું, મુળમાં ખોટું લખે ખાતું,
વાણીઆ કહે હમે વૈશ્નવ કહેવાઇએ ને વરણ અમારી બહુ ડાહી.
નાઇ ધોઇને તીલક કરીને પછી પાપની કલમ સાહી; એ ત્રણ.
સાચુને જુઠુ નાંમુજ લખતાં ઉમર બધી વહી ગઇ,
પોતાના જીવનું ઉંધું વળી ગયું તેની ખબર ના રહી; એ ત્રણ
સારા મુલકને લુંટીજ બાંધ્યો પછી પાપની ગાંસડી દઇ,
મુવા પછી જ્યારે મળી ચોરાશી તારા ડાપણનાં વાટ ઉઠી
ગઇ; એ ત્રણ.

સાચુ બોલ્યાના તો સમજ ખાધાને, જુઠા જુબાનેજ રહી;
ગરીબ કેરાં ગળાંજ વાઢતાં વા ી ના તરસ ખાધ નહી. એ ત્રણ.
કરેલાં કર્મ તો ભોગરવાં પડશે એમાં તે ચાલશે નહી;
ગાયોના પેટે તમે ગોધલા થઈને જાશો ધારાળાને તઇ, એ ત્રણ.
હાળેજ જોડશે ને ગાડેજ જોડશે, વણ તોળ્યો ભરશે ભાર;
ઘાસ કે દાણો ખાવા નહી મળે ખાશો ધોકાનો માર એ ત્રણ.

ભજન ૩ જું.

હે સાંભળો સોનીની વાતુ એમનુ જબ્બર ચલે કાતુ;
સોની કહે હમે સોનુજ ચોરીએ ને કથીર ચોરીએ નહી,
ગમે તેવાને અમે ગોથુ ખવડાવીએ આંખ મીચતાની મહી એ ત્રણ.

હાથમાં રાખે ચીપીચોને મોં રાખે છે ભુંગળીની મહી;
આંખ્યો મીચીને ફુંકવા માંડે એમને પ્રભુ તણો ડર નહી, એ ત્રણ.

મુખ થકી બહુ મીઠું બોલે પણ સુરતા સઘડીની મઈ;
કશું ના ચાલે તો રતી ઢોળી દે પણ એમને એમ આલે નહી એ ત્રણ.

વાણીઆ લુંટયા ને બ્રાહ્મણ લુંટયા કોઇને જ છોડયા નહી,
સગી બેનનું એણે સોનું ચોર્યું તે બીજાને છોડશે નહી, એ ત્રણ.

આ જગતમાં ત્રણે એ ચોર છે વાણીઆ સોનીને હઈ;
દેશ બધાને લુંટીજ ખાધો પણ ખબર તેની કોને નહી એ ત્રણ.

લોભ રૂપી વાણીયો મોહ રૂપી દરજી કપટ રૂપી સોની સહી,
ગુરૂ ગમ લેઇને ગોતી જોશો તો એ જડશે કાયાની મહી, એ ત્રણ.

ગુરૂ પ્રતાપે ગાવે બેચરભાઇ જુઠું કોઈ માનશો નહી;
આ શીખાંમણ કાઢે અલેખે તેની બાવડી બુડી ગઇ એ ત્રણ.

(એ કોરે કાગળીએ મતુ.)

ખેડુત ખેતી કરીને મરે;
બમણા સાટે તમણું ભરે,

વણીક બતાવે ઉંધુ છતુ.
એ કોરે કાગળીયે મતુ;

બાડો થાય ત્યાં સુધી ભણે,
કીલ્લો હુન્નરનો નવ ચણે.

વળતી કરવા બેસે ...તુ;
એ કોળે કાગળી એ મતુ,

કન્યા લાવે પર ગાંમની.
નહી ઠેકાણા કે ઠાંમની

જાણે કુળ કોળીનું હતું,
એ કોળે કાગળીએ મતુ.

અપૂર્ણ

(કવાલી—પંચાળ બ્રાહ્મણની)

(રાગ ધમણની કુક જેવા)

હમે પંચાળ બ્રાહ્મણો તમે લોહાર કેમ કહો છો,
મફતના મીસ્તરી ઠરવી, વીના વાંકે વગોવો છો.
હમે લોઢુ ઘડ્યું તેથી છાપ લોહારની દયો છો,
પરંતુ બાળ બ્રાહ્મના હમે તે આપ જાણો છો,
સરજ્યા બ્રહ્માજીએ હમને સુરોનાં સસ્ત્ર ઘડવાને.
સંરક્ષણ સ્રષ્ટીનું કરવા, અસુરો સંગ લડવાને.
ઘડ્યું શ્રી વરનુ સુંદરસન, અને ત્રિશૂળ શંકરનું,
નિહાળી ઘાટ વજ્રરના, પ્રસન મન થયું હરિહરનું.
રીઝ્યા હરિહર અને, બ્રહ્મા હમારી જોઇ હોંશીઆરી.
દીધુ વરદાન કે કલીયુગમાં, તમો થાજો જનોઇ ધારી,
વળી બ્રહ્મા કહે ભાઇઓ, તમે કારીગરો થાજો.
ને કલીયુગે પ્રથમ ચર્ણે, તમે પાંન્ચાલ કહેવાજો,
આપી વરદાંનને વળતી કર્યો હુકમ ત્યાં બ્રહ્માએ.
ઘડો હવે ઘાટ મન ગમતા. નિહાળી સૌ પ્રસન્ન થાયે,
ઈન્દ્રને મૂર્યની સાંગ્યો, ને ફરશુરામની ફરશી.
ઘડી સમશેર શક્તિની, ધીર વૈતાળની બરછી,
ઘડી ગેડી ગદા તલવાર, કટરી ગુપ્તિને ભાલો.
તીર તરકસ અને ખજર ઘડયો બહુ ઘાટ મતવાલો.
તમર જંજીરને તોપો, વડયાં બહુ ઘાટનાં શસ્ત્રો,
ઘડી કાતર નરેણાને વળી ઉનદો ઘડયો અસ્ત્રો.
ઘડી ટ્રેનો સુડી સ્ટીમર, ઘડી બહુ ફેન્સી ચીજો.
અધુરૂ પુર્ણ કરછો તો, ભાગ મંગાવજો ત્રીજો,

COMIC POET રાવ કવી

(કોમીક વાર્તા)

(મીયાંની લોહારને ત્યાં મેમાંન ગીરી.)

છપ્પનીઆની વળી શાલે એક મીયાં એક પોતાના લોહાર મીત્રને ત્યાં મીજમાન તરીખે રાત રહ્યા. બહુ દીવસે પોતાના મિત્ર મુફ્લીસખાંને આવેલો જાણી તેને માટે જમવાને દાળ ભાત અને કંસાર બનાવી દીધાં અને લાલા લોહારે પોતાના પ્રીય મીત્રને સોગન પર સોગન અને કસમપર કસમ દઇને ખુબ પેટ પુર જમાડયા. મુફ્લીસ ખાંએ પણ એવા મસાલા માર્યા કે પેટમાં પાણી પીવાની પણ જગ્યા રાખી નહી, બાદ થોડીવાર વાત ચીત કરી પાન સોપારી ખાઇ ને સુવાની તેયારી કરી. ઘરના ઓટલા ઉપર પોતાને કામે બેસવાની કોઢ હતી તેની બાજુમાં મુફ્લીસખાં માટે પથારી કરી. ને પોતે બારણાં બંધ કરી. ઘરમાં સુતા ડબ્બસ ખોરાક લીધેલો તેથી મીયાંને તો રાત્રે બાર વાગે પેટમાં ખુબ ચુંક ચાલી ગભરામણ થવા લાગી એ.ર ામ ખરે હો ગયે પણ કર્મ સંજોગે કોઢમાં દેવતા હોવાને લીધે મીયાં તુરત ત્યાં કહેડા શેકવા બેશી ગયા એક કલાક કહેડા શેકવાથી મીયાં તો તુરત ઝાડે ફરનારા થઇ ગયા અને વીચાર્યું કે રાત સાલી અધેરી હે ઓર કીસીકા મુ. બી સુજતા નહી. અપનબી હે અનજાણે તો .કીધર જાઈંગે એમ ધારી ઉભા ઉભા ઘણ મારવાનો કમરપુર ઉંડો ખાડો હતો તેમાં મીયાં ઝાડે ફર્યા બાદ પાસે લોઢું ઠંડુ કરવાની પાણીની કુંડી હતી તેમાં ગાંડ ધોઇ નીરાંતે સુઈ ગયા પરંતુ મીયાંયે વીચાર્યું કે ફજરમેં ઇનકુ કયા જુવાબ દુંગા ઈસકેલીયે જો બડી ફજરમેં વહેલે ઉઠને નાઠ જઈએ તો ઠીક ફીર દેખણા બી નહી ઓર દાઝણા બી નહી આમ ધારી મીયાં થોડી ઉંઘ લીધા બાદ એકદમ વહેલા ઉઠયા અને જવાને તેયારી, કરી પોતાના મીત્રને

બારણું ઠોકી કહેવા લાગ્યા ? લાલાભાઇ હે લાલાભાઈ મેં જાતા હું આવું સાંભળી લાલો બારણું ઉઘાડીને બહાર આવ્યો. અને મીયાં ને કહેવા લાગ્યો કે આટલા વહેલા કેમ જાવ છો, મીયાં કહે યાર મેરે તાકીદ કા કામ હે, લાલે કહ્યું. ઠીક ત્યારે પાંછા ફરી પધારજો. મીયાં કહે અરે યાર તમારે વાંતો જરૂર આઉગા, તમામ જાતકા વૈભવ તમારે વાંહ હે! દેખો એકતો ટેકણકા ટેકણ ઔર સેકણ કા સેકણ હગનેકા ખું ઔર ગાંડ ધોણીકી ખાઈ અબ મેં કયું ના આઉં મેરે લુહારી ભાઈ લો સલામ આલેકમ.

વિશકર્માએ વિશ્વમહી જો લીલા કીધી અપરમપાર;
શિલ્પશાસ્ત્રી થઈ સરજનહારે સરજાવ્યા જગમાં સુતાર.

વિશ્વપતી—વિશ્વકર્મા થયા.

[રાગ—પદ.]

પ્રથમ પ્રગટયા પરીબ્રહ્મ રૂડુ રૂપ લેઈને;
એનું મહાપુરૂષે લીધુ માપ માપી નીજ દેહીને,
કર્યો વિશ્વપતિએ વિચાર સૃષ્ટી આ સરજ્યાતણો
એનું મનસ્વી લીધું હરિએ માપ, જેનો મહીમા ઘણો

ગજતો બન્યારે ગોવિન્દ અકળ માયા માપવા,
તસુ ચોવીસ તે ચોવીસ અવતાર ધર્યાં ધર્મ સ્થાપવા,
પ્રથમ માપ્યો નીજ પીન્ડ પછી માપી પૃથવી;
માપ્યા સપ્ત પાતાળ તારા ચંદ્રાને રવિ,
ગજ કરમાં ગ્રહી ઘનશ્યામે ભર્યું બ્રહ્માંડને,
વહાલે રૂપ ધરીને વૈરાટ માપ્યા નવે ખંડને;

માપ્યાં ઝાડ ખરાબાને ખાડ, નદીને નાળાં ઘણાં,
બન્યા સરજન હાર સુતાર, તેમાં પછી શી મણા.
ગંજ ઉપર કર્યું ઘનશ્યામે આસન રૂડુ આપનું;
વિશ્વકર્મા વિરંચી સ્વરૂપે દીધું જ્ઞાન માપનું,
રૂડુ નવડા સરીખુ નીશાન વાસ ત્યાં વિશ્વકર્મા તણો.
મારા સુજ્ઞ બંધુઓ સુતાર ગણુતી એ નવની ગણો;
અહીંથી બાકી રહેલું જે બ્યાન તે અન્ય બુકમાં આવશે,
વહાલા ભાવીક કારીગર ભ્રાત વાંચીને રાજી થશે.

નવડાની ગણુત્રી

(નવનો આંકનો ઘડીઓ)

૧	૯	૯	નવના	નવ
૨	૯	૧૮	આઠને એક	નવ
૩	૯	૨૭	સાતને બે	નવ
૪	૯	૩૬	છ ને ત્રણ	નવ
૫	૯	૪૫	ચારને પાંચ	નવ
૬	૯	૫૪	પાંચને ચાર	નવ
૭	૯	૬૩	છ ને ત્રણ	નવ
૮	૯	૭૨	સાતને બે	નવ
૯	૯	૮૧	આઠને એક	નવ
૧૦	૯	૯૦	નવના	નવ

આ પ્રમાણે એકથી તે દસ સુધીના આંકડામાં નવડા નો આંક તે એક અજબ આંક છે. એવો બીજો આંક નથી જેથી

વીશ્વકર્માએ તેની ઉપર આશન કર્યું છે. તપાસીને જોશો તો ગજની ઉપર નવઠાના આકારનું નીશાન છે એજ વિશ્વકર્માનું સ્થાન છે, હવે ? (ભાગ ત્રીજામાં જોજો.)

ગુજરાતી બંધુઓને બે બોલ.

[રાગ એકત્રાસા સવૈયાનો]

દેખાદેખી શીખ્યા ખોટુ સારી ટેવો કહાડીને;
ફાદરને કહે ડેમફુલ વળી ગાળો દેતા માડીને,
વ્યસનની અંદર ભાનજ ભુલ્યા આંખ્યો પણ રહેછે રાતી
ગાડરીઆ પ્રવાહની માફક કેમ ડુબો છો ? ગુજરાતી !

બ્રાહ્મણ થઇ રૂદ્રાક્ષો મુકી ગાયત્રી ગંગાને તીર;
પુત્રી સાટે પીતા પરણે બહેનને સાટે પરણે વીર,
ચંદન ચર્ચિ ચામ બગાડયું જાતી જગમાં પંકાતી.
ગાડરીઆ પ્રવાહની માફક કેમ ડુબો છો ? ગુજરાતી

નાહાવાથી તો ટાઢ વાય છે જનોઇ તો ફાંસીનો દોર;
મીસ્ટ મેવાને મુકી પડતાં હાથે ખાધાં ખાટાં બોર,
હરામ ચસકો ભાઇને પડીઓ બાઈ બજારે ડીચાતી.
ગાડરીઆ પ્રવાહની માફક કેમ ડુબો છો ? ગુજરાતી

પાછળ શીખા બદલે આગળ વાંકાં તો લટીયાં લબડે;
તેલ અત્તરથી પાંથી પાડે બીજા પણ છોને બગડે,
બૈરીનો બહુ ટેસ વધ્યો છે નહી ચરબી દીલમાં માતા.
ગાડરીઆ પ્રવાહની માફક કેમ ડુબો છો ? ગુજરાતી !

કેમ અલી હું કેવી દેખાઉં મનમાં એવી અભરૂણી;
નવા ડ્રેસમાં નીત્ય નીત્ય ફરતી વાહરે કલીજુગની જુઓ,

ઝીણા વસ્ત્રથી અંગ જણાવે ઉઘાડી રાખે છાતી,
ગાડરીઆ પ્રવાહની માફક કેમ ડુબો છો ? ગુજરાતી !
જાણે એતો મડમ બનીગઇ નહી ગુજરાતીની બેટી;
બળી ગાંસડી બહુ લુગડાંની રાખે ટ્રંક ડબો પેટી,
ચ્હા બીસ્કીટ ને ભજીઆં એતો ઉઘાડે છોગે ખાતી.
ગાડરીઆ પ્રવાહની માફક કેમ ડુબો છો ? ગુજરાતી !
કોણી સુધીની ગઇ કાંચળી ખભા સુધીની થઈ ચોળી;
નાણાંવાળી અને ગરીબની ભેગી સળગી રહી હોળી,
અલી બેહેન હુંએ પણ એવું ઝાઝુ કરવાને ચહાતી.
ગાડરીઆ પ્રવાહની માફક કેમ ડુબો છો ? ગુજરાતી !
ઘરમાં ખાવાનું છે કે નહી તેની તો કઈ નહી પરવા;
નવા ડ્રેસને નવા નમુના પહેરીને જોઇએ ફરવા,
ઘરડાંને ઘરમા દેખીને વહુજી મનમાં મુઝાતી,
ગાડરીઆ પ્રવાહની માફક કેમ ડુબો છો ? ગુજરાતી
* લાજ મલાજો અળગો મુક્યો અર્ધ માથે ઓઢીને;
સુધારાનો શોખજ લાગ્યો અસલી સીસ્ટમ છોડીને,
વહુજી નો આવેશ જોઇને સાસુ ઘરમાં અકળાતી.
ગાડરીઆ પ્રવાહની માફક કેમ ડુબો છો ગુજરાતી !

દેશનથી થયું ફનાફાતીઆ થઇ દેશની બરબાદી;
હિત ચીંન્તક હો હિન્દ તણાતો ધરો હવે અંગે ખાદી.

—કવાલી ખાસ ખાદીની.—

(રાગ—રેંટીઆના રમકડાં જેવો)

૧ સ્વદેશી બંધુઓ મારા કહું તે ધ્યાનમાં ધરજો;
કરતાનો બની પુરા સ્વદેશીની કદર કરજો,
તયાર દેશની દોલત વિદેશે જતાં અટકાવો.
ઉત્તેજન દેશીને દઇને આબાદી દેશમાં લાવો;

૨ અરે ઓ હિંન્દના બાળો સનાતન ધર્મ સંભાળો,
ચલાવી રેંટીઆ રૂડા વિદેશી વૈભવો ટાળો
ખરા દીલથી ધરો ખાદી હવે અસલી બની જાવો,
ઉત્તેજન દેશીને દઇને આબાદી દેશમાં લાવો,

દબાયો દેશ દુર્વ્યસને દગો દીલમાં રહ્યા જારી.
બુદ્ધા બળ હીણુ થાવાથી ખરે થઇ હિંદની ખ્વારી;
ધરી દ્રઢતા હવે દીલમાં ભવીષ્યનું ભાગ્ય અજમાવો,
ઉત્તેજન દેશીને દઇને આબાદી દેશમાં લાવો.

૩ પોઝીશનમાં મુકો પુળો હવે ફેશન ફજેટી દો;
બનો સત્યાગ્રહી શૂરા સ્વદેશી વ્રત સાચુ લ્યો,
હવે જાગો અને માગો તમારો દેખીતો દાવો.
ઉત્તેજન દેશીને દઇને આબાદી દેશમાં લાવો;

સવાલ—હિંદની આબાદી શાથી થશે ?
જવાબ—શાથી ? તે રેંટીઆથી.

(ગાયન નાટકી ફેશનનું)

રાગ હવે તું જોજરી જાગી; ભેરવી.

શેર.

ચાક ચઢાવો ઓ ભલાં ભારતનાં સંતાન
ચક્ર સુદર્શન આપણું ભલુ કરે ભગવાંન,
બ્રહ્મા વિશ્નુ મહેશના સ્થાપો એમાં પ્રાણ.
ઉત્પતિ પોષણ અને સુખની થાયે ખાણ;
પ્રજાના પોષણનું હથીયાર રેંટીઓ ભારતનો ઉધ્ધાર
ચલાવો હોંશથી નરનાર (૨)

સજીવન થાય ધર્મ ધધા ગરીબી દેશની ભાગે (૨)
પરોવે વૃતિઓ ધર્મ બધાંએ દુષણો ત્યાગે
ગરીબો સૌ સુખી થાશે બધે આનંદ વર્તાશે (૨
મળીને દેશનાં સંતાન ગુણો આ દેશના ગાશે,

ચહો જો કરવા બેડા પાર રેંટીઓ ચલાવજો નરનાર.
ઓ હિન્દ વાશીઓ ! ભલા થઇને હવે ફેશનને દુર કરો
જુઓ ફેશને તો દેશમાં દાટ વાળી દીધો છે.

(રાગ—હોરી હડહડતી ફેશનની)

ફેશને હોરી મચાઇ બન્યા ફેન્સી બાઇને ભાઇ—ફેશને
દેશી રીત લીબાસ છોડકે કોટ લીયે બનવાઈ
ખુલે અગાડીને કટે પીછાડી સર પે ટોપી લગાઈ
ઘડી આગે લટકાઈ— ફેશને

કોલર ઓર નેકટાઇ ગલેમેં મુખમેં ચીરૂટ દબાઇ
લેકર માચીસ જલ્દ જરાઇ કરકે બડી ચતરાઇ
ધુંવા ખુબ મુસેં ઉડાઇ— ફેશને
ધોતી ઓર પાજામા છોડકે લઇ પટલુન ચઢાઇ
બેઠન નહી પટલુન દેત હે ઠાડે કરત મુતાઇ
ધન્ય મેરે હિન્દુ ભાઇ—

કોઇને તો રંગે રંગ બસંતી કોઇને ગુલાલ ઉડાઈ
બ્લેકી ડબીયા લે હાથનમેં બ્રશસેં બુટ સફાઇ
છોડી સબ સેંના તનાઇ— ફેશને
ઘરમેં જા ઇંગ્રેજી બોલે સમજત નાહી લુગાઈ
માગત વોટર દેતી સોટી બોલ ઉઠે ગુ ગલાઇ
ઢેમચુ કયા લેં આઇ— ફેશને
પોપટ સમ ભાષા પઢ બેઠે દુર ભઈ પંડીતાઈ
ઘરકે કાંમ તમામ છોડ કે બાબુ બન ગયે નાઇ
ફેશી કવી રાવને ગાઇ— ફેશન

ફેશનએબલ ફ્રેન્ડોને બે બોલ.

(ગાયન—મારૂં લાગે તો માફ કરજો)

(રાગ—શામાટે શ્રમ કરે સતી તુજ પતી ભકતી સાચી.)

પોઝીશનમાં પુર્ણ થયેલા ફેશનએબલ યાર;
તમારા જીવતરને ધીક્કાર (૧)

સાખી.

શર્મ ધર્મ સર્વે તજી—કરો છો કુડાં કામ
નિતી રીતી ત્યાગી ને—નીવડયા નીમક હરામ

ન્યાત જાતમાં થયા નકામા બીસ્કીટ બ્રાન્ડી ચીરૂટને ન્હામાં
રાત દીવસ મશગુલ રહીને છેક ગયા હદપાર— તમારા

(હે પ્રભુ મુખમાં બીડી ને મોત આપજો—તથાસ્તુ.)

હડીઓ દઇ હોટલમાં જાવો પૈસા ખરચીને વટલાવો;
અધર્મને કુકર્મ કરી શીદ કોપાવો કીરતાર, તમારા

મહારાજ આ પવીત્ર મુખડું ધુમ્રપાનથી સદા ધીખતું
જ રહેજો (તથાસ્તુ)

સાખી.

અભક્ષ ભક્ષ કરો અતી, વળી કરો મધુપાન
અણુ ઘટતું બહુ આચરો, થઇ નિર્લજ નાદાન

દિન પ્રતિદીન જાવ બગડતા કાંમી કોધી થઇ કુછંદે ચડતા,
ભણ્યા પરંતુ ગણ્યા નહીને અપટુડેટ થયા યાર—તમારા

૬ પ્રભુ અમારા કોમળ કાળજાં ચાહથી સદા સડતાં
રહે જો. (તથાસ્તુ)

આળસમાં આયુષ્ય ગુમાવો હાથે કરીને હલકા થાવો
નિર્લજ બાપનું નામ લજાવા નિવડયા કુળ અંગાર ત•

સાખી.

ભારત વાશી બંધુઓ, ખાસ રાખજો ખ્યાલ;
સ્વધર્મને નવ છોડશો, કહે કવી અંબાલાલ,

COMIC POET—રાર—કવી.

(કમ્પેનીયન્સની કોમીક વાતચીત.)

દીનાનાથ—કેમ ભાઇ વરણુશંકર ફેન્સી ? આજે આપે કોનાં મુંવાળાં ઉતરાવ્યાં છે, ઘરમાંથી ડોસા ડોસી ગયાં છે કે શું ?

વરણુશંકર—ના રે મીસ્ટર, મારા તો ફાધર ને મધર બન્ને હાલ હયાત છે.

દીનાનાથ—ત્યારે તમે અડધી મુછો શા માટે ઉતરાવી નાખી છે! તમારા ચહેરા સામું જોઇને મને તો એમ ભાસ્યું કે મીસ્ટર ફેન્સીના ઘરમાંથી કોઇ અડધી સગાઇનુ સગુ ગુજરી ગયું હશે !

વરણુશંકર—ના ના યાર, આતો આજકાલ ચાલુ જમાનાની ફેશન છે. લોકોની દેખાદેખી અમે પણ શીખ્યા. ઓ મીસ્ટર હું તો પહેલાં એક ઉલ્લુ જેવો માણસ હતો, [અને ગામડામાં પડી રહેતો પણ લોગજોગે હું એક દીવસ

શહેરમાં ગયો, અને ત્યાં ધર્મભ્રષ્ટ હીન્દુ હોટલમાં મારે અને ફેશનબાઇને ફ્રીછાન થયું. ત્યાંથી ફેશન મને તુરતજ હેરકટીંગ સલુનમાં લઇ ગઇ અને ત્યાં મારે માથે અને મોંઢે ફરી વળી.

દીનાનાથ—પણ ભાઇ આ તો ઠીક દેખાતું નથી, આ તો સીનેમેટોગ્રાફમાં ચેપલીન આવે છે તેની સીકલ સાથે આપની સીકલ મળી રહે છે. ભાઇ આ તમારૂં જોઇને બીજા બગડશે.

વરણુશંકર—મીસ્ટર હું ફેશનના પગથીએ કેવી રીતે ચઢયો તે જરા ધ્યાન દઇને સાંભળો.

(ફેન્સી સોન્ગ ઉર્ફે હાફકાસ્ટ કવીતા.)

(રાગ એમના મોં જેવો)

ભુત હતો હું ભુતકાળમાં, વર્તમાનમાં આવ્યું ભાન;
નાઉ અનધર થીંગ્ઝ આઇ ડોન્ટ વોન્ટબટ ચાહું ચાય ચીરૂટનેપાન
ભુલી ગયો બધી નેટીવ ભાષા, હવે શીખ્યો છું હું ઓલરેટ;
ગમાર હું એક ગામડીઓ તે આજકાલ થયો અપટુડેટ.

હેરકટીંગ સલુનમાં જઇને, ફેશન એબલ કરતો ફેઇસ;
બોડી પર બુરખો નંખાવી વળતી કટીંગ કરાવું કેસ.
મોં પર અડધી મુછ રખાવું ને પાઘડી બદલે પહેરૂ હેટ
સમ ટાઇમ્સ એગો હતો હું ઉલ્લુ, જસ્ટનાઉ આઇએમ અપટુડેટ.

કોટ પાટલુન ને કોલર પહેરૂં ને સાથે બાંધું નેકટાઇ
આઇઝ ઉપર પાટા પેબલના રાત ને દહાડો દેઉં લગાઇ
નાઉ મી, નો કેર, ન્યાત જાતની, પેરન્ટસ ભલેને કુટે પેટ
આઈ વોઝ વન ઉલ્લુ ગામડીઆ બટનાઉ આઈ એમ અપટુડેટ.

ધર્મ કર્મ ને ધંધો ધારી એ સઘળું મારે યુઝલેસ
ટીફીન પાણી ટીન્ચર ને ટીનો ટાઇમે ટાઇમ કરૂં છું ટેસ

વળી નેટીવ બીડીઓ ગણી નકામી હવે પીઉ સીઝર—સીગરેટ
ગમાર હું એક ગામડીઓ તે હવે થયો છું અપટુડેટ.

ફાધર સેઝ મી સ્ટુપીડ ફેલો મધર કહે છે મુવો રડયો
યુઝલેસ અકરમી આવો પથ્થર તે શીદ પેટ પડયો,
ઘરમાં ધણીઆણી ધમકાવે, તો બી બંદો કહે છે ટેટ
આજ સુધી ખચ્ચરમાં ખપીઓ થયો અત્યારે અપટુડેટ.

ફરી વળી છે મુજ પર ફેશન પોઝીશનનું ચઢીયું પુર
હાથે કરીને બન્યો છું ઉલ્લુ, નથી હવે આ મોં પર નુર
વોટ મીન્સ છે વટાળ જગમાં આઇ ડોન્ટ ને। આભડછેટ
હીન્દુ મટી હાફકાસ્ટ થઇને, બન્યો અત્યારે અપટુડેટ.

આ—ફેશન એમલ ફેઇસના લીધે જોકરના જેવા દેખ
સ્વધર્મ પર પુળો સળગાવી, માયસેલ્ફ હું માયે જાઉં
જાહેર થયો હું હવે જગતમાં આજ સુધી ચાલ્યું પ્રાઇવેટ
પુર્ણ ફસાવાથી ફેશનમાં બની ગયો છું અપટુડેટ.

દીનાનાથ—આપનું કહેવું ખરૂં છે, પણ મરદનું નુર એક મુછ જ છે, વળી જો આપને ન ગમતી હોય તો બીલકુલ કઢાવી નાંખો કાંતો આખી રહેવા દો જુવો રાવ કવીએ ખુબીના ખજાનાની બુકમાં લખ્યું છે કેઃ—

દોહરો.

મુછ વડે મરદો તણું, સીન સરસ દેખાય;
મુખ પર મુછ ન હોય તો, વ્યંઢળમાં લેખાય;

સાધારણ મુછ હોય તો અડ મુછીઆમાં ગણાય,
પણ બકરી મુછને। આદમી તેને શું કહેવાય ?

વરણુશંકર—તેમ શું કહેવાય ? શું તે એમ—ઓ—એન—કે—ઇ—વાય
મંકી એટલે માંકડો કહેવાય.

દીનાનાથ—પણ પુછડાની તો ખામીજ કેની, ભાઈ જે કહેવાનું હતું તે તમોએ તમારી મેળેજ કહી દીધું અને હવે જરા મારૂં કહેવું કાનમાં લ્યો તો રાવ કવીનો રચેલો ખુબીનો ખજાનો મંગાવીને વાંચો કે જેથી તમારી તમામ કુટેવો છુટી જાય અને તમારા દેદાર દેશી થાય.

COMIC POET—રાવ કવી

ધર્મભ્રષ્ટ હોટલમાં ભેળા થએલા સટોરીઆ.

જીતેલો—કેમ મમરાખાઉ ! આજે તેજી લાગી કે મંદી ?
(જરા બોલો તો ખરા,)

હારેલો—યાર, બળી તેજી અને બળી મંદી; આજે તો હાથે કરીને ગધેડે બેઠો છું. સવારનો ઘેર પણ ગયો નથી; અત્યારે ઘેર જઇશ એટલે તુરત બઇરી છાજીઆં લેશે.

(સટોરીઆની સ્ત્રીએ ધણીની રૂબરૂમાં કુટેલો કોમીક રાજીઓ.)

રાગ—તેજી મંદીનો.

છેક તે ઉછાંછળા શું થાવ છો રે. બનો છાકીને છેલ;
સ્વામી થયા તમે સટોરીઆ, જાણું ભોગવશો જેલ;
હાથનાં કર્યાં તે હૈયે વાગશે.

કહ્યું માનો ને મારા કંથજીરે નથી સટ્ટામાં સાર;
મીલકત વીષે તો પુળો મુકશો વળી ખોશો ઘરને બાર. હાથનાં.

પીયરથી લાવેલું પાણી કર્યું રે, વળી થયા કરજદાર;
સગાં વહાલા સર્વને શત્રુ કર્યાં માથે સરકારનો માર. હાથનાં.

કુડીયાં ખાવાને નિત્ય જાવ છો રે, પડી તમને એ ટેવ;
ઘરની રસોઇઓ ગમતી નથી ફાંકો મમરાને સેવ, હાથનાં.

સવાર થયું કે સ્વામી તમે રે જાવ હોટલની માંય.
શીંગલ ને ડબલ સોહકારતા તેથી ચઢી બેઠી જુઓ ચાય હાથનાં.

હાથે પગેથી હળવી કરી રે મેલી ખાધો સૌ માલ;
આગળ ઉપર વીતશે અતી તમારી ખેંચાશે ખાલ, હાથનાં.

મરજો માબાપો માહરાં રે કીધું અણઘટતું કામ.
જમાઈ આ જોયો સટોરીઓ પુંકી ખાંધું તમામ; હાથમાં.

સ્વામી જેનો થયો સટોરીઓરે, તેની નારીને ત્રાસ,
સંસાર વહેવાર સઘળો તજી વેઠવો પડે વનવાસ. હાથના

શાવ કવીનો રચેલો રાજીઓરે તમારી ફબરૂ ગવાય;
આજ પછી જો સટ્ટો કરો તો તમને કોલેરા થાય, હાથના.

સ્વામીનાથ ! સાંભળો આ રાજીઓ અને આથી જો તમને શીખામણ ના લાગી હોય તો “ ખુબીનો ખજાનો ભાગ ત્રીજો એ નામનું પુસ્તક મંગાવજો ” અને તે વાંચીને કુટેવો છોડી દેજો વળી જુવો જરા ગાયન બીજું સાંભળો.

જુગારીને ઝાડુ.

અરે ઓ સટ્ટાના શોખીન તમારો કેમ ઉઠયો છે દીન;
બન્યા શું જુગારમાં બહુ લીન તમોને વળગ્યો જીવતો જીન
ગામ ગરાસ ઘરેણાં ગાંઠાં ગુમાવ્યો ઘરબાર.

ઈજ્જત ખોશો અરે ઉલ્લુઓ સજા દેશે સરકાર;
અકરમી રહેશો પર આધીન, તમારો.
સગાં સહોદર અને કુંટુંમ્બી દેશે સઉ ફીટકાર.
તરણાથી પણ તુચ્છ ગણાશો નહી ચાલે વહેવાર;
આખરે મરશો ખાઇ અફીન, તમારો.
ભીખ માગતા થાશો ભુન્ડા નહી રહે રહેવા ઠામ.
દાવાનળ દુઃખ આવી પડશે વળી રૂઠશે રામ;
વેચાશો દમડાના દો તીન, તમારો.
લોકો સરવે લોફર કહેશે રાખશે નહી ઇતબાર.
રાવ કવી કહે ભવીષ્યમાં પણ પામશો બહુ પેંજાર;
માનો ઓ મુરખ મન મલીન. તમારો.

(COMIC POET રાવ કવિ)

વૈશ્નવોને વિનંતી,

ગાયન ગુણ દોષનું

(રાગ, બધા મહાજનનો)

શું સમજ્યા ? વૈષ્નવ થઇ અવિદ્યા તમથી ન અળગી રહી.
જ્ઞાન વરાગ્ય ગમે નહિ ગાતાં રાસ કથાના રસિઆ,
કાંમ ક્રોધ મદ લોભ મોહ તે અંતરથી નવ ખસીઆ.
અરે શું—
તનમન ધન દારા સર્વે બ્રહ્મ સમર્પણ કીધું;
પાપકર્મ પામર જીવડાતે શીદને માગી લીધું અરે શું—

હીંગ તજે પણ હરામ તજે નહિ નીરખે કોઇ પરનારી
લસણ તજે પણ લાંચ ખાય છે તજે ન ચોરી જારી અરે શું—
જરને લોભે જુઠા સોગન ખાતા પણ નથી બ્હીતા;
જુઠી સાક્ષીઓ જાય પુરવા ઝટ ઉપાડે ગીતા અરે શું—
એકાદશીનું વ્રત આદરી ફરાળ રૂડું ફાંકે,
અંતર મેલા ઉપર ચોકખા પરધન હરવા તાકે અરે શું—
તિલક છાપ બહુ મોટાં તાણી મંડળીઓમાં મ્હાલે
ગુપ્ત વાત અંતરમાં રાખી કંઇક તણા ઘર ઘાલે અરે શું—
ઝાઝું કહેતાં જીભ્યા મારી છેક હવે શરમાતી,
દેશ દાઝને દીલમાં ધારો સાચી એક શ્રદ્ધાથી અરે શું—

સુરતના દુબળા ડાકોર યાત્રાએ ગયા.

ગાયન. કોમીક.

(રાગ બુરાનપુરી ભાગલનો.)

વહનો કહનો અને મકનીઓ વલસો ડુલભોને ભીમાભાઇ;
એ સીકલ માલીરા સંઘ કારીને ડાકોર દરહન કરવા જાય
હુરટની ટેછીન પર જાટા રહટામાં પીશુ આઇવુ
ઝેઓને ડીલમાં ઠઇ રાજી મકને મૌરૂ મકલાઇવુ;
ફ્રાઇવ જણાને ફંડા લાખી પીથા ગમી ટે લઇ ચાઇલો
ટાં ગેથો પારહી પેસ્ટનજી ઝટ તેને રૂપીઓ આઇલો.
ગેલન પરથી ધરીએ આઇવા છાક ઉપર ટાં છાક બની
ટાં પરોસમાં પીવા બેથેલી ઝત બોલી લાંચણ જમની,

ઓ ફાની મુવાઓ ઠેહે ફજેટી ટલ્લીન ઠઇ ગીઆ ટારીમાં
પન ડાકોર જાટા બહુ ડુખ પરાંડુને ગોઠાં ખાંડા ગારીમાં,

વાટ હાંભરી વલભો બોઇલો હવે ટો ટેછીન પરચાલો.
ટાં પેસ્ટનજી બોલીઆ કે ભાઇ પાછલના પૈહા આલો;

જુઓ પાંચ ગેલન પાછલ ઠી પીઢાં પરઠમ ટારી ટન ઘરીઆ,
છાક ઉપર ખુમ છાક લગાવી પેટ તમુએ ટો ભરીઆ.

સમી કહાની પૈહા નહિ આપો ટો પોલસને પકરાવસ;
ટેમ-છટાં જો નહિ પટહે ટો ઘેર ઉપર જપટી લાવસ,

એમ ડીકરા નખે જાનટા કે આ પેસ્ટનજી પાગલ છે.
ખાવામાંને લરવામાં આ બંડા સાઠી આગલ છે;

ડુલભો ડીલમાં ડરી ગીયો ને ઝટ ડઇને પૈહા આઈલા,
પછી પોતલાં બાંધે ભેરવી ટાંઠી ટેછીન પર ચાઈલા.

ટીજા કલાસની ટીકીટ કરાવી જૈને ઘુઈસા ગારીમાં;
વહુનો કહેકે ભાઇ મકનીઆ ટમામ ટીરઠ છે ટારીમાં,

પીઠાને પરમેહર ડેખું ટારીમાં ડુલજા ડેવી.
ટેછીનમાં ડુ ટપાહ કરજે વેચાટી હોય ટો લેવી;

ડાકોર જઇહું ગોમતી નૈહું પાવન ઠઇ જૈહું ટીઆરે,
બાકી રહ્યું જે બ્યાન અહીંથી હવે કહીશું બુધવારે.



એક સુરતી શટોરીઆનું બ્યાન,

(ગાયન સાધારણ અને રાગ સુરતી)

ઉઈથા કે ચાઇલા હોતલે ટાં પીઢુ ચાનું કોરીયું,
એક પાન બીરી ખાઇને મોંરામાં ખોઇસુ ખોરીયું;
પછી મમ્મા ડેવીમાં જઇને માઇરો ડમ ગાંજા ટનો,
બઇનો ઢુરટ બેભાન નીસો ગાંજાનો ચઇરો ઘનો;

ટેવામાં ટાં એક ડોસ્ટ આઇવો ચલમ લાઇવો ચરસની,
એક ફુંકમાં ટે ફુંકીલાખી ટેમાં બીજી બની;
વન બાવન ચલમો બની ટાં રગરપત્તી પરચરી,
ગાંજાની ધુંતા ધુંત ચાલી સાંજ ટેવામાં પરી;
ભાન આવ્યું કે તે ઉઇથા ચાઈલા પોટે ઘર ભની,
ઝટ હુરટ ચુઇકા હેથજી ના ફોમ રહી રસ્ટા ટની;
સત્તા ગલીમાં સીઢા જઇને મનસુબો મનમાં કઇરો,
મંડીને પરટી મુકીને ટાં ડાવ ટેજીનો ભઇરો;

ટેવામાં આઇવો ટાર કે લીલામ ઝત ખુલી ગીયું,
હાઠે કરી ઉલ્લુ બઇના ને પૈહાનું પાની ઠયું;
લમના પુનેલા લેઇને આ સેથ ટાંઠી સંચર્યા,
બ્યાજુકા લાવી રૂપીઆ સૌ લોકના પુરા કઈરા;
હાઇરા ટેથી હમકી ગીયા પાસે રહી જો ના પઇ,
હંઢામાં ઢન ખોયું બઢું ફુરટ જવું ફું મોં લઈ;
એક ડોરી પન ઝેર ખાવાનું નહી પાસે રહ્યુ,
હાઠે કરી ઉલ્લુ બઇનાને પૈહાનું પાની ઠયું;
પરતક્ષમાં બીના બનેલી મેં લખી અહીં આટલી,
આઇ હેવસીન આ હીસ્ટરી સરટનલી ઇન સટ્ટા ગલી;

વિષેશ લાંબી વાત આ સદા તણા શોખીનની;
અંતે બન્યું શું એહનું કેમ મેળવ્યા ભએલા મની;
તે અન્ય મુકમાં આવશે સંકટ સટોરીયે જે સહયું,
કેવી રીતે ફલ્લુ બહેનાને પૈસાનું પાની ઠયું;

(અપુર્ણ)

COMIC POET રાવ કવી.

હાલના રજપુતો.

રણમાં રંગ જરા નવ રાખે રંગ રાવણામાં દે રોજ
મરદ છતાં રણ મોઝ ન માણે મજરામાં માણી લે મોજ
રંગે ઉછળતું લોહી ન રાખે લોહી આંસુડાં રાખે લાજ.
ફરે ફ્રીસ ચેરા લઇ ફ્રોકટ અમળ કરખો કરી અવાજ;
રણ ક્ષેત્રે લડવાને બદલે લણવા ખેતર મધ્યે જાય,
અરેરે રાડ પડે રજપુત રડીને ધાડ પડેતો ઘરમાં ધાય.
મ્યાનમાં તલવાર મળે નહિ કાટ વળેલી દીસે કટાર;
અસ્ત્ર સહસ્ત્ર વીનાના આજે આર્ય પુત્રોના શા આચાર.
પલાણ નાખ્યા વીના પલાયણ કરે આજ રજપુતો કોઇ.
કેફ કસુંબાથી બની કાયર રડે ખુણામાં છાના રોઇ,
ઘુવડ જેમ રવી તેજ ઘણાથી સુનામકાનોમાં સંતાય.
તેમ યવન નૃપ તણા તાપથી ભય પામી ભુપતી ભરાય
જાદવનું જડામુળ ગયુંને ઝડવાળા સૌ મરી ગયા;
સોલંકી વાઘેલા સમરથ ને પરમારો પાતાળે ગયા:
રાઠોડો સૌ દીસે રંકના રાવળ રાણે રાંડી રાંડ,
ચહુવાણો તો વીણે ચીભડાં કરી મજુરી જીવે ભાંડ,

ગાદી પર હોઠા ગગડાવે કલમ તજીને ચલમ ભરે;
તીર ઢાલ તલવાર તજીને ડોયા પાવડે કાંમ કરે,
હળ હાંકે જેમ હળ હાંકયામાં હાલ પરે કે ચારે ઢોર;
નબળા પાસે શીશ નમાવી અબળાનો સાંખે અંકોર

બાર બાજરી તણું જાવળું અડવાળીને પેટ ભરે;
ટપલા ખાતાં વળી તગારાં કડીઆ પાસે કાંમ કરે,
કમર બાંધીને કરે કાસદાં કમર બાંધી કયાં લડવા જાય;
વીર રસને બદલે બ્યઢંળ રસ ગાંઠે બાંધી ગરબા ગાય,

જયવાળા રજપુતો જાતાં ભયવાળા રજપુત ભળાય;
હામ દામને ધામ વગરના કાયરને કંગાળ ગણાય,
સિંહ બાળી નાસે સો જોજન એવા શું તાણે તરવાર;
અપોચિઆને અતી અફીણે દુરબળ દેખાતા દરબાર,

દોહરો.

સુરબ જન તો માનશે ! આ વચનો વિષ સમાન
પણ જ્ઞાની ગુણગ્રાહી બની; ગણશે અમૃતપાન;
જુવો જન્મીને જગતમાં કર્યાં કિર્તિનાં કાજ,
તો ચંદ તણા ચળકાટથી, પેરખાયો પૃથીરાજ;
આ અવનીમાં અવતરી કીધાં વચનાં કામ,
જગતસિંહ જગથી ગયો પણ ગયું ન જગથી નાંમ;

(અપુર્ણ.)



(જુવો હાલની ઉછરતી પ્રજાનું પુરૂષાર્થ)

(વાર્તા ખાસ વાંચવા જેવી)

(ને સગ—નાંનાં બાળકના રૂદન જેવો)

એક રજપુતનો ૭ વરસની ઉમરનો છોકરો ઘરની બહાર ઓટલા ઉપર ઉભો ઉભો ગોળને રોટલી ખાતો હતો ત્યાં કેટલીક માંખ્યો ગળપણને લીધે તેના હાથોએ તથા મુખની ઉપર મધનો પુડો બઝાવી દીધો હતો તેથી છોકરાએ કંટાળીને રડવાનું શરૂ કર્યું ત્યારે ઘરમાંથી તેની મા બોલી ઉઠી કે અલ્યા અજીતસીંહ; ઓ અજીત; તું કેમ રડે છે. ત્યારે અજીતસીંહે કહ્યું કે આ માંખ્યો મને ખાવા દેતી નથી ને મોમાં પેસી જાય છે તેની માયે કહ્યું કે એમાં રડે છે શું કામ માંખોને ઉડાડી મેલ દીકરાયે રડતાં રડતાં કહ્યું કે હું તો એકલો છું ને માંખો તો બહુ છે આ સાંભળી એની માયે નિશ્વાસ મુકતાં કહ્યું રે હત રોયા તું માંખ્યોથી બીયે છે તો આગળ ધાંડ કેવી મારીશ. કહી અફસોસ કરવા લાગી.

એક દીલ ચમન કવાલી.

રાગ રડવુ આવે એવો.

વિવેકી નેક ટેકીને વળી દીકરા ડહીઆના;
અમે મગ નામને કહીએ મરી સરખું ન કહેવાના,
કહી સપડાઇ જઇએ તો બતાવીને ચતુરાઇ.
કહી હૈં હૈં હસી પડીએ અમે તો વાણીઆ ભાઈ;

ગળી સો વાર ગરણામાં પછીથી પાણી પીવાના,
દીવાના વાયડા વહેમી કહો તેથી ન બીવાના.

પુંજા મસ્તક તણી કરીએ મળે જો રૈંકડી પાઈ;
ખનાખનથી ખુશી થઇએ અમે તો વાણીઆ ભાઈ,

હલાલી વ્યાજ સટ્ટામાં ઉથલ પાથલ કરોડોની.
અમે કરીએ છતું ઉંધું ;ખબર પડશે ન ખોડાની;

છતાં જો ખોટ આવે તો, જરી જઇએ ન ગભરાઈ,
ફડડ ફુકાઢીએ કાચુ અમે તો વાણીઆ ભાઇ.

ભુલ્યા ત્યાંથી ફરી ગણીએ પડી જાતાં ઉભા થઇએ;
મુકેલી પાઘડી માથે ચડપ દઇ ફેંડવી દઇએ,

પડી કે આખડી જઇએ કદી ઠીક ઠોકરો ખાઈ.
છતાં તેમાંથી પણ રંગીએ અમે તો વાણીઆ ભાઈ;

ગણી પ્રો ચોક ચુંવાળીશ હીસાબે વાંકુ ના વદીએ,
બની ઉદાર તેમાંથી અરધ નાણું જવા દઇએ.

લખી ખત ધીરીએ નાણું પ્રથમથી વ્યાજ કાપી લઇ;
રીઝીઘર મારીએ એવા અમે તો વાણીઆ ભાઇ,

દીવાની કોર્ટમાં દોડી હરાજી જપતી વારંટે.
વસુલ કરીએ બધું નાણું લઈ બેહીફ વગર ટંટે;

કદી જો માર ખાઈ તો ઘડીભર રહીએ ગમ ખાઈ,
વખત આવે ના વીસરીએ અમે તો વાણીઆ ભાઈ.

છુપાવી કોથળા માંહી પુરી એક પાંચશેરીને:
પછીથી કંઇ સપાટા દઇ પ્રસાદી દઇએ વેરીને,

પછી પોતે પડી જઇએ ઘણાં ગુલેટીઆં ખાઇ,
ગળે પડીએ બીચારાને અમે તો વાણીઆ ભાઈ;

પડે જો પાદુટે માંખી નીચોવી ઘી બધું લઇએ,
પડેલી લોટમાં લીંડી નકામી ના જવા દઇએ.

ચળામણ કે વીણામણને ચળાવી ઝાડી ઝકકાવી;
કમાવા કરકસર કરીએ અમે તો વાણીઆ ભાઇ,
તુટે ચમડી છતાં દમડી અવરને આપીના હેએ.
ખવાએ તેટલું ખાણું ખુશીથી ઘેર ના ખઇએ;

જમી પર ઘેર ન્યાતોમાં પછીથી એ ડકારો ખઈ.
વધારી ફાંદને ફરીએ અમે તો વાણીઆ ભાઈ;
મરણ ક્રિયા કાં લગ્નોમાં વરા સંકોચ વીણ કરીએ,
જમાડી પામીએ જશના પુલણજી થઇ પછી ફરીએ.

વરો વીતી જતાં વાળુ કરંતાં છાશ મંગાવી;
ઉઘાડાં ઘર નળે દાંટા અમે તો વાણીઆ ભાઇ,
થતાં શ્રીમંત સંજોગો પુછ્ડું નશે ફેરવીએ.
ઘડી બહાદુરી બતલાવી હૃદય રાજી ,ખુશી થઇએ;

ફટાણાં લગ્નમા વહાલાં અમોને ભાવતાં ભાઈ,
અમારીતો અગમ બુધ્ધી અમે તો વાણીઆ ભાઈ.
ફટાણાં ગાય તેથી શું વજન માંહી ઘટી જાતા;
ચમારો કોળી કુંભારો વીગેરે શું નથી ગાતાં,

ભલે સ્રી જાતીના શત્રુ જતારાભાઓ અકડાઈ.
અમે સ્રી રાજપની ગણીએ અમે તો વાણીઆ ભાઇ;

વળી વીશેષમાં આ એક શ્લોક.

स्थाने सींहसमा वने म्रगसमा देशानंतरे जाम्बुंका !
आहारे बक भीमसेन सद्रशा स्वाने पीवा मैनम ॥
रुपम मरकटही पिशाच प्रकती कुटाक्षरा लेखकः
स्वहाकार्य सधीरा परेशुबधीरा एता गुणान्वाणीआ ॥

(મોંઘવારીની મ્હોકાણ.)

મનહર છંદ.

વાનીઆટો બજારમાં ટોળે વળી વાટો કરે
અડકે હવે ટો કશ કસ્યામાંય ના રહ્યો
ખેડુતો કહે કે કોઇ ખળામાં તો પડી ખોટ
ઓણ સાલમાં તો કાંઇ ઠીક પાક ના થયો
ફેરી ફરનારાઓના પેટમાં તો પડે ફાળ
આવા મોંઘા વખતમાં ધંધો કરીશું કયો ?
વોરાજી કહે ડારે હઇએ વખટ નકામો આવો
હોરૂ લથ્થા નાલખા નો ભાવબી ચરી ગીયો

છપો

લડાઇને લીધે હાલ ઘનો મોઘો હચો માલ
હવે આ હસે હેવાલ ઇમ સોચે સેથીઆ
જદ મીયાં કહે મેરે ઓણ એસી તંગી આવ પડી
બેટેકુ બીવાકા ઓર ... ...ના કીયા
સેથ કહે મેંબી ચાર પેંડાસડી પાછો પરો
દબ્બાલને દોરા ભાવ માલના ચરી ગીયા
મીયાં કહે કાયકુ તુમ કરો ખાલી માથા કુટ
મેરે જેસા રખો જીસકા લીઆ ઇસકા ના દીઆ

દેખો યાર !

હમારે બુઢેને એક બાનીએસેં બેપાર કીયા
સવાયાને દેડા કરકે લાયે સો એક રૂપિએ
મુદત બીતીકે બાનીઆ બુઢેકુ તો કહેને લગા
મીયાં તમો પાસ મેરે સો કે દેડસો હુવે

જુઠેને જમાયા ઘાટ સોઢે ઝટ કીયે સાઠ
આપે ગયે નાઠ ફીર તીસ બાકી રહે ગયે
હસતો મેં જ હું ગયા હસ હુસરેસેં હીસબાવું તુબે
હસમેં તે કયા દેખા ? શું વસુલ પેસે હો ગયે
બાકીકે પચાસ બધે ઉસકા બહાડ કીયા
આવતી સાલમેં ઘસે ડબલ લે જાઈઓ
શેઠ કહે મીયાં એતો વાયડે વેપાર પડે
જુઠેને કહા કે જાન દીવાલીપે આઈઓ
શેઠ કહે દીવાડીએ તમે શું દેવાના કાંમ
જુઠેને કહા કે ખાલી મગજ ન ખાઈઓ
આવું સાંભળીને સેથ સુલેમાંન બોલી ઉઠયા
કે તારા બાવાએ બીથીક પેંટરો લરાવીઓ

વોરીંગને ડાઈંગની કંપનીઓએ વાળ્યો દાટ
પીબીઓ કહે કે હમે ધંધો હવે છાંડીએ
કુંભારો કહે હમારે તો કશાનીએ ખોટ નથી
બસ એક જોર જોઈએ ચાકળાને હાંડીએ
ગોલા કહે હમોને તો મસીનોએ મારી લાખ્યા
ખુંચી લીધું ખાંડવાનું કહો હવે શું ખાંડીએ
હોયો મોંઘી હંચા મોંઘા દોરાંના ડબ્બલ ભાવ
મેરાઈઓ કહે કે હમે ચમની માંકણ માંડીએ

દીલાસો દીધો ના દુખે સટે ન કીધી સહાય
અવસરે આવ્યો નહી એ સગો શું કાંમનો
અંતરમાં હેત કેવું આકળના નીર જેવું
ચાકદનો હીરો જેમ આખર છે નાંમનો

કામ પડે ગુંમ જાય સ્વાથીં સગાઈ સ્હાય
ખપ વેળા ખસી જાય બુદ્ધિ એ બહામનો

સગો એક વગો રહી દગો કરે દિલમહી
કહે કહી રાવ રાખો આશરો શ્રી રાંમનો

સીદ્ધી વાટે ચાલતામાં બાડ કાંટો વેરી થાય
પડયો હોય પથરો તે પગમાં ટીચાય છે

સવળુ જો કરીએ તો વાંકુ વેતરાઇ જાય
સાકરનો સંગ લેતાં સોમલ જણાય છે

સોંઘુ શોધે મોંઘું મળે પુન્ય લેતાં પાપ થાય
અણધાર્યું દુઃખ એમાં આવીને ભરાય છે

કહે કવી રાવ જુવો તગદીર તાંણુ કરે
સાત સાંધવા જતામાં તેર તુટી જાય છે

વિપત્તી વિક્રમ વળી; પડી રાય ચંદનને
વન ગયાં સીતારાંમ લખેલું લાલટમાં

દમયંતી સતી હતી સંકટ આવીયું તેને
કળીના કપટે કરી નળે છોડી વાટમાં

સત્યવાદી હરીચંદ્રે નીચની મજુરી કરી
સતી તારામતી તે વેચાયાં વેસ્યા હાટમાં

કહે કવી રાવ એવાં સતીયાંને સંકટ તો
દેવ દુઃખી થાય ત્યાં માનવી કોણુ માત્રમાં !

અંબર કસ્તુરી ભરી ચંદનની કયારી કરી
બાકી રાખી નથી કાંઇ સુખની મીઠાશની
લાગ જોઇ રાગ કર્યો અથાગ સુહાગ ભર્યો
લખણું ચલાવી ઠીક હૈયાના હુલ્લાસની
પ્રશંસા પુસ્તક તણી લખે લલ્લુભાઈ ઘણી
લ્હાવો લેવા જેવો જેમ સુખડ સુવાસની
દર્પણમાં દેખો મુખ જોઇ રૂપ ટળે દુખ
જીભથી સન્માન સુખ સ્ત્રીના સહેવાસની

કવીને કવિતા વહાલી સીન્ધુંને સરીતા વહાલી
જ્ઞાનીને તો ગીતા વહાલી ગણે વધુ પ્રાણથી
સતીને શીયળ વહાલું પ્રભુને શ્રીફળ વહાલું
પંખીને તો ફળ વહાલું લોહ ત્રાંબુ ધાણથી
ગધવને લાત વહાલી નારીને તો વાત વહાલી
બ્રાહ્મણને નાત વહાલી જમે ખુશી દાંણથી
વ્યસનીને વ્યસન વહાલું નીર્ધનીને ધન વહાલું
ભજન તો વહાલું સદા ભક્ત ભગવાંનથી

(વડોદરાની વીશીનું વિવેચન)

નર્યું પાણી દાળ મહીં દેખાય ના દાણો એક
છેક છાશ જેવી એવી ખાવો ખરે ખાંતથી
સઇડકો જો મારીએ તો ચઇડકોજ પડી જાય
ભેળી કરી જમીએ તો જુદી પડે ભાતથી
સોંઘું સોધી લાવે શાક તેલને જીરૂ જરાક
તાપમાં તપાવી લાવે રોટલીઓ જાતથી

કહે કવી રાવ એમાં અડધી તો કાચી રહે
વીશી કે એ પોણી વીશી ? જવા દો એ વાતથી

મનહર છંદ.

રાગ રૂપાળો.

નીશાળે બેસાડયા ત્યારે ગપોલીયાં કીધા ઘણાં;
ભણ્યા નહી આંકડો ને આંમ તેમ આથડયા,
મા બાપનું માન્યું નહી ઉલટા મારવા દોડયા.
સ્કુલમાં જઈને વળી સીક્ષક સાથે લડયા,
ચોપડીઓ વેચીને તેનાં ચાહપાણી ઉડાવ્યાં ખુબ,
પુરા છાકટા બનીને વળી કુછંદે ચઢયા.
સ્વારથ ન સાધ્યો કાંઇ જીન્દગી વૃથા ગુમાઈ;
મોટા થયા મુર્ખ ત્યારે પોકે મુકીને રડયા,

(આતો હજી ઠીક છે પરંતુ હાલમાં શું છે તે જુવો !

૧

સાત પાંચ સાથે મળી વાતો કરતા ચાલે વળી;
અન્યો અન્ય હાંસી કરતા હોટલોમાં જાય છે,
સીંગલ ભરાવે ચાનો સાથે બીસ્કુટ લઈ.
જોતા નથી ન્યાત જાત જોડે બેસી ખાય છે;
પછી પાન બીડી ચાવી સાથે સીગારેટ પીએ,
બીજાને વટાળે કાંતો પોતે વટલાય છે.

વાંચીને આ વીરામારા જવાતો વીચારી જુવો;
દારૂ દઈને હિન્દુપણું આજ ચાલ્યું જાય છે.

વળી એવા તો શોખીન કે !

૨

વળી વરણાગીમાં રાખે વાળ ઘરેણામાંતો ઘડાબાળ;
ટલ કપાળ લઈ ફરે બની ફાંકડાં,
હાથમાં તો હોય સ્ટીક રોફથી ઓઢે જરીક.
મુછોને મચરડી વાળી રાખે ઉંચા આંકડા;
પોઝીશન સાંચવીને ધીમા ધીમા ચાલે પાછા,
આપલાખ ચાલી બની વંડે વીર વાંકડા.
આબરૂ તો આથી જાય ને લોકોમાં હાંસી થાય,
માન્ય કર્યું મારૂં રોફ રહેવાદે તું રાંકડા.

વળી એવા તો ઇશ્કી કે !

૩

બની ઠની ખુબ પાછા પરનારી પુંઠે ભમે;
નીરલી વીજોગી બની ગાંણાં કેવાં ગાય છે,
રસીલી છબીલી નારી ચાલો લટકારી પ્યારી.
ચતુરા તુંને જોઈ આ ચીતડું ચીરાય છે;
પટાવીને બાંધે પ્યાર પછી પોતે બને યાર,
દીલદાર દેખી વળી બહુ મલકાય છે.
જ્યારે પકડાય ત્યારે થાય એ પુરા ફજેત;
કામી કુતરા તે અંતે ખુબ જુત્તાં ખાય છે,

૪

કોડીની કમાઈ નહી બડીની ફુરસદ નહી.
રાત દહાડો રખડતા ફરે છે ન ફીકરા;

લોફરની સાથે રહી આબરૂ ગુમાવા માટે,
ચાટતા ફરે છે ઠામો ઠામ ચાના ઠીકરાં.
ઓશીઆળુ અન્ન ખાય ને આખો દહાડો ટીચાય;
કુટાતા ફરે છે જેમ રસ્તામાંના ઠીંકરા,
જાણજો જરૂર તમે વાંચીને એ વીરામારા.
દાટો જ્યારે ઊઠે ત્યારે પાકે એવા દીકરા;

૫

વળી આજ કાલના જો ચેપ૧ અડધે માથે ઓઢે કેપ;૨
ખાલી નીત્ય કરે ખેપ બની વરણાગીઆ,
નીશાળે ન જાય અતી નકામા ટીચાય.
હોટલમાં પેશી ખાય વટલાય હીણભાગીઆ;
૩મધરને કહે મેડ ૪ફાધરને ગણે ફુલ,
આવી મહામોટી ભુલ કરે છે અભાગીઆ.
પસન નહી જાણો એતો પુર્વેના છે શત્રુ પુરા,
પેરંન્ટસને ૬ પેટે જાણે અવતર્યાએ આગીઆ.

૬

જુવો વિપ્રો થયા વિદ્યાહીણ દુરબળ દશા છે દીન;
લલનામાં રહ્યા લીન સાધુઓ શિકારી છે,
મન તો થયાં મલીન પીન્ડ અતી થયા પીન.
આળસે થયાં આધીન નર અને નારી છે;
ધરમો થયા નવીન મન થયાં ભીન્ન ભીન્ન,
ખોંદણીથી થયા ખીજ અંગમાં આજારી છે.
કહે કવીરાજ હવે લોકો તજી બેઠા લાજ;
ચોટલીમાં ચાર પડયા જનોયો જનારી છે,

૧ ચેપ—છોકરો. ૨ કેપ—ટોપી, ૩ મધર—મા ૪ ફાધર—બાપ —છોકરો ૬ પેરંન્ટસ—માબાપ,

૭

ધરમના જાણુનારા વિશ્વમાંથી વેન્ટ અવે; (જતારહ્યા)
ધરમના ધારનારા ધીઝ મૌન ધારી છે, (ધીઝ આબધા)
ભણેલાનો ભાવના પુછાય ભુમિ મંડળમાં.
પક્ષવાળા પામરો અત્યારે અધિકારી છે;
ભલુ બુરૂ ભાગવત વાંચનારા ભાઈઓ વળી,
અનીતી અખુટ કૂરતાના તો કોઠારી છે.
વીશેશ હું કહું વોટ લફરાનો ભર્યો લોટ [વોટ-શું લોટ- ઢગલો]
આજ કાલ વીપ્રો તણી વાસના નઠારી છે;

૮

ગીતા ગીરા ગાયને ગણેશ ગુરૂ ગુણીયલ,
ગોરખને ગંગા કેરી ગુરૂતા વીસારી છે.
ગંજેડીને ગધેડાઓ ગાંડાં જે ગમાર ગોલા;
ગાયકને ગણીકાઓ સારાં શુખકારી છે,
આજકાલ ગગ્ગા તણી ગણુતીતો જુવો યાર.
દુર નીકળી જવાથી વાસના નઠારી છે;
કથી ગયા કૈંક કવીજનો રૂડાં કાવ્ય કરી,
બહેરાઓની આગે શંખ એવી આ લવારી છે.

૯

રક્ષણને બદલે હવે ભક્ષણતો થાય ઘણું;
સજ્જન જનોએ પણ શઠતા સ્વીકારી છે.
કવી કે કોવીદ તણું તલભાર ચાલે નહી;
હરામી જનોમાં હાલ ઘણી હોંશીઆરી છે,
કપટીને કામી કાળા કરમોના તો કરનારા.
કીંકરને કાળજીભા કૈંક કારભારી છે;

કવીતાઓ તણી હવે કદર ન જાણે કોઇ,
મુર્ખાઓની જનેતાએ પુરી જખ મારી છે.

૧૦

ગરીબ જનોની જુવો આજીજી નાગરે કરે;
પ્રતીષ્ટા પાખંડીઓની આજ કાલ ભારી છે,
હજારો હરામ ખોરો હાજી હાજી કરનારા.
લાખોના ખજાના લુંટી ખાવા હામ ધારી છે;

જી અને બાજી તણું વિશેષ વધ્યું છે જોર,
જોયા ઘણા જેન્ટલમેનો કંઇક માહ જુગારી છે.
તમાચા મારી તેઓ રાતુ મોઢું રાખી ફરે;
મમ પાણી માટે ઘરમાતો મારા મારી છે,

૧૧

લોકો સાથે લડવામાં સાદ તાણે સોળ ઘણો:
પ્રભુ તણા ગુણ ગાતાં મૌનવૃતી ધારી છે,
કાળજાં કપાઇ જાય કાંતો કાંને બેગ થાય.
ઊજાતી સહી ન જાય, એવા અનાચારી છે;
અનીતાને ધારી દીધાં કર્મ સહુ વીસારી,
હવે બ્રાહ્મણોની મતી ક્રૂર કામો કરનારી છે.
ફાટી મુવા ફેન્સી બનીને ફાવે તેમ ફરે;
ભુદેવોની હજુ ભુંડી દશા આવનારી છે,

દોહરો.

કહ્યું છે કે—જેવા ગોર તેવા યજમાન.

કલીયુગકે બ્રમ્મન મરકરે વાકુ નહીંજે દાન;
ગોર સહીત નરકે ચલે સંગહીંચે યજમાન,

લાખોની ચોરી કરે દમડીનું દે દાવ.
પુન્ય કરે પ્રપંચનું કયમ રીઝે ભગવાન;

૧૨

ક્ષત્રીપણું છોડી ક્ષત્રી વેરીઓને પાયે પડે,
ધર્મ તજી ભ્રષ્ટ થઇ નષ્ટગતી ધારી છે.
નીજ પેરવેશ તજી પાટલુન પહેરે વળી;
આર્ય સાથે વેરને અનાર્ય સાથે યારી છે,
સાચા સુધરેલા તેતો શાસ્ત્રનો ન જાણે બોધ.
બાયબલ કે બીજુ ત્રીજુ વાંચનારા ભારી છે;
કહે કવી રાવ બધો બનેલો બનાવ,
કહ્યું મારૂં માની જાવ તો તો વડાઇ તમારી છે.

૧૩

દંડીઓ પાખંડી થયા સ્વાદીઆ પરમહંસ;
પુંજારા પ્રપંચી થઈ દેવશેવા ટાળી છે,
અક્ષરમી વેદ થયા વેદીયા વિષયી થયા,
જયોતિષ વેત્તાઓની, અસત્ય સાથે યારી છે.
ગુમાની થયા ગવૈઆ. માની થયા મોટાજન,
ત્યાગી ઘરબારી અને ગૃહી અવીચારી છે;
લઠધારી મઠધારી, માયામાં રહે મશગુલ,
ચંડાળ ગુરૂની ચેલીઓની સાથે યારી છે.

૧૪

સુદ્ર બીબીજાયા રાણીજાયા બો। હારી હામ.
બની બેઠા બળહીણ, ઉરમાં અ જારી છે;
હથીયાર બાંધી ફરે, સસલાને દેખી ડરે,
ઘાંચીમોચી પીંજારાએ, ફુલી ફુલે મારી છે.

મારામારી થાય ત્યારે; સુખ ન દેખાડે વળી,
ભાગે તે ભલો ગણાય જાનની ખુવારી છે,
શૂરવીર પણ હવે સમુળુ ગયું છુપાઈ,
ડાંડીઆ ડફોળો તણું ડાચે જોર ભારી છે.

૧૫

નફ્ફટ નાદાર અને નીરલજથી નેહ કરે,
નીચ નીશાખોરો સાથે, નૃપતીની યારી છે;
નરખર બનીફરયા, નાયકાના ફંદામાંહી,
નીમક હરામીઓની, શોભા ઘણી સારી છે.
ઉપરથી ઉજળાતે ઇન્દ્રવરણા સમાન,
અંદરથી જુવો તોતો ઝેરતણી ઝારી છે;
અમલ કસુંબા મહી ગયો દીનમાંન,
આટલી થઇને હજી શી વલે થનારી છે.

૧૬

સઇને સત્રાટ સઠ સીપાઇની સિમા નથી,
સુતારને સુતતણી સંન્તા ઘણી સારી છે;
શેલાંને મંડીલ બાંધી, સાધુઓ શ્રંગાર કરે,
આશ્રમના ધરમની; વીધીઓ વીસારી છે.
સોની (સોની) ચીજમાંથી, ચાલીસની ચોરી કરે,
છતાં જેની જગતમાં સાચી શાહુકારી છે,
એ. એમ, બી. એ. એલ, બી. એલ. રચ્યું આ રૂડુ નોવેલ,
ભાષા કરી સેળભેળ, ખુબી જેમાં ભારી છે.

૧૭

પાજી થકી રાજી ઇતરાજી સાધુ સંતસાથે,
મહીમાં મહંત એવા ભુપતીઓ ભારી છે,

ગરવ ધરીને ગુણીજનને ગાને ગાજી કહે,
લાજેના લગાર એવા અતી અનાચારી છે.

તાજી તાજી બાજી નીત્ય ખેલે એ ઈશ્કની સંગ,
દાંડાઈ પાણીની જેની ઝુઠી તો ;લતારી છે,

સુવા એવા મખ્ખીચુસ ઠીક બની બેઠા પુરૂ.
રાંડો દેખા થાય ખુશ નાગા નાંમ ધારી છે;

૧૮

પારેવા પુરૂષ કેરી કોડે પતરાજી કરે,
પરનીન્દા પામરને પ્રતી દીન પ્યારી છે.

પરધન હરવામાં પંડીત છે પુરેપુરા;
પુન્યને પછાડવામાં સુરતાઇ સારી છે,

ખાનદાન હોય તેનું અંતે ખળ ખોદી કાઢે.
આખોદીન અમીરટાના અણુજ આહારી છે;

કહે કવી આતો નવી જમાનાની રીતભાત,
આટલી થઈને હજી કેટલી થનારી છે.

૧૯

સાતમે પાતાળ ગયું સાર માણસાઈ પણું;
સઉ સરદાર તણી સારી સુબેદારી છે,

સાધુ બન્યા સેવકને સેવક બન્યા છે સાધુ.
દુષ્ટ જન કેરી દુનીયામાં દરેદારી છે;

હીતકારી ઉપદેશ ગરલ સમાન ગણે,
અહીતને આવકાર આપે અવિચારી છે,

સત્ય કહે કવીરાજ લોકે મુકી દીધી લાજ.
જુઠનો વધ્યો સમાજ વખત નઠારો છે;

૨૦

પ્રાણુ જો પોતાના ભલે જાહનમમાં જાય પણ,
પારકાનું હીત હણુવામાં હોંશીઆરી છે.
જેમ ભલુ ભાખી કોળીઆમાંહી પડેલી માંખી;
અન્ન ખાનારાને ઉલટી કરાવનારી છે,
વૃદ્ધી પામ્યા વિશ્વમાં કુજન રૂપી કાળાનાગ.
દુધપાય તેને ડસે એવા દુખકારી છે;
ઉપકાર ભુલી જઇ અપકાર કરે એવા,
હાલનાં જમાના તણાં નર અને નારી છે.

૨૧

લલાટમાં લાંબા લાંબા તીલકને તાણે વળી;
જન બધા જાણે ચીત ભજનમા ભારી છે,
ભગતડા થઈ નીત્ય વડી વડી વાતો કરે.
ધર્મ તણા ઢોંગી પોતે પુરા અનાચારી છે;
હરરોજ હોટલોમાં જમે હાલ સમયમાં.
હિન્દુઓની દશા હાય ભારે ભયકારી છે.
સનાતન તણું છેક થવા બેઠું સત્યા નાશ;
વીનાશકાળે તો મતી વીપ્રીત થનારી છે.

૨૨

નર સામા મળે તેને બોલાવે નમસ્તે કહી;
સત્યના સ્વીકારે મતી અંધ અવિચારી છે,
સનાતન ધર્મ તણો સુર્ય હવે અસ્ત થયો.
મુંઢ બન્યા મસ્ત અભિવંદના વિસારી છે;
સુરજ સમસ્ત ગુણ વાળા ઘણા મસ્ત થયા.

અવિકારી હોય તેને વણુવે વિકારી છે.
પુરે પુરા ઢેમકુલ આવી મોટી કરે ભુલ;
છોડી સનાતનનો રૂલ શઠતા સ્વીકારી છે,

૨૩

સારૂ કરનારાઓને શત્રુના સમાન ગણે.
બુરૂ કરનારા પરે શ્રદ્ધા ઘણી સારી છે;
આર્યતણું ઉપરથી બતાવે છે અભિમાન,
અંતરે અનાર્ય તણાં આચરણો જારી છે.
પ્રતિદીન પ્રગટે છે પુરૂશો અથાગ એવા;
ગરીઓને કષ્ટ આપનારા પાપકારી છે,
કહે કવી રાવ એવા મુર્ખ તો થયા મદાંધ
પીતાને પુત્રીની સાથે જાર કર્મ જારી છે;

૨૪

ધર્મ તણે બાને એક દોકડોના દીએ કોને,
સોનામોરો સામટી દે પરત્રીયા પ્યારી છે.
વડીલોના વાકયોને તો માને વીશ તુલ્ય વળી;
સજ્જનોમાં નીચતાની નામના નઠારી છે,
રાંમનાંમ લેતાં હામ હારે છે હરામજાદા.
દાંમ માટે દીકરીને વેચવા વિચારી છે;
દુહીતાની હાય હાય હવે તો હરાજી થાય,
મની મેટરને માટે મોટી મારા મારી છે.

૨૫

ધીકાર શીયાળ તણા ખેલવામાં ચરાપુરા;
મૃગલાંને મારવાને તર્તથી તૈયારી છે,

ચિંહતણો ચાહ મુકી, શીયળ તો સાંધા બને,
બળ કેવું ભય થકી ભાગવામાં ભારી છે.

નામ રજપુત પણ સુતને સલામ કરે
હુતપણું કરવામાં પ્રસ્ટતાને ધારી છે;
કહે કવી રાવ સઉ હાલનો હેવાલ બધો,
દેખી તેવી કહી, ભાઇઓ એ બુઝોજે તમારી છે.

૨૬

ભુખ્યા થયા શેઠીઆને વાણોતરો થયા ચોર,
મુત્સદીઓ મારીખાય, ખલ્કની ખુવારી છે,
હાકેમહરોતો હાલ, લીએ દંડ છાંનામાંના,
શાક દુધ હાતણુ સુખાન્ત લાંચ પ્યારી છે.

ન્યાયતણી રેખમાં, મારે છે મેખ મુનસફો,
સત્યનું અસત્ય, કરવાની રોજગારી છે;

ભીખારી અપાર થયા, વેપારી નાદાર થયા,
ચાપણો જમાં થયે દેવાળાની તૈયારી છે.

૨૭

અતી છે ઇજારદાર, માલદાર છે મજુર,
પટીદાર ચોર દયાવાન દુખકારી છે;
તસ્કરને છોડી દીએ સાહુ તણો દંડલીએ.
કુબલ ચોરોનાં ઇતબાર આજ ભારી છે.

સાધુને દેખી ઝણુકાય, પાખંડીના પુંજે પાય,
ભુંડાઓએ તો ભલાઈ, મનથી વીસારી છે;

કહે–કવીરાવ આવું, જોયું મેં તો કૈંક સ્થળે,
આજ કાલ હોટીયાંની મોટી મારા મારી છે.

૨૮

પોપટની પેઠે પઢે, સ્નેહ ધરી સીતારાંમ.
ભગતોની છાની ક્રીયા, જગતથી ન્યારી છે;
ઉપદેશક થઈ ફરે, બીજાઓને બોધ કરે,
ધન ધુતવાની ક્રીયા, અંતરમાં જારી છે.
તંબુરા બજાવી ગાય મંદીરોમાં ગીતોરૂડાંઃ
ઉપરથી પ્રપંચીઓ પુરા ઉપકારી છે;
આવા આવા ઘણા બાવા, આઇ દેવ સીનયારો,
પુરેપુરા ઢેમપુલ અતી ભેખ ધારી છે.
(આઇ દેવસીન–મેં જોયા છે.)

૨૯

પાંચને મળે તો પછી પચીસની આશાકરે,
અને પચીસ મળે સો આશા પચાસની ધારી છે;
હજાર મળે તો પડે લાખો તણી લાલચમાં,
કરોડો પતી થવાની હૈયે હોંશ ભારી છે.
સંતોષ તો અંતરેથી, છેક સળગીજ ગયો,
નક્કી નીરમુળ થયો, હીમ્મતતો હારી છે;
કહે અંબાલાલ કવી. બધુ જાતે અનુભવી,
દેખી તેવી લખી વાતો જુવો જે વ્યવહારી છે.

૩૦

પામે છે પ્રધાન પણું પાખંડી પ્રપંચી હાલ,
અક્કલ તો જેની ઉદધી મહી ઉતારી છે;
નીતિ અનીતિને હવે જોતાતો જરાએ નથી,
વીના વાંકે પીડ બલાઓને ભયકારી છે,

રૂપો નીજ રૂપો ભુલી, ભ્રષ્ટની સંગાથે ભળ્યા,
રાજ્યતણી નીતી રીતી, હવે તો વિસારી છે;
મોટાઓને શું કહેવાય, કહેતાં મન સંકોચાય,
ન ચાલશું કહ્યા શિવાય, ત્યારે જખ મારી છે,

૩૧

ભાળી પડી મધુરતા, સજ્જનોના સંગતણી
ક્રુરતાની કરી હવે, અંતરે પ્રસારી છે;
પોતાનાંને પીડવામાં બહુ બળવાન બને,
મતી જેની અતિ પામરોને પીડાકરી છે.
સુશીલતા છેટે મુકી બોલે મુખેથી એ ફાગ,
નકામા લોકને નડે; એવા અનાચારી છે.
હાઉમેની હશે આવા, જગતમાં નીચજનો,
અધર્મી અપાર અતિ, ભામટા ભિખારી છે.
(હાઉમેની કેટલા બધા)

૩૨

નિમીષમાં નવરાવી નાંખે નાણાવટી બની,
ભભકો દેવાળીઆનો આજકાલ ભારી છે;
છાના છાના સટ્ટા કરે, શરાફો થઈને ફરે,
તેથી મંદી તણો રોજગાર ૩દે જારી છે.
દાળતો દયાળુ તણો, વાતોથી દેખાડ ઘણો,
મનની વૃતીઓ જુઓ દગાની દેનારી છે;
જુલમી જુગારી તણો વિશ્વમાં વધારો થાય,
ભામટા હરામ ખોરો તણું જોર ભારી છે.

૩૩

મોટા વ્યભિચારી મુઢ મરજાદા મેલી ફરે,
પતીહીન પુરે પુરી પાપવંતી પ્યારી છે;

શીરે જટાધારે મીઠાવચનો ઉચારે.
મુમુક્ષોનાં ઘરમાંરે એવા મહંતો મોન ધારી છે,
મૈયા મૈયા મુખે કહે, લલનામાં લીન રહે,
હાડી હાડી દુષ્ટતાની વેલ વધનારી છે.
કાંતો રાંડો કાઢી જાય કાંતો તેને વેચી ખાય.
જરને જોરૂ અત્યારે, જોગીને બહુ પ્યારી છે.

૩૪

ગુરૂતો લાંઘણુ કરે ગમારો ખાયે ઘી ખાંડ,
રાતના રાજાઓ તણુ, કાગો કારભારી છે;
ભાંડને બોલાવે ફરી, પંડીત ન જાવા પામે,
ભલીવાત ભણે ના ઉચારે જે નઠારી છે.
પ્રમાણિકને પાંચ નહી, પ્રપંચીને દે પચાસ,
પ્યાદા ચાલે પંડીતો, ગુલામોને સવારી છે;
વર્તમાન તણું આતો લખ્યું વૃતાંત બધુ
ભવિષ્યમા હજુ આથી, વધુ શું થનારી છે.

૩૫

પુત્રો થયા લંપટ; લબાડતો થયા પીતાજી;
પુત્રી વેચી પૈસા લેવા કેવી મતી ધારી છે;
છીનાળોતો પેંડાખાય, પતીવ્રતા ભુખે મરે,
કુંવારી કન્યાઓ સાથે, કામ ક્રીડા જારી છે
નણંદતો પાણી ભરે, સાસુજીતો પીસે લોટ,
ઘરમાં વધારે બહુતણી કામદારી છે.
જનેતાના જાયા જુવો વનિતાના વહાલા થયા
માથે છેડા મુકી નીતી રીતીને વીસારી છે.

૩૬

મોતાને મુસદ્દીઓની મતી હવે થઈ મુઢ,
ક્રુર અને કામી બની, નીતિને વીસારી છે
એક દમડીને કાજ. શામાનીતો લીએ લાજ
ગરીબોને ગળે છરી દેવા મતી ધારી છે.
નીચવાના કીચવીચે કળી ગયા કૈંક જણા
અંધાઓની આંખો મહી અતીવે ખુમારી છે;
કહે અનુભવી હવે ઉગારો અવધપતી
આજ કળી કાળે વિકરાળ ગતી ધારી છે.

૩૭

જગતમાંહી ભક્ત ઘણા બગલા ભગત બન્યા.
ભુગટીઆ લેંગટાઓ, જુઠા જટા ધારી છે;
નદી તીરે એક પગે ઉભા ઉભાં ધ્યાન ધરી,
બગલા તપસીજીએ, માંછલીને મારી છે;
રેલવેના પાટા જેવાં તીલક કપાળે કરે.
મોટા મણુકાની માળા, ડોક વિષે ધારી છે;
કહે કવી રાવ હવે ઉગારો હે અવિનાશી,
અંતરમાં મને એક આશા તો તમારી છે.

૩૮

ચાર પાંચ ચોવટીઆ ચકલામાં ટોળે મળી,
પંચાતીઆ પટેલોને લાંચો લેવી ભારી છે.
ચાપી પરમાટી ખાય, ગુણકાને ઘેર જાય.
મદીરા પીએ ને પાય, જબરા જુગારી છે.
ચાસનો વિચાર, ઉર ભાવેના લગાર ચાર,
બરાને કરે ખુવાર, નરોમાં નાદારી છે;

સત્ય સોઇઝ એ. પી, સત. આ બધો નવો બનાવ,
દેખી ન ખમાય, એવી દશા આવનારી છે.

૩૯

ક્ષત્રીઓની બેટીઓ ફાટેલાં કપડાંથી ફરે,
દાસીઓને શરીરે દસ હજારની સાડી છે;
ભાગી તુટી તરવાર શુરાઓને સાંપડેના,
બડવાની અસીઓ જડીત્ર મુઠવાળી છે.
કુટણું કરે તે કારભારીઓને વહાલો લાગે;
કોવીદ કવીની ઉર વાતના વીચારી છે,
અસલી રીવાજો તજી ઉલટા ચાલે છે અતી.
અનુભવી જોયા ખાલી ખોટા નાંમ ધારી છે;

૪૦

કુંવરતો થયા કુર માલદાર થયા મજુર,
શુમ થયા સુર અસુરોનું જોર ભારી છે.
દાતાર કંજુસ અદાતાર કહે દાતા અમે;
ધની નીરધન નીરધની ધનધારી છે,
સત્ય તો ગયું છુપાઈ અસત્યના વળ્યા ઓધ
અનાચારી તણી બધે કામક્રીયા જારી છે;
કહે કવીરાવ કળી કાળના હેવાલ હાલ,
જુઓ આજ કાલ બાનુઓની બલીહારી છે.

૪૧

ચીટીના વેપારીઓ તો બજારમાં ટાળેવળી.
મઢી બડી વાતો કરે બીડના વેપારની;

હોટલવાળા તો શાખા ખોલવાની જગા શોધે,
કીટસનવાળા તો વાતો કરે હદપારની.
સાદી પામે પદ્દી તણી શોપોના કીપર તે તો;
બાર માસે કરે ગડભાંજ એ હજારની.
બેન્કોની જગ્યાએ હાલ હોટલો તણી ધમાલ.
કહે કવીરાજ ફુટીવાતો રોજગારની;

૪૨

(પ્રીત કેવી કરવી)

પ્રથમ વિચાર કરી પ્રીતિ કરો ભાઇ તમે,
પ્રીતરીત દુનીયાંમાં કઠણુ ગણાય છે.
કરે ન વિચાર દગાખોર દોસ્તદારો કરી;
સંગે ફરનારા તણી ફજેતી લુંટાય છે,
કરો સ્નેહજે સંગાથ ઝાલો જીન્દગીનો હાથ
સ્વારથીયા સ્નેહમાં તો અંતે છેહ થાય છે;
કરી એવાં ઉંધાં કામ બોળે બાપતણું નામ,
કવી કહે એવા હાલ હજારો કુટાય છે.

૪૩

(મુંબઇ શેઠીઆઓના ઘરની શોભા.)

મોટાં મોટાં છે મકાન દ્વારે બેઠા દરવાન;
જાણે હુંકી રહ્યા શ્વાન એવા તો નાદાન છે,
કોઇનું ન સુણે કાન જરા નવ આપે ધ્યાન
જાળવે ન માન એવા પુરા એ હેવાન છે.
જાય ગુણવાન તેનું કરે અપમાન;
ધન હરવામાં ધ્યાન એવા શેઠીઆ શેતાન છે,
અનુભવી કહું બ્યાન એવા ગ્રહસ્થોનાં મકાન.
ઉજ્જડ મસાણકે બેસન બિયાબાન છે;

૪૪

હાલના શ્રીમંતો તણી, સાયબીના સાહીત્યમાં,
ઘાસીઆ ઘોડાને દીસે ચાકરો તો પેટીઆ;
રીચમેનો પણ હવે નીચ મર્તાનાજ થયા,
સો સો ચુવા મારી બીડી જેવા પાટે બેઠીઆ.
શ્રીમંતાઈ સારી પણ મનના ભીખારી એવા,
ઈશ્વરે તો જાણે આંખ્યો મીચીને ઉશેટીઆ;
હાલના જેન્ટલમેનો જોયા મેં હઝારો તેમાં,
કંઈક જોયા શેઠીઆને કંઈક જોયા વેઠીઆ.

૪૫

મુસાફરીની મઝા.

અસાડી અમાસે ચાર, ગયો હું તો અમદાવાદ,
જવાનું કારણ શું તે, હું તો નથી જાણતો;
તે દીવસેરસ્તામાંહી, બની હતી જે જે બીના,
ટુંકામાં કહું છું, નથી વિશેષ વખાણતો.
ગાડીમાં બેસીને પછી, બારણું મેં કીધુ બંધ,
નીરાંતે બેસીને હું તો લાગ્યોજ રાગોટવા;
તેવામાં લુવાણા સાથે, મારે તો ઝામી લડાઇ,
મારામારી કરી મેંતો, ભાંગી નાંખ્યા સોટવા.
બાજુમાં બેઠેલી એક, બોંડકી તે બોલી ઉઠી,
આવડો બધો તે કેમ, ફાટચો છુ ઉછેદીઆ;
મેં કહ્યું કે ડોશી તારે, વચ્ચે બોલ્યાનું શું કામ,
ત્યારે બોડકી કહે કે, છાંનો રહે ફાટીમુવા.
ડોસીએ જ્યાં દીધી ગાળ, ચઢયો મને ઘણો કાળ,
ટરવી મેલુ સંભાળ, મેં કહ્યું મીઝાંજથી;

ધણી તકરાર આણ્યો, તેવામાં ત્યાં પાટીદાર,
હતો ગાંમડીઓ ગમાર, બોલ્યો બહુ દાઝથી.
બેસ બેસ ફાડયા, કહી ડોળા તો દેખાડયા,
વળી બંદાને બહુ ગાડયા, કહ્યું ક્યાંથી આવ્યો આ
ચીપાઈ કહી પાડયો સાદ, એવે આવ્યું મેમદાવાદ
કરવાને ફરીયાદ, જુમો પાછો ઉઠયો બહારથી.

દોહરો

અપુર્ણ હવે અહીંથી રહ્યું, ટ્રેન લડાઈનું બયાન,
ભાગ ત્રીજામાં આવશે, આ પુરૂ આખ્યાન,

૪૬

નોકરી નકામી નથી, નોકરો નકામા બન્યા;
ખાય તેનું ખોદવામાં, હરામીઓ તાકતા;
ધર્મમાંથી ઢાંકી દઈ, ધર્મ વેત્તા ધૂર્ત થયા;
ધનને ધુતી લેવાને ગપોગોળા હાંકતા,

રાજાઓ વહેમી પુરા, વજીરો હૃદય રોગી
રાંકને રીબાવે એવો ન્યાય તોળી નાંખતા
દુનીયાં દીવાની નહી દુનીયાંદારોમાં દંભ;
પોતાનું પડયુ મુકીને પારકાનું તાકવા;

(સીકલાં ચુડેલુંકી ને મીઝાજ પરીયુંકા

૪૭

એક મીયાં આગરેથી, આવ્યા હતા જુનાગઢ,
સામા મળ્યા શેઠ એક, મીયાંને ત્યાં વાટમાં;

શેઠે તો સલામ કરી, કહ્યું આપ ક્યાંથી આવ્યા,
સાંભળીને ખાન પડયા, અતીશે ઉચાટમાં.

પ્રેમ આણી પુછયું ફરી, શેઠે તો કહ્યું સાહેબ,
આ સાથે સાથે ચાલતા હે તે, લડકા હે ક્યા આપકા

ખાંનને ત્યાં ચડી રીસ, જોરથી ધુણાવ્યું શીશ
કહ્યું કે મેરા નહી તો; ક્યા હેગા તેરા બાપકા.

શેઠે કહ્યું જીવો ઘણું, સાહેબ તમારો સુત,
વાણીએ જાણ્યું કે, લાવો મોઢે સાકર વાટીએ;

ખાંન ત્યાં કરાંજી ખુબ, ક્રોધ કરી કહેવા લાગ્યા,
સાલે જો તેરા ચલે તો, જાને શીર કાટીએ.

જેવું મેહેરબાન આ મીયાંની ઘોડીને દુબળી ના કહેવાય તેમ તાજી પણ ના કહેવાય. રીમેમ્બર રાખજો. (યાદ રાખજો.)

(બાવટાને રોટલે બારોટ તો ઊઠયા બળી.)

બારોટ ઉઠયા બાજરા હુક્કો લઇ ઉચાટમાં;
બાગોળેથી જુદા પડયા વાસદ જનારી વાટમાં,
અત્યંત અમલ કસુંબલાથી આંખ ના ઉંચી થતી.
રસ્તામાં ઉભા રાવજી ડગ લોંચ દેવાતી નથી;
નીશા વિશે ચકચુર થયા ચોફેરની ચીંન્તા ટળી,
તોય બાવટાને રોટલે બારોટ તો ઉઠયા બળી.

વારૂ પછી—

એ શુદ્ધમાં બારોટજી તો લાકડું જ બની ગયા;
મધરાત્રી ત્યાં વીતી ગઇ ઘડીઆળમાં પણ બે થયા,

હુક્કા પડી ગયો હાથમાંથી ચલમ પણ ફુટી ગઇ
બ્રહ્મભટ્ટ ભુત બની ગયાને લેશ ભાન રહ્યું નહીં,
ફીણ નીશામાં રાત આખી નાકને આંઝ્યો વળી
પણ બાવટાને રોટલે બારોટ તો ઉઠયા બળી,

વારૂ પછી—

પોહ ફાટતાં એ વાટમાં એક પટલ તો આવી ચઢયા;
બારોટજીનું બાવલું દેખીને ઝટ પાછા પડ્યા,
ઉંધું ઘાલીને વાટ વચ્ચે ચમ અલ્યા ઉભો રહ્યો.
તુ ભુત છુ કે ભાયડો એમ બોલ ત્યાં પટેલે કહ્યો
ઝટ આંખ ખુલી રાવજીની બોલ આવો સાંભળી,
ત્યાં બાવટાને રોટલે બારોટ તો ઉઠયા બળી.

વારૂ પછી—

જાગી જુવે બારોટજી તો પાઘડી નીચે પડી;
ફુટી ગયેલી ચલમ તે પણ તુર્ત ત્યાં નજરે ચડી
તતડાવીને ત્યાં પોક મુકી ખુબ રોયા રાવજી
કે ઓ હુક્કા તું કયાં ગયો મુજને એકલો અહીં તજી;
વળી ઘેર બઇરાં પુછશે કે રાવ શું લાવ્યા રળી,
ત્યાં બાવટાને રોટલે બારોટ તો ઉઠશે બળી.

વારૂ પછી—

પટલ ત્યાં પાસે ગયા કહ્યું રાવ ગભરાશો નહી;
ચાલો ચલમ આપીશ હું દીલગીર જરી થાશો નહી,
પરોણા તરીખે પટેલ તો આ રાવને તેડી ગયા.
ત્યાં રાવજીએ આપ વીત્યા સઉ સમાચારો કહ્યા;
પીધો કસુંબો પ્રેમથી પછી રાવની ખીલી કળી,
પણ બાવટાને રોટલે બારોટ તો ઉઠયા બળી.

વારૂ પછી—પછીશું જમવાનો ટાઇમથયો એટલે બધા જમ

વાંને ઉઠયા, પટેલે તુરંત ઘરમાં વરધી આપી કે બારોટજી જમનાર છે. પટેલના ઘરમાં બાજરીના રોટલા અને ભીંડાની કઢી બનાવેલાં હતાં વળી તે દીવસે ખેતરમાં કામ કરવાને દસબાર મજુર કરેલાં હતાં. તેમને માટે બાવટાના રોટલા બનાવેલા હતાં. ત્યાં પટેલ તથા બીજા ઘરના માણુસો અને રાવજી જમવાને બેઠા રાવજીને જમવાની થાળીમાં બે રોટલા મુકીને તે ઉપર ખુબ ગોળ અને ઘી પીરસેલાં હતાં વળી સાથે એક દુધનો વાઠકો ભરીને મુકેલો હતો તે શીવાય પાપડ–અથાણું–ચટણી. વીગેરે તમાંમ ભોજન પીરસેલાં હતાં. પરંતુ ભુલથી બાજરીના રોટલાને બદલે બાવટાના રોટલા પીરસાઇ ગયા હતા

વારૂ પછી—

એ રોટલા જોઇ રાવજી બોલી ઉઠયા રીસે બળ્યા
કહ્યું મુજ પગલાં ઘેરથી તમો કહોને કયારે નીકળ્યા ?
ઝટ પટલ તો પસે ગયાને જોઇ ત્યાં આવી બીના,
તુરત તળાયાં ચુરમાંને ઘાણીઆ ઢળ્યા ઘીના;
પટેલે જમાડીને પ્રેમથી ત્યા એક આપી કાંમળી,
તોય બાવટાને રોટલે બારોટ તો ઉઠયા બળી.

વારૂ પછી—

મારી બગલમાં કામળીને રાવ ત્યાંથી ચાલીઆ;
સવારના જે નીકળ્યા તે સાંજે ઘર ભેળા થયા,
આ વાત મોટી ગત આખી વહી જતાં નહી ખુટશે.

હવે બારોટ ભાઇનું શું બન્યું તે ભાગ ત્રીજામાં હશે;
રાવને રસ્તે જતાં રાંડેલી કોઇ સામી મળી,
ત્યાં બાવટાને રોટલે બારોટ તો ઉઠયા બળી.

બ્રહ્મભટ્ટ બંધુઓને સ્વાલ.

છપ્પો

કોન તમારી માત, કોન તમ ગુરૂ કહાવે,
કોન જાતમેં ભટ્ટ, ભટ્ટકુ કીન્ને ઉપાયે,
કોન અહંકી ભટ્ટ ભટ્ટકુ કીન્ને પઢાયે,
કોન દસોંદી ભટ્ટ કટારતો કીને બંધાયે.
કોન વીદ્યારો બ્રહ્મ, નરણાતો કોણે કીધી,
રક્ષા રૂદ્ર માળ જનોઇ વળી કોણે દીધી;
કોણ થયા યજમાન કહો ભટ્ટ કોને ન જાચે,
તે દો ઉત્તર તતકાળ રાવને શું શું છાજે ?

જુવાબ.

શક્તિ કે હમ પુત્ર ગુરૂતો નારદ કહાયે,
સતયુગવારે ભટ્ટ, ભટ્ટ બ્રહ્માને ઉપાયે;
હુવો અહંકી ભટ્ટ, વીદ્યા સરસ્વતી પઢાયે,
હુવો દસોંદી ભટ્ટ, કટાર તો રામે બંધાયે.
કુબ્જા જો ચારે વેદ નરણા ત્રણ લોકની કીધી;
રક્ષા રૂદ્ર માળ, જનોઇતો શીવે દીધી;
સુર્ય દેવજમાન સુમકુ કબહુ ન જાચે.
ચોરી જારી છોડ, રાવકુ સબ કુછ છાજે.

દોહરો.

બ્રહ્મા જાકે કર બસે, શંકર બસે લલાટ;
જીભ્યાયે સરસ્વતી બસે, ઉતમ દરશન ભાટ;
ન કરે ચોરી ન પાડે વાટ, શીર ધરે ખુંટકે રાજા ભાટ.

કવીનાં લક્ષણ.

ગુજ બહેરા દ્રવ્ય આંધળા, ગુઝલ વેળે નંદ;
પરનારી શું વ્યંઢળા, એ લક્ષણ કવીચન

કવિત.

દીયા હે ખુદાને ખુબ, ખુશી હોતુ રાવ કવી,
લેના દેના કહેના સભી, યાંહી છોડ જાનાહે;
કેતેક અમીર ઉમરાવ, પાદશાહ ગયે,
કર ગયા કછુ ન લગ્યા, તીનકાઠીકાનાહે.
હીલો મીલો પ્યારે સમ ન્યાય નીતી રાહ ચલો,
જીંન્દગી જરાસીતામેં દીલકો બહેલાનાહે;
આવે પરવાના બને એકના બાના,
નેકી કરકે જાના ફીર ન આનાહે ન જાનાહે.

કવીત.

રાજા રામચંદ્રજીને ભટ્ટકુ બનાયે ભુપ,
જનકકે સ્વયંવરમે, બહોત દાન દીનોહે;
બલી રાજા રાહુને, બહોત પુજે ભટ્ટનકુ,
કરનજીને છાપદાન માફ કર દીનોહે
પાંન્ડવ યુધિષ્ઠરને સંજયકુ પાસ રખ્ખો;
એહહી કુરાનુમેં ભટ્ટકુ પીછાન્યો હે,
બડે બડે રાજા ઓર સાત પાદશાહી ચાહે.
પણ મુઢમતી મુરખને એક ભટ્ટકુ ન જાન્યો હે;

કવિત.

દાતા નૃપ ભોજ ગયો, દાની નૃપ કર્ણ ગયો,
એ દાનવીર દાનીઓની, સુર્તિઓ કંઈ ગઈ;

હરિચંદ્ર હીમદાની, બળી જેવા મયદાની,
હાલમાંતો એદાની, હજારો પાસે રહી ગઈ.
આ સમયમાંતો અતી કૃપણને અભિમાની,
નાદાની બેઈમાનીને શયતાની દીપી રહી;
કહે કવી શોખીનોના કોચપર મચ્છરદાની,
ખાલી ખાનદાનીમાં એક ચાહ દાની રહી ગઇ,

ધરાજો ન હોતીતો મેરૂકુ ધરત કોન
શેષ જો ન હોતો તો ધરા કોન ધરતો,
ઇન્દ્ર જો ન હોતો તો મેઘકુ બરસાવત કોન.
ઓર મેઘજો ન હોતો તો સમુદ્ર કોન ભરતો;
રાવણજો નહોતો તો સીતાકુ હરત કોન,
રામજો ન હોતો તો રાવન કેસે મરતો.
તેમ દાતાજો ન હોતો તો કવતાકુ દેતકોન,
કવિ જો નહોતો તો કીર્તિ કોન કરતો.

(જયાં ન પહોંચે રવી ત્યાં પહોંચે કવી.)

પરમાત્માએ આખી સૃષ્ટિ રચી તેમાં ગર્વથી છેલ્લાં મનુષ્યો બનાવ્યાં તેમાં પણ છેવટે કવીને બનાવીને તો કીરતારે કાંડા સુધી હાથ ધોઇ નાખ્યા છે. (અર્થાત પછી કંઇ રચ્યું નથી) જુવો કે જેમ હીરાની પરીક્ષાતો ફક્ત ઝવેરીજ કરી જાણે છે તેમ કર્તાની કુદરતને તો માત્ર કવીઓજ પીછાણે છે.

જુવો કે.

માદારીના બધા ખેલો, જંબુરો જેમ જાણે છે;
પ્રભુના ખેલને તેમજ, પુરા ભકતો પીછાણે છે.
(જંબુરો એટલે મદારીની પાસે રહેનાર છોકરો)

કર્તાની કુદરતને પ્રકાશમાં આણનાર બસ એક કવીજ છે વળી પરમાત્માએ પોતાના કરેલાં અદભુત કાર્યો જગતમાં જાહેર કરવાને માટેજ પોતે મન વાણી અને કર્મ વડે કવીને ઉત્પન્ન કીધા છે એમ ધારોએ તો તે સત્ય છે કારણ કે કવી તો કુદરતની કસોટી છે, માટે કહ્યું છે કે

(જ્યાં ન પહોંચે રવી ત્યાં પહોંચે કવી.)

ત્રોટક.

અર્ક તણો પણ અર્ક જુઓ કવિ તર્ક અખંડ ચતુર ચલાવે
વીર બની બહુરૂપી સભામહીં કામદુધા કવિઓજ કહાવે
જન થકી શુભ મંડળમાં પણ માન દિવાનનું એજ ધરાવે
કાવ્ય મહા નૃપ રાજ્ય સભા પુર જોસ પ્રભા કવિઓજ ગજાવે

(દાખલા તરીખે.

એક વખત અકબર બાદશાહએ, ગંગ કવીને પુછયું કે કહો કવીરાજ તમે કુદરતનાં આદર્શ કાર્યોનું વરણન કરીને પ્રકાશમાં લાવો છો શું બધુ સાચુંજ કહો છો ? અથવા સાચુ કહેતા હો તો એની સાબીતી શી ! ત્યારે ગંગ કવીએ કહ્યું કે કૃપાનાથ, જાત અનુભવ થયા શિવાય સાચી સાબીતી થઇ શક્તી નથી ત્યારે અકબરે કહ્યું કે ઠીક કોઇ વખત જોઇ લઇશું. આ વાતને થોડા દિવસો વિત્યા બાદ એક દીવસ પ્રાતઃકાળમાં બંન્ને સાથે બેસીને દંત ધાવન કરતાં હતાં તેવામાં બેગમને હાથમાં પાણી લઇ મોં ધોતી વખતે કપાળમાં ચોઢેલી એક ટીપકી ઉખડીને હથેળીમાં પડી તે બાદશાહના જોવામાં આવ્યું એટલે પોતે તુરત તપાસ કર્યો તો બેગમની હથેળીમાં પાણી અને તેમાં કપાળેથી ઉખડીને પડેલી એકટીપકી માલુમ પડી એ ટીપકીમાં હાથીનું ચીત્ર પડેલું હતું, તે જોઇ બાદશાહે ધાર્યું કે હું આસ્વાલ ગંગકવીને પુછી જોઇશે, કારણકે કવીરાજ ભૂત ભવિષ્ય અને વર્તમાનનું વર્ણન કરે છે તે સાચું છે કે ખોટું તે આ ઉપરથી

સમજી શકાશે એમ વિચાર કરી, બાદશાહે એ વાત પોતાના મનમાં રાખી, અને તેજ દિવસે સાંજના દરબાર ભર્યો તે વખતે ગંગ કવી પણ આર્વાને ત્યાં બીરાજ્યા હતા તે વખતે બાદશાહે ગંગ કવીને સવાલ પુછયો કે કહો કવીરાજ ? આજ મેને એસા દેખાહે કે હથેલીકે પાનીમે હાથી ડુબ ગયા આવું બાદશાહનું બોલવું સાંભળીને સઘળી સભા વિસ્મય થઇ ગઇ અને ગંગ કવી પણ મનમાં સમજ્યાં કે આજે બાદશાહે આપણી પાકી કસોટી કરેવા માંડી છે પણ ફીકર નહી, એમ કહી પોતે સરસ્વતીનું આરાધન કર્યું, અને થોડી વારે બાદશાહને જુવાબ આપ્યો કે જહાંપના ? ફક્ત જેમ હું કહું છું એજ પ્રમાણે જો બન્યું હોય તોજ હથેલીના પાણીમાં હાથી ડુબે સાંભળો.

ત્રોટક,

સોલ સંગાર સજી પીયુકરાન રેન રમી પીયુસેં પટરાની,
ભોર સુ ભોર ઉદ્યોત ભયો, મુખ ધોવત સુંદર ટીકી ગીરાની;
વામે લીજ્યો હે ચિત્ર ગજરાજકો, તાકી બીબેકલીને નવજાની;
ગંગ કહે સુણ હે શાહ અકબર, ડુબત હાથી હથેલીકો પાની,

આ સાંભળીને બાદશાહ ઘણા ખુશ થયા અને કવીરાજને ઘણો સીરપાવ આપ્યો વળી એક દિવસ બાદશાહે કેટલાક બુદેવોને એટલે બ્રાહ્મણોને બોલાવીને કહ્યું કે મેને એસા સુણાહે કે સબ ધર્મકી કીતાબાહે મગર ઉસમેંભી હિન્દુ ધર્મકી જો કીતાબાંહે વો સબસે જયાદે રહસ્યવાળી ઓર લેઝતદાર હે ઇસલીએ મુઝે એ સુંણનેકા શોખ હુવાહે ઇસકે ખાતીર તુમ સબકુ હયાં પર બુલાયેહે આવું બાદશાહનું કહેવું સાંભળીને એક વીદ્વાનમાં ખપતા આગેવાન ત્રીપુડાશંકર નામના બ્રાહ્મણે બાદશાહના આગળ હાથ જોડીને આજીજીથી કહ્યું કે ખાવીંદને હુકમ શીરે ચઢવાનેજ અમો સેવકો અત્રે હજર છઇએ એટલે બાદશાહે કહ્યું કે બહોત અચ્છા લેકીન આપસા કરોકે તુમારે હિંદુ ધર્મકી જો કીતાબાંહે ઉસમેંસી એક અચ્છી કીતાબ ઢુંઢકે લાવ

ઓર હરરોજ મુઝે એક એક કલાક ભર દરબામાં આયકે સુનાવ બ્રાહ્મણોએ હાથ જોડીને કહ્યું કે બહુ સારૂ કૃપાનાથ; કહી બ્રાહ્મણો ત્યાંથી વીદાય થયા બીજે દીવસે સાજના દરબાર ભરાયો તે વખત બ્રાહ્મણોએ ઉઠીને અરજ કરી કે કૃપાનાથ અમે આપના હુકમ પ્રમાણે હાઝર છઇએ ત્યારે બાદશાહે કહ્યું કે બહોત ખુબ આજસેં બાંચનેકા શરૂ કરો એમ બાદશાહનો હુકમ થતાં બ્રાહ્મણોએ વાંચવાનું શરૂ કર્યું અને સકળ સભાસદો શાંન્ત થઇને સાંભળવા લાગ્યા આમ રોજને રોજ ચાલવા લાગ્યું તેવામાં એક દિવસ કથામાં એવી વાત આવી કે દેવતાઓમાં લગ્ન પ્રસગ હતો અને ત્યાં તેત્રીસ ક્રોડ દેવો તથા ઇઠયાસી હઝાર રૂષિ મુનિઓ તે શુભ પ્રસંગે ત્યાં આવેલા હતા તે વખતે ત્યાં એક સવરા મંડપ બાંધવામાં આવ્યો હતો જેનો વિસ્તાર સોળ જોજન એટલે સોળ ચોગુ ચોસઠ ગાઉમાં હતો, વળી તેમાં વિશ્વકર્માએ એવું તો કામ કીધું હતું કે જેમાં ઈક પણ કાષ્ટને સાંધો ન હતો, એવા અખંડ સાહિત્યો વડે એ મંડપની, બાંધણી બાંધવામાં આવી હતી. આવું સાંભળતાંજ બાદશાહ તુરત બોલી ઉઠયા કે ઠહેરો અભી રહેનેદો. પહેલાતો મેં તુમસેં યે ચહાતા હું કે એ કીતાબકા બનાનેવાલા કોનહે બ્રાહ્મણોએ જુવાબ દીધો હે. કૃપાનાથ આ હીન્દુ ધર્મની કીતાબો બનાવનાર અમારા વડીલો છે ત્યારે બાદશાહે કહ્યું કે અચ્છા એ કીતાબકો તુમારે વડીલોને બનાઇહ તો ઠીક હે મગર મેં તું કહેતા હું કે સતયુગ દ્વાપર ત્રેતા, અને કલીયુગ એ ચારે યુગમેં સબસેં બડા મેં બડા એક તાડકા ઝાડહે વો, નવાનું હાથ સેં એક ઉંગલ બઢ સકતા નહી હે તો એ મંડપ બાંધતી બખત એસી ચોસઠ ગાઉકી લંબી લકડીયાં કહાસે લાયેથે બાદશાહનો આ પ્રશ્ન સાંભળી વાંચવા બેઠેલા વ્યાસજી મહારાજ તો ચુપ થઇ ગયા અને અરસ પરસ એક બીજાના મોં સામુ જોવા લાગ્યા થોડા ટાઇમ વીત્યા બાદ બાદશાહે કહ્યું કે અય પંડિતો તુમારે વડીલોંકી બનાઇહી કીતાબકા તુમ જુવાબ દો. નહીતો આજસેં મેં તુમારા લવાસન બંધ કરતા હું આવું

બાદશાહનું ક્રોધભર્યું કહેવું સાંભળીને બ્રાહ્મણો ગભરાઇ ગયા, અને થોડીવાર બાદ બાદશાહની રજા લઇને પુછેલા સવાલનો જવાબ લાવવાને બધા બ્રાહ્મણો ઘેર આવ્યા અને હજારો પાંનાં પોથાં ફેરવી નાંખ્યાં પરંતુ ચોસઠ ગાઉ ઉંચું કીયુ ઝાડ ઉગ્યું છે, તેનો પત્તો લાગ્યો નહીં. જવાબ શોધતા શોધતાં આશરે છએક માસ વીતી ગયા, ત્યારે બ્રાહ્મણો અકળાઈ ગયા કારણકે બાદશાહે વર્ષાસન બંધ કરી દીધું હતું. આખરે તેઓ મુઝાઈને ગંગ કવીની પાસે ગયા, અને કવીને પ્રાર્થના કરી કે હે રાજ્ય રત્ન ! આ સવાલનો જવાબ બતાવો, અને હમારૂ વર્ષાસન ચાલુ કરાવો ત્યારે કવીરાજે બ્રાહ્મણોને કહ્યું કે હે મહારાજો તમે બાદશાહને મોઢે જુઠું બોલ્યા છો અને કહ્યું છે કે કીતાબના લખનાર તો અમારા વડીલો છે તો તે તમારૂં કહેવું વ્યર્થ છે, માટે જો વર્ષાસન ચાલુ કરાવવું હોય તો આજે દરબારમાં જઈ બાદશાહને અરજ કરો કે હે કૃપાનાથ આજે છ છ માસ થયા શોધ કરતાં આજે માલમ પડ્યું કે કીતાબોના બનાવનાર માત્ર કવીરાજના વડીલોજ છે, અને અમે તો તે પુસ્તકો શ્રોતાઓને, વાંચી સંભળાવનાર છઇએ તો એ સવાલનો જવાબ ગંગ કવીને પુછવો જોઇએ. આવું બાદશાહને કહો એટલે બધા બ્રાહ્મણો બીજે દીવસે દરબારમાં આવ્યા, અને કવીના કહ્યા પ્રમાણે બાદશાહને અરજ કરી એટલે બાદશાહે બ્રાહ્મણોનું આવું બોલવું સાંભળીને, તુરત ગંગ કવીના તરફ જોયું અને તુર્ત ફરમાવ્યું કે કયું કવીરાજ ? એ બમ્મન લોકજો બાત કહેતેહેં વો સચ્ચી હે ? ગંગ કવીએ જુવાબ દીધો કે હા જહાંપના એ બાત સચ્ચી હે બાદશાહે કહ્યું કે જો સચ્ચી હોય તો તુમ ઉસકા જુવાબ દો એટલે તુરત ગંગકવી કહેવા લાગ્યા કે ખુદાવંત કે સુણનેમે આયગયાહે કે બલી રાજાકે વાં યજ્ઞ હુવા જબ ભગવાન બુઢા બમ્મનકા ભેસ ધારન કરકે બલીકુ યાચનેકે ખાતીર ગયેથે જબ બુઢ્ઢા સ્વરૂપ લીયા ઉસ વખ્ત ભગવાંને એક લકડી હાથમેં પકડીથી, જીસ વખ્ત સાડેતીન ડગલેમેં પ્રથ્વીકા માપ લીયા ઉસ વખત ભગવાનને વૈરાટ સ્વરૂપ ધારન

કીયાથા એટલે પાઉં પાતાળમેં ગયે ઓર શીર આકાશમે ગયા ઉસ વખત જો હાથમેં લકડી પકડીથી વોભી સાથમે બઢગઈ ઓર જીતે ભગવાંન બડે હુવે ઇતી લકડીભી બડી હુઇ ફીર ભગવાન સાડેતીન ડગલે મેં બલીકુ પાતાળ ચાંપકે ચલે ગયે ઓર વો લકડી વાંકીવાં પડી રહી વો લકડીકુ કાટકે ઉસકા સવરા મંડપ બાંધા હુવાથા આ સાંભળીને બાદશાહ ખુશ થયા અને બ્રાહ્મણોનું વર્ષાસન ચાલુ કર્યું અને કવીને ઘણો ધન્યવાદ આપ્યો.

(કવીની કલ્પના.)

એક દિવસ બાદશાહ તથા કવીરાજ બન્ને સાંજના ફરવા નીકળ્યા, તે ફરતા ફરતા નદીને કીનારે, એક શિવાલય હતું ત્યાં આવી ચઢયા બાદશાહે આવી શિવાલયમાં નજર કરીને જોયું તો પાર્વતીજીને શંકરના તરફ જરા મોડ વંકુમોં કરીને હસતાં જોયાં કારણ કે પાર્વતીજીની પ્રતીમા ઘડતી વખતે કારીગરને હાથે એકાદ બે ટાંકણાં વધારે વાગી જવાથી પાર્વતીજીનું મુખજરા વાંકુ બની ગયેલું તેને પાછુ સુધારીને કારીગરે હસ્તું બનાવેલું હતું પણ જરા વાંકુ દેખાતું હતું તેથી બાદશાહે કવીરાજને પુછયું કે આ પાર્વતીજી શંકરના તરફ વંકુ મોં કરીને કેમ હસે છે, ત્યારે કવીએ સમય સુચક જુવાબ આપ્યો કે

ત્રોટક.

વિભુતી ચઢાવત શંકરપે; અહિલોચન મદ પડી ઝરકે;
બાકો સુસવાટ ઉડયો સીરપે, જબ અમૃતબુંદ પડી ખસકે.
નીચે હતી વનરાજ ત્વચા, ઉઠયો ગિરીરાજ રહ્યો અટકે;
સુરભિ સુત બાહન ભાગ ચલ્યો, જબગવરી હસી મુખ યું કરકે.

ભાવાર્થઃ- એક વખત મહાદેવજી કપાળે ભસ્મ લેપન કરતા હતાં તેમાંની થોડીક ભસ્મ પોતાને ગળે વીટાએલા નાગની આંખમાં પડી તેથી એ નાગે એકદમ પુંફાડો માર્યો તેમાં-

થી વીષની જ્વાળા નીકળી તે શંકરના લલાટમાં ચંદ્ર હતે. તેમાં લાગી તેથી તેમાંથી અમૃતનું એક બુંદ શંકરને બેસવાનું આસન જે વાગચર્મ હતું તેની ઉપર પડયું તેથી વાઘ એકદમ સજીવન થયો તેને જોઇ શંકરની સવારીનો આખલો એકદમ ભાગ્યો તે જોઇને પાર્વતીજીને હસવું આવ્યું છે. જુવો કેવો જુવાબ કેવી કલ્પના એક દિવસ કેટલાક શ્રીમંતોને ગાડીઓમાં બેસી ફરવા જતા જોઇને બે ચાર મવાલી ઇર્ષા ખોરો બોલી ઉઠયા કે આ શેઠીઆઓ ઘોડા ગાડીમાં બેસીને ફરવા આવે છે, એક ડગલું પણ ચાલતા નથી છતાં રાત્રે ઘેર જઇને પાછા પગ ચંપાવે છે એનું શું કારણ ! વળી એમને એવો તે કે દહાડા-નો થાક લાગ્યો હશે આવું સાંભળી, રાવકવીએ તેઓને જુવાબ આપ્યો કે.

જે દીન હીમાળે ગળ્યા, અને જે દીન ડહોળી ગંગ,
તે દીનના તે થાકીયા, તેથી પડથા ચંપાવે અંગ

આ સાંભળીને ઇર્ષાખોર મવાલીઓનાં મોં ઉતરી ગયા અને ભોંઠા પડયા.

(વળી હાલમાં તો.)

કવીત.

પંડીતનકે કાજ સીખે ભાગવત ગીતા જ્ઞાન;
ઓતાહેત સાધ્યો સાર બેદનકો બાંચવો,
કવીયનકે કાજ સીખે પીંગળ પુરાન છંદ.
દોહા ગીત ચોંપાઇ સબ કવીતનકો સાંચવો;

કલાઉતકેકાજ રાગમાસીસબ સીખકીનો,
આપ મુખ ગાવે રાગ રાગીનીને રાચવો.
દેવકે કાજ રાજા ઇતનોહી કસબ સીખ્યો;
કસુર રહીહે એક અબતો તાથૈ તાથૈ નાચવો,

કવીત.

ઘોડનકે ચઢૈયનકુ ઘોડા ઘોડસ્વાર નાહી;
ઘાંસકે ખોદૈયનકુ ઘોડે ઘર બંધેહેં,
સાચકે બોલૈયનકી ઇજત ન બાત કોઉ.
જુઠકે બોલેયે સરકાર સાથ સંધેહે;
રણકે ચડૈયનકે હાથમેં તો છુરી નાહી,
ગાંડુકે ભડવે સમશેર બાંધ અડેહે
પઢત કવીરાજ રાવ મરદકે શીર પઘડી નાહી
રંડીયનકે ઠબ્બે મંડીલ બાંધ ખડેહે,

કવીત.

ડાબરકે દાદુર બખાને ગુન ડાબરકો.
જગસબ જાને એ સાગર કહાવે ના;
કારી નીસા ભારી પુનિ તસ્કરકો લગે પ્યારી
ગુનીકી બાત કભી બે ગુનીકુ ભાવેના
રાવકવી પ્રેમદા પતીકો પાદશાહ કહે;
પન કરમહીન પતીએ અમીરપદ પાવેના,
ગ્રંથ રચી કોવીંદ અમુલ્ય ગુણગાન કરે.
પણ અધર્મી અદાતા કણુ દાતા તુલ્ય આવે ના;

કવીત.

પાપી કયા જાને નીર ગંગાકી પવિત્રતાઇ
મુરખ કયા જાને મોજ નારી હાવ ભાવકી,
ગરધવ કયા જાને પુનિ સાકર સ્વાદ ખુબ.
મોતી મની માનેક મરકટકુ પેનાયકી;
સુક કયા જાને લો અત્તર સુગંધ શુદ્ધ,
કપટી કયા જાને રીત મિત્રકી મિત્રતાઇકી.

કહત કવીરાવ યારો સબહુ સુનાઇ દેત;
સુમ કયા જાને કવી શબ્દ મધુરાઇકી,

કવીત.

કોપે કપીલ મુની સગર સુત ભસ્મ કીયો;
કોપે ગઉતમતો ઈન્દ્ર ભગ પાયો હે,
કોપે અગસ્તમુની સોસે સમુદ્રનકો.
કોપે દુરવાશા તો જદુબંસ ખપાયોહે;
કોપે જબ સંગીતો શ્રાપ ભયો પરીક્ષતકો,
કીને અનેક જતન આખર સરપ ખાયોહે.
કલીકો પ્રભાવ અબ કહાં લગી બખાન કરૂં;
બ્રહ્મ ભટ્ટકુ સતાય કે ન કોઇ સુખપાયો હે,

કવીત.

નોકરી ન કરની કીસીકી જગ ઇશ બીના;
હુકમ ન કીસીકો હમ સીરપે ઉઠાતે હેં,
જાવે રજવારનમેં વૃંદ સરદારનમેં.
કીરતી ઉદારનકા સુખસેં બનાતે હેં;
ઉનકે ઘર જાવે જહાં આનંદ અનંત પાવે,
આવેનીજ ધામ વાકી નોકરી ઉઠાતે હેં.
એક બેર બોલે વાસે તીન બેર બોલે હમ;
વીનય કરે વોહીકુતો સીસભી નમાતે હેં,
સત્ય કહે કવિ રાવ. નાખે જો ઘુમંડતાપે.
દો ઘનો ઘુમંડ હમ અંગપે ધરાતે હે,
સુનહો સુજાન હમ કહતહે એ સચ્ચી બાત.
આપકો ન ચાહે વાકે બાપકુ ન ચાહતે હે;

૧ સોઇઝ—કહે છે

કવીત.

કાહુ બોલ બેટનસે ખેલત ક્રીકેટનસેં
બીલીયર્ડ ઓર બેટનસે ખેલનેકો બાજી હે
કાહુ કાહુ પોલનમેં કાહુ ફુટ બોલનમેં
કહુ તો ને પોલનમેં દેખને કો રાજી હે
કાહુ તો ટેનીસનમેં બીઝીકકાહુ રેસનમેં
પીક પાઉ ચેસનમેં પૂરે વો પાજી હે
- રાવ કવિ કહે એસે ખેલતો ખેલત સબી
પણ કવિયનસેં ખેલનો વાહ કઠિન બેટાજીહે

કવીત.

કવિતા બનાનેમેં કવિયનકો સેવક હું
પીંગલ તો પઢયો નહિ. વાણીકો વિલાસ હે
પંચભૂત કેરા પ્રભાવસેં મેં પેદા ભયો
શબ્દકો પ્રભાવ આતો આકાશકો ભાસ હે
ચેતન તો તેરે ઓર મેરેમેં એકીજ રહ્યો
ધામ અરૂ ધરા ધન રામ નામ પાસ હે
જ્ઞાનીકી પાસ સદા જ્ઞાનકો પ્રભાસ મેરો
રાવ કવિ કવિયનકા દાસનકો દાસ હે

કવીત.

દુનીઆં દિવાની મહીં સબીકો દિવાના ગણી
કછુ ન બિચાર તુજે દાસકુ લજાનેમે
દીનો કીરતાર એસો રંક અવતાર મુજે
કછુ દીનો કાર ગાલ તેરાહી બજાનેમે
ભટકકાવત ઠાર ઠાર ભુવન ગમારનકે
ડાક યંત્ર લઈ હસ્ત બેશકુ ભજાનેમે

કહે કવિ રાવ કર્યું તું રમાપતિ રંક ભયો
ખોટ કયા પડી હે ઈહ તેરે ખજાનેમેં

કવીત.

હમને બકોતસી દેખી રંડી દેખકે નજરભી હો ગઇ ઠંડી)

જેવરદાર જેપુરકી અચ્છી ઉદેપુરકી
દગાબાજ દિલ્હીકી ઓર ઠીક ઠીક ગામકી
કહે કવિ રાવ હે ઈંદોરકી ઇરાદે બંધ
કીસનગઢકી નારી અતિ પ્યારી રતિ કામકી
કાસીકી મુલાયમ ઓર મથુરાંકી મિજાજદાર
બિકાનેરી બાંકી ઓર ઝાલાવાડી નામકી
કોટેકી અકુંડી ઓર ગુજરાતકી અજરગંડી
અગરઠંડી નીગાહકી દેખી રંડી રતલામકી

(મરહુમ બુર્જગોનો મેળાવડો.)

દોહા

વનધીસ પ્રાયવેટ વાત છે, જાણુસે જાણુનહાર;
મુરખ માનસે મશ્કરી, ગપ્પ ગણુસેજ ગમાર,

સમટાઇમ્સ એગો સ્વર્ગમાં, ટોળે વળ્યા ઘરડા સહુ;
ટોળે વળીને શું કર્યું તે હીસ્ટરી તમને કહું.
વનડે અરે હેવન વીચે મરહુમ ડુગોધર થયા,
બ્રહ્માને કરવા અરજ સર્વે બ્રહ્મપુરીમાં ગયા;
બ્રહ્મા તણા દરબારમાં જઇ પોક મુકીને રડયા
બહુ કળકળ્યા બે હાથ જોડી, ને વળી ચરણે પડયા..
પેન આરઃ બ્રહ્મા એકે ભાઈઓ કસ્ટ શું તમને કહો,
જો હોય સંકટ સ્વર્ગમાંતો આપ સહુ આંતે રહો.

બ્રહ્માઉવાચ   દોહા.

બાયહોર વૃદ્ધો તમે કરો આમ કલ્પાંત,
વોટ ઈઝ સંકટ સ્વર્ગમાં, કહો મને થઈ શાંન્ત;
આટ રાખી યમદુતની. સ્વર્ગ તણી ચોપાસ,
છતાં કોણે સંતાપીઆ, વરતાવીને ત્રાસ.

ભુજંગોવાચ—

ભુજરૂગો ત્યાં બોલીઆ. અમને કસ્ટ અપાર;
દાવાનળ અમદુખનો, પ્રભુ રહ્યો ના પાર,

કવિ—

ધોઝ બોલ્ડસને દઈધીર સોજી સીટપર બેસાડીઆ;
પછી રુધીસ્ટરને હુકમ થતાં, ચોપડા ઝટ કઢાડીઆ:
કોટાન કોટી કારકુનો ત્યાં કાગળો કરમાં લઈ,
લાગ્યા ઝટો ઝટ વાંચવા, સનમુખ સહુ ઉભા રહિ.

કુદરતી કોર્ટ—

આકાશના તંબુતળે, ગુડ ગ્રાઉન્ડ ઝાઝમ પાથરી,
એગઝેટ જજમેન્ટ આપવા, હાઈ કોર્ટ શ્રીહરીએ કરી:
દુનીયાં તણા ડીસ્ટ્રીક મેજીસ્ટ્રેટ જે સરવોપતી,
જાતેજ બ્રહ્મા જજ બન્યા, જેની અકળ વીકળ ગતી.
સ્વધર્મને શુભકર્મ બસ એ બેજ બેરીસ્ટર હતા,
પુન્યદાંન તો પ્રોસીક્યુટર થઈ સાચાના સાહ્યક થતા,
કુદરતતણી એ કોર્ટમાં બોલ ભુજંગો હાઝર થયા,
વન બાયવન સનમુખ જઈ સહુ લાઈનસર ઉભા રહ્યા

દોહરો

એમાંના જણ એકને, પ્રથમ બોલાવી પાસ;
બ્રહ્માજીએ પુછીયું, કરવા પુર્ણ તપાસ.

બ્રહ્મા ઉવાચ—

ઝટ કહો ખરૂં શા કારણે અહી આગમન થયું આપનું;
સત્વર જણાવી દો મને શું સુળ છે સંતાપનું.

ભુજંગોવાચ —

મહારાજ અમારા વંશજોને આપે કયમ ઉલ્લુ ઘડયા,
જે વીશ્વની વીશે અત્યારે પાકા વ્યસની થઈ પડયા:
સનતાન સૌ જે અમતણાં, સ્મોકીન્ગ સફિપન કરે,
હુક્કા ચીરૂટ ચલમો પીએ તેનો ધુમાડો નીસરે.
એ ધુમ્રના ગોટાવડે ગુંગળાઇને થયા ગાભરા,
વળી રૂમ્સ અમ રેવાતણા તે હાંસીને થુંકી ભર્યા.
કોઇ બાટલી મીસ્ટર બન્યા, કોઇ ભ્રષ્ટ થઇ વટલી ગયા,
ઓન એકાઉન્ટ ઓફ ઇટ અમે સઉ અરે અવગતીઆ થયા;
મહારાજ પ્રથ્વીપર અત્યાચે હોટલો ઝાઝી થઇ,
અમ વસંજો વટલી ગયા, એ ચાના પીઠામાં જઇ,
રીકવેસ્ટ ઓફ અસ આટલા, પ્રભુ એટવન્સ ઉરમાં ધરો.
અમવંસજો વંઠયા છે તેનો યોગ્ય બંદોબસ કરો:

કવિ—

આ સાંભળી બ્રહ્માજીએ યમ રાય પર ઓર્ડર કર્યો.
પકડીને ઝટ હાજર કરો જે વીશ્વમાં વ્યસની ઠર્યો,
મૃત્યુનાં વારંટ છુટતાં. પીનાર સઉ પકડઇ ગયા,
કુદરત હજુરની કોર્ટમાં, તે ફેંસલા કેવા થયા
વનબાય વન ત્યાં ચાલશે, વ્યસની તણીજ જુબાનીઓ;
તે ભાગ ત્રીજામાં હશે, મંગાવીને વાંચી લીઓ.

વધુમાં—

વળી તમામ ભુજંગો કેરાં ત્યાંતો લીસ્ટ વીસે નોંધાવ્યાં નામ
સ્વગ વાર્ડટવોશ થતા સુધી ત્યાં સોંપ્યું એમને યમનું ધામ,

ભવિસ્યનું પ્રાગ્રામ.

હવે યમરાય કેરી કોર્ટમાં વ્યસની બધા હાજર થશે.
કેસીસ નીજ કરતવ્યના ત્યાં કાયદેસર ચાલશે;
સંસ્કારના પરમાણુમાં વળી સખ્ત બહુ થાસે સજા,
એ અન્ય બુકમાં આવશે બહુ વાંચતાં પડશે મઝા.
પડી મુદતને રહ્યા મુલતવી ધીસ કેસ સહુ વ્યસની તણા;
ઉપકાર માની આટલો હવે અહીંથી અગીઆરા ગણો.

કુદરતની કોર્ટમાં પુછાતા સ્વાલો.

ભુજંગી છંદ.

તમે કેટલા બંગલાઓ બનાવ્યા;
તમે કેટલા દામ ગાઠે બચાવ્યાં,
ચલાવી તમે કેટલી ત્યાં દુકાનો.
પ્રભુ તે તમોને નથી પુછવાનો;
તમે કેટલી રોજ ચીરૂટ ફુંકી,
તમે કેટલી વાપરી ચાય ભુકી.

તમે ચાવીયાં કેટલાં રોજ પાનો; પ્રભુ૦
કઈ જાતના પહેરતા બુટ જોડા,
ઘરે રાખતા કેટલા ગાય ઘોડા.
હતી કેટલી ગાડીને ગાડીવાનો; પ્રભુ૦

તમે કેટલી ભાઇ ભાષા ભણ્યા છો,
બીએ-એમ-એ-એમ-ડી શું થયા છો.
થયા જે-પી-છો ચાંદ સી-આઇ-ઈ-નો; પ્રભુ૦

કઈ જાતનાં બાળીયાં ઘેર લેપ્યાં,
કઇ જાતની વાપરી બેસ્ટ કેપો.
બીજો ડ્રેસ કેવો હતો પહેરવાનો; પ્રભુ૦

તમે કેટલા વસ્ત્ર ભેગા કર્યાં છે,
કઇ જાતના અત્તરો વાપર્યા છે.
તમે વાપર્યાં પાન ગુલાબહાનો; પ્રભુ૦

તમે કેટલા નાટકો ખેલ જોયા,
તમે સર્તમાં કેટલા દામ ખોયા
લીધો લ્હાવશું રેસમાં જીતવાનો; પ્રભુ૦

ઉનાળે હવા ખાવાને ક્યાં રહેતા,
તમે રેલવેમાં કયો વર્ગ લેતા.
કરી કેટલી મીજબાની જુવાનો; પ્રભુ૦

મુલાકાત લીધી તમે હોટલોની,
બાગી ગરદનો કેટલી બોટલોની.
લવંડર અને સેન્ટમાં સુખ માનો; પ્રભુ૦

(ફક્ત આટલુંજ પુછશે.)

તમે કેટલુ દીનને દાન દીધું,
ગરીબો તણું શું તમે હીત કીધું.
દઇ અન્ન પોષ્યા ભુખ્યા દનિસાનો;
પ્રભુ તે તમોને જરૂર પુછવાનો,

આ દેવી તું વનસ્પતી છે, ઔષધી છે, ગુણની નીધા છે પણ બંધુઓ મારા જે ગુણના ભર્યા છે, પરંતુ તે દુર વ્યસની કર્યા છે.

(રાગ.—રળીયામણી ગુજરાત જોવા જોગ જેવી જાણજો.)

ઓ ચાહ તાહરી ચાહના જ્યાં ત્યાં વિશેશ વધી પડી;
પોહ ફાટતાં મોં ફાટતું તુજ માટ તલસે જીભડી,
દાતણ કર્યું કે ના કર્યું પણ રાંડ તું તો ઝટ ખડી,
પ્રેમી જનોને તુજવીના નથી ચાલતું હવે પા ઘડી.

ઉતરી અઢારે વરણમાં લેજ્જત બતાવી લોકને
લપટાવ્યા: લાખો લાગમાં ટાળ્યો હશે જન કોકને;
થયો ટાઇમ કે આવે બગાસાં, નાક પણ જાયે ચઢી,
પ્રેમી જનોને તુજ વીના, નથી ચાલતું હવે પા ઘડી.

છે વિશ્વમાં તું સર્વ વ્યાપક, અધિક ઉપમા શી કરૂં,
હોટલરૂપી મંદિર વિષે, ઉચું સીંહાસન તેં ધર્યું;
જન ફાંકડા પણ મારે ફાંફાં, કામ સૌ પડતું અડી,
પ્રેમી જનોને તુજ વીના, નથી ચાલતું હવે પા ઘડી.

અનાર્ય જનને આર્ય કરવા, હીંન્દમાં તું ઉતરી,
ઓલ આર ઇકવલ તેં ગણ્યા ને સરવને સરખી વરી;
કોઇ વખત જોતું ના મળે તો હૃદય ઝટ દેતું રડી,
પ્રેમી જનોને તુજ વીના, નથી ચાલતું હવે પા ઘડી.

સન્માન અન્ય તણું અત્યારે, તુજ વડે સચવાય છે,
ઝાઝો લહારો જો લખું તો, બુક પુરી થય છે;
તું વનસ્પતી છે ઓષધી, વનદેવી જંગલની જડી,
પ્રેમી જનોને તુજ વીના, નથી ચાલતું હવે પા ઘડી.

રોગી બન્યા જે તાહરાં, મરતા લગી નહી મુકશે,
ભક્તોને લીધે વાસના; વઇકુંઠમાં તારી જશે;
દુર દેશથી અમરાજ તું તો, આવી સ્ટીમરમાં ચડી,
પ્રેમી જનોને તુજ વીના, નથી ચાલતું હવે પા ઘડી.

ગણીઓ અમારા વાત તારી, જાણતા નહોતા જરી,
બની અમારે કાજ તું, ચુનીવર્સ વિષે અવતરી;
તે તારે માટે હાલમાં સહુ, હોટલે દેતા હડી,
કે ચૈનકચુ થાઉઝન ટાઇમ્સ તુજને, ધન્ય મારી બાપુડી.

દેખી હું દરશન તાહરાં, હોટલ વીશે જઇને કહે,
પધારી વિષે પ્રભાતમાં હવે, ધ્યાન પણ તારૂં ધરે;
મેં જુનનું પાણી કર્યું, પ્લીઝનાઉ રહેજે આ ઘડી,
આઉ ચૈન્ક મી થાઉઝન વાર કેને, મેં તને મુકી પડી.

પેટંન્ટ પોયટ્રી રચેલી, મીસ્ટર એ. પી. રાવની,
આ સેલ્ફ મે અનુભવ કરી, લખી વાત રૂડી લાવની;
લેશ લાભ હાની આપને તે, લક્ષમાં લ્યો આ ઘડી,
કે ચૈનકચુ થાઉઝન વાર તમને, જો તમે મુંકો પડી.

દોહરા.

આજ કાલ અવનિ વિશે, સાચુ આ સનમાન,
પ્રથમ તો ટીપારટી, પછી બીડીને પાન;

વળી

જે ચાહ દેખીને ચમકતા, વડા હતા હેવાન,
તેને પણ વળગી પડ્યાં, આ બીડી ને પાન;
ધોતીયુ પણ પહેર્યો તણું, હતું ન જેને ભાન,
તેણે બુટ ચડાવીયાં, બનીયા શેઠ સમાન.

પ્રભાતે પ્યાલા ચાટવા, મધ્યાને મધુપાન,
સાંજે સોપે સુંદરી, રાતે લુંટ તોફાન;
સ્વપ્ન થયું શોખીનને, કામની આગે કામ,
ગજવે ઘાલ્યો હાથ તો, ચરપે કાઢયું કામ.

વળી આજ કાલ તો

મનહર.

હિન્દુની હોટલોમાંય, ભ્રષ્ટવેડા ભારે થાય,
દેખી ન ખમાય, અનાચાર આવો એમનો;
ચીનાઈ ચલાણુંમાંય, ઉકાળેલી રેડી ચાય,
પીધેલુ બીજાને પાય, કાયદો એ કેમનો. ?

આવો દેખીતો અન્યાય, શી રીતે સહન થાય ?
ડબલ કમાય જુવો, પાઈ સોડા લેમનો;
પ્રથમ તો વટલાય, વળી ધર્મ ભ્રસ્ટ થાય,
ઘેર ફેર આઇસે કે, ધંધો આતો ઢમનો.

મનહર.

દુધને ઉકાળી તેની ઉતારી લે છે મલાઈ
કાંતો લાવી સપરેટ ચાહની સાથે પાય છે
રાશી અને વાશી ચીજો વધેલી વિશેષ તેનો
સારી ચીજો સાથે જુઓ સેળભેળ થાય છે

અંદર તો આવું પોલ સાચુ કહું ઠોકી ઢાલ
ઉપરથી ઠાઠમાઠ ઉજળો દેખાય છે
કહે કવિ અંબાલાલ એવો મિક્ષચર જે માલ
તેને ખાધાથીજ ચારો રોગ આંત થાય છે

વિજળીના પંખા ફરે વિજળીની લાઇટો બળે
એવા ભપકાને જોઇ લોકો ભરમાય છે
ખાણું લેવા માટે રૂડાં ખુરશી ટેબલ મૂકયાં
ખરા શોખીનો તો તે પર બેસીનેજ ખાય છે

હોટલના હિતેચ્છુઓ આવે બુરી હાલતમાં
ખુન તણું પાણી ચાહ વિશેષ પીધે થાય છે
ઇન્ડીયામાં જુઓ હાલ હોટલો તણી ધમાલ
કહે કવિ રાવ ડાકટરોનું કામ થાય છે

દોહરો.

જાત અનુભવથી લખ્યું હોટલનું આ બ્યાન
કરજો વીરા વાંચીને આંખો આડા કાન

આ ચાહનાની ચા જેટલી પીવાય તેટલી પી! અને ખવાય તેટલી ખા.

ગેબી. ગજલ.

રાગ ચા પાણીનો

આ ચાહનાની ચાહના અહીં પીલ્યો પ્યાલા પ્યારથી,
છે વિશ્વમાં વૈભવ બધો, ત્યાં સ્વર્ગમાં હોટલ નથી;
પડી ટેવ ટી ૧ પીવાતણી, વળગ્યું વ્યસન કેમ છુટશે.
વીલનોટકમ ૨ વીથ યુ કઇ શાણા વદે ત્યાં, શી થશે,
ટી રેડી ૩ કરનાર નથી ત્યાં, નહી બને પીનારથી. છે વિશ્વ
૪સ્મોકીન્ગવીણુ ચારો નથી, તમને બગાસાં આવશે,
૫શોપો કહો સીગારેટની, હેવન૬ વિષે ક્યાંથી હશે.
જ્યમ છે અહિં તેમ ત્યાં હશે એવું ન મનથી ધારશો;

---

૧ ચાહ ૨ તમારી સાથે કંઇ આવશે નહી. ૩ ચા તૈયાર.
૪ બીડીઓ. ૫ દુકાનો. ૬ સ્વર્ગમાં.

ત્યાં દૈવના દરબારમાં નહી કાયદો ચાલે કશો;
યુ વીલગો૭ એલોન તે ૮મસ્ટનો અત્યારથી. છે વિશ્વ.

બહુ ભાતનાં ભજીયાં વડાં, શુભ સોલાપુરી ચેવડો,
ત્યાંતો નથી વીસ્કી બ્રેન્ડી સાદો પુલકે એવડો;
લીકર૯ તણુ મેકરકે૧૦ રૂડા, રૂમના બોટલ૧૧ નથી. છે વિશ્વ.
સોડા લેમનને સરબતો, ૧૨કોલડીન્ક ત્યાં કયાંથી હશે,
ભભડાટ ભાઇ થાશે ઘણો, મુખડુ લબાકા મારશે;
રૂડી ડબલરોટી હશે એવું તું મનથી ધારમાં,
બીસકીટકે પાઉ બનતા નથી, યમરાયના દરબારમાં;
મળશે નહી તલભાર ત્યાં, મીત્રો ભલે મરશો મથી. છે વિશ્વ.
નથી બ્રેન્ચ ખુરસી બાંકડા કે સ્ટુલ ત્યાં બેઠક તણાં,
વિશ્રાંન્તી ભુવન છે વિશ્વમાં, નથી સ્વર્ગમાં કોઇએ ચણ્યાં.
૧૩માય ફ્રેન્ડ૧૪અન્ડરસ્ટેન્ડ યુ, ૧૫ઓલરાઇટ આ ઉદગારથી છેવિ.

હય ચાહનેકી ચાહ યારો ચાહકા પાની સહી,
બસ માલકા હે મુલ યારો, કુચ દગલબાજી નહી;
પીનેસેં લહેજ્જત પાવગે સુસ્તી ચલી સબ જાયગી,
તન બદન હોંગા તેજ ઓર ગાલોપેં લાલી આયગી.
દમડીકા મીલતી ડોઝભર સીંગલ કહો કે કપ સહી;
બસ માલકા હે મુલ યારો કુચ દગલબાજી નહી;

(પીતા અગાઉ કાંક ડુંગણુ કરજો.)

ન્યુ કલાસ પોયટ્રી

હેટઇટબી ૧ મીથ્યા લફ્રારો વાત લ્યો આ લક્ષમાં,
પલ એકમાં પલટાય છે પ્યારા જુવો પરતક્ષમાં.

---

૭ તમે એકલા જશો. ૮ તે તમારે જાણવું. ૯ દારૂ ૧૦ બનાવનાર ૧૧ બાટલી. ૧૨ ઠંડુ સરબત. ૧૩ મારા દોસ્ત.

સમટાઈમ્સએગો ૨ શું હતું ને શું થયું જો હાલમાં,
નાઉવોટ વીલબી ૩ મોર તે રાખો તમારા ખ્યાલમાં,
ફુમચ ૪ થયા જો ટેલીફોનો તારનો કયાં પાર છે.
અગણિત મોટર ગાડીઓ સાયકલ્સ બે સુમાર છે;
ડીફરંન્સ ૫ પણુ હોઢા પડયો આ હિંદની હીલચાલમાં,
હજુ વોટ વીલબી મોર તે રાખો તમારા ખ્યાલમાં.
૬ ફર્સ્ટકલાસ ફોનોગ્રાફ્સ ને વળી ગ્રામોફોનો થયાં ઘણાં.
આ વિશ્વમાં વૈભવ તણી હવે કશી નવ રહી મણા;
ડેબાયડે ૭ પલટાય ૮-સ્લોટો હીન્દના હેવાલમાં,
નાઉવોટ વીલબી મોર તે રાખો તમારા ખ્યાલમાં.
હોટલ મહીંજો હાલ શી કારીગરી વપરાય છે;
ટી ૯ સુગર ૧૦ વોટર ૧૧ મીલ્ક ૧૨ ડુગેધર ૧૩ કરીને પાયછે,
પેસી ગયો પુરો દગો મોહકણુ વળી ગઈ માલમાં.
નાઉવોટ વીલબી મોર તે રાખો તમારા ખ્યાલમાં;
ઇઝ ઇસ્ક દગ્ધી હાલ દુનીયાં દોષ ના દેખે કશો,
માબાપ મમરા ફાકતાં વહાલી લણો ઓ વારસો.
જંપલાઈ બેઠું આ જગત માયાતણી જંજાળમાં
હજુવોટ વીલબી મોર તે રાખો તમારા ખ્યાલમાં,
જે ડાકમાં દીપી રહેતા હીમના હારો ભલા.
૧૪ જસ્ટનાઉ છે જો તે જગ્યાએ કોલરોના કાંઠલા;
નીચ ઉંચ થઇ યારો અત્યારે મારે ગોદા ગાલમાં,
હજુવોટ વીલબી મોર તે રાખો તમારા ખ્યાલમાં.
ઉટાંગ શાસ્ત્ર થયાં અતિ આસ્થા બધી ઊઠી ગઈ;
વળી વોટ ૧૫ મીન્સ વટાળ તેની લેશ બીતી ના રહી,

---

૧ રહેવાદો ૨ કેટલોક વખત અગાઉ ૩ હવે વધારે સું થશે. ૪ ઘણુંજ ૫ ફેરફાર.

૬ પહેલા નંબરનાં ૭ દીનપ્રતીદીન ૮ રીતભાત ૯ ચા ૧૦ ખાં. ૧૧ પાણી ૧૨ દુધ ૧૩ એકઠાં ૧૪ અત્યારે ૧૫ એટલે શું

ભાઇઓ ખબર ૧૬ હુડ થાય છે ધરમો તણીજ ધમાલમાં
હજુવોટ વીલબી મોર તે રાખો તમારા ખ્યાલમાં;
જે પોંચે હીમ હીરા તણી પહેરાતી સુંદર પોંચીઓ,
જસ્ટાનાઉ એ તે હેન્ડ ૧૭ લેડીવોચ ૧૮ થી સોભી રહી
સોનારે સીસ્ટમ ૧૯ ફેરવી ગદીયાણો ગાલ્યો વાલમાં;
હજુ શું થશે તે મુલ્તવી રાખો તમારા ખ્યાલમાં,

(અપુર્ણ

ધી કુદરત ક્રીમીનલ પ્રોસીઝર કોડ,

(કુદરતી કાયદો.)

રાગ. જે ગાતે આવડતું હોય તો ગઝલનો
નહીતો કવીતાનો છેજ.

૧

સુધરેલ સજ્જન હાલના હરરોજ ગોઇન્ગ ૧ હોટલે;
બહુ બ્રેવ ૨ થઇ બતલાવતા બહાદુરી વીસ્કી બોતલે,
ઓલબારઇકવલ ૩ જાણુતા આ યુનીવર્સ ૪ વિષે રહી.
ધીઝ ઢેમફુલ ૫ ફેલોઝ પર કરવી કલમ લાગુ કઇ,

૧૬ દરેક ન્યાતે એકઠા બેસીને ખાવું ૧૭ હાથ ૧૮ લેડીને પેરવાનું ઘડીઆળ ૧૯ રીવાજ.

૧ જાય છે. ૨ બહાદુર થઇને. ૩ બધુ સરખુ છે ૪ દુનીઆં ૫ આવા બેવકુફ માણુસ ઉપર

૨

ડૉન્ટકેર ૬ કહી દુનીયાં તણી મેનર ૭ બધી મુકી પડી,
એટવન્સ ૮ ફેશનમાં ફરયા ઝટ પોઝીશન બેહુ ચઢી.
લે. ડોઝ વીથ ૯ એ ડીશ ઓફ ધી ૧૦ ફીષ હોટલમાં જઇ;
એ હોટલ તણા હીતેચ્છુપર કરવી કલમ લાગુ કઇ,

૩

ધંધા વિશે અંધા બની નીજ ફ્રેન્ડવીથ૧૧ ફરતા ફરે.
કમ્પેનીયન૧૨ કામી ઘણા દીલચ્હાય તે કરમો કરે;
એવી ચપાટા મારતા પેહા નથી કરતા પઇ,
બીસ ડેમફુલ એદી ઉપર કરવી કલમ લાગુ કઇ.

૪

વાયફોર૧૬ બેવકુફ બોર્ન એ, ૧૭ દુનીયાં તણા દુશમન થઇ;
બીસ ભામટા ભટકેલ ઉપર, કરવી કલમ લાગુ કઇ.
ફાધર ૧૩ મધર પર ફોર્સ ચલવે વાઇફને ૧૪ વહાલી ગણે;
આઇ હેવસીન ૧૫ આવા નરો જોયા હશે વળી કઇ જણે,

૫

સીસ્ટર૧૮ બીચારી શુદ્ધ ભાવે, ભાઈ કહીને ઓચરે,
ભરથાર બનવા ભાઇ, સીસ્ટરનાજ સગપણમાં ફરે,
આવા કઠણ કરમો કરે જે, કુતરા કામી થઈ,
બ્લાઝટેલમી૧૯ આ પાપીપર, કરવી કલમ લાગુ કઇ.

---

૬ કંઈ દરકાર નથી. ૭ રીતભાત. ૮ એક દમ. ૯ દારૂ સાથે રકાબીમાં ખાધું. ૧૦ માછલીની ૧૧ દોસ્ત સાથે. ૧૨ દોસ્તદાર. ૧૩ બાપ પર રોફ ચલવે. ૧૪ બૈરીને. ૧૫ મેં જોયા છે.
૧૬ શા માટે. ૧૭. જન્મ્યા. ૧૮ બહેન. ૧૯ મને કહેવાદો.

૬

જુગારની૧૦ પ્લે જેઓ રમતા એન્ડ કરતા ચોરીઓ,
એવા જનો પર હાલમાં ૨૧ લૉ કેવો જો લાગુ થયો;
પણ ધર્મ ભ્રષ્ટ થતા જનો, જે વલ્ડમાં૨૨ વટલી જઈ,
ધીસ ડેમફુલ વટલેલ પર, કરવી કલમ લાગુ કઈ.

૭

અભીમાનમાં અંધા બનીને, પુઅરને૨૩ પીડતા બહુ,
એવા જનોની હીસ્ટરી૨૪, જસ્ટનાઉ૨૫ હું ડુ યુ ૨૬ કહું;
કરમો કસાઇ તણાં કરે જો, બાળ હીન્દુના થઈ,
આવા અધમ ચંડાળ પર કરવી કલમ લાગુ કઈ,

૮

અવતાર અવનીમાં ધરી, સત કર્મ કેનનોટ૨૭ ડુ કશુ,
માયડીયર૨૮ યુમસ્ટ માનવા, પેટંટ૨૯ એ સઘળા પસુ;
ઇનસલ્ટ૩૦ અનદાતારનું, કરનાર મેં જોયા સહી,
અણસમજ ધીસ ઉલ્લુ ઉપર, કરવી કલમ લાગુ કઈ.

૯

જે નોટગો૩૧ મંદીર વીશે વીલનો૩૨ હીયર શુભ વીરલા
નહિ નાહતા ધોતા કે ન કોદી દેવને સંભારતા;
લોફર્સ૩૩ નાઇટ૩૪ ગુજારતા, ડેલી૩૫ જે ડ્રામામાં૩૬ જઈ,
આવા મુરખ મોજી ઉપર, કરવી કલમ લાગુ કઈ.

---

૨૦ રમત. ૨૧. કાયદો; ૨૨ દુનીયામાં ૨૩ ગરીબ. ૨૪ હકીકત. ૨૫ હમણાંજ ૨૬ નમોને. ૨૭કરી શકયા નહી. ૨૮મારા વહાલા તયારે ૨૯ માનવું, ખાસ. અપમાન. ૩૧જતા નથી. ૩૨સાંભળતા નથી. ૩૩ વંઠ ચપલા. ૩૪ રાત. ૩૫. રોજ, ૩૬ નાટક.

૧૦

બોલ્યું વચન પાળે નહી, મુખથી વદી જે ખાયલા,
એવા જનોને જાણજો, આ જગતમાં જીવતી બલા,
પરના સુખો દેખી પ્રજળતા, રાતદીન સોરિ૩૭ રહી,
એવા અદેખા મેનપર, કરવી કલમ લાગુ કઈ.

૧૧

વળી ચોટ૩૮ મિન્સવટાળ, તે જર પ્રાણીઓ નહી જાણતા,
ઇસલામી કે ઇરાની હોટલનીજ ચાહ વખાણતા;
પ્લીઝ આસ્ક૩૯ યુ ટુ ડેમ, ધીસ૪૦ મેટર બધી મેં જે કહી,
કે આવા કરમ કરનાર પર, કરવી કલમ લાગુ કઈ.

૧૨

આંખો છતાં અંધા બની. ફરલાઈટ૪૧ લઇ કુવે પડે,
જે ગ્રાઉન્ડ૪૨ સમજી સ્કાયને૪૩ જો ઝાલવા ઉંચા ચડે;
જે જુલમ કરતા એન્ડ ટુમચ, વિશ્વમાં જાતા વહિ,
આવા અધમ ઉખડેલ પર, કરવી કલમ લાગુ કઈ.

૧૩

યુઝલેસ૪૪ કૃત્યો આદરી, પોકેટ૪૫ પાપ તણાં ભર્યાં,
જે મુંઢે મુખથી રામને, કોઈ દીન રીમેંમ્બર૪૬ ના કર્યાં;
જુઠા જનમના જેહ જેની, આબરૂ જગમાં નહી,
ડેમફુલ ધીસ જુઠા ઉપર, કરવી કલમ લાગુ કઈ,

---

૩૭ દીલગીરી. ૩૮ શો અરથ છે. ૩૯ મેરબાની કરી તેમને પુછી જુવો. ૪૦ આ બાબત. ૪૧ દીવો ૪૨ જમીન. ૪૩ આકાશ ૪૪ નકામાં ૪૫ ગજવા ૪૬ યાદ.

૧૪

દુષ્ટો દગાખોરો વળી, વિશ્વાસઘાતી જે જનો,
કીરતારની કોરટ વિષે, થાશે ચુકાદો એહનો;
ઉપકાર પર અપકાર કરતા, રોન્ગ[૪૭] નીષ્ટામાં રહી,
એ વિશ્વાસઘાતી મેનપર કરવી કલમ લાગુ કઇ.

૧૫

લોભીસ્ટ લંપટ લાલચુ ઢોંગી ધુતારા જે નરો;
દીલમાં નથી દીનતા દયા છે પ્રેમ જેનાથી પરો.
લમણા કુટેલા લઇ ફરે દુશમન બધાંનો જે થઇ.
ધીસ અધમ અપરાધી ઉપર કરવી કલમ લાગુ કઇ;

૧૬

તપસી થઇ લપસી પડયા ઘરબારી થઇ બેઠા ઘણા,
જોગી તણા ભોગી થયા જે લક્ષણો બાવા તણાં.
ત્યાગીની પાસે ટુ હશે એક જુનીને દુસરી નઇ;
ધીસ ડેમફુલ બાવા ઉપર કરવી કલમ લાગુ કઇ,

૧૭

જે•ભેખ લઇ ભગવાં કરીને વેશ ખોટો ધારતા.
ભોળા જગતને ભોળવીને કઇંક ઊંધા મારતા;
નારીને નારાયણ ગણી ખાખી ફરે ખટલો લઇ,
ધીઝ ડેમફુલ ખાખી ઉપર કરવી કલમ લાગુ કઇ.

૧૮

ખરૂ કર્મ સઘળું ખોઇ બેઠા કોઇ તો ક્રીસ્તી થયા;
કોઇ પ્રેમને પરવશ બની પરનારી લઇ નાશી ગયા,

---

૪૭ ખોટી.

કેટલાંએ જો કીધો દગો નીજ દોસ્તના દુશમન થઈ.
બીઝ ડેમફુલ ફ્રેન્ડો ઉપર કરવી કલમ લાગુ કઈ;

૧૯

મરીયાદા મુકી માનુની મનફાવતું કરતી ફરે,
પરને ફસાવી પ્યારમાં જો જર અને જોબન હરે.
લજ્જા તજી લુચ્ચી બની વનીતાઓ જે વંઠી ગઈ;
વંઠેલ બાઝ વુમન્સ પર કરવા કલમ લાગુ કઈ,

૨૦

સન્યાસી જંગમ સેવડા વેરાગી જોગી ને જતી.
ઓફકોર્સ આ લોકોનો દુનીયાંદારી પર દાવો નથી;
ઢોંગી ઘણા થઈ વેશ ધારી લોકોને ઠગતા જઈ,
આવા અધમ ચોગી ઉપર કરવી કલમ લાગુ કઈ.

૨૧

બહુ હાલમાં બગલા ભગત ભરપુર વેશ ભજાવતા;
વળી બોધ કરતા બેવડો મૈયા કહી માંગી ચતા,
ભક્તીનો રાખી ડાળ જે ભરમાવતા ભજનો ગઈ.
બીઝ ડેમફુલ ભક્તો ઉપર કરવી કલમ લાગુ કઈ;

૨૨

ચાચકલ તણું એક સીંઘડું કરમાં ગ્રહીને કંઈ જણા,
ફીલોફર થઈ ફરતા ફરે નવ મોંઢમાં રાખે મણા.
પેરંન્ટસને પજવે બહુ ને લેશ પણ લાજે નહી;
એ દીન ઉઠેલ દીકરા ઉપર કરવી કલમ લાગુ કઈ,

૨૩

માબાપ મનમાં જાણેકે ભાઈ સાહેબ તો ભણવા ગયા.
ભાઈતો બનીને ભામટા જઈ બાગમાં બેસી રહ્યા;
બહાનાં જુઠાં બતલાવતા શિક્ષક કને જે સમ ખઈ,
ધીસ ડેમપુલ સ્ટુડંન્સ પર કરવી કલમ લાગુ કઇ.

૨૪

કોલેજમાં નોલેજ જે જન લક્ષ દઈ લેતા નથી;
જેમ અધરમી નીજ ધરમ પરજો ધ્યાન કંઇ દેતા નથી,
કાયદા વિરૂધ કરમો કરે જે સામટા સુધરી જઇ.
આ સામટા સુધરેલ પર કરવી કલમ લાગુ કઈ;

૨૫

પુંજે પતિને પ્રેમથી ઉદ્યમ કરી ઉદર ભરે;
વસ્ત્રો વિના ભટકે છતાં કોપાસ જઇના કરગરે,
વરમાટે વેચે પ્રાણને સાથે રહી સાથે મરે.
કુછંદને કોરે કરી નિર્ધન સ્થીતીથી નાડરે;
તે ગુણ ભુલી ગાળ દઇ મારે મુરખ સોટીલઇ,
એ ઉલ્લુના સરદાર પર કરવી કલમ લાગુ કઇ.

૨૬

નિમકહલાલ બની રહે આઠે પહોર કરે નોકરી;
બેસે નહી પળ માત્રને ચાહે ધરણની ચાકરી,
પુરો પગાર મળે નહિ ખોરાક બદલે ખાસડાં.
અપમાન પામે હર ઘડી વસનો સુણાવે છોકડાં;

કરવી કદર ભુલી જઇ ચીક્ષા કરે પલટી જઇ,
આવા મુજી માલીક પર કરવી કલમ લાગુ કઇ.

૨૭

પરદેશમાં પીઠ સાચવે વ્યાધી થતાં ઓષધ કરે;
જાતે મહેનત મેળવીને પેટ મીત્ર તણું ભરે,
આફત સમે આગળ ધસે સ્નેહી બદલ શીર દેઇદે.
પોતે પીડાઓ ભોગવે પણ મીત્રની સંભાળલે;
તનમન ધને વારે છતાં ભંગી બમે છુરી લઇ,
આ ઘાતકી ગદ્દા ઉપર કરવી કલમ લાગુ કઇ.

૨૮

પુત્રવત પાળે સદા દીલદાજ જાણે પ્રેમથી;
હરવાતમાં કરતા ભલુને કામલેતા નેમથી,
રોજી દઇ રાજી કરે બક્ષીસ બમણી આપતા.
સંકટ પડે શીરછત્ર થઇને કસ્ટ કાપી નાંખતા:
નીચ નોકરો દુશ્મન બને એ શેઠને ત્યાગી દઇ,
આ ટુકડા ખાઉ ચાકર ઉપર કરવી કલમ લાગુ કઇ

૨૯

...ફકાસ્ટ સઘળુ હાલમાં આઇ હેવસીન નજરે નાખી,
...રહેર પીસ હાફકાસ્ટ કવાલી મહેરબાનો મેં લખી.
...ઠર્યં વીલબી ગ્લેડ વેનધે વીલ રીડ પીસ હાસ્ટરી.
...કોઝ લેન્ગવેજીઝ મેં મુકી મહી મીક્ષચર કરી,

૩૦

પાર્ટીનો થયો ટાઇમ તેથી મુકી હોટલમાં ગઇ.
...ટન્સ લેખી સ્ટોપ મેં તેથી અધુરી આ રહી;

આઈ શેલ ગીવ આ સ્વાલનો એન્સર અનધર બુક મહી,
ધાઝ ડેમકુલ ફેલોઝ પર વીજળી કલમ લાગુ કઈ.

૩૧

કુદરત તણો આ કાયદો, કરશે ઉલંઘન જે જનો,
સરટનલી શિક્ષા પામસે, એમ સુચવી ગયા સજ્જનો,
વાંચી વીવેચન આ બધું, વિદ્વાન જન વિચારસે,
ફેનનોટ અંડર સ્ટેન્ડ ઉલ્લુ, મુખં ફાંફાં મારસે.
કુદરત ક્રીમીનલ નામનો રૂડો રચ્યો મેં કાયદો,
તે અન્ય બુકમાં આવશે એવો કરૂંછું વાયદો;
તે વાંચીને વિષ્મય થશો શંકા જશે સઘળી ટળી,
પુરણ મહાપદ પામશો માલીક પણ જાશે મળી.
વળી જન્મ મરણ મટી જશે, પછી કાળ શું કરશે તહીં;
સાચી હકીકત સર્વ આ કવી રાવે કરજોડી કહી.

(પાદ પરીક્ષક બીબીનું આખ્યાન.)

(ગદ્યનું પદ્યમાં.)

એક મીયાંના ઘરમાં રાત્રે ચોરી કરવા પેઠો ચોર,
પાદ પરીક્ષક બીબી ઘરમાં સુતેલી તે બડી ચકોર;
ચોર ભીંત ફાડી મહીં પેઠો, વળતી પોતે કર્યો વીચાર,
જાણ્યું આજે જરૂર થાશે આ બંદાનો બેડોપાર.
એમ ધારીને ઘરમાં તેણે સર્વ સ્થળે જઈ કર્યો તપાસ,
તો હાથ ચડી એક હંડી જેમાં સાત દીવસની ખાટી છાસ.

એ વીણુ બીજું કાંઇ મલ્યું નહી તેથી ચોર થયો નિરાશ,
દાઝ ચઢાવી દંત પીસતો પછી ગયો ચુલાની પાસ.

શેર.

ત્યાં ચમચો અને એક ચાટવો, ત્રીજી મળી ત્યાં તાવડી,
બહુ ચોર ચિંન્તામાં પડયો, જઇની મતા પણુ ના જડી;
એ પ્રભુ આજે ગઈ મહેનત, અકારત માહરી,
ઉજાગરે ઉલટો સુવોને રાત સઉ માથે કરી,

ચાલ પ્રથમની.

માયાં બડાશો નીત્ય મારતો તેથી મન મારૂં મોહ્યું,
ખાતરીયું ખટ આનાનું, અહીં આવીને ઉલટું ખોયું;
પઠાનો પસ્તાવો કરીને, ચોર અતી ઉદાસ થયો,
તેથી મીયાબીબીને મારી નાંખવા પોતે બેઉની પાસ ગયો.
મલંગ મીયાંના પલંગની પાસે હતી વળી એક બીજી ખાટ,
સુવાવડી બઇ જોઈ સુતેલી, ઘણો ચોરને થયો ગભરાટ.

૨.

એવામાં તો ભર ઉંઘમાં, બીબી ઉઠી ત્યાં બરબડી,
શીરા ભરેલી તાવડી, તે ખાટકી નીચે પડી;
એ સાંભળીને ચોર ઝટ ત્યાં, ખાટની નીચે ગયો,
સીરા ભરેલી ઠીબ ભાળી હ્રદયમાં રાજી થયો.
બીબા તણા બેડસ્ટેડ નીચે અદુગડો પોતે રહી,
એ શીરો ખાતાં ચોરને ત્યાં, સહેજ વાછુટ થઇ ગઈ;
એ ગંધ નાકમાં પેસતાં, ઝટ બીબી તો જાગ્રત થઇ,
વિચાર્યું કે હમ તીન સીવા દુસરા કો ઘરમેં હે નહી.

ચાલ પ્રથમની.

વળી કહેવા લાગી કે મેરે પાદમેં હલવી સબ શીરેકી બાસ,
પુતકે પાદમેં ફુદકી બાયાં, ને બાકી પાદે તે ફુગા હાંસ

વહી મેં લડકા ઓર મીયાં સીવા કોઈ દુસરા નહી ઘરમેં જ્યાદા,
જદ નીખોદીઆ ઉલગયલા એસા, અણસ્વાદીલા કોણ પાદા
બીબી તણા આ બોલ સાંભળી ચોરને હસવું આવ્યું અપાર,
મોં બીડી મુઠીઓ વાળીને, નીકળી ગયો ઘરમાંથી બહાર;
બહાર આવીને હસ્યો બહુને જુને બહુ આપ્યો ધન્યવાદ,
થેન્ક યુ થાઉઝન વાર તને કે, પર માણસનું વરત્યું પાદ.

શેર.

ખુબ પેટ પકડીને હસી, પછી ચોર ત્યાંથી ચાલીઓ,
એ વાત એટલેથી રહી હવે લ્યો જરા બીડી પીઓ.

(માફ કરજો મહેરબાનો આ તો ખુબીનો ખજાનો છે.)

(અપૂર્ણ)

(બીબીએ મીયાં તરફ મોકલેલો મુબારકી લેટર.)

(રાગ—રજીસ્ટર)

ખુદાવંત ખાંસાબ હમારે જીનકા મીરઝાં જાફી નામ,
લખનોરસેં લીખીતંગ લોબડીકી, કબુલ કરીઓ દુઆ સલામ;
જબસેં જેપુર આપ ગયે હો, તબસેં આગ લગી તનમેં,
જલે કલેજા કહું મેં કીસકું, મનકી સબ રહેગઇ મનમેં.
છોડકીયા ઘરબાર જાય કે, પીયુ આપ પરદેસ બસે,
ખરચીથી વો ખુટગઇ અબ તકલીફ પાતી કંઈ દીનસેં;
મેરે મીયાંકુ માલુમ હોય કે, અનાજ ઘરમેં આવ રયા,
પેસે ભેજો પગારકે તો ઉસમેંસી કુછ લાવુ નયા.
બકરી મુરઘી બેચ દીઈ, અબ ઉધાર આટા લાતી હું,
મજુરી કરકે મેરે મીયાં મેં ઘરકી નાવ નીભાતી હું;

તનપર કપડા એક નહી અબ મનમેં બહોત સુઝાતી હું,
હાથ જોડકે માલીક આગે મરનેકા મેં ચહાતી હું.
દુસરા સાથ નીકા કરનેકા બીચાર ચલતા હે દીલમેં,
આપ ઉઠાવો મોઝ મઝે વાં ચુસકે ગાંજેકી ચીલમેં;

બારે હાથકા યાં ફીરે બાંસડા, ઈસલીયે એસા કરતી હું,
મેરે મીયાંકુ માલુમ હોય કે, મુઆ મુઆકે મરતી હું
વલી પેદા કીયે વાં કેતેક પેસે, ઓર કેતા આપને ખરચ કીયા
જરૂર ઉસકા જુવાબ લેલો, વારી જાઉં મેં મેરે મીયાં;

ચુરેલી નાઠ ગયે ઘરમેંસી, એસી તંગી આવ રહી.
મનકી બાતાં મઉઝા જાણે, પાસમેં હ નહી એક પઈ.
હરદમ બળીયે હુંડીયાં કહાડે, ઉલ ગયલે અકલાતે હેં,
જલાએ ખાણા ને જલાએ રેણા, હરદમ ખુન જલાતે હેં;

મરગયલે એ મા બાપુંને. એસા કાંસી ફુંઠ દીયા,
ઢંગ ઢાલ દેખે બીન મેરા, નીઓદીયેસેં નીકા કીયા.
વલી દોસ તમુકુ મીલે ડાંડીયે, અફીણીએ ગંજેડી યાર,
ઉલ ગયલુને, ઉપે રહેને, લુટવાયા સારા ઘરબાર;

બેચ ખાઈ બાવાકી મીલકત, ઓર ઉડાદી આપ કમાઈ,
જીનસાં મેરી લેથી વોસી, બેચખાઇ સબ બનીબનાઇ.

ઝટપટ ઈસકા જુવાબ લેનો, તાર સમજલો એ ખતકો,
એટવન્સ તમ ઈધર આઇઓ, છોડક સબ બુરી લતકો;

ખાંન બડે દીલજાન હમારે, એ ખત પઢકે લીખો જુવાબ,
આપ સીવા કોઇ નહી હમરે, નીચે ધરતી ઉપે આબ.
આવિંન્દ નાફ્ખતા કરના, મેં બડી આ તસે ડરતી હું,
અયેયું કરકે પેસે લેલો, મે હ્યાં ભુખે મરતી હું.

(લી. ૩ાબડીની દુઆ સલામ.)

આ કાગળ વાંચી મીયાં ગુસ્સે થયા અને એકદમ રીસના માર્યા બો લી ઉઠયા કેઃ—

મોરારજીકી મીલમાં હમારે શરમા શરમી ચલતે હે,
બીનાલુનકી ભાજી ખાકે હડકે તો અબ ગલતે હે;
ઢાલ બેચી તલવારભી બેચી. હજુ ઈજ્જતસેં ડરતે હે,
ઉછી ઉધારે કરકે, હરદમ પેટ હમારા ભરતે હે;
વલી ઘરકી જોરૂ કાગજ ભેજે કે, લડકે ભુખે મરતે હેં.
તો મરો તુમારી ભેણકુ પૈણું, હ્યાં બંદા કડાકે કરતે હેં,

આમ કહી મીયાંએ બીબીને જુવાબ લખ્યો.

(તે ખુબીના ખજાનાના ભાગ ૩ માં આવશે.)

(અપુર્ણું)

એક સુરતનો ભાઠેલો, નવી દરજણ લઇને નાઠેલો;
મફતા મેરઇની તે વહુ, તેની હકીકત તમને કહું.

હાફ્કાસ્ટ હીસ્ટરી

રાગ. ગુણિયલ ગૌહરજાનની કવાલીનો.

રીમેમ્બર,૧ રાખજો યારો, કહું છું હીસ્ટરી,૨ હઈની,
ડીયર,૩ દીલદારને ડાહી હતી વન વાઇફ, ૪ મેરઈની;
શીવોઝ,૫ એ વેરીગુડ વુમન,૬ એન્ડ બહુ બ્યુટીફુલ,૭ બાળા,
ગુલાબી ચીકસ,૮ ને હર લીપ્સ,૯ લાઇક,૧૦ પાકાં પરવાળાં.

શેર

ઓ લરાઈટ,૧૧ આઇવીલટેલયુ,૧૨હરએજ,૧૩સીકસ્ટીન,૧૪ઇયર્સ,૧૫છે

૧ યાદ. ૨ હકીકત. ૦ વહાલી ૪ એક બઇરી, ૫ તહતી. ૬ ઘણી સારી બૈરી. ૭ ખુબસુરત. ૮ ગાલ. ૯ હોઠ. ૧૦ જેવી, ૧ ખરેખર ૧૨ હું તમને કહીશ ૧૩ તેની ઉમર ૧૪ સોળ. ૧૫ વરસ છે.

હરફેઇસ,૧૬ લાઇકએફેયરી,૧૭ હરટીથ,૧૮ લાઇકપર્લસ,૧૯ છે;
મુનલાઇટ,૨૦ મુખી એ માનુની, વીશેષ વેટઆઇસે,૨૧ વળી,
હતી સોફ્ટ,૨૨ બહુ હરહેન્ડની,૨૩ ફીન્ગર્સ,૨૪ જાણે મગફળી.

રાગ. ચાલુ કવાલીનો

રસીલી એન્ડ રંગીલી, છબીલી સુંદરી શ્યામા,
આઇસે સમ ઇયર્સએગો,૨૫ સલુણી રહેતી સુરતમાં;

યંગ,૨૬ નાજુક અલબેલી હતી લલના લીટલ,૨૭ વયની;
હીયર, ૨૮ યુ હીસ્ટરી હાવે એબાઉટ,૨૯ એ મૃગાનયની.

શેર.

હરસીન૩૦ એન્ડ સ્વરૂપને સરખાવતાં લાજે રતી.
આઇડોન્ટનો, ૩૧ હરનેઇમ,૩૨ બટહર કાસ્ટ,૩૩ ટેઇલરની,૩૪ હતી;

વીશેષ વેટ હું વર્ણવું, એબાઉટ એ ગજગામિની;
જાણે ઘડી હીમ સેલ્ફ,૩૫ ગોડે,૩૬ બ્યુટીફુલ તથી બની.

ચાલ પ્રથમની

વનડે શીવેન્ટ,૩૭ હવાખાવા રીવર,૩૮ તાપી તણે તીરે,
બનીફુલ ડ્રેસથી,૩૯ ફક્કડ ચપળા ચાલી ધીરે ધીરે;

પટંન્ટ એક પોલકુ પહેર્યું સાટ્ટી પટ્ટી તણી સાડી,
આઇઝમાં,૪૦ મેશ આંજેલી, શીરે પટીયા દીધાં પાડી.

---

૧૬ તેનો ચહેરો. ૧૭ પરી. ૧૮ દાંત. ૧૯ મોતી છે. ૨૦ ચંદ્રમુખા ૨૦ શું કહું ૨૨ નરમ. ૨૩ હાથની. ૨૪ આંગળીઓ ૨૫ કેટલાક વરસ અગાઉ ૨૬ જુવાન ૨૭ નાની. ૨૮ તમે સાભળો ૨૯ વીશે. ૩૦ તેનો દેખાવ ૩૧ હું જાણતો નથી ૩૨ તેનું નામ ૩૩ જાત ૩૪ દરજી. ૩૫ પોતાની મેળે. ૩૬ પરમેશ્વરે ૩૭ એક દીવસ તે ગઇ ૩૮ નદી ૩૯ નવો ડ્રેસ ૪૦ આંખોમાં. ૪૧ દેસી ચામડું

વળી નેટીવ,૪૧ લેધરના, પગોમાં બુટ પહેરેલા;
હેન્ડકરચીફ,૪૨ વન કરમાં, અનધર,૪૩ કરમાં અમરેલા,૪૪

સેર.

વનઆયવન,૪૫ શી સ્ટેપ્સ,૪૬ ભરતી ચરચા કરતી ચો દીસે,
નીહાળતી નીચી નજરથી ને વિચારતી મન વિષે.
તે અશ્વનિ કુમારના ઓવારા પર આવી ચઢી;
નોટવોઝ,૪૭ વીથહર,૪૮ અન્યજન શામા હતી જાતે છડી,
વૃતાન્ત તેનું શું બન્યું રીઝલ્ટમાં,૪૯ શું આવીયું.
આ સ્ટોપ,૫૦ રહેલું બ્યાન તે અન્ય બુકમાં દર્શાવીયું;
આ વાત વેરી લોન્ગ,૫૧ છે ફન પુલને જ્ઞાની ઘણી,
તે વાંચીને વીરા સુધરશે ખોડ સહુ પોતા તણી.
વળી અભણકે અવજ્ઞાનીને તો આ બધુ યુઝલેસ,૫૨ છે
વીદ્વાનકે વીરલાજનોને, વાંચવાનો ટેસ છે,

Comic POET રાવકવી

અપૂર્ણ.

અમલ ન ખાશો ઠાકરો ધુળમાં જાશે ધુંધું;
સોખીલા નર આડા વળ્યા તે આડે પોહોરે ઉંધુંને ઉંધું.

એંસી વરસના એ બુઢા અફીણી મીયાં પોતાના અમલ-
દારની સાથે ડીસ્ટીકમાં ગયા ત્યાં તેમને એક ગામડામાં કંઈ
કારણસર એક દીવસ રોકાવું પડયું, તેથી તેમણે ચોરામાં મુકા-

૪૨ રૂમાલ. ૪૩ બીજા ૪૪ છતરી. ૪૫ એક પછી એક ૪૬ કદમ
૪૭ બીજી નહોતી ૪૮ તેની સાથે ૪૯ પરિણામ ૫૦ બધ ૫૧ ઘણી લાંબી
૫૨ નકામું.

મ કર્યો શીયાળાનો ટાઇમ હતો તેથી, અમલદાર ચોરાની ઓર-ડીનાં બારણું બંધ કરી રાત્રે અંદર સુતા અને અફીણી મીયાંને પોતાના ઘોડાની ચોકી કરવાને બહાર સુવાડયા, મીયાંએ ડલીકા બીછોના ઓર બોગીરકા સીરોના કીયા, વળી લાકડાં વીણી લાવી-ને તાપણી કરી અને હુકો ભરીને તાપણી પાસે તાપવા બેઠા. ત્યારે અમલદારે કહ્યું કે મીયાં હોસીયાર રહેના, સબબકે એ ગામકો આજુ બાજુ ચોર લોકકી બહોત વસ્તી હે ઓર અપના ઘોડા બહારહે ઉસ્કુ બરોબર સમાલના મીયાંએ કહ્યુંકે અચ્છા-સાબ! કુચ ફીકર નહી આપ મજેસેં સો રહો, આવું મીયાંનું ઝનુની અને મરદાની બોલવું સાંભળી, અમલદારતો ઉંઘી ગયા, હવે મીયાંએ વીચાર કર્યો કે ચાર પહોરકી રાતહે ઓર અખી-રાત જગના પડેગા, ઉંસલીયે જરા કસુંબા કરકે પીયા હોય તો ઠીક પડે, એમ ધારી મીયાંચે આઠું અડધાભાર અફીણ લઇને તેને પીગાળીને કસુંબો કર્યો, અને તેને ગરણીમાં ગાળી સાફ કરીને ગટ ગટાવી ગયો, વળી તાપણીમાં પુષ્કળ દેવતા જોઇને મીયાંચે હુકકો પણ તૈયાર કર્યો, અને તેને રબ્બડનો નેચો ચઢાવી મીયાંએ ખુંખારા ખાતાં આસ્તે આસ્તે પીવા માંડયો તેવામાં મીયાંને અફીણની લેજ્જત ચડવાથી ઝોકું આવ્યું, એ ઝોકામાંને ઝોકામાંજ મીયાં તો લીન બની ગયા, તેવામાં ઓર-ડીમાં સુતેલા અમલદાર જાગી ઉઠયા અને મીયાંને બુમ પાડી. પણ મીયાં અફીણમાંને ઊંઘમાં મસ્ત હતા, તેથી એકદમ જવા બ આપી શકયા નહી, તેથી અમલદારે ગુસ્સે થઇને કહ્યું કે મીયાં તુમ કયું સો જાતાહે. મીયાં કહે ; નહી સાબ મે તાપ-ણીકી પાસ બેઠા બેઠા હુક્કા પીતાહું ત્યારે અમલદારે કહ્યું કે તુમ જગતે હો તો હમને દોતીન દફે બુલાયા જબ કયું નહી બોલા ? મીયાંએ જુવાબ દીયો કે સાબ મે બીચાર કરતાથા સા-હેબે પુછયું કે ? કયા બીચાર કરતા થા, મીયાંએ કહ્યું કે સાબ એ પાકપરવરદીગારને આભકા ઠીઠરા બણાયા હે ઉસકુ થંભલે રખે હે કે યુંકાયુંજ અધર ચોટાડ રખ્ખાહે એ બીચાર કરત

હું. સાહેબે કહ્યું કે, ઠીક મગર સો મતબલ: મીયાંએ કહ્યું કે અચ્છાસાબ, એટલે અમલદાર પાછા ઉંઘી ગયા વળી મીયાંએ ટેસ નહી પડવાથી ફરી હુક્કો ભર્યો અને પાછા તાપણી આગળ બેઠા તેવામાં બીજુ ઝોકુ આવ્યું તે હુક્કાની નેં મીયાંના મોઢામાંજ રહી અને પાછા ઉંઘી ગયા. તેવામાં ઘડીઆળમા બે વાગ્યા તેથી અમલદાર એકદમ જાગી ઉઠયા, અને મીયાંને બોલાવાને બે ચાર બુમો પાડી ત્યારે મીયાં એકદમ જબકીને જાગ્યા અને બોલ્યા કે. સાહેબ! મેં જગતાહું, સાહેબે કહ્યુંકે તુમ જગતાહે તો હમ બોલતાહે ઉસ વખત બોલતા કયું નહી; મીયાંએ કહ્યુંકે આપે દોચાર હાકાં મારી એ મેને સુણી, પણ મેં બીચારમેં થા ઉસબીચે બોલા નહી; સાહેબે પુછયું કે કોનસા બીચાર કરતાથા મીયાંએ જુવાબ દીધોકે સાહેબ એ બકરીહે ઓં સબ ઝાડકી પતીયાં ખાતીહે તો ઉસકે પેટમેં ચણે જેસી ગોલ લીંડીયાં કોણ વાલતા હોગા અમલદારે કહ્યું કે મીયાં તુમબી બડા ખુદાકા કુદરતકુ દેખને વાલાહે મગર તુમ ઘોડાકુ દેખતા હે, કે એસી કુદરતકુજ દેખતા હે! મીયાંએ કહ્યું કે સાબ, ઘોડા બંધાહે આપ બે ફીકર રહો આવું મીયાંનું બોલવું સાંભળી અમલદાર તો ઉંઘી ગયા મીયાંયે ફરી ત્રીજી વારનો હોક્કો ભર્યો. અને તાપણી નજીક બેઠો પરંતુ ઉજાગરો અને અફીણ બે ભેગા થવાથી મીયાંની એકદમ આંખો મીંચાઇ ગઈ અને

ત્રીજા પહોરનું જુલમી ઝોકુ આવ્યું. તેથી મીયાં તો ઉંઘી ગયા તેવામાં મીયાંને સ્વપનું આવ્યું કે જાણે સાતપાંચ અફીણી ભેલે હુવેહે ને વો અફીમકી ડબી ખોલ, કાંટેમેં તોલ પાણીમેં ગોલકે, સબ પીગયે, ફીર ઉસ વખતકી બીચ, આખુંકું બીઅ હુક્કેકુ ખીંચ ખીંચકે પીગયે, ફીર કયા હુવા! તો ડલી ડલીયનકે દસ્તડલી દસ્તરવાજેગકા સુપના, અંડેકા મંડા મંડેકા બીરંડા કાષ્ટકા ઘોડા, જલેબીકી લગામ, ઓર સોબીલે મીયાં ઓ ઘોડેપર બેઠકે ચલે! ઉસ વખતમેં મીયાં કયાકયા દેખતે હે કે. દુધકા તલાવકી અંદર મલાઇકાં સેવાલ જમરહથા, વહાં

મીયાં ઘોડેકુ પાણી પીલાણેકુ લે ગયે, ઇતેમેં એ તલાવમેં સી બડા. ગુડકામઘર આયા તો એકદમ મીયાંકુ ઓર ઘોડેકુ ખેંચકે અંદર લેગયા, તો ઉસવખત બચાવકે ખાતીર મીયાંને કયા કીયા કે હુકકેકી તોપ બણાઇ ઓર ધુમાડેકા ગોલા ભરકે, ગુડ ગુડાટકા અવાજ કીયા, કે ઝટ મઘરકે ટુકડે ટુકડે હોગયે! વાંસે મીયાં ઘોડા લેકે ભાગે તો રસ્તેમેં સકરપેડેકે દો પેંદે મીલે, તે તુરત મીયાંકુ ઉલટે સુલટે બાંધકે જલેબીકી હાથ કડીયાં દોનો હસ્તે મેં ડાલદી ઓર રેવડી બતાસેકા માર મારતે હલવેકી કોટડીમેં ખાંસાબકુ કેદ કીએ તો વાં હજરતને કયા કીયા કે સવાસોમણ મોતીચુર લડુકી જામીનગીરીસેં છુટે! ઓર વાંસી મીયાં ભગકે જાતેથે તો બીરીયાનીકી ડુંગરીપર હકનીકા હાથી ખડાથા ઉસકુ દેખકે વાં મીયાંકુ ગુસ્સા ચડા, તો એકદમ કેલાકી ગીરદી, ઓર મુલેકી એડીપતીસે હાથીકા દાંત તોડડાલા, તો હાથીકુ ગુસ્સા ચઢા, ઓર મીયાંકુ ટાંગપકડકે ફેંકેતો જાકે એક બડા બાગમેં પડે! વાં મીયાંને કયાં દેખા! તો ફનસપર ફનસ, નારંગીપર નારંગી, ચીખોતરાપર ચીખોતરા, દેખકે મીયાંકા જી લલચાગયા, કે ઝટ ચીખોતરી પરસે ચીખોતરા તોડા, ઓર પઘડીમેંસે તુર્ત ચકુ નીકાલકે ઉસકી ચીરીયાં બણાઇ ઓર જેસી એક ચીરી ખાને લગે એવામાં મરઘડો બોલ્યો અને મીયાંની ઝટ આંખ ખુલી ગઇ! તો હજરત કયા દેખતે હેં! કે ચીલમ ફુટ ગઇહે! હુક્કા ટુટ ગયાહે! ઓર મુમેં મગતરેકી ધમાલ ચલરહી હે! મીયાં ખોંખારા ખાકે ખડે હુવે, ઓર દેખતેહેં તો ઘોડા નહીહે! તો ખાંસાબકીતો અફીમ ઉતર ગઈ ઓર અબીતકતો જુઠે બીચાર કરતેથેં! પરંતુ અબતો સચ્ચે બીચારમેં પડ ગયે મીયાંએ વીચાર્યું કે અબી સાબ ઉઠેંગે ઓર મીજે પુછેંગે તો મેં કયા જુવાબ દુંગા આ વીચારમાં મીયાં તો લીન બની ગયા તેવામાં અમલદાર જાગી ઉઠયા અને મીયાંને બેચાર હાંકો મારી ત્યારે મીયાં બોલ્યાકે સાબ હાજર હું. સાહેબે પુછયું કયા કરતેહે મીયાંયે જુવાબ દીધો કે સાબ બીચાર કરતા હું અમલદારે કહ્યું કે મીયાં તુમ સારી રાત બીચાર કરતા હે

મીયાંએ જુવાબ દીધોકે સાહેબમેં એસા બીચાર કરતાહું કે મેં ઠેરા બુઢા આદમી, એટલે મેરેસી શેર ભાર ઉંચકાતા નહી હે, ઓર તુમ ઠેરે અમલદાર, અબ ઘોડાથા વો ચોર લેગયે તો ઇસકા જીન, ખોગીર, ડલીયા પેંગડેએતે હવે તમ ઉઠાવગે કે એ તે મેં ઉઠાઉંગા ઉસકા બીચાર કરતા હું ! જુવો મેરબાન વીચારમાંને વીચારમાં મીયાંએ અમલદારનો સો રૂપીઆનો ઘોડો ખોયો.

(આનું નામ તે અફ્રાણી ભાઈ આ વાત હવે અહીંથી રહી તે ત્રીજા ભાગમાં પુરી થઇ)

(પરચુરણ ચુંટણી.)

લટકો બદુકનો, ઝટકો રાઠોડનો, રૂશણું કઠીઆણીનું, રાંધણું ભઠીઆણીનું, અલેકતો અતીતની, દુવાતો ફકીરની, સ્નાનતો ગંગાજીનાં, યાત્રા જગન્નાથની, શેવા શીવજીની. દરશન શ્રીક્રસ્ન ભગવાનનાં, બાણુતો અરજુનનું, ગદાતો ભીમની, જોષતો સહેદેવનો, શોખ નીકુળનો. ધર્મ યુધીષ્ટરનો, સત્ય હરીશ્ચંદ્રનું, હુંપદ રાવણનું, અહંકાર દુર્યોધનનો, નીરતો સાગરનાં, થેકડો હનુમાનનો,, રાજ્ય તો રામનું, વરદાન ઇંદ્રનું, સતીપણું સીતાનું, જતીપણું સુકદેવનું, લહેરતો સમુદ્રની. વેરતો વાળીનું, શ્રાપ રાજા પરીક્ષતનો, વીલાપ ઓતરાનો, વીરતો રામનો, ચીરતો દ્રુપતીનાં, વનવાસતો પાંન્ડવનો, મંત્ર દુરવાસાનો, કીરતીતો નારાયણની, માથાં રાવણનાં, હાથ બાણાસુરના, જોડીતો અશ્વનીકુમારની, શીતળના ચંદ્રની, તેજતો સુરજનું, રૂપ નળરાજાનું, માળીયું ઓખાનું, સૈયરપણું ચીત્રલેખાનું, પાપતો પરભવનુ સુખતો સામાનું, દુખતો દેવકીજીની, વાયદો અગસ્તનો. વાતતો નારદની, દાનતો કરણનું, ભક્તી વીભીષણની, સમાધીતો શીવની વાડીતો પંચવટીની, ઘાટતો સોરમનો, શ્રાદ્ધતો, ગયાજીનું, વડતો પ્રયાગનો, ડાકતો પોપટની. ભાજીતો વીદુરની, તાંન્દુલ સુદામાના

જપતો સંન્યાશીના, તપતો રૂશીનાં, ખેતી ધનાભગતની, મોશાળું નરસીમેતાનું, ઓછવ દ્વારકાંનો, આણુ ગોકુળની, નગરી મથુરાંની, સાંચતો ધર્મીની, જુઠતો પાપીની, સ્રષ્ટી બ્રહ્માની, પાલણુ વીશ્નુનું, લીલા ઇશ્વરની, વિવેક બૃહસ્પતીનો, પુષ્પ પારીજાતકનાં, સુગંધી કસ્તુરીની, વ્રક્ષતો કલ્પવ્રક્ષ, ગાયતો કામદુરગા, ફળતો નાળીએર, બળતો શેષનાગનું, સ્નેહ ભરથનો ધ્યાન પ્રલ્હાદનું, જટા શંકરની, બ્રહ્મચારીપણું કારતીકસ્વામીનું પંડીતતો માઘ, કવીતો કાળીદાસ, આયુષ્યતો મારકંડનો, ભક્તી રાજા અમરીષની, ભેદ વિભીષણનો, નીંદ્રા કુંભકરણની, રોગતો ક્ષયનો, મેઘ ઉતરનો, વાણીતો વ્યાકરણની, અદેખાઈ બ્રાહ્મણની, જાડાઇ કણબીની, મુઠી મલની, કાંડું હબસીનું, હેકડાઈ જાટની, દેણું માથાનું. મતુ પંચનું, જમાની તો રાવજીની, કલમ ચીતરાની, ચેલો ગોરખનો, હડફ હાડાની, તખત દીલીનું, પાંચો રાણી દેવકીનો, કમાન મુલતાનની, બરછી મકરાંણીની, કટાર લાહોરની, તરવાર સીરોઇની, સંગ્રામ ભીસ્મ અરજુનનો, યુધ મહાભારથનું, ચક્ર અજેપાળનું, ક્ષેત્ર કાશીનું, વેગ વાયુનો, કોઠાર કુબેરનો, સૌભાગ્ય સાવીત્રીનો. કોપ અગ્નીનો, બળ ફરશુરામનું, મરીઆદા સમુદ્રની, મુછ નવાબની, ઇંડાં અનળનાં, પેંડા મથુરાંના, ધામ વનરાવનનું, પરવતતો ગોવરધન, મસાણુ ઉજ્જનનું, ફેશનતો ચાલુ જમાનાની, અને ખુબીતો કવિ રાવની.

(અપુર્ણ)

શ્રી બોધ સાગર.

છપ્પા.

શ્રી સદગુરૂ સાધુ પ્રથમ આદ્ય પરમેશ આરાધુ
ચોરાશી ચોખાણુ તણું વૃત્તાંન્તર બાંધું
કુંભી પાકજ નર્ક મહીથી કોણે કહાડયો
તે દહાડા વીસર્યો અસુર થઈ ચાલ્યો આડો
ગર્ભમાંહી ઉગારીઓ, એ હરિ ભજનથી ભવસાગર તરે
તે કરજોડી કવી રાવ કહે તું એ વીઠ્ઠલ કેમ વીસરે

૨

ત્યારે કરજોડી કરગરી એમ પ્રતિજ્ઞા કીધી
અને ચોર્યાશી ચોખાણુ તણી શીખામણ દીધી
ચોર્યાશી ચોખાણુ લક્ષ ફેરા ફરી આયો
અને જૂઠા પડયા જુવાબ ત્યારે ખીજ્યા રઘુરાયો
જ્યારે બંદગી કરી બાવા તણી ત્યારે ઓદર માંનવ આવીઓ
ત્યારે માતાને આનંદ અતી પછી માયાને મન ભાવીઓ

૩

જ્યારે પડી બુંન્દ પળમાંય પ્રગટ પુલ્યો પરપોટો
એમ કરતાં દીનરાત થયો ન્હાનેથી મોટો
જઠરા અગ્ની જવાળ કાળ દાવાનળ લાગી
બળવા માંડયો બાળ જખ્મા ત્યાં શંકર જાગી
ચંદ્રહાસ વહારે ચઢયા પ્રભુ વિષ ફેડી વિષયા કરી
તે કરજોડી કવી રાવ કહે તમો હાથ વડ મોટા હરી

૪

ત્યાં ઉંધે મસ્તક રહી પ્રત બાળક પોકારે
અંતરજામી વિના હવે તો કોણ ઉગારે
તેલ કઢા જ્યાં તપી ઉગર્યાનો નહિ આરો
હે ગરૂડા ધ્વજ ગંભીર સુધનવા તેંજ ઉગાર્યો
પ્રહલાદની વહારે ચઢયા પ્રભુ; મોટો દાંનવ મારીઓ
ઓત્રાને ઉદર વશ્યા પ્રભુ પરીક્ષતનેજ ઉગારીઓ

૫

વળી ગજતારણ ગીરીધરણ આપ અણુવઢ ઉજાયા
તે રહેણી અડધી સમે રાજ્ય પહોચ્યા રઘુરાયા
માંન્ડલીકને સમે હાર વળી નરસૈએ આણ્યો
તેજ સમે હે તાત ઝોઝમેં તારો જાણ્યો
એવા અનેક પતિત ઉગારીયા હવે ટાળો મારા તાપજી
બાળક બળતો બોલીઓ હવે બક્ષો ગુન્હો હે બાપજી

૬

ત્યારે રસ અમૃત રેડીને કરી શીતળ શી કાયા
બાળક બળતો રહ્યો એમ કીધી છત્ર છાયા
એમ કરતાં નવ માસે જંત્રમાં આવ્યો જાહર
ત્યાં દીઠાં વજ્રનાં દ્વાર બાળ કેમ નીસરે બાહર
એ અંધ જાળ મહાજાળથી બાળક બહાર શું નીસરે
કરજોડી કવી રાવ કહે મને એ અવસર કેમ વીસરે

૭

ત્યારે ભુંગળ તાળાં ભાગી ખોલ્યાં ખડકીનાં કમાડાં
જમ ધાંટી જુલમી થકી વાજી અખંડ કહાડયા

જ્યાં પવન લાગ્યો પ્રચંડ ક્ષુધાને ત્રષાજ લાગી
જમવા તણી જૂગત્ત પાંચ દશદિનમાં જાગી
ગળથુતીના ઘુંટથી ક્ષુધા શાન્ત તારી કરી
હે મન મુરખ માનવી તેને કેમ ગયો તું વીસરી

૮

લોહી માંસ મેટીને પય પરમેશ્વર કીધું
એ પ્રકારે ઉછર્યો દેવે ત્યાં સામર્થ દીધું
દીન પ્રતિદીન થયો એમ નાનેથી મોટો
રૂપ ગુણ ભંડાર જડે નહિ એનો જોટો
નવ માસ લગી ઉદર રહ્યો ત્યાં પણ અન્ન જળ આપીઓ
એ વીઠલને વિસર્યા પછી અતિ દારીદ્ર વ્યાપીઓ

૯

જ્યારે પંચ વરસનો થયો પુત્ર ગલ જેવો ગોરો
પાયે ઘમકે ઘુઘરી કટીએ ખળકે કંદોરો
છોકરડાંમાં છેલ, ફરે અલબેલો છોરો,
માથે મુગટ ધર્યો માંહ્ય મોતીનો તોરો
કુટુંમ્બ સૌ ટોળે મળી નજરે કુંવર નીહાળીઓ
આવ્યો કુળ અજવાળવા દિવસ આપણો વાળીઓ

૧૦

દશ વરસનો થયો ભણ્યો વિદ્યા મહા ભારે
અધિકારી અદ્‌ભૂત જેની તુલના દશ તારે
બુદ્ધિસાગર નાંમ વડો બુદ્ધિનો આગર
થોડી વયમાં થયો પછી સુયશનો સાગર

જયેં પંદર વીસમાં ભર જોબન ભડ બાહરે
માત પિતા એમ ઉચરે હવે આ બાઈનો વિવ્હા કરો

૧૧

વણ ખોળ્યો વેવાઇ આપથી ઉંચ અપારં
કન્યા કુંવર જોડ સાર ભાખ્યો સંસારં

નિરધાર્યું નિરમાંણુ લગન દીનદશમાં લીધું
પરણાવાને પ્રયાણુ દેશ દક્ષિણમા કીધું

હયદળ ગેંદળ સાથમાં જુથ જાનમાં લાવીઆ
દિન ધોળે કીધો ડમર એમ વર તો તોરણ આવીઆ

૧૨

ત્યારે વર પોંકી વિવેકે પછીથી માંહ્યરે આણ્યો.
અતિ જણે ઉચકયો જેસોહે રાવણ રાંણો

પાણી વર પંચાસ અને અંતર પટ આડે
જો ભાગે તો જાય કાંમ સૌ ચઢે સગડે

અવગુણ મોટો ઉપન્યો જે દીન ચોરીએ ચઢયો
કાળી કંઠી બાંધીને, પછી કુવર કાળાગ્રહમાં પડયો.

૧૩

હસ્તેવાળો ગ્રહયો, મીઠડી લાગી માયા;
ફેણુ ઉગરે તહાં, મોટા મુનીઓ લપટાયા.

મહા માયા મોહ જાળ, તેજ સૌ લીધું તાણી;
વેચે ત્યાં વેચાય, બની ગઇ રંભારાણી;

અબળા તો પ્રબળા થઈ, સૌરંગે સોહાગણી.
તે મુનિવર જ્યાં મોહી રહ્યા, એવી વળગી ડાકણ વાઘણી;

૯૪

દોહો.

નિરવરતી નારી તણો, સુત બુદ્ધસાગર નાંમ.
તે પ્રવર્તિને પરણીઓ, એ કર્યું અનરતું કાંમ:

અન્યા સસરો અન્યા, અનીતિ કહીએ સાસુ.
કોણ તહાં ઊગરે, જેના પુરૂશોત્તમ પાસુ;
કાકા સસરા તણું નાંમ, ચિત યમ કહાવે.
એવા સમરથ પાસ, પાર તો કોઇ ન પાવે;
તે સ્તુત કરતાં પુત્રિને, તમે વિષનાં બીયાંજ વારજો.
પછીએ વરને આગળ કરી; તમે જમપુર વહેલાં લાવજો.

૧૫

ત્યાં પુરત પહેરાંમણી કરી; જાન વરની જ સજાવી.
કામ ક્રોધ મદ મોહ લોભ; માયાના ભાઇ;
અજબ માયા મોહ જાળ, ઘણાં જનનાં ઘર ઘાલ્યાં.
સુરીનર મુનિવર જસા, તેમનાં પણ નવ ચાલ્યાં;
ઉત્પાત મોટો ઉપજ્યો, ભર્યો સાસરે ભાળીયો.
ભાઇ બેન ભેળાં કરી, પછી વરનો દાટજ વાળીયો;

૧૬

ગડ ત્રંબાળુ સહીત, ઘેર લાવ્યો અરધંગા.
માત પિતા સુ જુદ્ધ, માડયા ખુબ નાટારંગા;
સાસુ સસરા તણી, જરાએ ગણી ન શંકા.
સચરાચર વાપરી, દેશમાં દીધા ડંકા;

ઘેરઘેર વેર પડાવીયાં, એ શીકોતર શાકણી.
તે હરીજનથી પાછી હઠે, બાકી દાઢ વગાડે ડાકણી;

૧૭

કંથ કહે કાંમની કહ્યું, એક મારૂં કીજે
બાળક થયાં બેચાર, લ્હાવો સંસારનો લીજે;
અસંખ્ય ધન આપણે, અવર કોઈ ભીડ ન આવે
આપણથી કોણ અધીક, કોણ કોટી ધ્વજ કહાવે;
સબંધી કીધા મોટા સગા, આંગણે જાંનો આવીયો;
પુરત પહેરામણી કરી પછી, વેગે ઘેર વળાવીઓ.

૧૮

પરણી આવ્યા ઘેર, ખુબ તે ખુશમાં રહેતા;
માતી ઘેર મહીસીયાં, પયસે માટ ભરંતાં.
ધવળ ઘેર ગુમતા, એવી તો માયા જોડી;
રીઝયો રંગ પતંગ, પ્રીત પ્રભુથી તોડી.
ગર્ભ મહી ઘેલો થયો, અજવાળેજ અંજાયલા;
અસ્માન ધરા રાખી અધર, તેને કેમ ભુલ્યો તું ભાયલા.

૧૯

કુંવર અને કણુ તણા, ક્રોડ ભરીઆ કોઠારા.
કહાવે કોટી ધ્વજ. ગર્વ મહી ફરે ગુમારા;
રથ સુખપાલો ઘણી, ચામર ચમર ઢળાવે.
એવી રીદ્ધી અતી જેનો કોઇ પારના પાવે;
માયા ડાકણુ મોહીની, જેણે ઈન્દ્ર ચન્દ્ર સરખા ચળ્યા.
તે કશ્નોડ કવી રાવ કહે, એથી વીઠ્ઠલ વેગળા

૨૦

ત્યારે વર્ષો એમ વહી ગયાં, અને ચાલીસ જડ લાગી
ભજ્યા નહી ભગવાંન, અલેખે રહ્યો અભાગી;
મનુશ્યા જનમજ તણું હતું, એક મોટુ ટાણું
હવે હાથ ઘસે શું થાય, રહ્યુ નહી કોડી નાણું:
પછી સાઠે બુદ્ધ નાઠી ગઈ, જડે ન તારૂ જોડીયું
મદ તારો માથે ચડયો, પછી હરીએ માંનજ મોડીયું;

૨૧

મદ માતો મછરાયો ફર્યો ફુલ્યો ફટકાયો
હે કર્મો કરનાર હવે તો તારો વારો;
માયા કારણ મુંઢ ઘણાંનાં તેં ઘર માર્યા.
લાજ્યો નહી લગાર કર્યાં નહી કેઇનાં વાર્યા
કોને બળે તું કુદતો, તને બાંધ્યો કોણ છોડાવશે;
ધર્મ તણા દરબારમાં, તારાં વાવેલાં વેતરાવશે.

૨૨

વિષયા અંધ ઘાતકી તેને પર દારા વહાલી;
તેનાં કાઢે તેલ, પ્રભુનો ઘાંણે ઘાંલી.
પ્રથમ કરતાં પાપ, જરા ના જોયું વિચારી;
અસુરપણું આદરી, હવે શું બેઠો હારી
બુદ્ધસાગર એમ બોલીઓ. મારાં ખાતાં જુનાં ખોળાવશે:
મેં નવ જાણ્યુ આટલું હૈ, મારે વસમી વેળા આવશે.

૨૩

પછી પુત્ર અને પરીવાર સર્વે મનથી જ ઉતાર્યો.
પડયો રહે જેમ શ્વાન, પાણી પણ પીએ ટુંકાયો;

સીત્તેર વરસે દુખ, અબળ ડોસાને સાલે.
કો નવ સાંભળે વાત, કોઇ માગ્યું નવ આલે;
રઘુવર જ્યાં રીસાવીયા, તેને આપે માર પડશે સહી.
ધર્મરાયે હુકમ કર્યો, હવે એ પાપી લાવો અહીં;

૨૪

જેની ભુંજા ડંડ પ્રચંડ, રાડય પાડે રોશાળા.
ભણીએ ભાલા જમી, મુછ દીસે વીકરાળા
ઉંટ સમલાંબા હોઠ, ટુંક ગરદન પેશાની.
અવળી રોમા અંગ એજ, જમની જ નીશાની;
ભેરવા વીર જેવા ભણો, પણ એક હરીજનથી ઓસરે.
જે નેત્ર જવાળાની અગ્નીએ, પલ માંહે પ્રલવ કરે;

૨૫

સ્વાન મુખા પાપીઆ, ગરધવ મુખા જેવા ગણીએ.
કંઠ આતરડાં માળ, મહીપાના હારજ મણીએ;
જેનાં ગાત્ર અતી ગંભીર, લોહ ગરદન જેમ ગાયા.
દેરા ગુમટ જસા, દીસતાં જેનાં માથાં;
ગળીએલ અંગ પાકા ગરક, કરવૃક્ષ જેવા કહાવીઆ.
ત્યાં બુદ્ધીસાગરને તેડાવા, એવા જાલીમ જમડા આવીઆ;

૨૬

તારે જમડા કેરાં વેર કણુ ના થાયે જુનાં
શાર્દુલ સીંહ રણરંગ, કણુ ના જાયે સુનાં;
જેના દંતું બરછી જસ, વદન દીસે વીકરાળા.
ઉનમદ જોદ્ધ અડગ [illegible] ડ [illegible] છુછાળા;

જેના શીરપર મોટાં શીગડાં, આંખો ડાબલાના જસી.
ત્યાં બુદ્ધીસાગરથી બોલાયું નહિ, નજર દેખી નાડી ખસી.

૨૭

સોડ તાણીને પડયો, દરદ ચઢીયાં ચોપાસે;
રૂંધ્યાં દસે દ્વાર, જીવ ભાગે જમ ત્રાસે.
આ જાલીમ જમનો કોપ, કહો કોણ પાછો વાળે;
સ્વર્ગ મૃત્યુ પાતાળ, ત્રણેને ખાધુ કાળે.
જગત ચવાણું કાળનું, તે દેખી હરીજન નવ ડરે;
હરીજનને માથે હરી, રાત દીવસ રક્ષા કરે.

૨૮

સહસ્ર મુકયા સર્પ સહસ્ર જેમ મુકયા વીંછી,
એમ કાઢયો આકૃતે, આણ કર નાખ્યો પીછી.
બાંધ્યો અવળે બંધ, લોહ મુંગળ ગજ માર્યો;
જમને દેવા જવાબ, રહ્યો ના એકે આરો.
અનાથનાથ અશરણ શરણ, કરૂણા કર સુખ નવ કહ્યા;
તે એક હરીના નાંમ વીણ, એ પાપી માર્યો ગયા.

૨૯

ત્યારે ધર્મરાયની પાસ લાવીને કીધો જાહર;
જ્યાં અવનીને આકાશ વચે નહી એની વાહર.
ધર્મરાયે ખર હઠયા આસ બે માગ્યો લેખો;
ચિત્રવિચિત્રે ત્યાંય, કાઢીને કાગળ દેખ્યો.
અસુરથી અધિકો ગણ્યો, પછી નજરે જરા ન જાંખીઓ;
યમરાયે ત્યાં દુષ્ટને, તેલ કઢામાં નાંખીઓ.

૩૦

અગ્ની ત્યાં ઉછળે, જ્વાળ જ્યાં સામી આવે;
માણીગર થઇ જાવ, તમોને કન્યા મનાવે.
મુરખના સરદાર હુંટી ધન એજું કીધું;
કર્યું નહી સતકર્મ, કાંઇ ના સાથે લીધું.
તેલ પાકાં અત્તર. અતિ મંગાવીને હવે ચોળશો;
આ તક ઉનાળા તણી, આ તેલથી કેમ અંગોળશો.

૩૧

અસુરે સો ઉચકી, કઢામાં નાંખ્યો કાહાર;
કરતો કાગારોળ, કહો કેમ નીસરે બાહર.
દઇ છડીઓનો માર સાંગ સુંસરીએ કહાડયો;
પછીથી કહાડી બહાર, પગ ઝાલીને પછાડયો.
જમપુર સો જોવા મળ્યું, ભલો ન કોએ ભાંખીઓ;
ધર્મરાયે ત્યાં દુષ્ટને લખ ચોરાશીમાં નાંખીઓ.

૩૨

ત્યારે ગદ્ધી પેટ રહ્યો ગર્ભ, હુવો ઓડણ ઘર ગદ્ધો;
અણ તોલ્યો અણ માપ બોજો બોતેરો લદ્યો
સીરપર તડકો તપે, માર પણ અનહદ મારે;
દીન ઉગે દાપટે, ચારો કોઈ દીન નવ ચારે.
પછે ઉકરડા બહુ ઓખરી, જખમ થઇ જીવજ ગયો;
કરજોડી કરી રાવ કહે, પછી બુધસાગર બેલજ થયો.

૩૩

બુદ્ધીસાગર બેલ બની, ઘાંચી ઘર આવ્યો;
આંખે પાટા દઇ પછી ઘાંણીએ ઘલાયો.

ખાંધે ધુંસરી ધરી; સાંકળે ઘણું કચરડયો;
મારી અનગળ માર, ભારમાં લદ્યો બચરડયો.
એમ કરતાં દીન કેટલે, વૃદ્ધ જ થઇ જીવજ ગયો;
તે કર જોડી કવી રાવ કહે, બુદ્ધસાગર સ્વાન જ થયો.

૩૪

બુદ્ધીસાગર સ્વાન બન્યો, તે હાડકાં કરડે;
દીર્ઘ છે જેના દંત નિત્ય, ઢાંઢાંજ ઉતરડે.
ઘણાં ઘરોમાં જઇ, ઘણાંનાં હાંડલાં ફોડે;
કંઇપણ વસ્તુ હોય, ઝટ મુખમાં લઇ તોડે.
કર્મ તણાં ફળ આ બધાં, તમે જાગી બુધસાગર જુવો;
તે કાંધ વિષે કીડા પડી, તે દરદે સ્વાન જ મુઓ.

૩૫

મુવો સ્વાન તે વાર, વનમા મૃધ અવતરીઓ;
તે મૃગને તે સમે એક પારધીએ ધરીઓ.
તેજ સમે એક સંત, વનમાં આવી ચડીઓ;
ભકિત તણો પ્રતાપ, જોઇ તે ચરણે પડીઓ.
મૃગ મટી થયો માનવી, લખચોરાશી રહ્યો ફરી;
અંતે તે સ્વર્ગે ગયો, રીઝાવીને શ્રી હરી.

૩૬

અજબ ઈશ મહીમાય. આધ્યથી અંત અપારં;
તે ભક્તિ તણો પ્રતાપ, ધરા રહી નીરાધારં.
જેને ભજતાં જાય, કષ્ટ તો કોટી જનમનાં;
બને સ્વયંભુ રૂપ, જોર ના ચાલે જમનાં.
એવા ભવ પતિને ભજો, તો તો ભવ દુખ ભાગશે;
કરજોડી કવી રાવ કહે, મુવા પછી મુક્તિ થશે.

સત્યાગ્રહ સાર.

(રાગ આચાર વિચારનો.)

સત્ય સૃષ્ટીકા સાર, સત્ય નીર્મલકા બલ હય,
સત્ય સત્ય હય, સત્ય નિત્ય હય, અચલ અટલ હય.

જીવન શરમેં સરસ મીત્રવર એહી કમલ હય,
મોદ મધુર મકરંદ સુયશ સૌરસ નીર્મલ હય. સત્ય ૧

શેર.

મન મલીન્દ મુની વૃંદકે મચલ મચલ ઇસ પર ગયે,
પ્રાણ ગયે તો ઇસ પર, ન્યો છાવર હોકર ગયે.

અટલ સત્યકા પ્રેમ, ભરે જીસ નરકે મનમેં
પામે જો આનંદ આત્મબલકે દર્શનમેં;

પશુ બલ સમજે તુચ્છ અડક ભુષણ ગર્દનમેં,
સનકે બીંજે નહિ ગોલીયાંકી, સન સનમેં. સત્ય ૨

શેર,

જીવનમેં બસ પ્રેમહી જીસકા પ્રાણાધારહો,
સત્યગલેકા હારહો, ઇતના ઈશ પર પ્યાર હો.

ઈશ પંથમેં જબ વહિવીર પહોંચા મંજીલપર,
ડાલ ન સકતી શક્તિ મોહની જીસકે દીલપર;

ઉસસે બીડકર કૌન બાલ ફોડેગા શીલપર,
એકમેં વો અડા થાકી વહ રોલેટ બીલ પર. સત્ય ૩

શેર

સમજો સનમુખહી ધરાજો, કુછ ઉસકા ધ્યેય હય.
વિશ્વ વિજયની શક્તિ, યહં અમેઘ અજય હય.

સત્યાગ્રહ પ્રેમાસ્ત્ર મનોકો હરને વાલા,
જીનસેં પરમ વિરોધ ઉન્હે વસ કરને વાલા;
ક્યા મનુષ્ય વહ નહિ કાલસેં ડરને વાલા,
અજર અમર વહ નહિ કીસીસે મરને વાલા. સત્ય ૪

શેર.

કહેતેથે શ્રી ગોખલે, સત્યાગૃહ તલવાર હય,
જીસ્મે ચારોહી તરફ ધરી, તિક્ષ્ણતર ધાર હય.

જીસ પર ઈસકા વાર હુવા આત્મા નીઅંલકી,
ખાજાતી હય જંગ હુઈ જો છાયા છલકી;
કીતની ઈસમેં લચક ભરી હય યહ કસબલકી,
નહિ કીસીપર બોઝ હુવાસે ભી હય હલકી. સત્ય ૫

શેર.

પર અનીતિ કીઅનીમેં, બીજલી કીસી ચાલ હય.
દાંત મેં ઉંગલીદીયે; કહે તે લોગ કમાલ હય.

ઉસ્કા હય કર્તવ્ય જોકી સત્યાગૃહ ઠાને,
અસત્યા કાનુન અસત્યા દેસ ન માને;
કેદ હરદમ રહે પ્રેમ આનંદ તરાને,
નીશ્ચિત અપની વિજય સત્યકે રણમેં જાને. સત્ય ૬

શેર.

જ્યોં જ્યોં ગહરાતી સણુ જીવન જંગ હે,
ત્યોં ત્યોં ગહરાતા ઇધર દઢ ઉમંગ કા રંગ હો.

સત્યાગ્રહકા વૃતિ કષ્ટ કીતનેહી ઝેલે,
મારે ઉસકો મંહ મુંહ ઠેલે પર ઠેલે;
સમઝે ઉનકો દયા પાત્ર ચોંટે શીર લેલે,
મોહ પ્રાણુકા છોડ જાન અપનીપર ખેલે. સત્ય ૭

શેર.

અપને પશુ બલસે કભી, સત્યાગૃહી ન કામ લે.
આત્મીક બલકી ઢાલહી નીજ રક્ષા હીત થામલે

કોઇ ઉસસે દ્રોહ કરે વહ પ્રેમ દીખાયે,
કોઇ વૈસે ગલા ઉસે વહ ગલે લગાયે;
મરતે દમભી યહી પ્રાર્થના મનમેં લાયે,
ઇશ્વર ઇનકો ક્ષમા કરે યે હય ભ્રમખાયે. સત્ય ૮

શેર.

ભવમેં ભુલે હુએ હો. દીખા ઇન્હે પંથ જ્ઞાનકા,
કુફલ ન ભોગે નરકમે, એ અનુચિત અભિમાનકી.

યહ વૃત હય અતિ કઠીન સમઝ કર ઇસકો લેના
વેહ ગેહ પ્રીય પ્રીયા પુત્ર મમતા તજ દેના;
અપને બલસેં નાવ પડેગી ઇસમે ખેના,
પહેલેહી લો સમઝ ન પીછે દેના ઠેના; સત્ય ૯

શેર,

કરના હોગા સામના, ભિક્ષણુ અત્યાચારકા.
સહના હોગા ઘાવપર. ઘાવ તીર તલવારકા,

સહકર સીરપર માર મૌનહી રહેના હોગા.
અપને દીનકા કઠી મુસીબત સહના હોગા;

રંગ મહેલસી જેલ આહની ગેહના હોગા.
કભી ન મુખસે હંત હા કુછ કહેના હોગા. સત્ય ૧૦

શેર.

ડરના હોગા ઇસસે ઔર દુઃખીકી હાયસેં,
બીડના હોગા ઠોંક કરખમ અનિતી અન્યાયસેં.

તુમ હોગે સુકરાત ઝહરકે પ્યાલે હોંગે,
હાથોમેં હથકડી પદોમેં છાલે હોંગે;
ઇસાસે તુમ ઔર જાનકે લાલે હોંગે.
હોગે તુમ નિસ્ચાટ ડસ રહે કાલે હોંગે; સત્ય ૧૧

શેર

હોના મત વ્યાકુલ કહીં, ઇસ ભવ નીતિ વીસાદસેં,
અપને આગ્રહ પર અટલ રહેના બસ પ્રલ્હાદસેં.

હોંગે સીતલ તુમે આગકેભી અંગારે,
મર ના સકોગે કભી મોતકે તુમભી મારે,
કયા ગમ હય ગર છુટ જાયગે સાથી સારે,
દીલ બહેલાવીંગે ચીત ચંદ્ર ચમકી લેતારે. સત્ય ૧૨

શેર

દુઃખમેંભી સુખ શાંન્તીકા નવ અનુભવ હો જાયગા
પ્રેમ સલીલસેં દેશકા સારા મલ ધો જાયગા

ધીરજ દેગી તુમ્હે મિત્રવર મીરાંબાઇ,
પ્રેમ પયોનિધ થા ભક્તિસે જીસને પાઇ.
રહી સત્ય પર હટી પ્રેમસેં બાજન આઇ,
કૃષ્ણ રંગમેં રંગી કીર્તિ ઉજ્વલ ફેલાઇ. સત્ય ૧૩

શેર

આઈભી ઉસ કીટલી વહ વિષ પ્યાલી પી ગઈ,
મટી ઉસકી ગોદમેં જીસ્કો પા કર જી ગઈ.

ભગવન બહલદો હમે સત્ય પંથ પર ડટ જાયે,
નીજ ઈચ્છા અનુસાર મન બચન કર્મ બનાયે.
કરો પ્રેમસેં સુદ્દઢ બુધ્ધિ યાં એક ન ખાયે,
બઢકર સ્વાગત કરે અગર તપદાયે આયેં. સત્ય ૧૪

શેર

સહન શકિત વહ દીજીએ. જીત સમઝલે હારમેં
દે કાતિલ કો દાદ હમ ઉસકે હર હર બારમેં.

સત્ય રૂપ હે નાથ તુમારી શરણુ રહુંગા,
જો વૃત હે લે લીઆ લીએ આભણુ રહુંગા;
ગ્રહણુ કીએ મેં સદા આપકે ચરણુ રહુંગા,
ભીર કીસીસે ઔર ન હય ભહરણુ રહુંગા. સત્ય ૧૫

શેર

પહેલી મંઝીલ મોત હય પ્રેમ પંથ હય દુરકા,
સુનતા હું મતથા યહી શુળી પર મન સુરકા;

ભગવન જીતને હુયે આજ તક હું દાસ તુમ્હારે,
આ જીવન વે રહે સદા સત્યાગ્રહધારે;
આપકે બલસેં ભીત ભીમ ભટ એસે હારે,
જેસેં ગીદડ ભગે સીંહ સુતકે લલકારે. સત્ય ૧૬

શેર

શક્તિ વહી અબ દીજીએ પ્રિય ભારત સંતાનકો;
લેજા હે યહી અગ્રણી ગાંધીસેં ગુણુવાનકો.

(સેનમ સરકાર.)

ગઝલ

સારી જહાંની શહેનશાહ, પોતે સનમ સરકાર છે. ટેક
ને મુલ્ક મશહુરે આલી જહાં, નેક એ નાંમદાર છે. સારી૦

જેની બધે વ્યાપિ રહી, સત્તા જમી આસમાંનમાં;
આ ચંદને આફતાબ જેનાં, ચશ્મ કેરા તાર છે. સારી ૧

જેવું ગગન મંડળ વિષે કે, ઘોર કાળી રાતમાં;
ચમકે કરોડો તારલાએ; દેવનો દરબાર છે. સારી ૨

જેની રહે પર વસ્તીમાં, કંઇ ઓલિઆને મુરિંદો;
મસજીદ દેવ સ્થાંન, જેની બંદગીનાં દ્વાર છે. સારી ૩

શ્રી રામ કૃષ્ણ કે બૌદ્ધ, વળી શંકર સમા નર દેવતા;
મહંમદ પયંબરને ઈસા, એ સનમનો અવતાર છે. સારી ૪

કાશી અને મક્કા મદિના, વજદ પાલિસ્તાનમાં;
જ્યાં ખુદ બે ખુદ સાહેબની. ગાદી તણો એ કરાર છે. સારી ૫

વેદ પુરાણે ગ્રંન્દમાં, કે બાયબલે કુરાનમાં;
માલીકના એ કુદરતે કાનુન બધી તૈયાર છે. સારી ૬

સુફીઓ તણી ફીલ સુફીમાં, યોગીવરોના ધ્યાનમાં;
ઇન્સાન ભકતો સર્વને, એનો બધો આધાર છે, સારી ૭

સોહંમ શિવોહંમ, અન્અનલહક ને ખુદા મઉલા પ્રભુ;
જે જે કહો તે સર્વ એના નાંમના પોકાર છે. સારી ૮

આદમ બદમ કહે યાદ, માગું માફ હું ગુનાહકી;
આફ્રીન તારા ખ્વાબપર, કવીરાવ ઇન્તેજાર છે. સારી ૯

COMIC POET—રાવ--કવી.

(મદ્રાસ વાસીઓની વર્તણુંક.)

છપ્પા

અધરાં કોડી ચાવતાં, તેમ ચાહે ચાવતાં પાન.
અન્ન જમતાં નવ આવડે. મુઠીએ ફાકે ધાંન;
મુઠીએ ફાકે ધાંન, લાજ માંતો લંગોટી.
પીએ કોપ્રી ભરપુર, ખાય વેચાતી રોટી;
ન્હાય ધુવે ટીલાં કરે, વળી ભકિતમાં ભરપૂર છે.
દાંન દેવામાં દો ઘણાં, પણ હ્રદય વિષે બહુ કુર છે;

૨

બાઇ જુવો તો ભૂત, બાઈ સુડવેલ સમાણી;
સુઘરી સરખુ શીશ, રીંછડી જાતી જાણી.
અર્ધ ઉઘાડા અંગ, રહેતાં નર ને નારી.
રાખે બબ્બે શંડ, દીસે ભોળા બ્રમ્હચારી;
વર્ણ કોઇ વરતાય ના, કોણ નીચ કોણ ઉંચ છે.
મરદ ન કો માલુમ પડે, કોને મોંઢ મુછ છે,

૩

શરીર તણો છે રંગ, શામ વાદળના સરખો.
હળદી ચોળે અંગ, દીસે જંગલનાં જરખો;
ઘોડા બેલ સમાંન, મરદ ખેંચે છે ગાડી.
મરદાઇ હીણુ મદ્રાસ, પ્રજા છે અજડ અનાડી;
દ્વારે પુરે સાથીઆ. ઘરમાં ગોટાળો ઘણો.
તે રાવકુંવીએ નીરખી કહ્યો. ચાલ આ મદ્રાસી તણો.

૪

વળી મુતરતાં વાળો કરે. જોડે ટટ્ટી જાય;
આંઠ ધુવે દાતણ કરે, [illegible] પાણીએ નહાય.

એજ પાણીની માંય, શરીર આખુજ પખાળે;
દર્શન કરવા જાય, કપુર ત્યાં પુષ્કળ બાળે.
ઉપર આડંબર અતિ, ભીતર અંધાર ઘણું;
દેખ્યું તેવું બ્યાન, આ કહ્યું મેં મદ્રાસી તણું.

COMIC POET—રાવ કવી

નડીયાદ સાઠોદરા નાગરની સમાજમાં

(ગવાયેલી પેટંન્ટ કવાલી.)

રાગ. ફેન્સી.

અરાડે વરણુમાં ઉંચા, અલૌકિક એક અવનિપર;
રસીક રસ જ્ઞાનના જ્ઞાતા, કૃતિ જોતાં ખરેખર નર.
કલમ કડછી અને બરછી, ત્રણે સાહિત્યમાં સદ્ધર;
વિચરીએ વિશ્વમાં વણુડર, અમે સાઠોદરા નાગર.
ગુંથી નાખી બધી ગીતા, ચુંથી નાંખ્યા ચતુરવેદો;
પુરાણો શ્રુતિ સ્મૃતિને, ભણ્યા વળી ભાગવતે ભેદો.

નથી બાકી નીરખવાને અમારે એક પણ અક્ષર
સકળ શાસ્ત્રો તણા સાક્ષર, અમે સાઠોદરા નાગર.
અધીકતા અન્ય જ્ઞાતીથી અમારા કાર્યમાં કરીએ,
નીરંતર ષટ કર્મોમાં, અમે ષટ કામ આદરીએ;
ઉપરનો ખુબ આડંબર ભીતરની જાણે વિશ્વંભર,
અમારી વાણીમાં સાકર, અમે સાઠોદરા નાગર.

અમે ત્રિકાળ કે નિત્યકાળ, સંધ્યામાં ન કરતા ભુલ,
તમાકુ ભાંગ ગાંજો કે મદીરા પાનમાં મશગુલ;

બની શિવ શક્તિના ભકતો, વદી વાણી મુખે હર હર,
પીતા પ્યાલી છુપી ભર ભર, અમે સાઠોદરા નાગર.

વધી જાતાં જમાનાની, અમો પર છે અસર સારી,
હરીફાઇમાં બધાએથી, અમે ભભકા વિષે ભારી;

અતીથિનો થવા આદર, અમારાં છે ઉઘાડાં ઘર,
અમારી ચાહના ચાક્ષર, અમે સાઠોદરા નાગર,

ગણાતા રાયજી લોકો, અમારો ઠાઠ દરબારી,
અમે મહાજન સમાજોમાં, સરભરા પામતા સારી;

ભલેના શીમમાં ખેતર, કિંવા ના ગામમાંહે ઘર,
છતાં શહેરચાહમાં શબ્બર, અમે સાઠોદરા નાગર.

જતી ના સાસરે ડાહી; શિખામણ દેતી ગાંડીને;
બીજાંને બોધ દેવાની, પદ્ધતી એવી માંડી છે.

બળી જાતાં અવર ઘરની, નીહાળી તાપણી જાખર,
બળે હોળી પગો આગળ, અમે સાઠોદરા નાગર;

અમારાં બાળ રત્નાકર કમીના કહો પછી શાની,
હરાજી રાજીથઇ કરતા, બની પાજી સ્વકન્યાની.

રૂપૈઆ રોકડા લેતા, ભરીને સામટી ગાગર,
બીજાનો શું અમોને ડર, અમે સાઠોદરા નાગર;

અણુમાં દેખીયે ડાહ્યો, ક્ષણુંમાં આંધળા થાતા.
પલકમાં જ્ઞાન પામ્યા તે ઘડી ભરમાં ભુલી જાતા

ખપેના અન્ય બ્રાહ્મણનું ભલે રાંધ્યું કદી રસ ભર,
સદા શાહુકી તણા નોકર, અમે સાઠોદરા નાગર;

પીતા ત્રીજ પુત્રીના ઘરનું, પીતા નહી કો સમે પાણી,
ખપેના જળ ખપે છે જગ, અમારી એ કહાણી.

કુળે ઉંચો રૂપાળું ઘર, ભલે રોગી કે ઘરડો વર,
અમારૂં લક્ષ પૈસા પર. અમે સાઠોદરા નાગર.

(નડીઆદ સાઠોદરા નાગરની સમાજમાંથી મળી આવેલી કવાલી)

અંતરના ઉદગાર.

હતો હું ક્યાં આ અવનીમાં, વળી આ ક્યાં હતી કાયા,
ન હોતો હું આ ભવનીમાં, નહોતી આ બધી માયા;
અકેલો આવ્યો છું આંહીં, જવાનું પણ અકેલું છે,
નથી દુનીયાં જરા ગાંડી, ફક્ત મન મારૂં ઘેલું છે.

અનામીને અમર હું છું, દોરૂ સઉ કાળને દે છે;
જહાં સઉ આપ જવાના, અસલ મારૂં વતન એ છે;
લલાટે જે લખાયું છે, થવાનુ તે થનારૂં છે,
નથી દુનીયાં જરા ગાંડી, ફક્ત મન ઘેલું મારૂં છે.

જગત સ્વપ્ના વિષે જનમ્યો ખલકમાં ખસ હું આયો,
પલકમાં જઇશ હું પાછો, અહીં આવીને પસ્તાયો;
હવે જાણી કરૂં ઝાહેર, જનમથી મર્ણ પહેલું છે,
નથી દુનીયાં જરા ગાંડી, ફક્ત મન મારૂં ઘેલું છે.

દીઠી દુનીયાં મેં દોરંગી, ન સંગી કોઇ આખરનો,
થયું નાં આ થયું ના એ રહ્યા ના ઘાટકે ઘરનો;
મરવું મુકી આ પીંજરને, જવાનું તે જનારૂં છે,
નથી દુનીયા જરા ગાંડી, ફક્ત મન ઘેલું મારૂં છે.

પરા પરભવ તણા પુન્યે, મનુશ્યનો દેહ આ મળીઓ,
જીતી જંજાળ જેનાથી અમર પદ મોક્ષ હું રળીઓ;

જવાનું સર્વને જાણો, કો પાછળથી કો પહેલું છે,
નથી દુનીયાં જરા ગાંડી, ફક્ત મન મારૂં ઘેલું છે.

કરામત ફકુલ કુદરતની, સ્વીકારી મેં સનાતનથી,
અમર વીદ્યા ભણ્યો એવી, મરણુ ઉતરી ગયું મનથી;
નથી મરવું કે અવતરવું, સમજતાં સર્વ સેહેલું છે,
નથી દુનીયાં જરા ગાંડી, ફક્ત મન મારૂં ઘેલું છે.

વગર પોથી વગર પાટી, ભણ્યો હું ભેદ આ ભવનો,
ઉઘાડી આંખને જોતાં દીઠો મેં દેહ કાદવનો;
મઝા સહુ છે મીનીટ ભરની; દીવા નીચે અંધારૂં છે.
નથી દુનીયાં જરા ગાંડી, ફક્ત મન ઘેલુ મારૂં છે.

ક્ષણુમાં અસ્ત થઈ જાશે, પલકમાં જે પ્રકાસ્યું છે,
ભલુ બુરૂ ભવિષ્યમાંહી, અવર આશા નીરાશા છે;
નથી તારૂં નથી મારૂં હશે તેનું થનારૂં છે,
નથી દુનાયાં જરા ગાંડી, ફક્ત મન ઘેલુ મારૂં છે.

ગ્રહી હથીયાર હીમ્મતનું, વિશ્વ વ્યવહારમાં ફાવ્યો,
જીતી જંજાળનો ઝઘડો, જગતમાં સર્વને ભાવ્યો;
જેને દુનીયાં કહે કુડું, મને તો એજ પ્યારૂ છે,
નથી દુનીયાં જરા ગાંડી, ફક્ત મન ઘેલું મારૂં છે.

કમાણી પુર્વે કાપેલી, ભોગવી લીધી આ ભવમાં;
તજી સીતળ ચારીતાને, દેખીતો જઈ પડયો દવમાં
હવે હાઝી થયો રાજી. જીત્યો બાજી જે જારૂ છે,
નથી દુનીયાં જરા ગાંડી, ફક્ત મન ઘેલું મારૂં છે.

હતું જોબન જનમ પહેલાં, જનમતામાં જરા આવી,
હું ક્યાં તું ત્યાં કહી રોગો, પ્રભુથી પ્રીત ના લાવી;
ભુલાવે ભાન કુદરતનું, અજબ માયાનું લહારૂં છે,
ગથી દુનીયાં જરા નાંડી, ફક્ત મન ઘેલું મારૂં છે.

ઘીસેના રાત કે દહાડો, નભાસે કંઇ ભલુ બુરૂં,
અજબ એ દેશ મારો છે, મહાપદ જ્યાં મળે પુરૂં;
ખાકરમી હું થવા ઇચ્છું, સકરમીને આ સારૂ છે.
નથી દુનીયાં જરા ગાંડી, ફકત મન ઘેલુ મારૂ છે.

મહારીના બધા ખેલો જંબુરો જેમ જાણે છે,
મજુના ખેલને તેમજ પુરા ભકતો પીછાણે છે;
કહોકે કયમ કરીને, ઠીકરૂ રૂપીયો થનારૂ છે.
નથી દુનીયાં જરા ગાંડી, ફક્ત મન ઘેલુ મારૂ છે,

અનુભવ થયો આ અવનીમાં, મને સૌ આજ આમનનો,
કદરદાનો કદર કરશે, સમજશે સૌ કવી રત્નો
કહે છે લાલ અંબાના, જેમાં હીત સૌ તમારૂ છે;
નથી દુનીયાં જરા ગાંડી, ફક્ત મન ઘેલું મારૂ છે

(રાવ કવી અંબાલાલ.)

પેટંન્ટ. પોયટ્રી

(ગાંમડીઆની ગમ્મત)

(ને રાગ જાડી ભાષાનો)

કણબી એ કાંનમ જીલ્લાના, ચડોતરના પણ ચાર પટેલ;
એ સીકસ જણા ચાલ્યા સંગાથે, કલકત્તાની કરવા સહેલ.
આણંદની સ્ટેશને જઇને, વાલદા પટેલે કર્યો વચાર;
મનોરભાને કહ્યું મુંમઇની, કોછ ટીકડયો લાવો ચાર.
મનોર પટેલ જયા માહતર પાસે, ઝબશે તેને કરી શલાંમ;
તરત માહતરે પુછ્યું કે, કહો પટલ તમારૂ ચેયુ ગાંમ.

એટલામાં તો અંટડી ગગણી, ટપરાઇને આઇજ્યો તાર;
અમદાવાદથી ઉપડી ચુચી; એવા હાંભળ્યા હમાચાર.

પટલ તરત વચારમાં પડીઆ, ને ઝટ પોંટણને પુછયુ જઇ;
આતે ફ્રાસ્ટ લોકડકે ધુરાટ, નેકળી લેટકલેક આચમની થઇ

એવામાં એક પોટણ ભઇ, તો ઝગ્રશઇને આઇપોચ્યા;
તે ટકણુ ટકોરા પેલા મારી; પાંચ પછાડીથી ઠોચ્યા.

ચેગંલ પડાવા કરી સંગન્યા, લીલો બાવટો બતલાડયો;
કે જોત જોતામાં તાં વાળાએ, ઠચ લઇને ઠોચો પાડયો.

ઝટ લઇને ચીકટો કોચાઈ, એવામાં ગાડી આઇ;
તે ચાર વગરનાં મહાંણુને તો, ઝપટ બંધ તાંણી લાઇ.

ઝબકાઇને થોભી ઠેશણુમાં, અંજીલ જ્યુ પાણી ભરવા;
લોક બધાં બાયણાં ઉજેડી, મંડયાં પેશ નેકળ કરવા.

ચડી ગયા ચારેય ચટોચટ, માથે પોટલાં મેલીને;
ખખાતકારે જઇ મઇ બેઠા, મગન કર્યો હડસેલીને;

ત્યાં પોલસના એક સપેએ પુછયું. પટલએ પેટી કીસકી હે.
ત્યારે ગભો પટલ ઘુરકીને બોલ્યા, કોછ એ પેટી મીસકી હે;

એટલા થડ બે થયા ટકોરાને, ઓલરેટનો આલ્યો ઓલડર.
ઝડપઝાટ એક પોટણુ નાઠો, અંજીલનું લઇને ટબલર (ટેબલેટ.

ગાર્ડર માહતરે કુંચી પીકુડી, ને લીલો બાવટો બતલાડયો.
ડ્રાઇવર શાબે અંજીલ હાંચ્યું, અને પીહુડો વગાડયો,

ધડધડ કરતી ગાડી હેંડી, તડતડાઇને મેલી અદી.
જાણું જાણે ઉથલી પડશે, એવી રીતે રમણે ચઢી;

રમરમ રમરમ લેરમકારા, ને અંજીલને આંફ ચઢે.
ઝાક આવા ઠેશણુમાં જઇને, ઢચાક દઇને ઊભુ પડે;

એમ કરતાં અકલેહર આઇવુ, થોભી ગાડી ઠેશણુમાં.
ડબકાઇને બાર જોયું તો; દીઠાં ડાકાં બે જણુના;

વલભ ભાઈને કુલભભાઇ, બેઉ ઉભેલા હાચાં કાઢી.
ડબ્બામાં તે ડાખલ થયા કે ગબશાઇને ઉપડી ગાડી;
કાઢી ડેબરાં કયો નાસ્તો, વલભ વિના તો નહિ ચાલે
રહી અધુરી અહીંથી બીના, હવે કહીશું તે કાલે.

[અપુર્ણ]

માન પાન પત્ર.

(રાગ પધરામણીના આનંદનો)

અંતર તણા ઉત્સાહથી આવ્યા ભલે કવિ રાવજી,
બારોટ જ્ઞાતિમાં રહ્યા ખ્યાતિ તમે કવિ રાવજી.
લાયક ગણાયા લોકમાં શુભ કામથી કવિ રાવજી,
લક્ષ્મી સરસ્વતી સ્હાય રે'જો આપને કવિ રાવજી.
પ્રત્યક્ષ દર્શન લાભ લાખેણો દીધો કવિ રાવજી,
લખતાં તમારા ગુણ બુદ્ધિ ચાલતી નથી રાવજી.
હાજર જવાબી હાસ્ય રસનો હોજ છો કવિ રાવજી,
દરશન થકી પરસન થયું મન સ્નેહીનું કવિ રાવજી.
જીવન હજો બહુ ઉજળું સુખમય સદા કવિ રાવજી,
નહિ નેહ કદીએ તોડજો પણ જોડજો કવિ રાવજી.
ટળશે ઉપાધી સર્વ સાચી પ્રીતથી કવિ રાવજી,
પુરશે પ્રભૂ મન કામના સૌ કામમાં કવિ રાવજી.
રસ્તો લીધો છે બેશ શુભ ઉદ્દેશથી કવિ રાવજી,
નિર્મળ વરો વાણી વિધિજાની કૃપાથી રાવજી.
વારિધિજા વસજો સદા ખુબી ખજાને રાવજી,
સીદ્ધિ થજો સૌ કાર્યની શક્તિ સહાયે રાવજી.

નેકી થજો ટેકી હમેશાં દેશ હિતમાં રાવજી,
બેટા બુધરને ભાવથી કરી પ્રેમ ભાક્ત રાવજી.
દકરો સદા નિર્મળ પ્રીતિ ને સ્વાર્થ ત્યાગે રાવજી,
સ્વિકારશો દાદા તણી આ ભેટ નાની રાવજી.

આપનો સ્નેહાભિલાષી દાદાભાઈ જય કૃષ્ણ

નર આશિર્વાદ

(સ્ટેશન માસ્તર બોજવા)

હરિગીત.

(રાગ. સમા પરમાણે ચાલ, ઝુમવાની.)

સંસાર આ ડ્રામા 1 સમો ખેલો ખરા જેમાં થતા,
ભજવાય છે ભુતળ પરે, પરતક્ષ સહુના દેખતાં;
કીરતારની કલમે લખ્યા, ખેલો બધા ખુબી ભર્યા,
જગ સ્ટેજ, 2 પર ભજવી ઘણાએ, રામને રાજી કર્યા,
એકટર્સ પણ એલા ગયા, ખાલી થયાં થીએટરો;
દુનીયાંના દેવી પ્લોટ પર, કંપેનીયન ક્રસ્ટી કરો.

૧.

મહા માયાના ગાર્ડન મહી અગણિત ઉગી ઉઠતાં,
ઘણુવાર જો ખીલી રહી, મોમેન્ટમાં 3 કરમાઇ જતાં;
કંઈ થઈ ગયું ને થઇ જશે, આ યુનીવર્સ 4 વિષે અહી,
અંતે મળી ગયું ધુળમાં, નામો નીશાનીના રહી;
ફુલ બાગ તે બેલઈ ગયા ને થઈ ગયો ચોકખો ચરો;
દુનીયાંના દેવી પ્લોટપર કંપેનીયન, 5 ક્રસ્ટી કરો

---

1 નાટક. 2 રંગભુમી.

૨

માયાતણી બાજી અહીં જોયો, ૬ બધી ચપળ વાની,
જો કઈ જતો ક્યા કીન્ગ, ૭ જગમાં કઈ ગયા આવા બનીઃ
બીન્દુ તણા સીન્ધુ થતાને સીન્ધુનું બીન્દુ થતું,
સેકંન્ડમાં છે ને નથી, પલ એકમાં પલટઇ જતું;

કઈ સત્યની સરતે ચડ્યા, કઇ હારીને નાઠા નરો,
દુનીયાના દેવી પ્લોટપર, કંપેનીયન દ્રસ્ટી કરો.

૩

જો અમર આ અવની નથી ને અમર ક્યાં આકાશ છે.
અમર આ કાયા નથી તો, નામ તેનો નાશ છે;
શુ, થીન્ક ૮ ઈનયોર હ્લીન, ૯ અંતઃકર્ણ વિષે જોઇને.
જો રામને રાવણ ગયા, કાળે ન મુકયા કોઇને;

ધેરફોર, પીસ રીકવેસ્ટ ૧૦ મારા આપ સૌ ઉરમાં ધરો,
દુનીયાંનાં દેવી પ્લોટપર કંપેનીયન દ્રસ્ટી કરો.

૪

ભગવત ભજન ભાવે નહિ, વાંચે રસીલી વારતા,
હરિ સ્મરણ સાંભરતું નથી, મીથ્યા ગપાટા મારતા;
પરનારને પ્યારી ગણે અળગી કરે નીજ અંગના,
વળી અધરને સુખી ગણે જે હાલના પ્રસંગના;

વંચાઇ રહયાં છે વીશ્વમાં કલીયુગનાં કેલેન્ડરો.
દુનીયાંના દેવી પ્લોટપર કંપેનીયન દ્રસ્ટી કરો,

---

૩ પળમાં. ૪ દુનીયાઓમાં ૫ દોસ્તદાર. ૬ ગમતો. ૭ રાજા. ૮ તમે વીચારો. ૯ ચોખ્ખા. ૧૦ તેથી આ અરજ.

૫

ભીસરી મયા વિપ્રો, અરેરે વાક્ય ફુડાં વેદનાં;
પરપંચને પડદે રહી, બેઠો કરે બહુ ખેદના,
વળી અન્ય પર ઇર્ષા કરે, પોતાનો દોષ ન પારખે
પીડું ન જાણે મુરખા, હાઉકેન ૧૧ હી, વાંચે લખે
તજી પાઠશાળા હોટલે, હરદમ જવાનો માવરો.
દુનીયાંના દેવી પ્લોટ પર, કંપેનીયન દ્રસ્ટી કરો,

૬

ફ્રેન્ડશીપ ગઈ ફ્રેન્ડો તણી, નીતિ વળી ગઈ રાયની,
પ્રીતિ ગઇ પ્રેમદાતણી. શાંન્તી ટળી જો સગાઇના;
મહાગઇ શીશ્યો તણી વળી ન્યાય પણ ગયો પંચનો,
પરભાવ સત્ય તણો ગયો, આવ્યો વખત પરપંચનો.
વરસાદની મસ્ટી ગઈ વણુસઇ ગયાં વાવેતરો,
દુનીયાંનાં દેવી પ્લોટપર, કંપેનાયન દ્રસ્ટી કરો.

૭

મહીતો દરીદ્રી થ્યા ઘણા, સન્યાશી ધનને સંઘરે
રોગી થયા ભોગી અરે, વહેપાર તપસીજી કરે;
જ્ઞાની ઘણા માની થયા, દાના થયા દંભી અતી,
વ્યભીચારી બ્રહ્મચારી થયા, પંડિતની પલટાઇ મતી,
આવ્યો જમાનો ઉલટો, પરખાય ના ખોટા ખરો,
દુનીયાના દેવી પ્લોટપર કંપેનીયન દ્રસ્ટી કરો,

૮

દાતાર શુદ્ધ મયા હાડીઆ લોભી થયા લાખો પતી,

૧૧ [illegible] રીતે.

ધર્મી અધર્મી થઇ ગયા, જો પુન્ય રહ્યુંના પારતી;
પંડિત કામી થઇ પડયાને, જુગટીઆ થઇ ગયા જતી,
આવ્યો જમાનો ઉલટો મનુશ્યો તણી બગડી મતી;
સતીઓ ફરે થઇ શંખણી, પતીવ્રતા થઇ ગઇ પાવરી.
દુનીયાંના દેવી પ્લોટ પર, કંપેનીયન દ્રસ્ટી કરો.

૯

તજી વેદ ભણવા બ્રાહ્મણો કરતા મજુરી ચાકરી,
જસ્ટનાઉ ૧૨ ભરતા પેટ જો કોઇ નીચનો ધંધો કરી,
ખાંડુ તજીને ક્ષત્રીયો ખેડુ બની ખેતી કરે.
જો ભીલ જેવા બ્રાહ્મણો થઇ કાંમઠું કરમાં ધરે;
રવડી ગયા બહુ રીચને, ૧૩ થયો પુઅરનો ૧૪પાકો સરો.
દુનીયાંનાં દેવી પ્લોટ પર કંપેનીયન દ્રસ્ટી કરો.

૧૦

નીન્દા કરે નબળાતણી, સબધાના સાળા થાય છે;
ગાંડો ગરીબને ફેરવે, ગ્રહસ્થોના ગુણ ગવાય છે.
સુખીયા અત્યારે સુદ્ર છે. જુવો ભીખ માગે બ્રાંહ્મણો,
શઠને સલામો થાય એ મહીમા મની મેટર તણો.
ઉંચનીચ ઓળખાએ નહિ ચાકર ફરે થઇ ઠાકરો;
દુનીયાંના દેવી પ્લોટપર, કંપેનીયન દ્રસ્ટી કરો.

૧૧

જયકાર થાયે જુડનો ફટ નોનસન્સ સાચુ થયું;
બહુ અસત્યના અંધાર, ત્યાને સત્ય સહુ મારું ગયું.

---

૧૨ હા[illegible] ૧૩ ગ્રહસ્થ. ૧૪ ગરીબ.

સાની ગણ્યાએ આંડામાં પાખંડીઓ પુજાય છે;
હવે ન્યાય નીતિ ધર્મનું, ચારો જહાસુબ જાય છે,
તેને લીધે તો જો પડ્યા, છપનો અને અગનોતરો, (કાળ)
દુનીયાંના હૈવી પ્લોટપર, કંપેનીયન દ્રસ્ટી કરો.

૧૨

ખાનદાન ઘરનીતો અતી, થઇ ગઈ ખુવારી ખલકમાં
લંપટ બની લા ખો પતી પલટાઈ બેઠા પલકમાં
લુચ્ચા ચઢી ઉંધા અટારીમાં બજારે ઓપતાં,
અનીતિ તણા ઉભરાટમાં સત્યવાન સૌ માર્યા જતાં,
ઓલ આર ઇકવલ૧૫ થઇ ગયુ, વાયો કળીનો વાયરો;
દુનીયાના દેલી પ્લોટ પર, કંપેનીયન દ્રંસ્ટી કરો,

૧૩

શનિશ્વર બની ગયા શેઠીઆ, વધ્યા વેઠીઆ વહેપારમાં
મોઝી થયા મખ્ખીચુસો વટલેલ પણ વહેવારમાં
ફેશનના ફુટક્યા ફાંકડાં, કોડી કને નથી રાખતા,
પૈદા કરે જો પાવલું તો અઠધો ઉડાવી નાંખતા;
લાખો તણી શાખ્ખી બઠી, ઓઢી તે બેઠા ચાદરો,
દુનીયાંના દૈવી પ્લોટ પર કંપેનીયન દ્રસ્ટી કરો.

૧૪

માયાવી આ દુનીયાં તણી, કથની વધુ શું કહું કથી,
પાણી તણા પરપોટાસમ, ક્ષણ એકમાં છે ને નથી;
કુલાંવર આંખીયાની અહીં જે ખીલ્યું તે કરમાય છે,

૧૫ બધાં સરખા

આ જગતમાં પણ જાણજો, જનમ્યું તે નીચે જાય છે;
વનબાયવન,૧૬વીલગો૧૭બીથાઉટ૧૮ઓલવીઝ૧૯કરનાચરો. ૨૦
દુનીયાંના દેવી પ્લોટપર, કંપેનીયન દ્રસ્ટી કરો.

૧૫

ગાડી ઠબલ ઘોડાતણી, મહા કીમતી આ મોટરો,
કેનનોટકમ,૨૧ વીથ યુ કંઇ, ૨૨ બસ ફકત અહીં બેસી ફરે
બહુ દુરને વેરી ડીફીકલ, દેખીને જાશો ડરી,
નથી સડક સીધી સ્વર્ગની, કહો વોક લેશો કયમ કરી;
જે કંઇ વીકટ વાટે ચઢી. માર્યા ગયા મુસાફરો,
દુનીયાના દેવી પ્લોટ પર, કંપેનીયનદ્રસ્ટી કરો,

૧૬

એડસ્ટેડ ૨૩ ખુરસી બાંકનો, વૈભવ બધો વીસરી જશો.
કાં કબરમાં કે કાસ્ટપર બીસ્તર પ્રથર ૨૪ તારૂં થશે,
વારંન્ટ વનડે ૨૫ આવશે આણુ લીંતળ્યું યમરાયનું,
છે કાયદો કુદરત તણો નથી રાજ્ય બાપાં બાઇનું,
રહેનાર પણ રોળાઇ ગયાં, ખંડેર કંઇ થઇ ગયા ઘરો,
દુનીયાના દેવી પ્લોટપર કંપેનીયન દ્રસ્ટી કરો,

૧૭

કંઇ કોતાડા ફુલતા ફરે, કંઇ ઇજારા ખાણાય છે,
કંઇ રાંડયા ચીસે બળે કંઇ આંસુ લોયાં ખાય છે,

---

૧૬ એક પછી એક ૧૭ [illegible]. ૧૮ બાર ૧૯ આ બધાં ૨૦ બધો
ઓ ૨૧ આવશે નહી ૨૨ તમારી સાથે. ૨૩ [illegible]. ૨૪ લાશ.
એક દીવસ.

અંધા અને અંધાતાણી આ વિશ્વમાં ક્યાં ખોટ છે,
સત્યવાદી સમ ખાવા નથી, લોભી તણો તો લોટ છે,
બગલા ભગત પણ બહુ ભમે છે ઢોંગીનો જબરો ઘરો,
દુનીયાના દેશી પહોટ પર કંપેનીયન દ્રસ્ટી કરો,

COMIC POET—રાવ—કવી.

છપ્પો.

કક્કો કર શુભ કર્મ પર્મ ગતી જેથી પામે,
રહે અવીચળ નામ સુયશ આ જગમાં જામેઃ
રટતું સીતારામ મોક્ષપદ મળવા માટે,
ઇસવીણુ નહી આધાર, કોઇનો વસમી વાટે.
જો રાવણ સરખા રાય, તેના પણ છુટયા છક્કા.
ઉતરવા ભવ પાર કાળજી કરતું કક્કા.
ખખ્ખા કહું છું ખરૂં, ખબરતો ખળેજ પડશે,
અદલ કરી ઇનસાફ, ઘાટ પછી તારો ઘડશે;
નાંખી નર્કની માંય, દંડ યમરાજા દેશે,
પડયો તું સડશે ત્યાંય, સુદ્ધ કોણ તારી લેશે.
માટે ભજ ભગવાન નહીતો મુરખ વખ્ખા,
અંતના બેલી રામ ખરૂં માનીલે ખખ્ખા.
ગગા નહાયોગંગ તોય પણ ગયો ન ડાઘો,
ઘશીને ધોયું અંગ પેશીને જળમાં આ.ઘો;
ગયો ન મનનો મેલ મુર્ખ શું ત્યારે નહાયો,
હોગટ ફેરો ફરી ગદ્ધો ગંગાથી આયો;
પછી જાણ થવાને કાજ નોતર્યો નાતને સગ્ગા,
લીધો ફુકો લાવ ઘણા જન કહે છે ગગ્ગા,
ઘધ્ધા જમના લાગ ઘણા ન્યોછાવર પડશે.
સુજથી નહિ વેઠાય વૈતના વાગી નડશે,

કરશે કાળો કેર મહેર નહિ મનમાં લાવે,
બાંધશે અવળા બંધ કોઈ ત્યાં નહિ છોડાવે.
નર્ક કુંન્ડની માંય કોચશે તુજને કગ્ગા,
માટે સમજી મન હરી ગુણ ગાતું બચ્ચા.

બચ્ચા તુજ ચતુરાઈ જરાએ ત્યાં નહિ ચાલે,
દેવને ત્યાંના દુત મારશે ખુટે ભાલે;
હાથ ન આવે કોઈ કરીશ સીફારસ કોની,
માટે ભજતું રાંમ સુખ લે માફ માંની;
જો કેડે પડીઓ કાળ કઠણ છે બચવું બચ્ચા.
ફાળ ઉપરદે ફાળ હવે ચેતીલે ચચ્ચા,

છછા છન્નુલાખ, ગયા તુજ સરખા ઉઠી,
ગયા તે ખાલી હાથ, આવ્યા ત્યાંરે બાંધી મુઠી;
તેમ તમે પણ જશો, તજી ધન માલ ખજાના,
જઈ સુસો સમશાન, મુકી આ મહોલ મકાના.
કંચન સરખી કાયા, બળીને થાશે રચ્છા,
માથે ભમતું મોત નહી છોડીદે છછ્છા.

જજ્જા તારે જરૂર એક દીન પડશે જાવું;
કઠીણ ઘણુંએ કામ નથી કાંઈ ખાણું ખાવું,
જે મ્યાના શુખપાલ ઘણા હાથી રથ ઘોડા.
તે મુકી સઘળું અહીં જવું છે વહેલા મોડા;
ત્યાં નહી રાખે શરમ સખત ઝટ કરશે. સજ્જા
જમની આગળ જોર જરા નહી ચાલે જજ્જા;

ઝઝા ઝમકી જાગ ઉંઘને કરતું આળગી,
મુકી આ જંજાળ તુજને જોને વળગી;
ઝપડાયો છે સંખ, નહોશી થાશે વાસી,
મત્વર ચોખી કહાડ હવે [illegible]ને સારી;

લાખો જણની માંય લેશે તે તારી લજ્જા,
ને માથાનું જોર જમાનો ખઇ ગઇ ખજ્જા.

ટટા તારે ટેક એક રાખીને રહેવું,
આવી પડે જે સુખ દુખ તે સઘળું સહેવું;
નહિ થાવું નીરાશ કદી સંકટ સીર આવે,
કે નવ કરવો ગર્વ કદી લખપતી કહાવે;
રહેવું રાખી હામ કરી સીર સાટે સટ્ટા.
તો જાશો ભવ તરી ટેકને લીધે ટટ્ટા

ઠઠા ઠાલુ ઠાંમ નથી ઇશ્વર વીણુ એકે,
શુભ કર્મ જે કરે દૈવ તે સઘળું દેખે;
પેસે જઇ પાતાળ પ્રભુથી નહિ રહે છાનું.
કર્યું કર્મ ભવમાંય જરૂર છે ભોગવવાનું;
અબલખ આ ધનમાલ યાર તેં કર્યો એકઠ્ઠો.
કોડી ન આવે કામ જવું છે ઠાલી ઠઠ્ઠો.

(અપુર્ણ,

જન્મીઆ જગતમાં જશ નહી મેળવ્યો,
લાભ લીધો ન હરિ ગુણ ગાઈ;
નવ રહ્યો નામ કંઇ કાંમ રૂડાં કરી,
કે નવ લઈ શકયો કંઇ ભલાઇ;
નવ કર્યું શુંક નીજ કાયાનું હીત કશું,
નવ કર્યું કાર્ય પરમાર્થ કાંઈ;
કહે કવી રાવ આવતાર એળે ગયો,
સુખોએ દુખ માની લડાઇ ;

દારૂડીએ નીશા ઊતર્યા બાદ કરેલો અફસોસ.

અરે પ્યાલી, પડી ખાલી, સીસાનું ક્યાં ગયો સટકી;
નથી બીસકીટ કે પાઉની, હવે પાસે પડી કટકી.
લબાહા સુખડુ લેતું, મગસ ભણુકાર મારે છે;
કમરમાં થાય છે કળતર, અજબ દુખ આ અમારે છે.
ખુટયા છે ગર્થ ગાંઠેથી, મલ્યા છે મીત્ર પણ સુજી;
ઉડાવી ઓલ દારૂમાં, પીતાની જે હતી પુંજી,
પડયા હાથે કરી હલકા, તરણુથી તુચ્છ થઈ ફરીએ.
લેખાયા ખાસ લોફરમાં, હવે મન જાણે કે મરીએ;
પડી ગયાં કાળજે કાંણાં, બળી ગયું સીન બોડીનું
બદન ગયું છે બની યારો, અત્યારે એક કોડીનું;

(અરેરે ખરેખર સાચીજ વાત છે કે;)

મધુ છે એક વોટર સમ, પીધાથી નર્કમાં પડશો;
કહ્યું મારૂં ખરૂં માનો, કપાળે હાથ દઈ રડશો.
ઘણા રોયા તમે જોયા. છતાં વળગી રહ્યા શાને;
સમજનારા જશે સમજી, મુર્ખ જન તો નહિ માને.
પીનારા નર્કમાં પડતા, રજીસ્ટર વાક્ય જો આ છે;
નથી હું એકલો કહેતો, સનાતન શાસ્ત્ર પણ કહે છે.
કમળ મુખ રામ ભજવાનું, ઘણું દારૂથી ગંધાએ;
ભભણુતી મોં ઉપર મોંખયો, લથડીયાં ચાલતાં ખાયે.
બની ઉલ્લુ અતી બકલું, કહો એ તે શું સારૂં છે;
પીશોતો પડશો ખાડામાં, અમારૂં શું જનારૂં છે.

દારૂનું નામ દેવાથી, અતિશે દોષ લાગે છે;
પીનારાતો આ પૃથ્વી પર અત્યાંરે ભીખ માગે છે;
પડયાં મુકીને મંદીરો, હવે પેધ્યા પીઠે જાવા.
મચ્યા દીન રાત દારૂમાં, ભલે બાપા બને બાવા;
અંગનાં વસ્ત્ર વેચીને, પીયો છો શું મદીરાને,
કુર કાગા બની જાતા, ઉકરડે નર્ક ખાવાને;

નીતિને ન્યાયનાં વચનો, કવિ લોકો કહી થાકયા.
કોડમણુ ભાળતાં કાઠી, તમે તો પહાણુના પાકયા.
તેથી હાવે તમો ઉપર કલમ પણુ કોપી છે પુરી,
સમજી જાજો સવેળાથી, દશા બેઠી થવા બુરી;
શીખામણુ આટલી સાચી, સજ્જન સહુ બાંધજો છેડે.
કરી લ્યો ભાવથી ભક્તિ, કશુ નહિ આવશે કેડે;

દીલાવર દોસ્ત ખેંચણીયા, મનમાંના માનશો બુરૂ,
ભરીકે હાથ દઈ સુખે પ્રભુ કરશે બધુ પુરૂ;
પ્રીરીનનો ટાઇમ થાવાથી કલમ પણુ સ્ટોપ થઇ ગઈ છે.
ઓલ્સોઓને કાઉન્ટ ઓફ઼ઈટ, અધુરી આ બીના રહી છે
ફજા પાસે રજા લઈને હજીતો ઉલ્લુઓ જાશે.
હજુરની કોર્ટમાં તેના જુવાબો કેવા લેવાશે;
વળી ધોઝ ઓલ ડેન્કરર્સને, સજા કેવી સખ્ત થાશે,
ફીલમ આ ફક્કડો કેરી, બીજી બુકમાંજ વંચાશે.

વળી જુવો કેઃ—

આકાશે ઉંચા ચડી, પાતાળે પટકાવ;
દેખીતા નર્કે પડો, તોય પીડામાં જાવ.

જે મદીરા મુખમાં લીયે, તે નહિ હીન્દુ હોય,
મહા નરટ ગૌ માંસથી, સમજો મનમાં સોય;

જપ તપ વ્રત બહુ દીન કરે, કરે તિર્થ કે દાન.
પુન્યે બળે તે પલકમાં, જો કરે મદીરાપાન;
દેવ નહિ પુજાવીયે, ગ્રહ નવલે બલીદાન.
પુર્વજ સાધન સંઘરે, જો કરે મદીરાપાન;
બ્રાહ્મણ જો મદીરા પીયે, ઉઠે વેદ અધીકાર.
રાક્ષસ રૂપે જાણીને, તુર્ત કરો તુચ્છકાર;
પાણી પીયે ચંડાલનું, તો સુદ્ધ કદાપી થાય,
પણ મદીરા પીનારનું, પાપ કદી નહિ જાય;
જો ચંડાલ ન મધુ પીયે, પાયે વિપ્ર મધુપાન.
તો ઉતમ એ ચંડાલ છે, ભાખે શ્રી ભગવાંન;

હવે ઢેડ ભંગીને ચમારે ત્યાગ મદીરાનો કર્યો;
કારણ કે ઉંચી કોમના ઉલ્લુ જનોએ વાપર્યો.
લાયસન્સ જેમ વેચનારને, તેમજ પીનારાનાં થજો,
સજ્જન સભામાં આટલી, મુજ અરજ તો મંજુર હજો.
વળી પીનારના મોં ઉપરે, લાયસન્સ બોર્ડ લગાડજો,
મુજ રંકની આ માગણી, મંજુર સર્વે પાડજો;
વાંચી વીવેચન આટલું, જે જન કુટેવ ન છોડશે
કવીરાવ કહે તે જાણવો, બે બાપનો બાળક હશે;
વળી સુજ્ઞ ને ભાવીક જનો, આ વાતને જ્યાં વાંચશે;
કે દારૂડીઆ દાજે બળીને, ખાખમાટી થઇ જશે.
વેપારી આ વસ્તુ તણા, મુજ ઉપર સહુ ગુસ્સે થશે;
તેથી કરૂં છું સ્ટોપ પણ હજી અન્ય બુકમાં આવશે.

શીખામણ.

હવે મીત્રો પડયા મુકો નકામા કાઠ સઉ નાગા,
સુડી શેવાળમાં જાશે, ઉપર બે રહી જશે ટાંગા.

સમય વીતી જતાં શાણુ, જરૂર વળી આપ પણ જાશો.
અકેલા થઇ જતાં અંતે પુરી રીતેજ પસ્તાશો,
ઘણું ખાધાં ઘણું પીધાં, ઘણું જે ભોગવ્યાં જાતે,
એ પડમાં રહેશે બધાં પ્યારા, કશું નહિ આવે સંગાથે.
કરી લ્યો ભાવથી ભક્તિ, જુક્તી લ્યો જગ્તની જાણી;
પ્રભુનો પ્યાર મેળવવા, વાંચો કવી સવની વાણી.

પ્રેમદાઓના પ્રાયવેટ સેક્રેટરી.

(કલીયુગની સતીઓના ખુશામતીઆ સ્વામી)

બુટ પોલીસ બર્દરીના કરતા, ને હાજી ચાકર રહેતા,
હીણભાગી હસબંડસ હાલના, સંકટ આવું બહુ સહેતા;
મોહ ફાંસમાં ફસી મુવેલા, લલનામાં તલ્લીન રહ્યા,
ઇશ્કતણા અંધાપા વિષે, ભડવા ભામની તણા થયા.
કઇ હજુરમાં હાઝર રહેતા. કઇતો હાજી હાજી કહેતા. હીણ.
કોઇ તો દીન રાત કને બેઠા, કોઇ પ્રિયા તણી પુંઠળ ફરતા
કોઇ આજીજીથી ઓચરતા, કોઇ ખમા ખમા મુખથી કરતા.
વળી મહીમહીતો બહુ મુર્ખ જનો થ્યા વહુ મીસ્ટ્રેસ તણામેતા હીણ
જાત અનુભવ તણી ઝીકર, આ વીચાર વાંચીને કરજો.
ત્રીયાતણે તાબે થ્યા પહેલાં, અવનીમાંથી ઓસરજો;
સેંકડે નાઇન્ટી નાઇન ટકાતો ફરે હાલ મારા જોતાં. હીણ.

મનહર.

ઇશ્કી ભાઇઓ આખો દહાડો ઇશ્કીનીજ વાતો કરે,
મંજેરી ભાઇઓ તો ગુણ ગાંજા તણા ગાય છે;

ભંગેરી બ્રધર્સ ભાંગ પીને પછી બને ભુત,
ચંડુલીઝમેન ડેલી, ચર્સનેજ ન્હાય છે.
અફીણીઆ ઓલવેઝ રહે ઓલ ટાઇટ એન્ડ,
દારૂના ડ્રંકર્સ પીને, ખુબ ખુશી થાય છે;
પણ હાલના જુનો જુવાન, ચાહે આ બીડીને પાન
ટીના વ્યસની તમામ, હોટલોમાં જાય છે.

દોહરા.

સદા ભવાની સહાય કરો, સનમુખ રહો ગણેશ;
પંચ દેવ રક્ષા કરો, બ્રહ્મા વિશ્નુ મહેશ.
ઘરાં સમદ કોણ મેરધર, વળી નરા સમદ કુણ વાદ
દાંને માને દો છત્રે, એક નરાં સમદ નગીમ ક.
તેમાં સતી ગાદી સંત રાંમની, અને ધજા ફરૂકે ધાંમ;
દુખીયાં આવે દુરથી, તેને સુખ આપે સંત રાંમ.
વળી સત સમાગમ અમર રસ, અને સદા સરસ્વતિ [illegible]
તે વડો કોઠાર વિદ્યા તણો, એક સુંદર નટપુર [illegible]
વિશ્વ વિષે વ્યાપી રહ્યો, જેનો પુર્ણ પ્રકાશ;
તે અમર તપો અવની પરે, એ વીર નરનો વાસ.

અમારૂ નાંમીચું નડીઆદ.

[રાગ ભીમપલાસી ભેરવીનો.]

સદા રહો સુખી અને આબાદ, હમારૂ નાંમીચુ નડીઆદ. ટેક
ભરત ખંડનો ભવ્ય બગીચો, નંદન વન ગુજરાત.
તેમાંનું ગુણ પરી મળતામા, પુષ્પ છે પારી જાત. સદા
ભર ભરીયાં પણ ભોળા દીલનાં, પ્રેમી ભગીની ભ્રાત;
પરમાત્માના સુત્રે બાંધ્યાં, જેનાં સરવાં ગાત્ર. સદા

[illegible] કોતીહનો કીત કાળા, નીર નરનો વિશ્રાંમ;
[illegible] દિવ્ય ભૂમિ અને, ધરમી જનનાં ધામ. સદા ૩

[illegible] પ્રાણીની પોશગ્રુ શાળા, અનાથ આશ્રમ સ્થાન;
[illegible]ત જનને જ્યાં મળતાં, અન્ન વસ્ત્રનાં દાન; સદા ૪

[illegible] [illegible]ન શાળી નિષ્કામી, નિર્મળ જન મહાજન;
[illegible] [illegible]ત નૈયત રૈયતની, સુખ વધતી દન દન. સદા ૫

[illegible] [illegible]ક્તિના રંગ પ્રભાવે, ઉછળી રહેતાં ઉર;
[illegible]રે પીન્ડ તણી; પરવાને તજતા દુર. સદા ૬

[illegible] દીન ૠતુ ચોમાસુ, સરખાં વરસ વિતાય,
[illegible]તોસ. કટી બંધેથી, વાયુ સર[illegible] [illegible]ય સદા ૭

[illegible] [illegible]ણું લેખક સાક્ષરની, રસિક પુરૂષ [illegible]
[illegible] ભુવન કે સ્વર્ગ સદન સમ, શું શું કહે [illegible] ૮

[illegible]યન નાંમે ગજલ કવાલી.

(ને રાગ. દેશી.)

[illegible] [illegible]વું હતું તેવું ફરી, ભારત બનાવી દે;
[illegible] [illegible] [illegible]ા રહ્યું જુદું, નવા જુગને બતાવી દે પ્રભુ

[illegible] [illegible]નો સ્ફાટીક કાંન્ચન, ખનિજ ધન રક્ષનારાઓ;
[illegible]ોના સદા સાવધ, ખડા પહેરા ભરાવી દે. પ્રભુ

[illegible]વા ભર્યાં ભારે, હરીત [illegible] [illegible]રાજીનાં;
[illegible] વનરાજ વ્યાઘ્રોની, [illegible] [illegible] [illegible]ની દે પ્રભુ

[illegible] [illegible]ગારે જઈ ચરતાં. અહિ તહી ધેનુનાં [illegible];
મુરલી ગોપ જનની વાંસળી, મધુરી સુણાવી દે. પ્રભુ

ગીરી ગોહર પતીત પાવન, પ્રદાતા મોક્ષનાં તીર્થો;
તપસ્વી સાધુ સંતોની, અલખ ધુનથી ગજાવી દે. પ્રભુ

પઠન પાઠન પ્રવૃતીની, પ્રકરશીક પણ કુટીઓ,
ગુરૂવર શિષ્ય ગબરૂ, બ્રહ્મચારીથી સુહાવીદે. પ્રભુ

સનાતન ધર્મનો સદબોધ; દેતા સાસ્ત્રના જ્ઞાને;
હૃદય ઊંડાણુથી અજ્ઞાનની, આંધી ઉડાવી દે. પ્રભુ

સુભટ નરવીર રણઘેલા, ધુરંધર રાજ નીતીજ્ઞો;
પ્રતાપી કર્મ વિરોથી, વિરદ કાર્યો કરાવી દે. પ્રભુ

સુપુત્રોની સુખી જનની, ગૃહીણી ગૃહ લક્ષ્મીનાં;
પ્રસન્ન વદને ગ્રહસ્થોનાં, ગ્રહ આંગણીઆં દીપાવી દે. પ્રભુ

અતુલ વૈભવ અને વિજ્ઞાનથી, ભુશીત ભારતની;
નવા જુગની ભલે ભગવત પછી તુલના કરાવી દે. પ્રભુ

ફનફુલ પોયટ્રી

વન લોટીઆ વહોરાતણી, ડ્વીજ ડીયર સુ સમ હીસ્ટરી.
સુ વીલબી વેરીઝ્ગોડ વેન સુ. રીડ ધીસ પોએટરી,
વનડે મીસ્ટર વહોરાજીએ, વડેલા ઉઠીને કીધો વીચાર,
કે સોલા બીરાદર ભીલરાઓમાં, કમાવાની બહુ પરસે બહાર
ટીમ ધારીને [illegible] જાટનો સેપેટો [illegible] આમાન,
ડાહોડથા ડલ [illegible], [illegible] બોલો જવાન;
બારે વરસી ટાં હટી [illegible] કોઢા મુકામ,
લગાંવીવુ બોર બાબ્ણુ, [illegible] પોટાનું નામ,
કે સેથ સરપુરા બંડકીનની [illegible] છે બહુ ક્રેડીટદાર,
જનરલ મરચંટ એન્ડ કમીશન એજંટ લખી બોર્ડ ઠોકાયું બહાર

શેર.

કંપાઉન્ડમાં વાડી કરી, મહી રોઝ ગુશરોપાંધનાં
જુઈ જાઈ મેડી મોગરો, તુ ત્રીઝ વલી ચંપાટનાં;
ખરસાંડી ખુસબોડાર, અંટર વેલની અનહડ લટા,
બે ચાર બાબુલ ત્રીઝ મઇ, મેન્ગોઝ ત્રીઝ મેની હટાં.
ઉગા શુરાસીટ આકરા, ઠનતુરા પન રહ્યાં ઠમઠમી,
બહુ ઠોક મહી ઠોરીટના હાવે કસુના રચુંકમી;
ગારડન એ વેરી ગુડ મહી, ફુલ વ્રક્ષ વીધ વીધ જાટના,
સમલતા પત્રમ એન્ડ અનઠર વ્રક્ષ હાથીડાંટનાં.
એક પાની માતે પંપમુકો, મીસીનડી ચાલુકરો,
સીતીંગના સગવરને સાટુ, પાઠરી સઘલે ઠરો,

(રાગ. ચાલુ.)

એ બાગ વચ્ચે એક કીઢો બંગલો સરકુર ભુવન ટેનું નામ,
પોની ઓગન પચીસ પોલીયાં, ખરચીને બઢાવુ ઢામ,
મંબઇઠી લાઇતો મંગાવ્યા વીજલીના પંખા ઠસવીસ,
ટમામ રૂમમાં તેલીફોનો ઠોકો ડીધા પાંચ પચીસ.
બનું બનેલા ગુમાસ્ટા, બે. ડુકાનમાં નોકર ડસબાર,
ડુર ડેસાવર માલ ચરાવે. ઠઠો ચલાવે ઠમ ઠાકાર.

(પણ એ … એવું બન્યું કે)

સમર લાઈમમાં સે … રીયાં બગીચે ખાવા … ર,
બાવા બડરૂડીન મી … રહ્યા બઠેલા ઘેર,
શાકન વલીગઇ મઠ … ઇને પુવી ગઈ … ત,
રંગ મોલમાં ફૂ … ની … બડરૂડીન કઇ ગ્યા આઠવાંઇટ.
બોઠોબ એ બહુ … , એન્ડ મોલસો હીરોજબાઇન્ડ,
વનબીસાઇડમાં … ન, નોકરનું બીનેવ માઇન્ડ,

ફાયરના બહુ ઉડે ફુવારા ઢીકી ઉથુ આખુ ઠામ.
તેતો પુતો તેવીસ તનનો સાઠે સીલગાં સાટ ગુડામ,

સગલુ ડારૂ ખાનું સીલગુ, ઘના ભરાકા ઘરમાં ઠાય.
હીન્દુના હોલીડે માફક, સીન ઘનું સારૂ ડેખાય;

લોરાના લથ્થા લાગે જેમ બાર બર્સની બલે મસાલ,
ગ્યાસલેતની તાંકી ફાતી, સલગી ઉઠો સગલો માલ.

હવે સરફુડીન સુટેલા બાગમાં, સેથને સુપનું લાગું ટાય,
જાને પોટે ગીઆ છે પરસ્ટાનમાં; ને સબજ પરીઠી સાડી ઠાય;

વીમાનમાં બેસી વર ગોરો ફરીને આવો મંડપમાંય.
ટાં અજવાલુ જોઈ ઓરટરેહનું, ખુબ ટરેસી ખુશીઠાય.

આંખ ખુલી ગઈ એટલન્સ, ટાંટો ડેખી બલટી ડુકાન;
પરસ્ટાન પલ્લટાઇ ગીયુને, ઠયુ ઉલટુ કબરસ્ટાન,
ખુડા હુકમસી બચીગીયો, જે હટો ખરી મેનટનો માલ.
બલીગીયુ બાકીનું સગલુ, અમીરના થઇ ગીયા બબડાલ

ફકટ ટીજોરી લઇને ટઇસી સેથે કુચ કીઢા મુકામ,
સેથ જવાઠી સોરીઠઇને કકલી ઉથુ આખુ ગામ,

બાલ મલી ભીલરાઓનેકે, સરફુરડીન સીઢારેડેસ,
રોકાવતકીઢી રસ્ટામાં, પલતાબા પોટાનો વેસ,
ગારીવાલાને ઘુરકાયો ટ્વાવીસ બીજી ડીઢી ગાલ,
કહયું કમાયલું આ કયાં લઈ ચાલ્યો નોય બપો બાવાનો મા●

તાજ કલમ હવે કેવી રીતે હુંત થઇને કઇ તરેહથી ચાલ્યોકેસ.
એ બોલ હીસટરી અન્ય બુકમાં પુર્ણ વાંચેથી પકરોટેસ,
સાહેબજી હવે સલામ આલેકમ કામ કાજ કહેતા રહેજો,
નેકસ બુક વીલબીનાઉ રેઠીયોગ્ય હેલ્પ એમાં દેજો.

(રાવ કવી.)

આજે એસી ગજલ ગાઈ કે આખર ધુલને ખીચડી ખાઈ.

(એક ઇસ્કી ટટ્ટુ મીયાં.)

સમસેર બાજ નામના એક મીયાં તે એક સાહેબનેત્યાં નોકર રહ્યા થોડા દીવસો વીત્યાબાદ સાહેબે મીયાંને બોલાવીને કહ્યું કે વેલ મીયાં આજ સાબ સીકારકુ જાયગા તો તુમભી સાઠ જાયગા ? મીયાં કહે હાં સાબ જાયગા કહી મીયાં એક તરવાર ને એક બંધુક લઈને સાહેબની સાથે સાથે સીકારમાં નીકળી પડયા, જતા જતા રસ્તામાં એક ગામડું આવ્યું ત્યાં સાહેબે મુકામ કર્યો અને મીયાને કહ્યું કે વેલ મીયાં તુમ એકદમ ગાઉમે જાવ એન્ડ રોટી ખાકે દો કદ્યાકમે ઇડર પીચા આવ મીયાંએ કહ્યું અચ્છા સાબ એમ કહીને મીયાંએ વીચાર્યું કે ફકત દો કલાકકી રજા મીલી હે કભી જો રોટીયાં પકાણે રહુંગા તો દેર લગ જાયગી. ને સાબ ગુસ્સે હો જાયગાં વાસ્તે ખીચડી પકાઉ કે બીચારી પાવ કલાકમે પકજાય બામ ધારીને મીયાં કુભાર વાડામાંથી એક અચ્છી હંડી ઉઠાવી લાવ્યા, વળી ગામના મુખીને ત્યાંથી સેરેક ખીચડી લીધી વળી એક કડછી માગી લીધી. વીગેરે બધુ સાધન એકઠું કરી મીયાંએ વીચાર કર્યો કે ચલો અબતો પનઘટ પર જાઇંગે ઓર વહાં ખીચડી પકાઇંગે ફીર વહાં બેઠકે ખાઇંગે ઓર અચ્છી અચ્છી ઓરતુંકા મુભી દેખીંગે આવો વીચાર કરી ગામ-ની ભાગોળે જુની વાવ હતી ત્યાં આવ્યા, અને હંડી લઇને વાવમાં પાણી ભરવા ઉતરવા મંડયાં આસરે પચાસેક પગથીયાં નીચા ગયા એટલે વાવમાં સહેજ અંધારૂ આવવા લાગ્યું તેથી

મીયાં અચકાઇને ઉભારહ્યા તેવામાં વાવડીમાંથી એક દેડકો [illegible]
કે ડરરરાઉં ડરરરાઉં આવો શબ્દ સાંભળી સમસેર બાજ [illegible]
ના તો ગાળા નરમ ઘેસ થઇ ગયા પરંતુ કાળજે હીમ્મત [illegible]
ને ખાંસાબ બોલ્યા કે સાલે ગાંડુ તુ કયા ડરાયગા મે [illegible]
દુનીયાંકુ ડરાઉં એસા એક સમસેર બાજ સીપારી હું [illegible]
એક પગથીયુ નીચે ઉતર્યો એટલે સામાસામી બે દેડકા [illegible]
ડરરરાઉં ડરરરાઉં એટલે મીયાંએ વીચાર્યું કે એક કે હુવે [illegible]
આપણા કુછ નહિ ચલે એમ ધારી પોતે ગુસ્સો કરીને [illegible]
જાસાલે હમારે પાણીજ નહીભરના હે ફીર તુ કયા ડરાયગા [illegible]
મીયા ખાલી હંડી લઇને બહાર નીકળી ગયા અને [illegible]
બીજા લોકો પાણી ભરતા હતા તેમની પાસેથી પાણી [illegible]
લીધું અને કુવાથી પચાસેક કદમ છેટા જઇને એક ચુલો [illegible]
અને બળતણ ને માટે સુકા થોર ભાગી લાવ્યા વળી [illegible]
ખીચડી નાખી ને ચુલામાં ઘણી ફુંકો મારી પણ બળતણ [illegible]
નહી તેથી મીયાને ગુસ્સો ચઢયો અને એક એવા જોરથી [illegible]
મારીકે આ ફુંકના જુસ્સામાં ને જુસ્સામાં મીયાંને સેજ [illegible]
થઈ ગઇ તેથી મીયાંને ખુબ ક્રોધ ચઢયો અને ગાંડને [illegible]
ગાળો દઇને કહેવા લાગ્યા કે દેખ સાલી સાબકા નોકર હું [illegible]
ઓર મોડા હોજાયગા તો જવાબ મેં દઉંગા ફીર તેરે [illegible]
બખી ઉતાવલ કરનેકા કયા સબબહે ચુલે મે ફુકા મારને [illegible]
મે કયા કુચ કમ હું ઓર કભી તુજેજો સાબકા એતા [illegible]
હોય તો તુંહી ફુંકલે કહીને મીયાંએ ચુલાભણી ગુદાને ઝટ [illegible]
દીધી એવામાં જોગ જોગે બળતું લાગી ઉઠયું અને ખીચડી [illegible]
ખદવા લાગી એટલે મીયાં હંડીમા કડછી ઘાલીને ખીચડી [illegible]
વવા મંડયા એવામાં એક બઇરી પગમાં પહેરેલા લંઘર [illegible]
નો છમ છમ અવાજ કરતી હાથમાં બેડું લઇ કુવાના [illegible]
ઉપર ચઢી એ છમ છમાટનો અવાજ ખાંસાબને કાને [illegible]
ઝટ મીયાંની નજર હંડી ઉપરથી હટીને ઝટ રંડી ઉપર ગઇ. [illegible]
વીચાર્યું કે એ નાજની બહોત ખુબસુરત હે તો જરા ઉસકુ સેરી [illegible]
દીખાઉ આમ વીચાર કરીને ખીચડી હલાવતે હલાવતે એક [illegible]

[illegible] કે તેરે ઘુઘરૂંકા ઝણુકાર બતાદે હમકુ, મેરી જાન [illegible] અચ્છા જાન હમકુ, આમ ગાઈને આ હા કહીને હંડીમાં [illegible] તાલ માર્યો એટલે હંડી ઠસ લઇને ફુટી ગઈને બધી [illegible] ચુલામાં ગઇ આગગ્મત જોઇને પાણી ભરવા આવનાર [illegible] બોલી કે મેર શેયા ગાંડા મીયાં તારે જો ગાવું હતું [illegible] નહોતો મારવો એટલે મીયાં બોલ્યા કે દેખ દીલજાની [illegible] સુરપે નહી ઓર નુરપે ભી નહી મગર મેરા તાલપે [illegible] ઘોનકા હે એમ કહી કાચી પાકી ખીચડી ચુલામાંથી ઉઝ [illegible] અને ખાવા બેઠા વળી ખાતે ખાતે મીયાંએ કહેવત [illegible] કે મેને એસી ગઝલ ગાઈ કે આખર ધુલ ને ખીચડી [illegible] ભાઇ આતે મીયા સમશેર બાજ કે હંડી ફોડ ઈસ્કી [illegible]નો સરદાર ? સમજવો હવે.

દોહેરો.

જુવતી જળ ભરી ને પછી, ગઈ પોતાને ઘેર;
મીયાં તેની પુઠે ગયા, પછી બનીશી પેર.

([illegible] બાકી રહેલી બીના ખુબીના ખજાનાના ભાગ. ૩ મ)

(હાલનો ચાલુ સમય.)

[illegible] માગે રૂપૈઆ, તો કહે લે લે મેરી મઈઆ
[illegible]માગે પૈસા, તો કહે ચલબે આલે કૈસા

ગાયન.

[illegible] સૌ જરવાળાને ચ્હાય,
[illegible] કોઇ સગું નહિ થાય.

શ્રીમંતો સૃષ્ટિમાં પુજાય;
ગરીબો સૌનાં મેણાં ખાય.

ગરીબ જનોની પ્રીતી કરતાં શ્રીમંતો શરમાય.
સત્યરહીત શ્રીમંતની વાતો, વેદ વાક્ય સમજાય;

કથીરતે કંચનમાં લેખાય; પાપપણ પઇસાથી ઠેલાય; જગત૦
પુન્યદાન વ્રતનેમ ક્રિયાઓ, ગરીબથી નવ થાય;
- દેવ દેવીઓ જરવાળાને, ઝાઝું દેવા જાય;
ભર્યા ભાણે ભરપુર ભરાય,નદી જેમ સાગર માંય સમાય; જગત૦

ગરીબ દીપક વાયુના વેગે, ઝટ બુઝાઈ જાય,
પણ પ્રબળ આગ વાયુના જોરે, બમણી વધતી જાય;

શ્રીમંતના સાળા બનવા ચ્હાય;
બનેવી ગરીબનો નહિ થાય; જગત

રાવ કવિ

(કલીયુગના બાવા)

ગેબી ગજબ

(રાઃ ગઝલને ચીપીઆનો.)

ભગવાં કરીને ભુત જેવા, હાલમાં ભમતા ઘણા,
સરટનલી સજ્જન સમજજો, સૌ ઢોંગ એ ધુત્યા તણા;

યોગી બનીને ઉલ્લુઓએ, હીત જરતું શું કર્યું
કફની ધરિ કાફર થયાને પેટપાપ વડે ભર્યું;

સંસારથી છુટા થઇ વૈરાગ્ય લઇ વાટે પડયા;
યુકિત જમાવિ લોકમાંને ચાઠ કંઇ જણના ઘડયા,

કહો અન્યને શું તારશે, ના તું ખલુ તેનું તર્યું
કફની ધરી કાફર થયાને પેટ પાપ વડે ભર્યું
જંજાળને જીતી ગયા પણ મન જીતાયુ ના જરી
ભરમાવવા, ભોળાજનોને, ઢોંગની કફની ધરી
ગોદામ જ્ઞાન તણું બન્યા પણ ધ્યાનતો જુઠું ધર્યું;
કફની ધરી કાફર થયાને પેટ પાપ વડે ભર્યું,

બાવાજી કેરો બોધતો સઉ ગુમ ગાંજામાં થયો.
ખટ કર્મને નીજ ધર્મ તે સૌ ધુનમાં માર્યો ગયો;
મારી દીધો જે કામને પણ; મન જરાએ ના મર્યું;
કફની ધરી કાફર થયાને પેટ પાપ વડે ભર્યું;

ધનતો આવે તેવે રસ્તે જાય છે.

જન જુકિતથી જગતમાં કમાય છે;
ધનતો જેવું આવે તેવે રસ્તે જાય છે.
દુધના દુધમાંય અને પાણીના પાણીમાં,
એવી કહેવતો કહેવાય છે;
દુનીયામાં દાખલા દેખો પ્રતક્ષ,
દગો કરનારાનેજ દગો ખાય છે; ધન
કળીનું પ્રમાણ કળી કાઢી કવી રાવે કહ્યું
પાખંડ પ્રથ્વી પુંજાય છે.
સત્યનું સત્યમાંય અને અસત્યનું અસત્ય
જયાંથી આવ્યું ત્યાં જઇ તે સમાય છે ધન.

COMICPOET—રાવ કવી

લોભી ગુરૂને લાલચુ ચેલા
દોનું નર્કમાં ઠેલમઠેલા

ધનમાલ મફતીઆ ખાવા. બને આજ કાલ સો બાવા
પરનો ધન માલ પચાવા, બને આજ કાલ સૌ બાવા
ધંધામાંતો ધ્યાન ન રાખ્યું શીખ્યા કાવા દાવા
સીધ્ધ સાધુ કે જોસીડાશીનું ધન હોઇયાં કરી જાવા
કાં શેવકને નવરાવા બને.

શીષ્ય સિધ્ધ સૌ રાખે પાસમાં, લે સન્યસ્તના લહાવા
મુમુક્ષ જનોનાં મન જીતી લઈ, ફંદો રચે ફસાવા
જબરાઇનો ઠાઠ જમાવા બને.

ચોગ લઇને ભોગ ભોગવી, લાગ્યા ભેખ લજાવા
ધર્મ કર્મ સૌ તજીને લાગ્યા, સ્હા વીસ્કીને ચહાવા
શીષ્યા લઇ નર્કે સીધાવા. બને.

જનુનીએ જગમાં ખર જણીયા, મીથ્યા મુંડ મુડાવા
હરામનુ સૌ ફરે સોધતા, બાવાના થઇ બાવા
કવી રાવ કને ગવરાવા બને.

સોજી શીખામણ

ગાયન ઉપરનું રાગ નીચેનો.

છે કાળામાં પણ કાળુ, એક ચોરી અને છીનાળુ
વડુ સાહસને શરમાળુ એક ચોરી અને છીનાળુ

જુઠ ચોરીને જાર કર્મએ ગણ્યું પુર્ણ પાપાળુ
ઘોર કૃત્ય ઘોઝારાથી પણ નીચમાં નીચ નીરાળુ
દાવાનળ દુ:ખનું જાળુ. એક.

પાપોમાંય અમ પ વાપએ, હઠ હઠતુ હત્યાળુ
અહિતકારી અપલક્ષણુ છે અન્ય કને ઓશીયાળુ
મહા નસ્ટથી નસ્ટ નીહાળુ એક.

જાર ચોરી કરનાર જનોનું, મુખ સદા મેશાળુ
રાવ કવી કહે એ દુસ્ટોના, ભુંડા હાલ હું ભાળું,
છે નર્કે નાંખવાવાળુ. એક.

સ્નેહીને સમર્પણ પત્ર

(ગઝલ)

મહાશય માનવંતાને લખ્યો છે પત્ર મેં આજે
પ્રીતી પુર્વક હેતેથી; સ્વીકારો સ્નેહને કાજે
સુભેચ્છક શાણા સદગુણી, સ્વભાવે શાન્ત દીસોછો
સુમીત્રો સ્નેહી વર્ગોમાં સર્વેનુ શુભ ઇચ્છો છો
માયાળુ મોજીલા મનથી પુરા પ્રેમી પ્રમાણીક છો
શીઘ્ર સાક્ષર સર્વોતમ કવિમાં શ્રેષ્ઠ કોમીક છો
વિવેકી ને વખાણું શું ! લાગે આશ્ચર્ય અચંબાના
લખ્યા આ લેખ લલ્લુએ સ્વીકારો લાલ ગંભાના

લી. લલ્લુભાઇ દુર્લભદાસ ગાંધી.

ખુશામતીઆ ખોર ઉર્ફે હાજીઆશંકર

હા માં હા ને ના માં ના

(દોહરો.)

ખુશામતીઆ ખુશમાં રહે મરદ રહે બેહાલ
પતિવ્રતા ભુખે મરે પેંડા ખાય છીનાળ,

આજકાલ જ્યાં જુઓ ત્યાં હાજીઆશંકરો ઘણાં ફાવી જાયછે

(દાખલા તરીકે)

રામચરણ નામનો એક ગરીબ ખેડુત હતો. તે એક દીવસ પોતાના ઘરના ઓટલા ઉપર બેસીને સુકાની ચલમ પીતો હતો તેવામાં ત્યાં ફરતા ફરતા એક એલેલ ટપ્પુ હાજીઆશંકર ઓચીન્તા આવી ચઢ્યા ને રામચરણના હાથમાં ચલમ જોઇને પોતે પીવાની લાલચે તુરત પ્રણાંમ કર્યો અને કહેવા લાગ્યા,

હાજીઆશંકર—રામચરણ ભાઈઆજ કેમ ઉદાસ છો!

રાંમચરણ—અરે યાર શુ વાત કહુ ! આ જમીન જે તમારી સામે દેખાય છે તેમાં મેં એક ગલકી વાવી હતી.

હા—તે તો ઘણુંજ સારૂ કર્યું ! ઘરની સામે એટલી જગ્યા ખાલી શા માટે રહેવા દેવી જો એકની જગ્યાએ બે ગલકી વાવી હોતતો ઠીક થાત.

શાં—પછી ગલકીતો ધીમે ધીમે વધવા લાગી.

હા—એતો વધેજ શા માટે ના વધે તમે દરરોજ તેનું જતન કરો પાણી પાવ ખાતર પુરો એટલે જરૂર વધેજ !

શા—ભાઇ પછી ગલકીને ચઢવાને મેં એક માંડવો બાંધ્યો અને પછી તેને ધીમે ધીમે ત્રણ ગલકાં આવ્યાં.

હા—જરૂર આવે! જે ઝાડની તમે આટલી બધી ચાકરી કરી તેને ફળ શા માટે ના આવે ! ત્રણ તો શું પણ બધાં તેર આવવા જોઇએ.

શા—ભાઈ તે ત્રણે ગલકાં મેં ઉતારી લીધાં તેમાંથી એક ગલકુ ઘરમાં શાક કરવા દીધું ને બાકીના બે ગલકાં લઇને બજારમાં વેચવાં ગયો

હા—જરૂર વેચવાં જોઇએ કારણકે એકતો તમે ગરીબ માણસ એટલે જો ત્રણે ગલકાં ખાઇ જાવ અને એક પણ નબચે તો ઘર શી રીતે નભે ! માટે બે ગલકાં તો વેચવાંજ.

શાં--હું બજારમાં જઇને બેઠો હતો એટલામાં એક મ્યુનીસીપાલીટીનો પટાવાળો આવ્યો અને એક ગલકુ ટેક્ષ એટલે જગાત તરીખે માગ્યું.

હા--એતો માગેજતો ! જરૂર માગે સરકારી નોકરને ટેક્ષ લેવાનો હુકમ છે એટલે ખાસ માગે !

શા—ભાઇ મેંતો તેને આપવાની ના પાડી.

હા—તે ઠીક કર્યું ! તમે આટલી મહેનતે ગલકી ઉછેરી અને મહા મહેનતે ત્રણ ગલકાં લાગ્યાં, તેમાંથી તમે એક આપી દોતો પછી તમારી પાસે શું રહે !

શા—જ્યારે મેં તેને ગલકુ ન આપ્યું ત્યારે તે મારા હાથમાંથી ઝુંટાવવા લાગ્યો.

હા—એતો ઝુંટાવેજ ! એ [illegible] કટર કહેવાય, તમે એને ટેક્ષ નહી આપ્યો એટલે [illegible] ઝુંટાવેજ !

શા—ગલકાની ખેંચા તાણ કરતે ગલકાને એક ડાઘ પડી ગયો એ નુકસાન જોઇ મને બહુજ ગુસ્સો આવ્યો જેથી મેં તેને બે ત્રણ વાતો સંભળાવી દીધી.

હા—ઘણુ સારૂ કર્યું ! કારણ કે એકતો તમે ગરીબ માણસ અને તેમાં તમારૂ એક ગલકુ ખરાબ કરી નાંખ્યું, એટલે પછી તમે તેને બે ચાર વાતો [illegible] સંભળાવો તો શું પગે પડો !

શા—ત્યારે તો ઉલટો એ પણ [illegible] ગાળો દેવા લાગ્યો.

હા—જરૂર ગાળો દે ! એક તો તમે તેને ટેક્ષ ન આપ્યો અને ઉલટું આડુ અવળું બોલવા લાગ્યા એટલે જરૂર ગાળો દે.

શા—ગાળો સાંભળી ને [illegible] નીકળી ગયો અને મેં પણ તેને ખુબ ગાળો દીધી.

હા—ઘણુંજ સારૂ કર્યું ! એણે તમને ગાળો દીધી તો શું તમે બાયલા છો કે સાંખીને બેસી રહો.

શા—ત્યારે તેઓએ મારી ગળચી પકડી અને બે ચાર થપ્પડ અને ઠાંસા માર્યા.

હા—જરૂર મારે ! પહેલાં તો તમે ટેક્ષ ન આપ્યો અને પાછી ગાળો દીધી તો ભલા એ શું ચુપ રહે.

શાં—પછી તો મારમારીને એક ગલકુ લઇ ગયો.

હા—લઇ જાયજ તો ! આટલી બધી ગરબડ કર્યા પછી પણ ન લઇ જાય, તો તે મુરખો જાણવો.

શાં—પછીતો મેં બાકી રહેલું એક ગલકુ ગટરમાં ફેંકી દીધું, અને દુઃખી થઇને ઘેર આવ્યો.

હા— ફેંકી દીધુ તેજ ઠીક ક[illegible] [illegible] ગલકા પાછળ આટલી માર પીટ થઇ, તે ગલકને [illegible] શું સારૂ છે !

શાં—પછીતો ઘેર આવીને મેં ગલકી ઉખેડી નાંખી અને માંડવો બાળી મેલ્યો.

હા—સારૂ કર્યું ! જે ગલકી પાછળ, આટલુ અપમાન થયું તે ગલકીને રાખવી તે સારી વાત નહી.

શાં—પણ ભાઇ મારૂ દીલઆથી બહુ દુખી થઇ ગયું છે.

હા—અવશ્ય દુઃખી થાય, જે ગલકી પાછળ તમે આટલી મહેનત લીધી, તેને પાણી પાઇને ઉછેરી, તેને ઉખાડી નાંખવાથી તમોને સુખ થાયજ નહી. દુઃખજ થાય [illegible] થાય હવે રજા આપો. જરા વાત [illegible] છે.

જેયો આ હા[illegible] [illegible] વાલ.

આવું કહીને હા[illegible] [illegible]ના બે ચલણો સુધે ચી હાથ [illegible]મેલી, વળી માથી [illegible]

(ગામડીઆ પટેલોની ગમ્મત.)

ચરોતરના એક ગામડામાં માતાની ઉજાણી તથા હવન કરાવવાને તે ગામના રહીશ કેટલાક પટલો ચોરામાં ટોળે થયો હતા. તેમાં એક તો તેજ ગામના મુખઇ અને બીજા; ચાર પાંચ મતાદારો હતાઃ તે હુક્કા પીતા વાતો કરતા હતા, તેં મેં પોણું કલાક બેશીને પુર્ણ રીતે સાંભળી પ્રથમતો, શ્રીગણેશાયેનમઃ મુખૈયોવાચ એટલે મુખઈ બોલયા, કે એને હું લગાડે; વળી અનદાવાદમાં એક લાટક એવું થયું છે, કે પડદામાં પુતળાંરમાડે છે એટલે મતાદાર બોલી ઉઠયાકે આ ભઇ એનું નામતો શીટર મેટર, અને ભેશાબ, એક ડાંઢાં હુતો અનદાવાદ જેલોતે અમારો એક ઓળખીતો એક સેઠ છે એમનેતાં. હુતો ઉતરેલો તે શેરમેં તો બધાં, વેલુ રાંધે, તે અગીઆર વાગતાં પેલાં તો શેઠ, મને ખવાડી હવાડીને દોકાંણે જતા રહ્યા એટલે ઉતો પથારી કરીને બપોરાં ગાળીને બપોરે ગે ... ...ાક ઉંજ્યો તે બરોબર ચારને ટકોરે આંખ ઉઘડી ગઇ. તેવોજ ઝટ શેતાન ઉઠયો; અને પાણીના ભંબા ... જાલે કને મોંડુ ડોહુ ધોઇ નાંછ્યું. પછી લુગડાં હુલડાં પેરતોને ઝટ હું તો ઓટળમાં જયો ત્યાં ચા બ... ...ને નેકળયો તે ભદરકાળી માતાએ જયો અને તાંથો દરશન ... ...ન કરીને રપેટયો તે ડમતો ... ...ઈણુ દરવાજા આગળ આયો વળી ઉતો ત્યાંથી; તેતે ... હેંડયો તે રીચડરોડ ઉપર આયો તારે ત્યાં મારૂબેઠુ એક ... ...ાએ કાચની કુલડીઓ માં દીવા કરીને તેનાં તોરણ લબાડાયેલાં વળી બધુરામાં પુરાં આગળ ગુચળાં વાળેલાં ત્યાં વાજાં વાગે તેથી મને વેમ પડયો કે માન નામાન પણ મારૂબેટુ અઇ કોઇને ઘેર વીવા અસે એમ ...રીને મેં એક જણને પુછી લેયુ કે ... આહું છે કે કાચ... ...ડીઓનાં તોરણ લબડાઇને ... રૂસનાઇ કોળી છે તારે ... બચારાએ કયુ કે પટેલ આતો ...ર મેટર ગાફનુ નાટક છે.

તારે મેં કહ્યું કે વારૂં મઇ પેહાડયાનું શુલેછે તારે એણે કહ્યું કે બે આના મે કહ્યું કે ધુળ નાંછી, આટલા હોરા આયા છીએ તારે લાવોને જોવા જઈએ એમ ધારીને હું તો બે આનાની ટીકટ લેતોને ભઉ શઇને મઈ પેહીન્ચ્યો અને જતોને એક લાકડાની, પાટલી ઉપર બેઠો, ભઈ, મઈતો વળી બારના કરતાએ વધારે દીવા ચોટેલા હુંતો એક દીવાજ જોજો કરેતોતો ને એવામાં દઈ જાણે શુચ મચઇડયુ તે બધા દીવા ઠઉહ સેતાને સણુાખણ થઈ જયા એવોજ હું અતો ને એકદમ થેડો મારતોને બાર નેકળી જયો અને મુઠીઓ વાળીતે દોટ મેલી મેં જાણ્યું કે નાશ મારા બાપ નેકળ અત્રડે મુચીઆટીને લુગડાં હુગડાં હઉ ઉતારી લેશે એતો હુંરાત દહાડો સેરમે ફરનારો તે ચમ કાણુમાં આવુ પણ તે દાડાનો છટચ્યો તે આવે ત્યાં જઇશ ભઈ શેરમેં નેકળવું એ તે કાંઈ સેજ છે આવુ હાંભળીને મતાદાર બોલ્યા

—મતાદાર ઉવાચ—

ભઈ એક દાડો મારૂબેટુ મારેય એવુ બનેલુ કે હું સુરત છપનાની વળીશાલે બળધીઆ લેવા જેલો તે ત્યાં, તમાકુના વછીઆત એક મારા ઓળખણુના રેતાતા એ શેઠનું ઘર હુંતો, પુછતો જયો દાડો ઉજપાનો હોધ હોધ કરતો તો તારે સંધાં-કાળે એ શેઠનું ઘર જડયું, મેં તો ત્યાં રાતે મકામ કર્યો રાતે શેઠે ખાવાને માટે ઘણું ઘણું વાનાં કર્યાં પણ મેં ના માન્યું અને ઘેરથી ઢેબરાં કરાઈને લઈ જેલો તે રાતે કઈડી ખઇને પડી રહ્યો હવારમેં ઉઠયો મોં હો ધોયુ પાછી ચા પીધી પાંદ ખાધુ અને બેઠો બેઠો વાતો કરતો તો એવામાં મારી બેટી મારા તો પેટમાં ચુક ચાલી અને દશાએ જનારો થયો તારે મેં ધીમે રઇને શેઠને કહ્યું કે મારે તળાય જવા જવું છે. તે ચાં થઇને જવાશે. તારે શેઠે કહ્યું કે અહી ટલાવ ટો ની મલે, ઘેરમાં બંબો છે, ટાં નાઈ લાઓ, મેં કહ્યું કે ભઇશાબ મારે નાવુ નથી માંરે તો જંગલ જવા જવું છે એટલે શેઠે કયુ કે આવું

ભજેનુ હુરટહેર જોવાનું મુકીને જંગલમાં હું જોવુ છે મારૂ એટ્ઠ ભાશ્નથી તો રેવાય નઇને. પેટમાં તો આંકડી આવે, તે આંતઇડાં વઢઇ જાય અવે ચમ થાય, પછી મેં કયુ કે શેઠ મારે તો અઘવા જવું છે. તારે શેઠને હમજલ પડી એટલે, ઝટસેતેન મને તો શેઠે એક મોટું ટબલર ભરી આલ્યું અને કહ્યું કે લ્યો આ ચાવી, તાળુ ઉઘેડીને, પેલા, સંડાસમાં બેસો એટલે હુતો તાળુ ઉજેડીને મઈ પેઠો તારે મઇ તો મારૂ બેટુ બધુ છો બંધી કામ એક તમણુ જેવો ચુલો અને મઇ તળીએ મેલેલુ લોઢાનું વાહણુ એ જોઈને હુંતો ખમચાયો અને ઝટ હમજી જયો કે વખતશર શેઠે મારી મકશરી તો નઇ કરી હોય, એમ ધારીને વચારમાંને વચારમાં હુ તો અડવો કલાક મઇ ઉભોજ રહ્યો વળી મેં વીચાર્યું કે આવી રળીયામણી જગામાં ચમ બેહાય તે છેવટ ટમલર ભરેલું પાણી પીજયો ને જાડે ફર્યાં વના નાસી આયો સેરમેં તો આવુ આવુ વીતે છે કહ્યું છે કે હો મળજો વેરી પણ એક ના મળશો શેરો એમ લે ત્રીજા બોલ્યા કે ખરૂ છે ભીયા એક વખત મેં ને ઘોરીહાએ વચાર કર્યો કે હેંડો ઘોરીહા; મુંમઇ જોવા જઈશુ આ લોકો કે છે કે જેણે મુમઇ જોઇ નથી, એનો મનખોય નથી, માટે જો તમે મારી હાથે હુંઢો તો આપડે બેય જણાં ઉપડી જઇએ, એટલે ઘોરીભાઇએ ઝટ હાજીએ ભણ્યો એટલે અમે બેય જણા તાંથી ઉઠયા તે પેલા ગેલા ગર આગર જતે ને બઇરાં ને ઓલ્ડર આલી દીધો કે બાજરી દળીને અમારા હારૂ દહ દહ શેરના ઢેબરાં કરી મેલો એમ ઘરનાંને વરધી કરતા નેજે ઉપડયા તે સેરમાં આયા અને તાંથી એક શેઠની પાહે ચીઠી લખાઇ તે મુમઈમાં એક દાકતર અમારી નાતના વલાતમાં ભણીને આએલા તેતાં રહેતાતા તેમની ઉપર રૂકકો લછી બાલ્યો ભઇ એ રૂકકો લેઇને અમેતો ઘેર આયા તાર હોરાતો બઇરાંએ ઢબરાં હેબરા ટીપીને ત્યાર કરી મેલેલાં તે અમે પોટલામાં બાંધી હાંધીને બધુ રેટ કરી દીધુ હવારમેં પો ફુટતા પેલા ઉઠીને રપેટી મેલ્યાં તે વાંકપુર દાડો ગડતે ચડતે તો આણુંદની અસ્ટોલે આવી પોચ્યાતારે તાં મુમઇ જવાની ગાડીનું સેંગલ પડી જેલુ ને ચીકટયો થવા મંડેલી મેં

ઘોરીદાને પુછ્યું કે ઓલો ફ્રાસટમાં બેશીશુ કે લોકડમાં, તારે ઘોરીદા કે ભઇ જો મારૂં માંનો તો તો લોકડમાંજ બેહોને, કદી ફ્રાસટમાં બેસીએ અને એટોલામાં ટીચેયાં એવું કહાચ થાય તારે સી વલે મેં કહ્યું એ ખરૂ; એમ કહીને, અમે તો મુંમઇની ચીકટયો બે કઢાઇ ને ઝમ સેતાન ગાડીમાં ચઢી બેઠા અને ગાડી ઉપડીતે નાવલીની ઇસ્ટોલ ગઇ પણ તાં ગાડી ઉભીના રઇ તેથી મેં જાણ્યું કે મારૂ બેટ્ઠુ આતો અવળુ થયુ લોકડ જાણીને બેઠાને આતો ફ્રાસટ નેકળી ઘોરીદા કહે ધુળનાંછી આવે જે થ્યુ એથ્યુ એમ વાતો કેરિએછીએ, એવામાં વડોદરાનું ઠેશણુ અચુ, એટલે ગાડીતાં ઉભી રઈ મારૂબેટ્ઠુ મને તરહલાજેલી તે પાંણી હોધુ એવામાં મેં તો એક ભંભો દીઠો તે હુંતો ગાડીનુ બાયણુ ઉઝેડતોને ત્યાં ભંભા આગળ જયો, મેં તો ઘણુંએ આડો અવળો મચઇડયો પણ મઇથી ટેંપુ પાણી ના પડે એટલે મેં જાણ્યું કે લાય મોંઢામાં ઘાલીને ચુહુ જોય જરાય પાણી આવે છે. એમ ધારીને મેં તો પેલો ભભો મોંઢામાં ઘાલ્યો, અને જેવો ચુહવા મંડયો એવો એક પોલસનો સપાઇ આયો તે મને તો તેણે ભઉહ્ન સઇને માથામાં અડબોથ મેલી કે મેં ભભો મોંમાંથી કાઢી નાંછયો અને પેલા શપઇને કહ્યું કે ભઇ મોંમાંતો ટેપુંયે પડયું નથાં ને તં પેલોતો તું ઘોલાટવા મંડયો હું તો ભઇ થાચ્યો તે આવતોને પાછો ગાડીમાં ચઢી બેઠો કે ઝટ પીહોડો વજ્યોંને ગડી ઉપડી; બળી એતો વાત બહુલાંબી છે લ્યો આવે જરા ઉકકો ભરો એટલામાં ચોથા પટેલ બોલ્યા.

(ચરોતરની ભાષામાં ચિતરેલી કવીતા.)

(અત્યાર સુધી ગદ્યમાં ને હાવે ચાલ્યુ પદ્યમાં.)

હાંમળજયો ભઇ ખરી હકીગત જાત અનુભવથી જાંણ્યું,
ફ્રશટકલાશ એક ફોટર ગરાફનું વાજુ વેચાથુ મેં આંણ્યું.

એકદાડો હું ઉડયો એવો, એકદમ અસ્ટોલે આયો;
તીજા લંબરની ટીકડ લઈને, ભડાક ફાશટમાં ભરાયો,
ઓચંતાની ઉપડીએતો, મુઠીઓ વાળીને મેલી દોટ,
વળી કરાંજીને બહુ કાઢે ધુમાડાના ગોટે ગોટ.

હફહફ કરતું અંજીલ હેડયું, દહ વીહ પચી ડબ્બા લઇ;
આછો મેચીને ઉપડયુ તે, આકાશે જેમ ચઢે હવાઇ.
ઠ્યાકથાઇને ઠેશન આયુ ભડાકમેં ઉઘાડયું દવાર,
પડાક થાઇને પડયો ઉતરી ઝડપ નેકળ્યો ઝાંપાબાર,

ત્યાંથી હું ટરમામાં બેઠો. ટીકડયનો આંનો આલ્યો.
રાખેગાર રાંણક દેવીનું, લાટક જોવા હું ચાલ્યો,
ફશટ કલાશનો પ.શ ફડાયો, પડાક પેઠરમાં પેઠો.
પેહીજ્યો હું હળની પેલો, ઓલ ચેરટાંમાં જઇ બેઠો;

તાંવારે ઘડીએ વૈસમાર કહી, તમાંમ જણ તાળી પાડે,
પાડી નાંછેલો પડદો તે હડફ થેઇને ઉપાડે.
અરમાંનીયુ વાજુ વાગે તે જાંણે વાદીની મોહર,
દોકડ વાગે વગર દાંડીએ તબેત આપડી થઇ જાય તર:

વેહ આંવેમઇ વારા ફરતી, નાચ કરેને ગાવણુ ગાય,
નાંનું થીકડુ નાટક હોય પણ તઇણુ કડકે તે પુરૂ થાય.
અકળાયો તે ઉઠયો તઇથી, મુઠીઓ વાળીને મેલી દોટ,
ચોચી વાળે ચડપ થેઇને પછવાડેથી ઝાલી કોટ.

ધકાટીને ભઈ મને ઢહેડયો, બુડથલ આવી બાજ્યા ચાર,
ગડદા પાડુ ફુંહા ઠોકર, ઠાપોટા ઠોચી દહબાર.

ચોચીપર લઈ જઇને ચગળ્યો, દાઢીવાળે દીધી ગાળ,
ચોટલી ઝાલીને ચાબખાટયો, ઉખડીજ્યા માથાના વાળ;
હવાર પડતાં હોચી મેલ્યો, એવો ચઉટામાં આયો,
ફશટ કલાશ એક હોટરગરાફનું વાજુ વેચાથુ હું લાયો.

ગરબડદાનો ઘઇડપણનો પસ્તાવો.

મારી મુચીઆટીને મોંબાપોંએ નેહાળે જ્યારે બેહાડયા,
તારે ગાંઠયાનઈ ઘરનાંને જરીએ, ને ઉલટા ચાલ્યા આઠા
ભણી હચ્યા નહી એકેય ભાષા, આથે કરીને રહ્યા અભણ,
હવે ચીયા કાકાને કહીએ, મનમાં થાય ઘણી મુજવણ.
ભલુ થાતજો ભણ્યા હોતતો, પણ હાવે તો ચમનું થાય;
આધેડ થ્યા ઓછે ના હુજે હાવેતે સુ ધુળ ભણાય,
બળયું આ જીવતર ભણ્યા વગરનું, જરા કશો ના જાણ્યો ભેદ
પટલ આવુ કહીને પસ્તાયા, ને મનમાં બહુ પામ્યા ખેદ
ભઇ મારૂમાંનો તો ભણજો, અને વડા થાજો વીધવાંન;
જો ના ભણો તો ભોગ તમારા, ચા પીજોને ચાવજો પાંન.

રાવ કવી.

રમુજી ટુચકા.

એક દીવસ એક સોની એક ત્રાજવામાં સોનું અને બીજા ત્રાજવામાં ચનોઠી મુકીને તેનો તોલ કરતો હતો તે વખતે સોનું એકદમ ગુસ્સે થઇને સોનીને કહેવા લાગ્યું કે કારીગર થઇને કેમ ભુલ કરે છે. કે ઘોડુને ગધેડુ બે સરખાંજ ગણે છે. કારણ કે.

(સવાલ.)

સોનું—સુના કહે સુનારસે તુ સુનલે મેરી બાત;
એ કાલે મુખકી ચનોઠડી કયું, તુલી હમારી સાથ.

આવું સાંભળતાંજ ચનોઠડીએ એકદમ ધુરકીને સોનાને જુવાબ દીધો કે.

(જુવાબ,)

ચનોઠડી—મેં જંગલકી લાલરી, ઓર લાલ હે મેરા અંગ;
પણ જબસેં મુખ કાળો ભયો, મેં તુલી તુહારે સંગ.

આ સાંભળતાનીજ સાથે સોનું સાયલેન્ટ થઇ ગયુ.

એક દીવસ બધા દાંતોએ ટોળે મળીને વીચાર કર્યો કે થારો આ જીભડી રાંડ ગમે તેમ લવતી ફરે છે. જો કોઇ દીવસ કોઈને આડુ અવળું લવી દેશે તો તે થપ્પડો મારીને ઉલટા આપણને પાડી નંખાવશે માટે આપણે બધા ટોળે મળીને ધમકાવીને જીભડીને બે બોલ કહીએ.

(સવાલ.)

દાંત—હમ બત્રીસ તુ એકલી, તુ રહેતી હમ માંય;
હમસબ મીલકે કાટીએ, તો તુ કીસે પુકારે જાય.
દાંતોનું આવું સાંભળીને જીભ્યાએ જુવાબ દીધો કે,

(જુવાબ.)

જીભ્યા—તુમ બત્રીસ મેં એકલી, ઓર રહેતી હું તમમાંય;
મગર હમ કભીજો ઉલટે. તો બત્રીસકી જડ જાય.

રીઝવડ ફોર લેડીઝ.

રેલવે ગારડ—[મેલ્લુ મહારીને કે જે લેડીઝ કમપાર્ટમેન્ટ માં બેઠો હતો.] પ્લીઝ ધીસ ઈઝ રીઝવર્ડ ફોર લેડીઝ !

મેલ્લુ મહારી—(વધારે લાંબા ટાંટીઆ કરીને ફરાગાત બેસતાં.) નેવર માઇન્ડ નેવર માઇન્ડ આઇ એમ રીઝવર્ડ ફોર લેડીઝ.

એક માણસે હોટલવાળા પાસેથી બે પૈસાનો ચાનો પ્યાલો લીધો. પરંતું તેમાં માંખી હોવાથી; તેણે કહ્યું કે આ ચામાં તે માંખી પડેલી છે.

હોટલવાળે જુવાબ દીધો કે બે પૈસાના ચાહમાં માંખી નહી તો શું હાથી ઘોડા આવશે.

ગુણાકાર.

મહેતાજી—અલ્યા રઠનીઆ બોઓલ જોઉ એક હજારને પોંચે ગુણીયે તો શું આવે ?

રતનો—એક મોટરકાર અથવા તો એક મઝેની ગોરી ગોરી બઇરી આવે ટાએબ !

એક વકીલ શાક્ષીની ઉલટ પાલટ તપાસ લેતા હતા. તેવણે ગુછચું.

" તમે પરણેલા છો "

" નહિ "

" ત્યારે કુંવારા છેવ. ! "

" નહિ, " શાક્ષીએ કહ્યુ. " હું તો રંડાયલો છું. "

" ઘણું સારૂં " વકીલે કહ્યું. " હવે મેહેરબાની કરી જણાવશો કે તમને રંડાયલા થવાની કેમ ફરજ પડી ? "

" સાહેબ, ગરીબ.

પાવલી આપો.

" શું ! પાવલો આપુ ! કપરાં, ચપરાં તો ઠીક પહેર્યાં છે ને ભીખ શાની માગે છે. ? "

" શેઠ, બાહારના દેખાવ પરથી ભુલાવુ નહી જોઇએ, તમારા દેખાવ પરથી તો હું તમોને એક દયાલુ અને સખી આદમી સમજયો; પણ નહી, મેણી ભુલ કીધી. " આવું ભીખારીએ શેઠને કહ્યું.

આયા દોડતી આવીને—

" બાઈ બાઈ આપરો રૂસ્તમ રમતો રમતો કુવામાં પરી ગીયો "

" મરેરે મુંવું જરા બેસવાનો બી કરાર નઠી " બાઈ બોલીયાં " લાવ પેલી ચોપરી જોતે ડુબતાં માનસને કેમ બચાવવું તે લખેલું છે.

ચોર—(પકડાઈ ગયા બાદ—આજીજી કરતો બોલ્યો કે) સાહેબ, જો તમે મને ફક્ત પાંચજ મીનીટ છુટો કરો તો હું તુર્ત જઈને મારી બૈરીને ટેલીફોન કરૂં કે આજે મારે સારૂં રાંધે નહીં જો સાહેબ એટલી રજા આપો, નહી તો મારૂં ગરીબ માણસનું નકામું અન પાણી બગડશે !

દેખાવ કોરટ.

માજીસ્ટ્રેટ—બંધવા તને જનમ દેશ નીકાલની સજા ફરમાવું છું.

બંધવો—વહારે તમારો ઇનસાફ ! કોણ ગધેડાએ માજીસ્ત્રેટ બનાવ્યા.

માજીસ્ત્રેટ—[ગુસ્સાથી એમ બોલી કોરટનું અપમાન કરે છે તેથી છ મહીના વધુ સજા ભોગવવા હું હુકમ કરમાવુંછુ

માંખમારૂ દાંતનાં ડાકટર– કેમ બુચીમાંય શુ જોઈએ છે?

બુચી—(૪, વરસે) ગઈ કાલે અમારા ઘરે બચ્ચું જન્મ્યું છે તેને બીલકુલ દાંતો નથી તેથી મારા મોમાં છે તે કરતાં નાહાનાં સાઈઝના દાંતો મલી શકશે કે ?

બંધવો–માઈ લોર્ડ, મારો અહીં આવવામાં જરાબી કસુર નથી હું મારૂ કામ ગુપચુપ મુગે મોહડે કરતો હતો તેટલામાં આ કમબખ્ત સીપાઈએ આવી મને બગીચીમાંથી પકડયો.

જડજ—મુગે મોહડે શું કરતો હતો ?

બંધવો –કંઈ નહી રે સાહેબ, તીજોરી ફાંડતો, તો,

સોલી સીકંદર—અરે પોસ્ટમેન મારા નામનું કોઇ કાગળ છે કે ?

પોસ્ટમેન—સાહેબ તમારૂં નાંમ કહેશો ?

સોલી સીકંદર—ભલા માણસ તારા કાગલોમાંજ જોઈ લે. નાંહક કંટાલો શું કરવા આપે છે ?

સોગંદ ખાઉં છું !

ડોકટર—(બીમારને) આજે છ મહીના થયા તમે દવા લેઓછ, ને હું અજબ થાઉં છું કે હજુ સુધી તમારી તબીયત સુધરતી કેમ નથી ?

બીમાર—કોણ જાણે સાહેબ !

ડાકટર—વારૂ, તાહરે તમે રોજ લઈને ખાઓછ શું તે કઇ સમજ પડે ?

બીમાર—કંઇજ નહી સાહેબ—ફક્ત હું રોજ સોગંદ ખાઉં છું કે દવા નહી પીવી.

અમારો ગુન્હો શાનો

ફ્રેની—(દમાંમમાંજ) તમે દુકાંણદાર લોકોએ શરમાવું જાઇએ અમે બાઇ માણસને ઠગતાં—ગીએ મહીને હું તમારે ત્યાંથી આએ બ્રેસલેટ લઇ ગએલી ત્યારે તમે મને ખાતરી આપી હતી કે એની ગીલીટ હું જીવસ ત્યાંસુધી રહેશે અને એવોની હજુન તો મુંવો મહીનોબી પુરો નથી થયો તેટલાંતો.

દુકાનદાર—હા બાઈજી મેં તમોને તે વખતે કહેલું—જે વખત તમો આંએ બ્રેસલેટ લઇ ગયાં તે વખત તમારો એટલો તો બીહામનો દેખાવ હતો કે હું સમજયો કે આય બાયજી બીજા આઠ દીવસ પણ નહી કાહડશે તેમછતે બી તમે હેયાત રહ્યાં તેમાં અમારોસું ગુન્હો ?

લાલ્યો—છાબ, આય ઘડીઆલનો કાંટો છમો કરી આલશો?"

ઘડીયાળી—કાંટા ને શું સમો કરૂં ?

લાલ્યો—છાબ એ ચાલતો નથી.

ઘડીયાળી—પણ ત્યારે ઘડીયાળજ લાવની.

લાલ્યો—નહી છાબ, અમથી મહેનત શું કરવા કરાવોછ. ઘડીયાળને તો કંઇ એ નથી. બછ આ કાંટોજ ચાલતો નથી.

પેસુ બાંગરે કપાલ કુટયું ?

નાનાં રૂસીનાં કાકાએ કેટલોક વખત ઇરાંનમાં કાઢેલો—ત્યાંની એક લડાઇમાં બીચારાનો એક હાથ તથા એક પગ કપાઇ જવાથી હાલમાં પાછા મુંબઈ સીધારીયા લડાઇમાં ઠીક સેવા બજાવેલી હોવથી ત્યાંની સરકાર એવણને રૂ. ૧૫૦)નું માસીક પેનસન આપતી હતી ! એક દીવસ નાનો રૂસી કાકા બેઠેલા હતા ત્યાં જઇ લગભગ તેવો તરફ એક બે મીનીટ વેર એકી ટગરે ટગરે તાકી રહ્યો બાદ નીચેલો સવાલ પુછયો કે કાકાજી તમને હમણાં ૧૫૦ રૂપીયા મલેછે તે બીજો હાથ ને બીજો પગબી કપાવી નાખોની–મજાના ૩૦૦ રૂપીયા મલશે ?

એક ચોપડીવાલાની દુકાનના કાચના શોં કેશમાં ચોપડીઓ ગોઠવેલી હતી. તેમાં એક ચોપડી હતી કે જેના કવરપર એવું પીકચર હતું કે એક પોલીસનો સીપાઇ એક છોકરાની પુઠે ખુબ જોશમાં દોડતો હતો.

એક મુસલમીન ડામીજ છોકરો હરરોજ સાંજે ત્યાંથીપસાર થતો ને પેલુ પીકચર જોઇને ખડખડ હસી પડતો, ઘણા દહાડા એમ ચાલ્યા કીધું તેથી દુકાનવાલાનું ધ્યાન ખેચાંયું. તેથી એક દીવસે તે છોકરાને પુછયું કે “ હસેછ શાનો ? તો તે છોકરાએ જવાબ આંપ્યો, “ કીતે દીન હુવે એ સીપાઇ લરકેકુ પકડનહી શકતા. બડી મજાહ ચલ રહી ” હે એમ બોલી પાછો ખુબ હસી ચાલી ગયો.

એક ડાક્ટરે એક ઢાંઢચતુરને બીમારી ઉપર દવા આપી અને પાણીમાં લેવા કહ્યું. તે ઢોઢચતુરે ઘેર જઇ પાણીથી ભરેલા મોટા પીપમાં બેસીને દર એક ભાગ દવા પીધી !

ઠાવકો છોકરો.

એક ઠાવકો છોકરો એક વાજીત્ર શિક્ષક પાસે " ફીડલ " શીખવા ગયો. ફીડલ માસ્તરે પોતાની ફી વિષે કહ્યું કે—" હું પહેલા મહિને છ રૂપિઆ અને બીજે મહિનેથી બેરૂપીયા લઇશ આ સાંભળીને તે છોકરો બોલ્યો—ત્યારે તો સાહેબ, હુ બીજે મહિનેથીજ આવીશ કે જેથી મને ગરીબ માણસને જરા કીફાયત પડે !

એક વકીલે પોતાન' મિત્રોને પોતાને ત્યાં જમવા નોતર્યો હતા ત્યાં ટેબલપર ડાહ્યા થવા પોતાના દીકરાને પૂછયું.—

વકીલઃ—તેત્યારે દીકરા તું શું થશે ? મારીપેઠે વકીલ થશે

દીકરોઃ—નહીં પિતાજી, એ લુચ્ચાઇનો ધંધો મને નહિ જોઇએ હું તો ગૃહસ્થ થવા માગું છું.

જમવા આવનારાઓમાં હસાહસ થઇ રહી.

રૂસી અને ફ્રરામ લગભગ સવારનાં નવનાં અમલે ગ્રાંટ-રોડના સ્ટેશનપરથી ટ્રેનમાં બેસી ચર્ચગેટ ભણી જતા હતા ! આએ લફંગાઓનાં કમપાર્ટમેન્ટમાં એક બુઢ્ઢા કાકા બેઠા હતા રૂસી અને ફ્રરામ તેઓની આસપાસ જઇ ગોઠવાયા ને ટ્રેન ચાલુ થઇ એટલે એ બેઉ મદારીઓએ બુઢ્ઢા કાકાનું ગેરવવા માંડીયુ. જ્યારે છોકરાઓની જીભ લાંબીજ ચાલતી ગઇ ત્યારે કાકાને આખર બોલવાની ફરજ પડી.

બુઢ્ઢા કાકા—છોકરાઓ હું બુઢ્ઢો છુ પણ બધુ સમજુછુ. મને તમારા કરતાં ઘણી અકકલ છે— હું કાંઇ અધેરોળી નથી અને ઉલ્લુબી નથી—!

રૂસીએ વચમાં તાપસી પુરી—

રૂસી—કાકા—કદાપી તમો બેઉની વચમાં હોશો !

બુઢ્ઢા કાકા હા છોકરા તું સાચ્ચુંજ બોલ્યો–હું હવડે ગધેડાની અને ઉલ્લુની વચમાંજ છું !

છોકરાઓએ કાકાની વધુ મશકરી કરવાની માંડી વાળી !

એક હાઇસ્કુલના શિક્ષકે એક છોકરાને કલાસમાં મોડા આવ્યાથી ધમકાવી કહ્યું કે કેમ મોડો આવ્યો

" હા સાહેબ– માફ કરો. " તે છોકરો બીતાં બોલ્યો કે "આય મારાં માયજીએ ચીઠી આપી છે " એમ બોલતાં તેણે ધ્રુજતા હાથે માસ્તરના હાથમાં એક ચીઠી મુકી.

માસ્તરે ઉકેલી નીચે પ્રમાણે વાંચીઃ—

" મેહરબાન માસ્તરસાહેબ,

